શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને ૨૧ તથા ૨૨ મી ભેટ.

આદર્શ

# જૈન સ્ત્રી રત્નો.


પ્રસિદ્ધ કર્તા.

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા નં. ૪૮.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને એકવીશમા વર્ષની ભેટ.

# આદર્શ જૈન સ્ત્રી રત્નો.

( જેમાં ચૌદ સતીરત્નોનાં ઉપદેશથી ભરપૂર ચરિત્રો
સાથે સ્ત્રી કેળવણીનું સ્વરૂપ અને સ્ત્રી-
હિતસૂચનાઓ વિસ્તારયુક્ત આવેલ છે. )

પ્રસિદ્ધકર્ત્તા—

શ્રી જૈન આત્માનંદ સભા.

ભાવનગર.


વીર સંવત ૨૪૫૦ આત્મ સંવત ૨૯ વિ૦ સં૦ ૧૯૮૦

ભાવનગર—ધી " આનંદ " પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ
ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.


શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા નં. ૪૮

# વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | સ્રીકેળવણી ( પ્રથમ વિભાગ. ) ... ... ... | પા. ૧ |
| ૨ | સ્રીહિત બોધવચનો ... ... ... ... | પા. ૩૩ |
| ૩ | મહાસતી બ્રાહ્મી અને સુંદરીની કથા. ... ... | ૧ |
| ૪ | શ્રી સીતાસુંદરીની કથા.... ... ... ... | ૧૩ |
| ૫ | સતી અંજનાસુંદરીની કથા. ... ... ... | ૪૪ |
| ૬ | મહાસતી દમયંતીની કથા. ... ... ... | ૭૮ |
| ૭ | મહાસતી રાજીમતીની કથા. ... ... ... | ૧૧૭ |
| ૮ | સતી શ્રી કુંતાજીની કથા. ... ... ... | ૧૩૩ |
| ૯ | મહાસતી દ્રૌપદીની કથા. ... ... ... | ૧૪૫ |
| ૧૦ | મહાસતી ચંદનબાલાની કથા. ... ... ... | ૧૫૫ |
| ૧૧ | મહાસતી મૃગાવતીની કથા. ... ... ... | ૧૭૨ |
| ૧૨ | મહાસતી સુભદ્રાની કથા. ... ... ... | ૧૮૯ |
| ૧૩ | મહાસતી શ્રીદેવીની કથા. ... ... ... | ૧૯૮ |
| ૧૪ | મહાસતી પુષ્પચુલાની કથા. ... ... ... | ૨૦૨ |
| ૧૫ | મહાસતી પદ્માવતીની કથા. ... ... ... | ૨૦૮ |
| ૧૬ | મહાસતી શિવાની કથા. ... ... ... | ૨૧૨ |



શાન્ત મૂર્તિ મર્હૂમ મહાત્મા શ્રી
બુદ્ધિવિજયજી ( બુટેરાયજી ) મહારાજ.



સદ્‌ગુણાનુરાગી મુનિવર્ય શ્રીમાન્
કર્પૂરવિજયજી મહારાજ.

# વિનંતિ.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને આ એકવીશમા વર્ષની **"આદર્શ જૈન સ્ત્રીરત્નો"** નામની ભેટની બુક આપવામાં આવે છે. દરવર્ષે વિવિધ વિષયો, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ચરિત્ર, કથાનુયોગ વગેરેના પુસ્તકો ભેટ તરીકે આપવામાં આવે છે, પરંતુ આ વર્ષે ખાસ સ્ત્રી ઉપયોગી પુસ્તક ( આવો સ્ત્રી ઉપયોગી સરલ ગ્રંથ અત્યારસુધી કોઇએ પ્રકટ પણ કરેલ નથી ) જેના **પ્રથમ વિભાગમાં સ્ત્રી કેળવણી કેવી હોવી જોઇએ? શામાટે આપવી જોઇએ? અને તે મળવાથી સ્ત્રીઓ આદર્શ સ્ત્રીરત્નો બની** આ સંસાર ઉત્તમ બનાવે છે, ધર્મની ઉન્નતિ કરે છે, ઉભયકુળ અજવાળે છે વગેરે વિસ્તારયુકત હકીકત ઉપોદ્‌ઘાતરૂપે આપી, બીજા ભાગમાં આ ચોવીશિમાં થયેલ તેવી ચૌદ મહાન સતીઓ—પવિત્ર માતાઓ જે જૈન આદર્શ સ્ત્રી રત્નોના ઉત્તમ ચરિત્રો સાદી, સરલ ભાષામાં આપેલ છે. સાથે સ્ત્રીઓએ વ્યવહારમાં કેમ વર્તવું, તે માટે છુટા બોલ આપી આ ગ્રંથને મહત્વનો બનાવી પ્રકટ કરવામાં આવેલ છે. અમારી દરેક બ્હેનો સાદ્યંત વાંચી તેવા સ્ત્રી રત્નો બને અને બીજાને બનાવે એ અંતિમ અમારી પ્રાર્થના છે. અને પ્રકટ કરવાનો હેતુ ત્યારેજ સફળ થયો માનીયે છીયે.

ત્રીજા વિભાગમાં સ્ત્રી ઉપયોગી હિતબોધ વાકયો આવેલ છે તે પણ ખરેખર મનન કરવા જેવાં છે.

કોઇપણ માસિક કે સંસ્થા આવો અતિ ઉપયોગી અને આટલો મોટો ગ્રંથ, ગ્રાહકને દર વર્ષે ભેટ આ સભાની જેમ આપતીજ નથી, તેમ બીજા માસિકોએ છપાવવાના કાગળો, છપાઇ, બાઇડીંગ વગેરેની મોંઘવારી થતાંજ તરતજ લવાજમ વધારેલ છતાં આ સભાએ જૈન સમાજને વાંચનનો બ્હોળો લાભ આપવા, ઉદારતાથી આર્થિક બાબતમાં કેટલુંક સહન કરી

અત્યારસુધી લવાજમ પણ વધાર્યું નથી અને દર વર્ષે આવી મોટી ભેટની બુક આપવાનો ક્રમ પણ ( લવાજમ ઉપર ગણત્રી રાખ્યા સિવાય ) ઉપરના ઉચ્ચ હેતુને લઇને ચાલુ રાખેલ છે, તે જૈન બંધુઓની ધ્યાનમાં હોવુંજ જોઇએ. આ સભા હજી પણ સાહિત્ય માટે ભવિષ્યમાં અનેક લાભો ઉદારતાથી આપવા માંગે છે, પરંતુ તે બધું ગ્રાહકોની સંખ્યાની વૃદ્ધિ ઉપર અને જૈન બંધુઓની જ્ઞાનોદ્ધારના કાર્ય માટે આ સભાને પૈસાની સહાય આપવા ઉપરજ છે. શ્રી અખંડાનંદ સ્વામિએ સાહિત્યની પ્રગતિ, સસ્તું સાહિત્ય પ્રકટ કરીને સેવા બજાવી છે, તેવીજ સેવા આ સભા બજાવવા માગે છે, પરંતુ તેનો આધાર જૈન શ્રીમંતો પોતાની ઉદારતા તેવા ગ્રંથો પ્રકટ કરવા આ સભાને બતાવે—આર્થિક સહાય કરે તેના ઉપર છે. પરમાત્મા તેવી શુભ ઇચ્છા આ સભાની પાર પાડે તેમ પ્રાર્થના કરીયે છીએ.

શેઠ અમરચંદ તલકચંદ માંગરોલ નિવાસીએ જુદા જુદા લેખકોને પોતાની મોટી રકમ આપી અનેક જાતની સીરીઝો લખાવી છે. આ સતી ચરિત્રો પણ આજથી વીશ વર્ષ ઉપર લખાયેલ હતા, જેમાં ભાષાની, વ્યાકરણની અને તેવી બીજી ઘણી ભૂલો હતી—અશુદ્ધ હતો તે અમોએ સુધારેલ છે, તેમજ સ્ત્રી કેળવણીનો વિષય કૃપાળુ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજે સંશોધન કરેલ છે અને તેઓશ્રીની પ્રેરણાથી આખો ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે, જેથી ઉકત મહાત્માનો આભાર માનીયે છીએ. આ ગ્રંથમાં અડધી સહાય ઉકત શેઠ અમરચંદ તલકચંદ માંગરોળ નિવાસી તરફથી મળેલ છે, જેથી તેઓને પણ ખરેખર ધન્યવાદ ઘટે છે. આ ગ્રંથ એટલોબધો ઉપયોગી છે કે તેની અનેક આવૃત્તિઓ થવી જોઇએ. જૈન બંધુઓની તેવી સહાય મળે આ સભા તેમ કરવા જીજ્ઞાસા રાખે છે. આવીજ શૈલીથી બીજા ભાગ તરીકે વધારે સતી ચરીત્રો અને આપણી બ્હેનો ઉત્તમ ગૃહણી કેમ બને અને તેનું કર્તવ્ય વગેરે વિષયો સાથે હવે પછી કોઇપણ જૈન બંધુની આર્થિક સહાય મળે પ્રકટ કરવા આ સભા ઇચ્છા રાખે છે.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**
**સેક્રેટરી.**

# *સ્ત્રી કેળવણી.

( ૧ )

સ્ત્રી કેળવણી એટલે સ્ત્રીધર્મને ઉપયોગી શિક્ષણ આપવું. સ્ત્રીકેળવણી એ મથાળું વાંચીને આપણા ઘણા જૈન ભાઇઓ તો આશ્ચર્ય પામશે, કારણ કે જૈન કોમના પુરૂષોજ કેળવણીમાં પછાત છે, તો તેઓને 'સ્ત્રીકેળવણીની કિંમત શું છે? તેથી કેવી જાતના ફાયદા થઇ શકે છે?' વિગેરે સમજણ ક્યાંથી હોય? ભાગ્યવશાત્ જૈનકોમ વ્યાપારમાં ફાવેલી છે; એટલે તેને કેળવણીમાં પછાત હોવાથી જે નુકશાન થાય છે તેની ખબર પડતી નથી, પરંતુ વિના કેળવણીએ જે નુકશાન થવું જોઇએ એ તો પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે થાય છેજ. ઘણા માણસો તો સ્ત્રીઓને ભણાવવી એ અકર્તવ્ય સમજે છે, છોકરીઓને ભણવા મોકલનાર ઉપર ચીડાય છે, ભણેલી સ્ત્રીને દેખી તેના ઉપર કંટાળો આણે છે અને તેવીનો કાંઇ અવગુણ જણાયો હોય તો તે સંબંધી રજનું ગજ કરી મૂકે છે. કેટલાકને તો ભણેલી સ્ત્રી વંધ્યા રહે છે, દુર્ગુણી થાય છે, વહેલી મરી જાય છે, વહેલી રાંડે છે, એવા મિથ્યા વહેમ હોય છે. તો આપણે પ્રથમ એ તપાસીએ કે સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે કે અકર્તવ્ય છે? શાસ્ત્રકાર એમાં સંમત છે કે અસમંત છે? અને પૂર્વે એ રીતિ હતી કે નહિ?

હવે આપણે પ્રથમ એ તપાસીએ કે સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે કે અકર્તવ્ય? સ્ત્રી એ એક ઘરનો અનુપમ શૃંગાર છે અને તેનાથી આખું ઘર તથા તેમાં રહે-

---

* માંગરોળવાળા મરહુમ **શેઠ અમરચંદ તલકચંદે** જૈન સીરીઝ માટે તૈયાર કરાવેલ લેખો પૈકી આ લેખ સહજ સુધારા વધારા સાથે સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજે સંશોધન કરી આપ્યો છે.

નાર સર્વ જીવો શોભી નીકળે છે, તો જ્યારે એના અસ્તિત્વ-પણાથીજ ઘરને એટલી શોભા મળે છે, તો પછી તેનામાં વિ-ઘારૂપી અમૂલ્ય રત્નનો ભંડાર ભરેલો હોય તો તેની શોભામાં શી ખામી રહે? સોનું અને વળી સુગંધ હોય તો તેની કિં-મત કેટલી બધી ઉમદા થાય? લક્ષ્મીવાન્ અને વિદ્વાન્ હોય તો તેની કેટલી કિંમત? ગુણસંપન્ન અને વિદ્વાન્ હોય તો તેનું કેટલું મૂલ્ય થાય? વિગેરે અનેક વ્યવહારિક દ્રષ્ટાંતોથી સિદ્ધ થાય છે કે સ્ત્રીને કેળવણી આપવાની ખાસ અને ખરે-ખરી જરૂરીઆત છે. વળી એક વિદ્વાન્ માણસ લખે છે કે 'ગૃહ સત્તાનો મુખ્ય આધાર સ્ત્રી કેળવણી ઉપરજ છે.' તે કે-વી રીતે? ત્યાં તે સમજાવે છે કે–એક વખત તે એક વિદ્વાન સ્ત્રી સાથે વાતો કરતો હતો, તેવામાં તેણે જણાવ્યું કે ' શીખ-વવાની જુદી જુદી રીતોમાં કાંઇ દમ નથી, તેથી તો રૈયતને જુદી જુદી જાતની કેળવણી મળે પણ તેને શું કરવું બાકી છે? શેની ખામી છે? તે કહો. '

તે સ્ત્રીએ જવાબ આપ્યો કે 'જનેતાઓની.' તે વિદ્વાન ચુપ થઈ ગયો. તેણે કહ્યું કે ' હા, ખરૂં એકજ શબ્દમાં કેળ-વણીની બધી પદ્ધતી આવી ગઈ. માટે સદાચાર બંધાવાનું પ્રથમ અને અતિ અગત્યનું સ્થળ તે ઘરની સ્ત્રીજ છે અને તે વિદ્વાન–કેળવાયેલી હોય તો તેનો અને તેની સંતતિ તમા-મનો જન્મ સફળ થાય છે, એ નિઃશક છે.

સાર—સ્ત્રી ઉપર આખા ઘરનો બહુધા આધાર હોવાથી તેને સર્વ રીતે કેળવી કુશળ બનાવવાની ભારે જરૂર છે. સારી રીતે કેળવાયેલી સ્ત્રી ઘરની શોભારૂપ બને છે અને તેનાથી થતી સઘળી સંતતિ સ્હેજે સુધરવા પામે છે. અન્યથા સં-તતિ સુધરવી મુશ્કેલ છે.

( ૨ )

ઉપર પ્રમાણે સ્ત્રીઓને કેળવણી આપવાથી શું લાભ

થાય છે, અને ન આપવાથી શું નુકશાન થાય છે, તે વિષે સહેજ ઈસારો કરવામાં આવ્યો છે, હવે આ સ્થળે તે બાબત વિશેષ વિવેચન કરવામાં આવશે.

આ જગતના પ્રાણીમાત્રમાં ચૈતન્ય ભાવ સરખો છે, તોપણ પશુપક્ષી વિગેરે પ્રાણીઓથી મનુષ્ય પ્રાણી ઉત્તમ ગણાય છે. એનું કારણ 'મનુષ્ય જ્ઞાન મેળવવાને, અને એથી ખરૂં ખોટું પારખી, ખોટું તજી, ખરૂં આદરવા લાયક છે એમ સમજે છે.' એ સિવાય બીજું કારણ જણાશે નહિ. જ્ઞાન એટલે સમજણ. જેનામાં જેટલી સમજણ વધારે તેટલી માનવજાતમાં તે ઉંચી પદવી ધરાવે છે. આપણે સર્વે વગડામાં અથવા ગામડાંમાં રહેનાર માણસ કરતાં શહેરનાં માણસને ઉત્તમ ગણીએ છીએ, તેનું કારણ 'તેઓનું જ્ઞાનબળ વધારે હોય' એજ છે. શરીરબળમાં તો વગડાના અને ગામડાના રહેનારાઓ શહેરના મનુષ્યો કરતાં ચઢે છે, તોપણ તેઓ શહેરી મનુષ્યોના જ્ઞાનબળને લીધે વશ રહે છે. દરેકે દરેક માણસમાં ઓછું વધતું જ્ઞાન હોય છે, તેથી તે પોતાના દરેક કાર્ય ઉપરથી અનુભવ લઇ પોતાના સુખ દુઃખની વાત એક બીજાને કરે છે; અને તે ઉપરથી જે રસ્તે વધારે સુખ મળે તે રસ્તે પ્રવર્તવા વધારે જ્ઞાનવાળાની મતિથી પ્રયત્ન કરે છે. ઉમ્મરપરત્વે જોઇએ તો બાળકને આપણે પશુ બરાબર કહીએ છીએ, તેનું કારણ એટલુંજ કે તે સમયે તેનામાં કાંઇ જ્ઞાન હોતું નથી. જેમ જેમ તે મોટું થતું જાય છે અને તેનું જ્ઞાન વધતું જાય છે તેમ તેમ તે માણસમાં ગણાતું જાય છે. ધર્મ, દયા, શૌચ, દાન, પૂજા, તપ, પુણ્ય, પાપ, ક્રોધ, માન, માયા, લોભ, વિગેરે શબ્દોના સ્વરૂપ માણસ પોતાની ઓછી વધતી જ્ઞાનશક્તિના પ્રમાણમાં સમજે છે અને તે ઉપરથી જે આદરવાનાં કાર્ય હોય, તેમાં પોતાનું આચરણ કરે છે અને બીજાં છોડી દે છે. ખુન, ચોરી, મારામારી વિગેરે ગુન્હાનાં કૃત્યો ઘણું કરી અજ્ઞાન માણસોજ કરનારા નીકળશે, કારણકે

જ્ઞાનવાન તો તેથી રાજાનો આ ભવમાં અને પાપનો દંડ પરભવમાં ભોગવવો પડશે એમ જાણી શકે છે. પશુયોનિમાં જન્મ પામનાર પણ જ્ઞાનના યોગથી ઉંચ ગતિમાં જવા પામે છે, તો માણસ જાતને જ્ઞાનપ્રાપ્તિથી વધારે ઉત્તમતા પ્રાપ્ત થાય એમાં શી નવાઇ? પોપટાદિ પશુઓને કોઇ શ્રમ લઇ જરા ભણાવે છે તો તેઓ મીઠાશ ભરેલું બોલતાં શીખે છે અને તે સાંભળી સર્વે ખુશી થાય છે. તેના ઉપર એક વિદ્વાન માણસે કહ્યું છે કે—

सद्विद्या यदि का चिंता, वराकोदरपूरणे ।
शुकोऽप्यशनमाप्नोति, श्री भगवानिति ब्रुवन् ॥ १ ॥

અર્થ—જો સદ્વિદ્યા હોય તો નાનું સરખું પેટ ભરવાંની શી ચિંતા છે? પોપટ પણ 'શ્રી ભગવાન' એટલો શબ્દ બોલે છે તો ખાવાનું સુખેથી પ્રાપ્ત કરી શકે છે. માટે કેળવણી લેવાથી સર્વને લાભજ છે, એમ જાણી સ્ત્રીઓને અવશ્ય કેળવણી આપવી જોઇએ.

સાર—જડ જેવી વસ્તુને પણ યથાવિધિ કેળવવાથી તે ઉત્તમતા પામે છે, તો પછી સચેતન-આત્માને યથાર્થ કેળવણી મળવાથી તેનામાં ઉત્તમ ગુણનો વિકાસ થવા પામે એમાં આશ્ચર્ય જેવું શું છે?

( ૩ )

વળી સ્ત્રી જાતને કેળવણી આપવાનું ઘણું અગત્યનું કારણ એ છે કે જે ઘરની તે ગૃહિણી હોય છે, તે ઘરના તમામ અંગભૂતોને રાત્રીદિવસ તે સ્ત્રીની છાયાતળે રહેવાનો પ્રસંગ આવે છે અને તેથી તે સર્વ કુટુંબીઓને આખી ઉમરભર જે લક્ષણોના સંસ્કાર જડીભુત થાય છે, અને તેઓના મોતની સાથેજ બંધ પડે છે, તે લક્ષણોનો જન્મ જે ઘરમાં તેઓ ઉછરે છે ત્યાંજ થાય છે. એવી એક સાધારણ કહેવત ચાલે છે કે

'વિદ્યાથી વધતો વિવેક છે.' 'વિવેક દશમો નિધિ છે.' અને 'મન ઉપરથી માણસ થાય છે.' એ ત્રણ નીતિવચનો કરતાં એક વધારે મજબુત નીતિવચન એ છે કે 'ઘર નરને બનાવે છે.' તેનું કારણ એ છે કે ઘરની કેળવણીથી માણસની રીત-ભાત અને મન બંને ઘડાય છે, એટલુંજ નહિ પણ તેના લક્ષણ પણ ત્યાંજ ઘડાય છે, હૃદયકમલ પ્રફુલ્લિત થાય છે, ટેવોનું બંધારણ થાય છે, બુદ્ધિના અંકુરો ફુટે છે, અને ભલા કે ભુંડાને વાસ્તે આચરણ રચાય છે. મુખ્યત્વે કરીને બાળક જ્યાં જન્મે છે તે ઘરમાંજ જનમંડળને કાબુમાં રાખનારાં ધોરણો અને નીતિવચનો ગૃહગિરિના મૂળમાંથી નીકળે છે. પછી તે મૂળ નિર્મળ હો વા મલિન હો. સરકારના કાયદા કાનુનો પણ ગૃહ-સૂર્યના પ્રતિબિંબ છે. બચપણમાં આપણે હોઇએ, તે વેળાએ આપણા ખાનગી સંસારમાં આપણા મન ઉપર જે જે વિચા-રોના સૂક્ષ્મ અંકુરો માત્ર ઉગ્યા હોય, તે પછીથી દુનિયામાં દેખા દે છે. તે પછી જગતનો જાહેર મત કેળવાય છે. કારણ કે બાળગૃહમાંથી પ્રજાનો પાક ઉતરે છે અને જેમના હાથમાં બાળ-કોને ચાલતાં શીખવવાની દોરી હોય છે, તેઓ તો રાજ્યની ખાસી લગામ ઝાલનારા કરતાં પણ વધારે સત્તા ચલાવી શકે છે.

અહા! હા!!! જનેતાઓને ઉમદા કેળવણી આપવાનાં કેવાં ફળ છે? મનુષ્યોની રહેણી કહેણી ઉપર તેઓ કેવી મજ-બુત છાપ પાડી શકે છે? માટે વાંચકો! સ્ત્રી કેળવણીની અવશ્ય બહુ જરૂર છે, એવા નિર્ણય ઉપર સહેજે આવી શકાશે.

**સાર**—આ રીતે સ્ત્રી કેળવણી એટલી બધી મહત્વની છે તેનો ખ્યાલ વાંચનારા ભાઇબ્હેનોને સારી રીતે આવી શકે તો તેઓ સ્ત્રી કેળવણીના હીમાયતી બની સ્ત્રી કેળવણીને પુષ્ટિ આપવા પાછી પાની કેમજ કરે?

## ( ૪ )

આ જગતમાં દરેક પુરૂષને તેમજ સ્ત્રીને કેળવણી લેવાનો

હક છે અને તે પ્રમાણે તેઓ લે છે, પણ વિશેષ કરીને પુરૂષ-કેળવણીથી જે જે લાભો થાય છે તેના કરતાં સ્ત્રી કેળવણીથી ઘણે દરજ્જે બીજા મોટા લાભ થાય છે અને પુરૂષને મોટા ઐશ્વર્યપદને પ્રાપ્ત કરાવનાર મૂળ કારણ સ્ત્રી કેળવણીજ છે; કારણકે પુરૂષ જે ઘરમાં જન્મ લે છે તે ઘરમાં નાનપણથી પોતાની માતાના હાથતળે ઉછરે છે અને તેની જોરાવર અસર તેની કેળવણી ઉપર થયા વિના રહેતી નથી. તે દુનિયામાં નિરાધાર હાલતમાં દાખલ થાય છે અને કેળવણી તથા પોષણને માટે તેનો તમામ આધાર તેની આસપાસ જે મનુષ્યો હોય તેના ઉપર રહેલો હોય છે, અને આસપાંસના માણસોમાં પોતાની માતાની હાજરી પ્રથમ હોય છે. તેથી ખરેખરી પ્રથમ અસર તેની માતાની તેને થાય છે અને તેની માતામાં જે જે ગુણો હોય છે તેનો ખરેખરો ચિતાર તેના બાલવયના પુત્રમાં પડે છે એમાં જરાએ આશ્ચર્ય નથી; કારણ કે આ સૃષ્ટિમાં દરેક વસ્તુનું બંધારણ અને સ્વભાવ ઘણું કરીને જે વસ્તુ તેની પાસે અને હંમેશાં સહવાસમાં આવતી હોય તેના જેવાંજ થાય છે, અને એથી ઉલટા થતા હોય તો તે અપવાદ-રૂપ છે. વળી બાળક જ્યારે અણસમજુ સ્થિતિમાં હોય છે ત્યારે તેને બોલવાની કે સમજવાની શક્તિ નથી હોતી. તે વખતે તો તે ફક્ત પોતાની નજીક જે પદાર્થ આવે છે તેનાજ ગુણ કે અવગુણને ગ્રહણ કરે છે; અને 'કીટભ્રમરના' ન્યાયે તે પદાર્થ જેવોજ બની રહે છે. તેમાં કંઇ આશ્ચર્ય નથી. જ્યારે આવું છે ' ત્યારે નાના બાળક અને બાળકીઓને વિદ્વાન અને દેશના શૃંગાર રૂપ બનાવવાને માટે પ્રથમ તેઓની માતાને સંગીન કેળવણી આપવાની ખાસ જરૂર છે; અને જ્યારે સંખ્યાબંધ માતાઓ કેળવણી પામેલી અને વિદ્વાન થશે ત્યારે તેઓના હાથ તળે ઉછરનાર છોકરાં પણ વિદ્વાન અને ડાહ્યાં થશે. તેમાં જરાએ શંકા જેવું નથી, એટલા માટે ગમે તે ઉપાયો યોજી સ્ત્રીઓને કેળવવી ઘટે છે.

સાર—સહૃદય ભાઇબ્હેનોને હવે દીવા જેવું સ્પષ્ટ સમજાવું જોઇએ કે યથાર્થ રીતે સ્ત્રીઓને કેળવવાનો પ્રયત્ન કર્યા વગર સમાજનો ઉદ્ધાર થવો સંભવિત નથી. કહ્યું છે કે 'શાણી માતા સો શિક્ષકોની ગરજ સારે છે.' એ વાત હવે હૃદયમાં ઠસાવો.

( ૫ )

શાસ્ત્રમાં જ્ઞાનની અધિકતા સ્થળે સ્થળે વર્ણવી છે. અને જ્ઞાન વિનાના મનુષ્યને પશુ સમાન ગણેલા છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्यलोके भूमिभारभूता, मनुष्यरुपेण मृगाश्चरंति ॥

અર્થ—" જેઓનામાં વિદ્યા, તપ, જ્ઞાન, શીલ, ગુણ અને ધર્મ નથી, તેઓ આ મૃત્યુલોકમાં પૃથ્વીને વિષે ભારભૂત થઇ મનુષ્યરૂપે મૃગો ચરે છે. " અને તે ઉપરથી એમ સમજાય છે કે વિદ્યા વિનાના મનુષ્યને નીતિશાસ્ત્રકાર પશુસમાન કહે છે. વળી—

आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत् पशुभि र्नराणां ।
ज्ञानं नराणा मधिको विशेषो, ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥

અર્થ—' આહાર, નિદ્રા, ભય, મૈથુન, એ માણસો અને પશુમાં સરખા છે; પરંતુ માણસમાં જ્ઞાન અધિક છે, તેથી તેઓ ઉત્તમ ગણાય છે. માટે જ્ઞાન વિનાના મનુષ્યો પશુ સમાન છે.' એવો આ શ્લોકનો ભાવાર્થ છે.

બીજા જે જે ગુણો છે તે સર્વ ગુણોમાં જ્ઞાનગુણની અધિકતા છે. " જ્ઞાન સકળ ગુણ મૂળ રે " એ વિજય લક્ષ્મીસૂરિનું વચન પ્રસિદ્ધ છે. વિદ્યા ભણવાથી માણસને જ્ઞાનની કિંમત સમજાય છે, અને કયું જ્ઞાન ઉત્તમ છે તે સમજી શકે છે.

પોતાની એવી સમજણશક્તિ થયે તેઓ ધર્મ-જ્ઞાન મેળવવાને વધારે લાયક થાય છે. માણસ પોતાનો જન્મ ગમે તેવી મોટાઈ અને ગમે તેવી શ્રીમંતાઇમાં ગાળે પણ જો ધર્મજ્ઞાન હોય નહિ તો એ સર્વ જન્મ વૃથા છે. તે મનુષ્યભવને લાયક કૃત્ય કરી શકે નહિ, અને મનુષ્યભવ હારી જાય. સિંદુર પ્રકરણમાં કહ્યું છે કે-

मानुष्यं विफलं वदंति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो-
र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनीं ॥
दुर्वारं नरकांधकूपपतनं मुक्तिं बुधा दुर्लभां
सर्वज्ञः समयो दयारसमयो येषां न कर्णातिथिः ॥ १ ॥

અર્થ—' જે માણસને સર્વજ્ઞના દયારસમય સિદ્ધાંત કર્ણના અતિથિરૂપ થયા નથી. અર્થાત્ જેણે વીતરાગભાષિત સિદ્ધાંત શ્રવણ નથી કર્યા તેનો મનુષ્યજન્મ ડાહ્યા માણસો નિષ્ફળ કહે છે, તેનું હૃદય વ્યર્થ કહે છે, તેના કાનનું નિર્માણ વૃથા ગણે છે, તેઓનામાં ગુણ અને દોષનો ભેદ સમજવાની શક્તિનો અસંભવ ગણે છે, તેઓને નરકના અંધકૂપમાં પડવાનું દુઃખે વારી શકાય તેવું જણાવે છે અને તેઓને મોક્ષની પ્રાપ્તિ પણ દુર્લભ કહે છે. '

( ૯ )

જો કાંઈપણ વિદ્યાધ્યયન કર્યું ન હોય તો એવા કલ્યાણકારી સિદ્ધાંત સાંભળવાનો વખત ક્યાંથી આવે ? કોઇ કહેશે કે ગુરૂ મહારાજા ઉપાશ્રયમાં વ્યાખ્યાન વાંચતા હોય, ત્યાં જઇને સાંભળે, પણ તેનું નામ સાંભળવું નથી. સાંભળીને જે સમજી શકાય, અને જેનો સાર લઇ શકાય, તેનું નામજ સાંભળવું છે. કેળવણી વિના ગમે તેટલું શ્રવણ કરો પણ તેનો ખરો લાભ પ્રાપ્ત થવાનો નથી. દશ વૈકાલિક સૂત્રમાં " પ્રથમ જ્ઞાન અને પછી દયા. " એવાં વચનો કહ્યાં છે; એ ઉપરથી સમજાય છે કે માણસને પ્રથમ જ્ઞાન-ગુણ પ્રાપ્ત કરવાનો છે. જેથી બીજા ગુણ તેની મેળે આવી મળે છે.

જ્ઞાનવાન માણસ દરેક કાર્યમાં પુણ્ય બંધજ કરે છે. કોઈ વખત તેને અકાર્ય કરવાનો વખત આવે તોપણ તે એવું નિબિડ પાપબંધન કરતા નથી. વંદિત્તા સૂત્રમાં કહ્યું છે કે–જ્ઞાનવાન્ મનુષ્યો કવચિત્ અકાર્ય આચરણ કરે તો પણ સંસારનાં દુઃખ (વિપાક) થી ભયભીત રહે છે અને નિર્ધ્વંસ પરિણામ નહીં થતા હોવાથી તેઓને પાપકર્મનો અલ્પબંધજ થાય છે.

એ પ્રમાણે માણસ જ્ઞાનબળને લીધેજ--જ્ઞાનબળની અધિકતાને લીધેજ બીજા પ્રાણી કરતાં ઉંચે દરજ્જે ગણાય છે. જ્ઞાનથીજ માણસ સર્વ પ્રકારનો વિવેક શીખે છે, જ્ઞાનથીજ શુદ્ધ દેવગુરૂ ધર્મને પિછાને છે, જ્ઞાનથીજ સંસારના પાપમય કૃત્યોથી દૂર રહેવાના વિચાર પ્રાપ્ત કરે છે, જ્ઞાનથીજ પોતાનાં ઉચિત કૃત્યને જાણે છે, જ્ઞાનથીજ મોક્ષ પ્રાપ્તિનાં સર્વ સાધન જાણી શકે છે, જ્ઞાનથીજ પોતાના આત્મ--સ્વરૂપને ઓળખે છે અને જ્ઞાનથીજ પોતે મોક્ષ મેળવવાનો અધિકારી થાય છે. જ્ઞાન વિના ગમે તેટલી ક્રિયાઓ કરે, જ્ઞાન વિના ગમે તેટલાં તપ તપે, અને જ્ઞાન વિના ગમે તેટલાં દાન આપે, પરંતુ તેનો જોઇએ તેવો અને જોઇએ તેટલો લાભ મળી શકતો નથી. માટે જ્ઞાન એ સર્વોત્તમ અને સર્વ મનુષ્યોએ અવશ્ય પ્રાપ્ત કરવા લાયક છે; મનુષ્યમાં સ્ત્રી અને પુરૂષ બન્ને આવી જાય છે, તો પુરૂષે જ્ઞાન મેળવવું અને સ્ત્રીએ ન મેળવવું એમ હોવાનું કંઈપણ કારણ દૃષ્ટિગત થતું નથી. પરંતુ ઉપરની સર્વ વ્યાખ્યાથી એમ જણાય છે કે જ્ઞાન મેળવવાનો જેટલો હક્ક પુરૂષોનો છે, તેટલોજ સ્ત્રીઓનો છે; કારણકે આકાર, સ્વભાવ, લાગણી અને સમજણમાં બન્ને સરખાં છે. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું બન્નેને સરખી રીતે છે. કર્મજન્ય, સુખ, દુઃખ ભોગવવામાં બન્નેની એકજ રીત છે, અને શુભ અશુભ સર્વ ક્રિયાઓ પણ બન્ને સમાન રીતેજ કરે છે. અને તેનાં ફળ પણ બન્ને અને મોક્ષના અધિકાર પણ બંને સમાન રીતેજ ભોગવે છે, માટે જ્ઞાન પ્રાપ્ત કરી આત્મ સાધન કરવાનો જેવો હક્ક પુરૂષનો છે તેવોજ સ્ત્રીઓનો છે.

( ૭ )

વિદ્યા ભણવાથી કેળવણી મળે છે; અને કેળવણીથી જ્ઞાનબળ પ્રાપ્ત થાય છે. કોઇપણ વિષય કે તેની વ્યાખ્યાઓ મોઢે કરવી, તે સાધારણ જ્ઞાન કહેવાય અને તે વિષયનો ઉંડો બોધ મેળવવો તેનું નામ કેળવણી છે. કેળવણી એ ભણ્યા પછી હૃદય અને મગજને કેળવવું તે છે, માટે આ ઉપરથી સિદ્ધ થાય છે કે, સ્ત્રીઓને ભણાવવી એ કર્ત્તવ્ય છે. અને જે માબાપો પોતાની પુત્રીને કેળવણી આપતા નથી તેઓ પોતાના કર્ત્તવ્યમાં પાછા પડે છે. બાલિકાઓને ભણાવવી એટલે તેમને છોકરાઓની પેઠે ભણાવવી એમ નહિ, પણ તેઓને વાંચન, લેખન, અને ગૃહ ઉપયોગી-વ્યવહારોપયોગી સર્વ જ્ઞાન આપવું, તે સાથે નીતિનાં સર્વ તત્ત્વો તેને શિખવવાં, અને પછી ધર્મ જ્ઞાન ઉપર લક્ષ અપાવવું. એ સિવાય બાળકોને નિશાળમાં જે શિખવવામાં આવે છે, તે બાલકી-ઓને શિખવવાની જરૂર નથી. બાળકોની અને બાળકીઓની શિ-ક્ષણ પદ્ધતિ કેટલાક પ્રકારે જુદી જ છે. કારણ તેમને કાંઇ છોકરાઓની પેઠે ભણીને નોકરી કરવા અથવા વ્યાપાર કરવા જવું નથી; તેઓને તો સંસાર વ્યવહારમાં-ગૃહમાં જે કુશળતા જોઇએ, તે કુશળતા પ્રાપ્ત કરે તેટલું વ્યવહારોપયોગી જ્ઞાન અને આત્મ સાધન કરવાને તથા સર્વ ધર્મ-ક્રિયાની ઉંડી સમજણ મેળવવાને માટે જેટલું બની શકે તેટલું સાથે ધર્મજ્ઞાન આપવું જોઇએ. જેથી તેઓ પોતાનો ગૃહસ્થાશ્રમ સુખે ચલાવે, પતિ અને વડિલોનો વિનય સા-ચવી અને સારી રીતે ધર્મ-સાધન કરી ઉત્તરોત્તર સદ્ગતિ પ્રાપ્ત કરે.

શાસ્ત્રકારની પણ આ બાબતમાં સંમતિ જણાય છે. મોક્ષ પ્રાપ્તિને માટે શાસ્ત્રકારે ધર્મ એજ ઉત્કૃષ્ટ સાધન કહેલું છે. ધર્મના બે માર્ગ છે. ગૃહસ્થધર્મ અને સાધુધર્મ. સાધુધર્મ-ચારિત્ર માર્ગ ઉત્તમ છે. પરંતુ જન્મ પામનાર માણસ પ્રથમ ગૃહસ્થપણા-માંજ જન્મ પામે છે, ચારિત્ર ધર્મથી થોડે કાળે અને ગૃહસ્થ ધર્મથી પરંપરાએ ઘણા કાળે, પણ બન્નેથી ઇચ્છિત સિદ્ધિ શાસ્ત્ર-

કારે કહી છે. પૂર્વે આદિ તીર્થંકર શ્રીમાન્ ઋષભદેવ સ્વામીએ પ્રથમ વ્યવહાર માર્ગ શીખવ્યો હતો, અને ગૃહસ્થ ધર્મની પ્રરૂપણા કરી હતી.

( ૮ )

ગૃહસ્થાશ્રમ સ્ત્રી પુરૂષ બંનેથીજ ચાલે છે, જો તેઓ બંનેએ જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હોય તો ગૃહસ્થ ધર્મથી ઇચ્છિત ફળની જે ઘણા કાળે પણ સિદ્ધિ કહી છે તે ન થતાં ઉલટો કર્મબંધ થઈ સંસારની વૃદ્ધિ થાય છે. આથી પણ બન્નેને જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યક્તા સિદ્ધ થાય છે. વળી ભગવાન ઋષભદેવ સ્વામીએ પોતાના પુત્ર ભરતને પુરૂષની બહોંતેર કળા શીખવી હતી. તેમજ સુંદરીને સ્ત્રીની ચોસઠ કળા શીખવી હતી. એ ચોસઠ કળામાં ચિત્રકળા, નૃત્યકળા, ઔચિત્ય કળા, ધર્મનીતિ, ભોજયવિધિ, વાણિજય વિધિ, વાદિત્ર, મંત્ર, તંત્ર, જ્ઞાન વિજ્ઞાન, ધર્મવિચાર, કાવ્યશક્તિ, વ્યાકરણ, કથા કથન, અંક વિચાર, લોકવ્યવહાર, વગેરે કળાઓ છે. એ સર્વ કળા ભણ્યા વિના—કેળવણી લીધા વિના પ્રાપ્ત થતી નથી. વળી બ્રાહ્મીને અઢાર લીપી શીખવી હતી અને તેથી સર્વે લીપી બ્રાહ્મીલીપીના નામથી જ ઓળખાય છે. શ્રીમાન્ ભગવતી સૂત્રમાં પ્રથમ નમસ્કાર બ્રાહ્મીલીપીનેજ કર્યો છે. આ સર્વ ઉપરથી શાસ્ત્રકારની સ્ત્રીઓને જ્ઞાન આપવાની બાબતમાં સમ્મત્તિ છે એમ સિદ્ધ થાય છે. આચારદિનકરમાં વિવાહ પ્રકરણમાં જે બાળક અને બાળકી કુળ, આચાર, શીલ, રૂપ, વય, વિદ્યા, ધન, વેષ, ભાષા, અને પ્રતિષ્ઠામાં સમાન હોય તેની સાથે વિવાહ કરવો, એમ કહ્યું છે અને જો તે પ્રમાણે ન કરવામાં આવે તો અવહેલના ( લઘુતા ) કુટુંબ કલેશ, અને નાના પ્રકારના કલંકની નિષ્પત્તિ થાય છે. આજે વિદ્યા વગેરે ગુણની સમાનતા વિના વિવાહ થાય છે, જેથી તેમાં કહ્યા પ્રમાણે સ્થળે સ્થળે અવહેલના અને કુટુંબ કલેશાદિ પ્રત્યક્ષ દેખાય છે. તેથી એ કથન સત્ય છે, એમ સિદ્ધ થાય છે.

રાજેમતિ, સીતા, દ્રૌપદી, દમયંતી કલાવતી, સુભદ્રા, શ્રીમતી, મદનસુંદરી, સુરસુંદરી, ચંદનબાળા, મૃગાવતી વગેરે પૂર્વે થઇ ગયેલી શીલવંતી અને પરમ સાધ્વી સ્ત્રીઓના ચરિત્ર જોઇએ છીએ તો પ્રત્યક્ષ રીતે જણાય છે કે જે ગુણથી તેઓ જગત્માં સુકીર્ત્તિ મેળવી ગયેલ છે, અને જે ગુણથી તેઓ સદ્દગતિગામી થયેલ છે, તે સર્વ ગુણ જ્ઞાન ગુણથી જ પ્રાપ્ત થયા હતા.

અખંડ શીલવતી સતી રાજેમતિનો નેમનાથ ભગવાન સાથે વિવાહ થયો, લગ્ન નક્કી ઠર્યાં—નેમનાથ સ્વામી વરઘોડે ચઢી પરણવા ચાલ્યા પરંતુ ત્યાં પશુઓનો પોકાર સાંભળી તોરણથી રથ પાછો ફેરવી સંયમ લેવા ઉત્સુક થયા! પોતાને પતિએ છોડી દીધાથી રાજેમતીએ અત્યંત વિલાપ કરવા માંડ્યો, ત્યારે સખીઓએ અને કુટુંબી જનોએ તેણીને સમજાવવા માંડી અને અન્ય પતિ સાથે લગ્ન સંબંધી જોડાવા કહ્યું, પણ તેણીએ તેઓનાં વચન અંગીકાર ન કરતાં "જેની સાથે એક વખત સંબંધ જોડાયો, તેજ મારા પતિ, અને હવે જે એનો માર્ગ તેજ મારો માર્ગ."—એમ કહી પ્રભુને કેવળ* જ્ઞાન ઉત્પન્ન થયે છતે શ્રી રાજેમતિએ સંયમ અંગીકાર કર્યું.

( ૯ )

ચારિત્ર ગ્રહણ કર્યા પછી ગિરનાર ઉપર ફરતાં એક વખત એકાંત ગુફામાં રહનેમીનો સંયોગ થયો. રહનેમી તેણીને એકાંત સ્થળમાં જોઈ વિષયાકુળ થયા, પરંતુ એવે અણીને સમયે પણ પોતે લેશ માત્ર પણ ન ડગતાં ઉલટા રહનેમીને સારી રીતે સમજાવી સંયમને વિષે સ્થિર કર્યા, એ સર્વે જ્ઞાન ગુણનાં જ ફળ હતાં.

---

* પુનર્લગ્નની હીમાયત કરનારા આ સંબંધે ધારશે તો ઠીક વિચાર બાંધી શકશે.

જે સમયે રામચંદ્રજીને વનવાસ જવાનું ઠર્યું. તે સમયે તેમણે સીતાને તેણીના પિતાને અથવા સાસરાને ઘેર રહેવા ઘણી રીતે સમજાવ્યાં. પરંતુ ત્યાં રહેવાથી જે સુખ મળે તે કરતાં પણ જંગલી પશુઓથી વસતા અને સુખદાયક પદાર્થના અભાવવાળા અરણ્યમાં પતિની સાથે રહેવાથી અને નિરંતર પતિસેવા કરવાથી પોતે વધારે સુખ માન્યું. વનમાંથી દુષ્ટબુદ્ધિ રાવણ કપટ કરી લંકામાં ઉપાડી ગયો, ત્યાં તેણે અનેક પ્રકારની લાલચ તથા ધમકી આપ્યા છતાં તેની સામે દ્રષ્ટિ સરખી પણ કરી નહિ, અને સંપૂર્ણ રીતે શીયલવ્રત જાળવી રાખ્યું. વનમાંથી પતિ સાથે અયોધ્યામાં પાછા આવ્યા પછી કોઇ દુર્જનના વચનથી પતિએ તેણીનો ત્યાગ કર્યો. તે સમય પણ ધૈર્યતાથી આનંદમાંજ ગુજાર્યો. અને પતિ ઉપર લેશ માત્ર અપ્રીતિ ન આણી, એ સર્વે જ્ઞાન અને તેથી પ્રાપ્ત થયેલા ઉત્તમ ગુણોનો જ પ્રતાપ હતો.

સતી દમયંતીમાં જ્ઞાનનો સદ્ભાવ ન હોત, તો જે સમયે નળરાજા દ્યુત ક્રીડામાં રાજ્યરિદ્ધિ સર્વ હારી ગયા, અને વનવાસ લેવાનો સમય આવ્યો ત્યારે તે પતિની સાથે વનમાં જવાને આનંદિત થાત? કદિ ન થાત; કારણ કે અજ્ઞાની સ્ત્રીઓ તો પતિને એવી રીતે વિપત્તિ પ્રાપ્ત થયે તેની ઉપર નિઃસ્નેહી થાય છે. વળી વનમાં ફરતાં ફરતાં જ્યારે નળરાજા તેણીને એક વિકટ અરણ્યમાં સૂતી મૂકીને ચાલ્યા ગયા, ત્યારે પણ પોતે સંકટનો સર્વ વખત ધૈર્યતાથી ઉત્તમ ભાવનામાં ગુજાર્યો; કેટલેક સ્થળે શાસનની ઉન્નતિ કરી, કેટલાક માણસોને ધર્મ પમાડ્યો, અને શિયલવૃત સારી રીતે જાળવી રાખ્યું; એ સર્વકાર્ય જ્ઞાન વિના જરા પણ બની શકત નહી.

સતી કલાવતી લેશ માત્ર કલંકિત ન છતાં શંખરાજાએ તેણીને ખોટા વહેમથી વનમાં મોકલાવી દીધી. તે ગર્ભવતી હતી, તે વિષે જરાપણ વિચાર ન કરતાં તેણીના હાથ ચાંડાલો પાસે કપાવી નાંખ્યા! તેવે સમયે પણ લેશ માત્ર પતિનો દોષ ન

કાઢતાં પોતાનાં કર્મનો જ દોષ કાઢયો; એ જો તેનામાં જ્ઞાનનો સદ્‌ભાવ ન હોત તો કદિ ન બનત. ગુણનો બદલો તો ગુણમાં જ મળે છે, પણ તેની અજ્ઞાની મનુષ્યોને ખબર પડતી નથી. તેથી તેઓ કાર્યાકાર્યનો વિચાર કર્યા વિના તથા ભવિતવ્યતાની અનુકૂળતા પ્રતિકૂળતા જાણ્યા વિના અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કર્યા કરે છે. સતી કલાવતીએ તો ભવિતવ્યતાને અનુકૂળ થઈ શુભ ભાવના ભાવ્યા કરી તો પુત્ર જળવાયો. હાથ જેવા હતા તેવા થયા, અને પતિનો મેળાપ પણ થયો.

( ૧૦ )

સતી સુભદ્રાને માથે સાસુ અને નણંદે ધર્મદ્વેષથી કલંક ચઢાવ્યું તો પણ તેણીએ તેની ઉપર બીલકુલ દ્વેષ આણ્યો નહિ, પરંતુ પોતાની સાથે સાધુજીને પણ કલંકિત કર્યા, અને તેથી ધર્મની હીનતા થતી જાણી, ત્યારે શાસનદેવીનું સ્મરણ કરી તેની સહાયતાથી પોતાનું સતીપણું સકળ નગર લોક સમક્ષ પ્રગટ કરી બતાવ્યું. ધર્મદ્વેષી સાસુ નણંદને પશ્ચાત્તાપ કરવાનો વખત આવ્યો, અને શાસનની શોભા વધી. એ સર્વ જ્ઞાન ગુણ વિના બની શકત ? ન બનત. જો અજ્ઞાનતા હોત તો સામાસામી વઢવાનો–તોફાન મચાવવાનો વખત આવત, અને એક બીજાના છતા અછતા દોષ કાઢી કર્મબંધ કર્યા કરત.

શ્રીમતીએ જો જ્ઞાનાભ્યાસ કર્યો હતો, તો જ તેણીને નવકાર મંત્રના પ્રભાવથી શ્રદ્ધા ઉત્પન્ન થઈ હતી, જેને યોગે ધર્મદ્વેષી પતિએ મારી નાંખવા માટે કરેલા વિઘ્નમાંથી પણ બચી પોતે શાસનની શોભા વધારી.

સુરસુંદરીનાં અમરકુમાર સાથે લગ્ન થયાં, પતિને દેશાટન કરવાનું ઠર્યું, ત્યારે તે પતિવ્રતા સાથે ગઇ. રસ્તે પાણી લેવા માટે એક બેટમાં ઉતર્યા. તે વખતે બાળક અવસ્થામાં નિશાળમાં થયેલી બોલાચાલી યાદ લાવી પતિએ કઠણ હૃદયવાળા થઇને તેણીને તે નિર્જન સ્થાનમાં છોડી દીધી અને વહાણ

હુંકાર્યું. એવે વખતે સુરસુંદરીને બદલે કોઇ જ્ઞાન રહિત સ્ત્રી હોત તો તેની શી ગતિ થાત? તે વાંચનારે જ વિચારી લેવું. સુરસુંદરીએ તો જ્ઞાન મેળવ્યું હતું, શાસ્ત્ર અભ્યાસ કર્યો હતો, દેવ, ગુરૂ ધર્મને વિષે દ્રઢ હતી, અને નવકાર મંત્રનો પ્રભાવ જાણ્યો હતો. તેથી તેને યોગે વનના રાક્ષસને વશ કરી પોતાનો પ્રાણ બચાવ્યો. વિષયાકુળ વ્યાપારીથી શિયળનું રક્ષણ કરી સમુદ્રપાર પામી. બેનાતટના રાજાને સંતોષ પમાડયો, પતિને મેળવ્યો, અને તેને પોતે કરેલા અયોગ્ય કાર્યને માટે શરમાવવાનો વખત આવ્યો; તથા પ્રાંતે ધર્મધ્યાન કરી પોતે તથા પતિ શુભ ગતિ ગામી થયાં. એ સર્વ કેળવણી-જ્ઞાન સંપાદન કરવાનો પ્રતાપ જાણવો.

ચંદનબાળા અગર જો કે રાજયપુત્રી હતી, તોપણ રાજ્ય ઉપર આવી પડેલાં સંકટથી પોતાને પિતાનું નગર છોડી અન્ય સ્થળે દાસી તરીકે વેચાવાનો વખત આવ્યો, ત્યાં પણ શેઠાણી દુષ્ટા હોવાથી તેણીએ બે ત્રણ દિવસના ઉપવાસ કરાવી પગમાં બેડી નાંખી અને સ્ત્રીને લાયક ભુષણનો ત્યાગ કરાવ્યો. એવા દુઃખના સમયમાં ફક્ત અડદના બાકળા લઇને ખાવા બેઠેલી ત્યારે ભગવંત મહાવીરસ્વામીનો જોગ થયો. પોતાના અભિગ્રહમાંની એકાદ બાબત ઓછી હોવાથી ભગવંત પાછા વળ્યા. એવે સમયે તેણીએ રોતાં રોતાં પણ ભગવંતને પાછા બોલાવી બાકળા વહોરવાનો આગ્રહ કર્યો, ભગવંત અભિગ્રહ પૂર્ણ થયો જાણી પાછા ફર્યા, બાકળા વહોર્યા અને તેણીના મનવાંચ્છિત પૂર્ણ થયા. જો ચંદનબાળા જ્ઞાનવતી ન હોત તો એવી અવસ્થામાં ભગવંતને વહોરાવવાનો આગ્રહ કાંથી કરત? અને તેના મનવાંચ્છિત કયાંથી ફળત?

(૧૧)

સાધ્વી મૃગાવતી અજાણતાં જ પ્રભુના સમવસરણમાં વધારે વખત રહ્યાં હતાં. ઉપાશ્રયે આવ્યા પછી ગુરૂણીજીએ

મોડા આવવાને માટે ઠપકો આપ્યો. તે સમયે તેઓએ પોતે સારી રીતે જ્ઞાન સંપાદન કરી વિનયગુણ મેળવ્યો હતો, તેથી શિખામણ દેનાર ગુરૂણીજી ઉપર ગુસ્સે ન થતાં પોતાની ભુલને માટે પશ્ચાત્તાપ કરવા માંડયો, અને તેમ કરતાં કેવળજ્ઞાન પ્રકટ થયું.

મયણાસુંદરીનું ચરિત્ર જ્ઞાનની જ પુષ્ટિ કરે છે. તેણીએ સકળ શાસ્ત્રનો અભ્યાસ કરી મેળવવા લાયક જ્ઞાન મેળવ્યું હતું, જેથી પિતાની અયોગ્ય તકરાર સામે વિનય પૂર્વક બાથ ભીડી. તેમ કરતાં પિતાએ રોગી શરીરવાળા શ્રીપાલ કુંવર વેરે તેને પરણાવી. તેણીએ તેથી પણ આનંદ માન્યો. તેવા રોગી પતિનો અસહ્ય રોગ પોતાના જ્ઞાનથી મટાડવાનો વખત આણ્યો, પિતાનું કુળ અજવાળ્યું, પતિનું કુળ પ્રસિદ્ધ કર્યું, અને પોતે મેળવેલા જ્ઞાનની બલિહારી કહેવરાવી. વળી જે દિવસે શ્રીપાળ દેશાટન કરી પોતાને ગામ પધાર્યા છે, અને બહાર મુકામ કરી રાત્રે એકલા ઘેર જોવા આવ્યા છે, તે સમયે મયણાસુંદરી સાસુને તે દિવસે પૂજામાં ઉત્પન્ન થયેલા ભાવને લીધે પ્રાપ્ત થયેલા અપૂર્વ આનંદથી ઇષ્ટજનનો યોગ આજેજ થવો જોઇએ, એવી વાત કરે છે; તે વાત સાંભળી શ્રીપાલ કુંવર અત્યંત ખુશી થયા, અને તરતજ ઘરમાં દાખલ થઈ સ્ત્રીનું વચન સત્ય કરી બતાવ્યું. જો મયણાસુંદરી જ્ઞાનવતી ન હોત તો પૂજામાં તેને આવો ઉલ્લાસ પણ કયાંથી થાત ? જ્ઞાનનાં ફળ તો અપૂર્વ છે.

દ્રૌપદીએ સંપૂર્ણ રીતે જ્ઞાન સંપાદન કર્યું હતું, તો વિવાહ સમયે પણ પ્રભુની પૂજા કરવાના ભાવ ઉત્પન્ન થયા હતા; જે કાર્યથી સિદ્ધાંતમાં પણ તેના ગુણ ગવાયા. વળી વનમાં પતિની સાથે ફરી આનંદ માન્યો. દુર્યોધનની સભામાં પણ વસ્ત્રો ખેંચાતાં, દેવના પ્રભાવે વસ્ત્ર મેળવી શિયલ વ્રતની સિદ્ધિ કરી બતાવી. એ સર્વે જ્ઞાનનો પ્રતાપ જાણવો. બીજી સ્ત્રીઓ એક પતિની પણ સેવા સંપૂર્ણપણે બજાવી શકતી નથી, પણ

તેણીએ પાંચ પતિની સેવા સંપૂર્ણ રીતે બજાવી છે.

આવાં સર્વ ચરિત્રો ઉપરથી સિદ્ધ થાય છે કે, જે જે સ્ત્રીઓ સતી રૂપે ગણાઇ છે, જે જે સ્ત્રીઓએ સત્કાર્યો કરી પોતાનાં નામ અમર કર્યાં છે, અને જે જે સ્ત્રીઓ ધર્મને વિષે દ્રઢ રહી સદ્દગતિગામી થયેલ છે, તે સર્વે જ્ઞાનવંતી એટલે ભણેલી હતી. અને જ્ઞાનગુણને લીધેજ તેનામાં બીજા સર્વ ગુણો આવી રહ્યા હતા. ગૃહસ્થાશ્રમ પણ જ્ઞાનવાળી સ્ત્રીથી જ સારી રીતે ચાલે છે. એક વિદ્વાન ગ્રંથકારે લખ્યું છે કે,—" સ્ત્રીને કેટલાં કામ કરવાં પડે છે, તે જુઓ. છોકરાં ઉછેરવાં, કુટુંબના વડીલોનું કામ ઉપાડવું, ચાકરો ઉપર સત્તા રાખવી, ઘર ધંધામાં પ્રવીણ રહેવું, ઘરની અને ઘરના સામાનની સંભાળ રાખવી, ઘરમાં આવતાં જતાં માણસ આગળ ઘરનું નાક રાખવું, અને તે બધું જાતે મર્યાદા પાળી કરવું, અને પતિ પ્રમુખ પૂજ્ય જનોનું દીલ પ્રસન્ન રહે તેમ ડહાપણથી ચાલવું. આટલું તો એક સામાન્ય સ્ત્રી કરે છે; અને તે સાથે લોકના બોલ સહન કરવા, ઘરમાં જુલ્મ અને અપમાન ખમતાં ગમ ખાઇ જવી, પોતાના દુઃખને ગણવું નહિ, મન અને પેટ બે મોટાં રાખવાં; એ બધું પણ સ્ત્રીને કરવું પડે છે, અને તેટલું જો તે કરે તોજ સ્ત્રીને સ્ત્રી કહેવી. ગૃહસ્થાશ્રમમાં રહેનારી સ્ત્રીઓને માથે ઘર સંસાર સુખે ચલાવવામાં ઉપર કહી તેટલી ફરજો છે, અને એ સર્વે જો કેળવણી લીધી હોય તો જ ખરી રીતે બજાવી શકાય છે. કેળવણી લીધા વિનાની સ્ત્રીથી તેવી રીતે પોતાની ફરજો બજાવી શકાતીજ નથી અને તેથી તેનો ઘર સંસાર વગોવાય છે. જે દંપતીમાં જોઇએ તેવો પ્રેમ હોતો નથી, તેને ઘણી જાતનાં દુઃખ ઉત્પન્ન થાય છે. યુરોપના એક પ્રસિદ્ધ પુરૂષ નેપોલિયન બોનાપાર્ટે તો દેશની સારી સ્થિતિ થવામાં પણ સ્ત્રી કેળવણીજ મુખ્ય ગણેલી છે તે વિષે કહેવાય છે કે—

" કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દ્યો માતાને જ્ઞાન."

( ૧૨ )

વિચાર કરતાં એ સર્વ વાત સત્યજ જણાય છે. આવી રીતે સ્ત્રી કેળવણી એ ઉત્તમ છે, તેની અવશ્ય જરૂર છે. આ ભવ સંબંધી સુખ પામવામાં અને પરભવે સદ્ગતિ પામવા માટે સંસારમાં રહીને ધર્મ સાધન કરવામાં પણ એજ મુખ્ય સાધન છે. પૂર્વે એ રીતિ હતી, શાસ્ત્રકાર એમાં સંમત છે, અને હાલના વિદ્વાનો પણ એથી ઘણા પ્રકારના ફાયદા માને છે.

હવે સંસાર ચલાવવામાં તથા સંસારીને ધર્મ સાધન કરવામાં કેળવણી પામેલી સ્ત્રીથી કેટલી તરેહના ફાયદા છે, અને કેળવણી પામ્યા સિવાયની સ્ત્રીથી કેટલો તરેહના ગેરફાયદા છે તે તપાસીએ.

સ્ત્રીઓની પહેલી અવસ્થા તે પુત્રીરૂપ અવસ્થા છે. તે અવસ્થામાં તેને કેળવણી લેવાની-વિદ્યા ભણવાની ખરેખરી જરૂરીયાત છે; કારણ કે બાલ્યાવસ્થા વીત્યા પછી જે અવસ્થા પ્રાપ્ત થવાની છે, તે અવસ્થા સુખરૂપ ગુજરે, તેવાં સાધનો વિદ્યા ભણ્યા વિના પ્રાપ્ત થતાં નથી. વિદ્યા બુદ્ધિને ખીલવે છે, અને તેથી જ બાળકીઓ સમજુ અને વિચારવાન થાય છે. ડહાપણ, સદ્ગુણ, વિવેક, વિચાર, ખરૂં-ખોટું સમજવાની બુદ્ધિ એ સર્વે વિદ્યાથીજ પ્રાપ્ત થાય છે. કલેશ કંકાસને નાશ કરનાર, હેત પ્રીતિને વધારનાર અને સર્વના સાથે યોગ્ય રીતે વર્ત્તવાનું શીખવનાર વિદ્યા જ છે. વિદ્યાથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. છોકરીઓને વિદ્યા ભણાવવી તે કાંઇ નોકરી કરાવવા માટે અથવા ગુજરાન ચલાવવાને વ્યાપાર કરાવવા માટે નથી, પરંતુ તેઓને ઉંચા પ્રકારની સમજશક્તિ પ્રાપ્ત કરાવવાને છે, જેથી તેઓ ઘર કામની આવડત, રસોઇ કરવાની

રીત, ભરત શીવણ, ખર્ચ ખૂટણ ચલાવવાની કુશળતા, પત્ની તરીકેની પોતાની ફરજ, નમ્રતા, સભ્યતા, નીતિ, જ્ઞાન વગેરે સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે; અને સાથે દેવદર્શન, પ્રભુ સ્તુતિ, પ્રતિક્રમણ વગેરે નિત્ય ધર્મકૃત્યો પણ સારી રીતે કરી શકે છે. અદબથી બેસવું, મર્યાદાથી બોલવું, થોડું ને ધીમે બોલવું, ખડખડ ન હસતાં સકારણે મંદ હાસ્ય કરવું, સૌની ઉપર દયાભાવ બતાવવો, માતાને ઘર કામમાં મદદ કરવી, વગેરે બાબતો ભણેલી બાળકીઓ સારી રીતે કરી શકે છે.

વિદ્યા ભણ્યા વિનાની, વિદ્યા ઉપર પ્રીતિ વિનાની, અથવા વિદ્યા ભણવા નહિ જનારી બાલકીઓ ઉઘાડે શરીરે શેરીઓમાં-ધૂળમાં ઢીંગલા ઢીંગલીની રમતો રમે છે, પાંચ સાત છોડીઓ ટોળે મળી કૂદે છે, નકામા ચાળા ચેષ્ટા કરે છે, કુટે છે, બેઅદબી રાસડાઓ ગાય છે, નઠારાં ગીતો ગાતાં શીખે છે, અને એવી નાદાની ભરેલી રમતોમાં સઘળો વખત ગુજારે છે. કેટલુંએક ઘર કામ શીખે છે, તે પણ રીતસર ન હોવાથી તેનાં કરેલાં કામો યોગ્ય હોતાં નથી.

( ૧૩ )

ખરેખરી રીતે જોતાં ભણ્યા વિનાની દીકરીઓનો વખત નકામો જાય છે; અને જે રીતે હાલમાં તેઓ રમે છે, અને પોતાની બાલ્યાવસ્થા ગુજારે છે, તે રીતથી તેઓના મન ઉપર ઉલટી ખરાબ અસર થાય છે. ઘરનાં અને પારકાં માણસો સાથે વઢતાં, વેંવચકો પાડતાં અને નકામાં બેશી રહેતાં શીખે છે, અને સઘળા એ દુર્ગુણો મ્હોટી ઉંમરે દુઃખ રૂપ થઈ પડે છે. ઘેર કોઇ પરોણા અથવા પરાયા માણસ આવે તો તેની સાથે કેવી સભ્યતાથી વર્ત્તવું, અથવા કેવી નમ્ર રીતે બોલવું, તે સંબંધિ અભણ છોડીઓને બીલકુલ ખબર પડતી નથી, પણ કાંતો અજાણ્યા માણસ પાસે બોલ્યા ચાલ્યા વગર મુંગી બેશી રહે છે, અથવા તેઓના દેખતાં તોફાન, કજીયા,

કંકાસ કરી ઘરનો પોગળ ખોલે છે. બાળપણામાં એવી જીંદગી ગુજારતાં કેટલીક કુટેવો પડી જાય છે, આગળ જતાં તે કુટેવો વધીને વ્યવહારમાં નિંદા થાય તેવાં કાર્યો કરાવે છે. મોટી ઉમરે નિર્લજ્જ ફટાણાં ગાવામાં ઘણી સ્ત્રીઓની બહુ ઉત્સુકતા દેખાય છે, તે આવી કુટેવોનાં ફળ સમજવાં. માટે પુત્રીરૂપ અવસ્થામાં જો વિદ્યા ભણાવવામાં વખત ગાળે તોજ તેની તે અવસ્થા લાયક રીતે પસાર કરી ગણાય. લખતાં-વાંચતાં શીખવું એનું નામ ભણ્યું અથવા કેળવણી લીધી ન ગણાય, પરંતુ નિશાળની રીતે લખવા વાંચવાનું જ્ઞાન મેળવી, જે ખરૂં ભણતર ભણવું જોઈએ તે એ કે નીતિવાન થવું જોઇએ. તે પ્રાપ્ત થાય તોજ કેળવણી લીધી કહેવાય. તેમ થાય તોજ રીતભાત સુધરે, મન શક્તિ વધે, સુઘડતા આવે, આવડત વધે અને સઘળાં કામો સહેલાઇથી કરવાની ટેવ પડે. ધર્મજ્ઞાન પણ એજ રસ્તે પ્રાપ્ત થાય છે. વિદ્યામાં પ્રવેશ કર્યા વિના ધર્મજ્ઞાનની કાંઈ સમજણ પડતી નથી. અને તેથી દહેરે, ઉપાશ્રયે કદાચ જાય, તો પણ ત્યાં કેવી રીતે વિનય સાચવવો, કેવી રીતે વંદન કરવું, કેવી રીતે સ્તુતિ કરવી. કેવી રીતે ક્રિયા કરવી, તે કાંઈ આવડતું નથી. ઘેર મુનિ મહારાજ વહોરવા આવ્યા હોય, તો તેમને કેવી રીતે વહોરાવવું ? તેમનો કેવી રીતે વિનય સાચવવો ? અથવા મુનિ મહારાજોને આહાર આપવાથી શું લાભ છે ? તે અભણ બાળીકાઓને કાંઈ ખબર હોતી નથી. વિદ્યા પ્રાપ્ત કરી હોય, તેને એ સર્વ વાતો સુગમ છે. વળી લાયક ઉમર થયે સાસરે જવાનું થાય છે, તો ત્યાં જઈ પોતાને શું કરવાનું છે ? પિયર અને સાસરામાં તથા દીકરી અને વહુપણામાં કેટલો ફેર છે ? માબાપ અને સાસુ સસરામાં કેટલો અંતર છે ? સ્વામી પ્રત્યેનો પોતાનો શું ધર્મ છે ? એ સર્વ બાબતોની કેળવણી લીધા વિના જરાપણ સમજ આવતી નથી.

( ૧૪ )

વડીલ અને પિતાની આજ્ઞા નહિ માનનારી કેટલીક સ્ત્રીઓ જોવામાં આવે છે. તે સર્વ પુત્રીરૂપ અવસ્થામાં કેળવણી ન લીધાનાં તથા ખોટી રમત ગમતમાં વખત ગુજાર્યાનાં ફળ છે. કોઈ કહેશે કે છોડીઓ બાળપણથી ભણવામાં જ વખત કાઢે, તો દળવું, વીણવું, ઝાટકવું, ઘર સાફસુફ રાખવું, રસોઈ કરવી એ વગેરે કામો કયારે શીખે ? તો તેના ઉત્તરમાં એટલુંજ કહેવાનું છે કે—ભણવામાં સઘળો વખત જતો નથી, અને તેથી બાકીના વખતમાં સર્વ કામ ખુશીથી શીખી શકાય છે. એટલુંજ નહિ પણ ભણેલી છોડી તેવાં કામો સહેલાઇથી થોડા વખતમાં શીખી શકે છે, અને કરી પણ શકે છે; કારણ કે અભણ અને રઝળનારી છોડીઓ બેદરકારીથી કામ કરે છે, અને ભણેલી ઉદ્યોગ અને ખંતથી કરે છે. માટે કેળવણી લીધા વિના-વિદ્યા ભણ્યા વિના પુત્રીરૂપ અવસ્થામાં જે કર્ત્તવ્ય છે, જે ભણવાનું છે, જે સમજવાનું છે, તેમાંથી કંઈપણ બનતું નથી; અને પાછલી અવસ્થામાં ઘર સંસાર ચલાવવો તેમાં તથા ધર્મધ્યાન તથા આત્મસાધન કરવામાં પૂરેપૂરી ખામી આવે છે. તેથી પુત્રીરૂપ અવસ્થામાં વિદ્યા ભણવાની અને જૂદા જૂદા પ્રકારની કેળવણી લેવાની મુખ્ય ફરજ છે, અને તે ફરજ બજાવ્યાથી જ બાળાઓનો સંસાર સુખ રૂપ થશે, તેઓને આત્મસાધન સારી રીતે થશે, અને તેઓ પરભવે સદ્‌ગતિ પામશે.

ગૃહિણીરૂપ અથવા સ્ત્રીરૂપ અવસ્થા એ સ્ત્રીઓની બીજી અવસ્થા સમજવી. સાસરે આવ્યા પછીથી તે પુત્રવતી થતાં સુધીના સમયનો એ અવસ્થામાં સમાવેશ થાય છે. એ અવસ્થાની શરૂઆતમાં સ્ત્રીઓને એક ઘર છોડી બીજે ઘેર જવાનું હોય છે. એટલે પિતાનું ઘર છોડી સાસરે જવાનું થાય છે. આ વખતે કેટલીક યુવતીઓ તોફાન કરે છે, અને મહા મહેનતે

સાસરે જાય છે. એ સર્વ અવિદ્યાનાં ફળ સમજવાં. કારણકે કેળવણી લીધી હોય તો સમજવામાં આવ્યુંજ હોય કે, બાળાને લગ્ન થયા પછી પિતાનું ઘર છોડી, સાસરાને ઘેર જવું, અને તેને પોતાનું ઘર સમજવું, એ તેની મુખ્ય ફરજ છે. અભણ સ્ત્રી આ ફરજ સમજતી નથી, અને તેથી જ તે સાસરે જતાં આડાઈ કરે છે. સાસરે ગયા પછી ત્યાં તેને નવાંજ માણસો સાથે પ્રસંગ પડે છે. અને તે નવાં માણસો માંહેના પતિને કેવી રીતે માન આપવું, સાસુ સસરાની કેવી મર્યાદા જાળવવી, દીયેર, જેઠ, તેની સ્ત્રીઓ અને નણંદ વગેરે બીજાં કુટુંબી સાથે કેવી રીતે મિલનસાર થવું; આ બાબતની સંપૂર્ણ માહિતી મેળવવી જોઇએ. અને તે કેળવણીથી જ સંપૂર્ણ મળી શકે. કેટલીક સ્ત્રીઓ તો પતિને શી રીતે માન આપવું ? તે જાણતી જ નથી. પતિમાં કાંઇ દોષ હોય, કાંઇ ખામી હોય, તો તેથી તેની ઉપર જોઇએ તેવી પ્રીતિ રાખતી નથી, પરંતુ આવે વખતે તેણે સમજવું જોઇએ કે, પતિવ્રતાપણું એજ સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે. જેની સાથે લગ્ન સંબંધ થયો હોય, તે પતિની સાથે નિર્મળ પ્રીતિ રાખી, તેની ઇચ્છા પ્રમાણે વર્ત્તવું એ તેની ફરજ છે.

( ૧૫ )

લગ્ન થયા પછી વર ગમે તેવો હોય તો પણ મયણાસુંદરીની પેઠે તેની ઉપરથી પ્રીતિ ખસેડવી જ જોઈએ નહિ. નીતિ વિરૂદ્ધ ચાલવાથી ઘર સંસાર બગડે છે, પાપ બંધાય છે, ભવાડા થાય છે, અને બીજાં ઘણાં નુકશાન ભોગવવાં પડે છે. સત્યવડેજ પ્રીતિ ટકે છે, અને જયાં સુધી પ્રીતિની ગાંઠ હોય ત્યાં સુધી જ સંસાર સુખે ચાલે છે; તે ત્રુટ્યા પછી તો કલેશ, કંકાસ, વેરભાવ, ચીઢીયાપણું, ક્રોધ વગેરે પ્રવેશ કરે છે, અને તેથી ઘણા પાપના ભોક્તા થવું પડે છે. પતિ પ્રેમમાં ખામી પડવાથી જે સંસાર નિર્મળ ગૃહસ્થાશ્રમ પાળી પૂણ્ય

ઉપાર્જન કરવા માટે છે, તે પાપમય થાય છે; કુસંપ તો ઘરમાં રાજ્ય કરે છે, અને તેથી જગત્‌માં આંગળી ચીંધણાં થાય છે એટલું જ નહિ, પરંતુ ઉગતો ઘરસંસાર મૂળમાંથી જ કોહોવા માંડે છે. કદાપિ ધણી અણસમજુ કે દોષવાળો હોય તો તેના ઉપર કંટાળો ન આણતાં સુધારવા પ્રયત્ન કરવો અને બનતી રીતે ધર્મસાધન કરવું જેથી સ્વયમેવ કલ્યાણ થાય. વળી એમ વિચારવું કે, માણસ માત્ર સંપૂર્ણ રૂપગુણવાળા નથી, તો ટુંકા જીવતરને માટે પોતાની ફરજ ચૂકી શરીર મન બગાડવાં અને ધર્મનું ઉલ્લંઘન કરવું એ શું ? એવું હોય ત્યારે નીતિના-વિદ્યાના જ્ઞાનના દિલાસાવડે માર્ગ વિરૂદ્ધ થનારા મનને અંકુશમાં રાખવું. કારણ કે નીતિ અથવા ધર્મ વિરૂદ્ધ વરતવાથી લોકમાં ફીટકાર મળે છે, અને પરભવે નીચ ગતિ પ્રાપ્ત થાય છે. પતિમાં કાંઇ ખામી જણાય ત્યારે આવા વિચાર કરી તેની ઉપર દૃઢ પ્રીતિવાળા થવું, એ કુલીન સ્ત્રીઓની ફરજ છે; પરંતુ અભણ સ્ત્રીઓ આવો સ્ત્રીધર્મ સમજતી નથી, અને તેથી એવો કાંઇ પ્રસંગ હોય છે, તો તેનો ઘરસંસાર પ્રથમથી જ બગડે છે, એટલુંજ નહિ પણ તે સ્ત્રી મનુષ્ય ભવમાં જે ફરજ બજાવવાને-જે ધર્માચરણ પાળી સુગતિગામી થવાને અવતરી હતી, તે પ્રમાણે ન થતાં આખો જન્મારો પાપકારી કાર્યોમાં અને આર્ત્ત, રૌદ્ર ધ્યાનમાં પૂરો થાય છે. જો સ્વભાવથી જ કોઇ ડાહી હોય, અથવા ભલાં માબાપને ઘેર ઉછરેલી હોય તો પોતાનો સંસાર ડહાપણથી ચલાવવા મથે છે; પરંતુ એનાથી કેળવણીથી મળતા લાભ મેળવી શકાતા નથી. જૂદા જૂદા સ્વભાવ, જૂદી જૂદી સંગતિ અને નીતિ જ્ઞાનનાં તથા ધર્મ જ્ઞાનનાં પુસ્તકોથી માણસની સ્થિતિ, સ્વભાવમાં ફેર પડે છે; પણ અભણ સ્ત્રીને કોનો સંગ કરવો, તે ખબર પડતી નથી; શું વાંચવું તેની ખબર હોતી નથી અને થોડો ઘણો વખત ગાડરીયા પ્રવાહની પેઠે ઉપાશ્રય વગેરેમાં જાય છે તો તેથી પણ થવો જોઇતો લાભ થતો નથી.

સાસરે રહેતાં શીખ્યા પછી પતિ સિવાય સાસરાના ઘરનાં બીજાં માણસો સાથે પ્રસંગ પડે છે. આમાં પણ કેટલીએક અભણ, નિંદાખોર સાસુ નણંદો હોય છે, તો તે આવનારી વહુઓને મ્હેણાં મારી તેની ઉપર હુકમ ચલાવી ઘણી રીતે કનડે છે. અભણ વહુ આ સઘળું સહન કરી શકતી નથી અને તે પોતાની સહીપણીઓ, પાડોસણો આગળ જઈ ઘરનું દુઃખ રડે છે, અને તેઓ પણ અભણ હોવાથી સાચો માર્ગ ન બતાવતાં ઉલટી શીખામણ આપી સાસુ નણંદ સાથે વઢવાનું શીખવે છે; આમ તેનું ઘર ચગડોળે ચડે છે અને નિરંતર કુલેશ કંકાસ કરી પાપ ઉપાર્જન કરે છે. ભણેલી એ બધું સહન કરી સામા માણસોને ધીમે ધીમે સુધારી પોતાના ઘરને અમૂલ્ય સુખરૂપ બનાવે છે, અને પાપથી બચે છે.

( ૧૬ )

સૂવાનો વખત એજ સ્ત્રીઓને વરની સાથે વાતચીત કરવાનો અથવા સુખ ભોગવવાનો હોય છે. આપણા રિવાજ પ્રમાણે એ સિવાય બીજે વખતે સ્ત્રી પુરૂષથી વાતચીત થઇ શકતી નથી, અને તેથીજ દંપતિનાં સુખનો એટલો એજ વખત ગણાય છે. પણ એમાંએ સુખ ક્યાંથી ? અભણ સ્ત્રી એ વખતે આખા દિવસના કંકાસનો ઇતિહાસ, મનના દુષ્ટ ઉભરા વરની આગળ કાઢવા માંડે છે, અને પરિશ્રમથી કંટાળેલા પતિને વિશ્રામને બદલે વધારે કંટાળો આપી—

वरं पर्वत दुर्गेषु, भ्रांतं वनचरैः सह,
न मूर्ख जन संपर्कः सुरेंद्र भवनेष्वपि ।

એ શ્લોકનું ભાન કરાવે છે.' પતિ જો કાંઇ સહનશીલતાવાળો હોય છે, તો એ સઘળું સાંભળ્યું ન સાંભળ્યું કરી તેની ઉપર વિસ્મૃતિનો પડદો નાંખે છે, અને તેમ ન હોય તો વળી ત્યાં નવો જ રંગ નીકળે છે. ભણેલ દંપતી હોય ત્યાં આવું

કાંઈપણ બનતું નથી; તેઓ આવી વાત જ્યાં થઈ હોય ત્યાં જ દાટી દે છે. આ સમયે તો તેને સંભારતાં પણ નથી અને પ્રેમચર્ચા, જ્ઞાનચર્ચા, કે ધર્મચર્ચાનો વિનોદ કરે છે, એટલું જ નહિ પણ વગર કહ્યે એક બીજાનું એવું ખરૂં દુઃખ જાણવામાં આવ્યું હોય છે, તો તે વિષે ધીરજ આપી શાંતિનું પોષણ કરવામાં આવે છે.

વર્ષ થતાં જાય છે તેમ યુવાન સ્ત્રી, સસરાના પાડોશની, સગાં વહાલાંની અથવા બીજી ઓળખાણવાળી સ્ત્રીઓના પ્રસંગમાં આવવાની, છૂટ મેળવતી જાય છે. તેમાં અભણ સ્ત્રીઓ કોઇના ઘરની, કોઇના નવા સાસરે રહેવાની, કોઈની ખોટી નિંદા-પ્રશંસાની, કોઇના દુરાચારની, કોઈનાં ઘરેણાંની, કોઈના સુખની, કોઇને ગર્ભ રહ્યાની, એવી એવી વાતો કરે છે, અને તેનું પરિણામ એ આવે છે કે, એમાંથી ઘણી સ્ત્રીઓ બગડે છે. પોતાના પતિ પ્રત્યેની પોતાની ફરજનું ઉલ્લંઘન કરે છે અને પોતાનો ધર્મ તદ્દન ચૂકી જાય છે. ભણેલી સ્રી સારી સંગતિ શોધે છે; વ્યાખ્યાન, રાસ વગેરે કાંઇ ધર્મ પુસ્તકો વંચાતાં હોય તો ત્યાં સાંભળવા જાય છે; તેવો પ્રસંગ ન હોય તો પોતે સારાં સારાં પુસ્તકો વાંચે છે અને પોતાને લાભ થાય તેવી સ્રીઓની સાથે બેસે છે, એટલું જ નહિ પણ પોતામાં પ્રૌઢ જ્ઞાન હોય, તો પોતાની સંગતમાં આવતી અભણ સ્રીઓને ઉલટી સુધારે છે.

કામકાજ કરવામાં સાસુ વગેરે બે વચન કહે તો તે સાંભળવાં, સહન કરવાં, અને તેમાંથી ગુણ ગ્રહણ કરવો. “વહુએ ઘરનો ભાર ઉઠાવી લીધો.” એવું નવી આવનારી સ્રીએ જલદી કહેવરાવવું જોઇએ; કારણ કે ઘર કામમાં વિશેષ ધ્યાન આપવું, એ તેની ફરજ છે. જેમ પુરૂષ બહારનાં કામકાજ કરે છે, તેમ સ્રીએ ઘરનાં કામકાજમાં ચપળતા તથા હોંશિયારી બતાવી યશ મેળવવો અને પતિની આવક પ્રમાણે

ખર્ચ ચલાવવો, એ તેની ફરજ છે. ઘરની વસ્તુઓની ગોઠવણ, દેખરેખ, સ્વચ્છતા એ સર્વ એવી રીતે થવું જોઇએ કે, પરાયાં માણસો ઘર જોઇ પ્રશંસા કરે. યુવતી સ્ત્રીઓ અભણ હોવાને લીધે પોતાની આ ફરજ સમજતી નથી, તેથી ઘર કામમાં જે કાળજી રાખવી જોઇએ તે રાખતી નથી અને નકામી કુથલી કરવામાં વખત કાઢે છે અને પછી તો એવી ટેવ જ પડી જાય છે.

( ૧૭ )

એવી ટેવ પડ્યા પછી તો ઘરકામ ભારે થઇ પડે છે, અને ઘરને ધોલકું બનાવી દે છે. ભણેલી અને અભણ, ચપળ અને આળસુ, ડાહી અને મૂર્ખ સ્ત્રીઓના આવા નમુના સ્થળે સ્થળે જોવામાં આવે છે. આપણી કોમમાં સ્ત્રી કેળવણીનો અભાવ વિશેષ હોવાથી ઘણાં દૃષ્ટાંત ઉત્તમ ગૃહને બદલે ક્લેશમય ગૃહનાં છે. આ તો સિદ્ધાંત છે કે અભણ સ્ત્રીઓથી ધર્મ-વ્યવહાર બરાબર જળવાતોજ નથી, અને તેથી પોતાનો પરમ ધર્મ પાળવામાં સંપૂર્ણ ખામી આવે છે; કારણ કે પાણી કેમ ગળવું ? ભોજન દોષ રહિતપણે કેવી રીતે નિષ્પન્ન કરવું ? અનાજ કઠોળ કેવી રીતે સંઘરવાં ? અથાણાં વિગેરેને કેવી રીતે જાળવવાં ? ચંદરવા કયાં કયાં બાંધવા ? વગેરે હકીકત અભણ સ્ત્રી જાણતી નથી, તેથી વારંવાર અભણ સ્ત્રીથી હિંસા વગેરેના કાર્યો થઇ જાય છે અને શ્રાવક ધર્મનું પણ ઉલ્લંઘન થાય છે. શ્રાવક ધર્મ શી રીતે જળવાય ? એ ભણ્યા વગર ખબર પણ કયાંથી પડે ? અહા, અભણ સ્ત્રીથી આ કેવો મોટો દોષ થાય છે ! કારણ કે તે એકલી દોષિલી થાય છે એમ નહિ, પણ ઘરનાં માણસો પણ તેની અજ્ઞાન ક્રિયાથી દોષવાળી વસ્તુના ભોક્તા થાય છે અને અનર્થ દંડ દંડાય છે. સ્ત્રીઓને વળી લૂગડાં ઘરેણાંનો ઘણો કોડ હોય છે. તેઓને નવાં નવાં લૂગડાં ઘરેણાં પહેરવાની વારંવાર ઇચ્છા થાય છે.

જો પોતે વિદ્વાન અથવા ગુણવાન હોય તો સમજે કે સ્ત્રીઓને શિયલ ગુણ વગેરે પરમ આભૂષણ છે, પરંતુ વિદ્યાની ખામી હોવાને લીધે તેવી સ્ત્રીઓ આડોશી પાડોશીનાં અથવા જ્ઞાતિની સ્ત્રીઓનાં એવાં લૂગડાં ઘરેણાં જોઇ, પોતાને પણ તેવાં કરાવી આપવાની પતિ પાસે જીદ કરે છે. જીદ કરે છે એટલુંજ નહિ પણ પતિની સ્થિતિનો કાંઇ પણ વિચાર કર્યા વગર કંકાસ કરી તેવી વસ્તુ મેળવે ત્યારેજ શાંત રહે છે; અને પતિને પોતાના બેવકૂફી ભરેલા વિચારથી પરાણે કરજના બોજામાં ઉતારે છે. જે સ્ત્રી ગૃહસ્થાશ્રમમાં સુખરૂપ થઇ પડવી જોઇએ, તે અભણ હોવાથી ઉલટી આમ દુઃખ રૂપ થઇ પડે છે. આથી ગૃહવ્યવહાર વધારે ખારો થતો જાય છે.

યુવાન સ્ત્રીઓ લગ્નાદિ પ્રસંગે ગીત ગાવામાં મોટો લ્હાવો સમજે છે. આમાં પણ સમજુ ને અણસમજુ સ્ત્રીઓ ડાહ્યા માણસને જૂદા જૂદા અનુભવ કરાવી વિદ્યા અવિદ્યાનાં ફળ પ્રત્યક્ષ બતાવી આપે છે. જે સમય હર્ષનો, જે સમયે માંગલિક ગીત ગાવાં જોઇએ, તેજ સમયે અભણ સ્ત્રીઓ નિર્લજ ફટાણાં-કનિષ્ટતા બતાવનારાં ગીત ગાય છે, અને મોહની કર્મનો ઉત્કૃષ્ટબંધ ઉપાર્જન કરે છે. પોતાને ઉત્તમ કહેવરાવનારા નિર્લજ પુરૂષો આ સાંભળી રહે છે. આ કેવી શોકજનક વાત છે ! આ સર્વ અજ્ઞાનતાનાંજ ફળ છે. જૈનોમાં પુરૂષ વર્ગમાં પણ જ્ઞાનની ખામી છે તેથીજ આવા નિંદ્ય રિવાજ ટકી રહ્યા છે, નહિ તો પુરૂષની નજર આગળ બનતા આવા અઘટીત બનાવો કેમ ટકી રહે ? ભણેલી સ્ત્રી કોઇ ઠેકાણે-કોઇ વખતે નજરે પડી હશે તો વાંચનાર ? તેં તેનો અનુભવ જોયો હશે. એમાં વધારે વિવેચનની જરૂર નથી. આશ્ચર્ય માત્ર એટલુંજ છે કે, વિદ્યા અવિદ્યાનાં આવાં પ્રત્યક્ષ ફળ દેખાયા છતાં પણ બાળકીઓને-ઉંચા પ્રકારનું નીતિજ્ઞાન-ધર્મને પણ પુષ્ટિ આપે તેવું જ્ઞાન આપવાની બાબતમાં જૈન માબાપોનાં હૃદય કોણ જાણે કેમ ખુલતાં નથી ?

( ૧૮ )

સાસરે રહ્યાને બે ત્રણ વર્ષ થયાં, અને સંતતિ ન થઇ, તો તુરત અભણ યુવતી મુંઝાવા માંડે છે. જાણે પુત્ર, પુત્રી થવાથી જ મનુષ્ય ભવની સફળતા હોય, જાણે તેથી જ સઘળા પ્રકારનું સુખ મળવાનું હોય, જાણે થોડા વખતમાં ગર્ભ ન રહ્યો, તો વાંઝણી જ રહી ગઈ; એમ ધારી તે સ્ત્રી ઝુરવા જ માંડે છે. જોશી અને હાથ જોનારાને શોધે છે. ગોરજી અને ભુવાઓ પાસે દોરા ધાગા કરાવે છે. અજ્ઞાન સુયાણીઓ પાસે આંટા ફેરા ખાય છે. ધૂતારા બ્રાહ્મણોના કહેવાથી ગ્રહ જાપ કરાવે છે. એવાં એવાં અયોગ્ય કાર્યો અને વહેમી વ્રતો કરી પતિના પૈસા અને પોતાનો ધર્મ ગુમાવે છે. ભણેલી સ્ત્રી 'સર્વ વાત કર્મને વશ છે,' એમ જાણી ઘણા વખત સુધી સંતોષ રાખે છે, અને વખતે સંતોષ ત્રુટવા જેવો વખત આવે છે, તો પણ ધર્મ ક્રિયા કરી તેથી જ ફળ પ્રાપ્તિની આશા રાખે છે. ભણેલ અને અભણના આમ પરસ્પર વિરોધી પૂણ્ય પાપમય માર્ગો છે.

ઘર કામથી ફારેગ થયા પછી બની શકે તો પતિના જે કામમાં ઘેર રહી મદદ થતી હોય, તે કામમાં મદદ કરવી એ સ્ત્રીની ફરજ છે. એ સિવાય સ્વામીનાં સર્વ વચન પાળવાં, સ્વામી પહેલા ઉઠવું, તેની સેવા કરવી, તેનાં પૂજ્ય માતા, પિતાને પોતાનાં માતાપિતા સમાન ગણવાં, તેના મિત્રને પોતાના ભાઈ સમાન ગણવા, તેના શત્રુને શત્રુ સમાન જાણવા, તેની સાથે ધર્મયુક્ત વર્ત્તવું, એ વગેરે સ્ત્રી કર્તવ્યધર્મ અભણ સ્ત્રીઓ ક્યાંથી સમજે ? કહ્યું છે કે,—

कार्येषु मंत्री करणेषु दासी, भोज्येषु माता शयनेषु रंभा ।
धर्मेषु सहाया क्षमया धरित्री, षट्गुण युक्तात्विह धर्मपत्नी. ॥

વિચાર કરવામાં પ્રધાનની પેઠે ઉત્તમ સલાહ આપે, કામ

કરતી વખતે દાસીની પેઠે કામ કરે, ભોજનને વિષે માતાના જેવો અપ્રતિમ સ્નેહ રાખે, શયન સ્થાનમાં રંભા જેવી સૌંદર્યતા બતાવે, ધર્મ કાર્યને વિષે સહાય કરે, અને પૃથ્વીની પેઠે સર્વ સુખ દુઃખ સહન કરે, એ છ ગુણ ધરનારી સ્ત્રી ધર્મપત્ની કહેવાય. કેળવણી વિનાની સ્ત્રીમાં આમાંનો એક પણ ગુણ ક્યાંથી હોય ? આ મનુષ્ય જન્મ ફરી, ફરી પ્રાપ્ત થતો નથી, તેથી દરેક માણસે મહા મહેનતે પ્રાપ્ત થયેલા મનુષ્ય જન્મમાં બની શકે તેટલાં ધર્મ કાર્યો કરી સંસારનો પાર પમાય તેવા ઉપાય યોજવા એજ મનુષ્ય ભવ પામ્યાની સાર્થકતા છે. આવા ઉપાયમાં મુખ્ય ઉપાય તો સંસાર છોડી ચારિત્ર ગ્રહણ કરવું તે છે. પણ તે જેનાથી નથી બની શકતું તેને માટે જિનેશ્વર ભગવંતે ગૃહસ્થધર્મ બારવ્રત રૂપ બતાવ્યો છે. ચારિત્ર માર્ગે વહેલી સિદ્ધિ થાય છે, તેમ ગૃહસ્થ ધર્મવડે પણ મોડી સિદ્ધિ થાય છે. પણ બન્ને મોક્ષ સાધનના ઉપાય છે. આમાંના બીજા વર્ગમાં-એટલે ગૃહસ્થ માર્ગમાં આપણે છીએ. એ માર્ગમાં સારી રીતે ચાલવા માટે સ્ત્રીને સહાયભૂત ગણેલી છે; અને એવી રીતે સહાયભૂત થનારી સ્ત્રીજ ધર્મપત્ની કહેવાય. એ ધર્મપત્નીમાં ઉપરના શ્લોકમાં કહ્યા પ્રમાણેના ગુણ અવશ્ય જોઇએ. પરંતુ એ સર્વ ગુણ તો જ્ઞાન ( કેળવણી ) ના આશ્રિત છે. ખરી કેળવણી–જ્ઞાન વિના એવા ગુણોની પ્રાપ્તિ થતીજ નથી, અને જ્યારે એ ગુણો હોતા નથી, ત્યારે જે કારણને માટે સ્ત્રીની સંગતિ કરવામાં આવે છે, તે કારણ ન બનતાં પશુ જેવો સંસાર થાય છે; અને ધર્મપત્ની તે કર્મપત્નીનો અર્થ સારે છે. હવે સ્ત્રીનો શ્રાવિકા ધર્મ જે ૨૧ પ્રકારે છે તે બતાવે છે.

# શ્રાવકના ૨૧ ગુણ.

### ચોપાઈ.

સદ્ગુરૂ કહે નિસુણો ભવિ લોક ! ધર્મ વિના ભવ હોયે ફોક;
ગુણ વિણ ધર્મ કીધો પણ તથા, આંક વિના મીંડા હોય યથા. ૧
ધર્મ રત્ન ને તેહજ યોગ, જેહને અંગે ગુણ આભોગ;
શ્રાવકના ગુણ તે એકવીસ, સૂત્રે ભાખ્યા શ્રી જગદીશ. ૨
પહેલે ગુણે છલ છળીયો ન હોય, બીજે ઇંદ્રિય પટુતા જોય;
ત્રીજે સૌમ્ય સ્વભાવી જાણ, ચોથે લોક પ્રિય શુભ વાણ. ૩
ચિત્ત સંકલેશ તજે પાંચમે, છટ્ઠે અપજશથી વિરમે;
પરને વંચક નહિ સાતમે, દાક્ષિણવંત હોયે આઠમે. ૪
લજ્જાવંત નર નવમે કહ્યો, કરૂણાકારી દશમે લહ્યો;
એકાદશમે હોયે મધ્યસ્થ, દ્વાદશમે ગુણરાગી પ્રશસ્ત. ૫
ધર્મકથા વલ્લભ તેરમે, શુભ પરિવાર સહિત ચૌદમે;
ઉત્તર કાલે નિજ હિતકાર, કરે કાજ પન્નરમે વિચાર. ૬
ષોડશમે ગુણ દોષ વિશેષ, જાણે નિજપર સમોવડ લેખ;
સદાચાર જ્ઞાનાદિક વૃદ્ધ, સતરમે સેવે તે સિદ્ધ. ૭
અડદશમે ગુણવંત મહંત, તેહનો વિનય કરે મન ખંત;
ન વિસારે કીધો ઉપકાર, શ્રાવક ગુણ ઓગણીશમો સાર. ૮
ગીતાર્થ સાધે પર અર્થ, વીશમા ગુણનો ધારો અર્થ;
ધર્મ કાર્ય કરવે હોય દક્ષ, એકવીશમો ગુણ એ પ્રત્યક્ષ. ૯
એ માંહેલા ઓગણીશ વિરહિતિ, શ્રાવક ધર્મની નહિ પ્રતિપત્તિ;
ચોથા ચૌદશમા ગુણ વિના, અંગિકર્યો પણ હારે જના. ૧૦
તે માટે ગુણ અંગે ધરો, જેમ શ્રાવકપણું સુધું વરો;
પંડિત શાન્તિવિજયનો શિષ્ય, માનવિજય કહે ધરી જગદીશ. ૧૧

**દુર્ગતિમાં પડનાર પ્રાણીઓને (પડતાં) ધરી રાખે, અને શુભગતિમાં પહોંચાડે તે ધર્મ. આ ધર્મ વગર ભવ નકામો છે, તો આવા ધર્મરૂપી રત્નને પ્રાપ્ત કરવા માટે યોગ્યતા પ્રથમ**

હોવી જોઇએ. તે યોગ્યતા એકવીશ ગુણો મેળવવાથી પ્રાપ્ત થાય છે. જેમ મહેલ બાંધતાં પહેલાં જમીન સાફ કરી પાયાની મજબુતી કરવી ઘટે છે, તેવીજ રીતે ધર્મની ઇચ્છા કર્યા પહેલાં આ ગુણો બરાબર પ્રાપ્ત કરવાના છે. જેમ એકડા વગરનાં ગમે તેટલાં મીંડા હોય તો તેની કીંમત કાંઇપણ નથી, તેમ ગુણ વગર ધર્મ પળાતો નથી. આ ૨૧ ગુણો નીચે પ્રમાણે છે:—

૧. અક્ષુદ્ર-ગંભીર=( ઉછાંછળી પ્રકૃતિ વગરનો )-સૂક્ષ્મ બુદ્ધિવાળો. તેથી સ્વ અને પરને ઉપકાર; આવા ગુણવાળો કરી શકે છે. આમાં છળકપટ હોતું નથી. ૨. રૂપવાન્-સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચ ઈંદ્રિયોથી સુંદર દેખાતો અને સારા બાંધાવાળો; આવો જીવ તપ, સંયમાદિક અનુષ્ઠાન કરી શકે છે. ૩ સૌમ્ય-શાન્ત સ્વભાવવાળો. આવો આત્મા પ્રાયે પાપથી ભરેલા કામમાં નહિ પ્રવર્તે અને સુખે સેવાઇ શકાય તેમજ બીજાઓને પણ શાન્તિનો આપનાર થઇ પડે છે. ૪. લોકપ્રિય એટલે જે દાન, વિનય અને શીળથી યુક્ત હોઇ આ લોક અને પરલોકથી વિરૂદ્ધ કામો ન કરવાથી લોકોને પ્રિય થાય તે. આ લોકોને ધર્મમાં બહુમાન ઉપજાવે છે. ૬. અક્રૂર-ક્રૂર એટલે કિલષ્ટ પરિણામી હોય નહિ તે. અહિં કિલષ્ટ પરિણામી એટલે મત્સરાદિકથી દૂષિત પરિણામવાળો. ૬. ભીરૂ-આ લોકના અને પરલોકના સંકટો વિચારીનેજ જે પાપમાં નહિ પ્રવર્તે અને અપજશના કલંકથી ડરતો રહે તે. ૭. અશઠ-બીજાને જે ઠગતો નથી તે. આ વિશ્વાસ કરવા યોગ્ય અને વખાણવા યોગ્ય રહે છે. અને ભાવપૂર્વક ઉદ્યમ કરે છે તેથી તે ધર્મને યોગ્ય છે. ૮. સુદાક્ષિણ્ય એટલે પોતાનું કાર્ય મૂકીને બીજાને ઉપકાર કરતો રહેનાર; આમનું વાકય સૌ કોઇ કબુલ રાખે છે તેથી તે ધર્મને યોગ્ય છે. ૯. લજ્જાળુ-નાનામાં નાનાં અકાર્યને પણ દુર કરનાર આવો સદાચાર આચરે છે અને સ્વીકારેલ વાતને કોઈપણ રીતે મૂકતો નથી. ૧૦. દયાલુ-કરૂણાવંત. ૧૧. મધ્યસ્થ-સૌમ્ય દૃષ્ટિ, આ ખરો ધર્મ વિચારીને સંભાળી શકે છે. અને

ગુણોની સાથે જોડાઈ દોષોને દૂર તજી શકે છે. ૧૨. ગુણાનુરાગી–ગુણીજનોનું બહુમાન કરે છે. નિર્ગુણીઓની ઉપેક્ષા કરે છે, ગુણનો સંગ્રહ કરવામાં પ્રવર્તે છે. અને પામેલા ગુણને મલીન કરતો નથી, ૧૩. સત્કથ–શુભકથા–ધર્મકથા કરનાર. અશુભ કથાના પ્રસંગથી મન કલુષિત થાય છે અને વિવેક રૂપી રાજા નાશ પામે છે. અને ધર્મ તો વિવેક પ્રધાન રહે છે. તો ધર્મના અર્થિએ સત્કથ થવું જોઇએ. ૧૪. સુપક્ષ–અનુકૂળ અને ધર્મશીલ પરિવાર સહિત સદાચાર યુક્ત; આવો આત્મા નિર્વિઘ્નપણે ધર્મ કરી શકે છે. ૧૫. દીર્ઘદર્શી–લાંબી દૃષ્ટિ ( વિચારવાળો ); આવો પુરૂષ જે જે કામ પરિણામે સુંદર હોય–બહુ લાભ અને થોડા કલેશવાળું હોય અને ઘણા જનને વખાણવા લાયક હોય તે તે કામકાજ શરૂ કરે છે. ૧૬. વિશેષજ્ઞ–અપક્ષપાતપણે કરી વસ્તુઓના ગુણ દોષ જાણી શકે છે માટે પ્રાયે કરીને તેવો આત્માજ ઉત્તમ ધર્મને યોગ્ય છે. ૧૭. વૃદ્ધાનુગ–સદાચાર જ્ઞાનાદિથી જે વૃદ્ધ હોય છે તે પાકી બુદ્ધિવાળો હોવાથી પાપાચારમાં નહિજ પ્રવર્તે, એવાની પાછળ ચાલનાર હોય તે; આવો આત્મા પાપાચારમાં પ્રવર્તતો નથી, કારણકે સોબત પ્રમાણે ગુણ આપે છે. ૧૮. વિનયી–વિનય એજ સમ્યગ્જ્ઞાન, દર્શન વગેરે સઘળા ગુણોનું મૂળ છે, તેથી વિનીત તે પ્રશસ્ત છે. વિનયી જે ગુણવંત મહંત છે તેનો વિનય કરે છે તેથી પોતે ગુણવંત અને મહાન્ થાય છે. ૧૯. કૃતજ્ઞ–ધર્મગુરૂ વિગેરેને ખરી બુદ્ધિથી પરમોપકારી ગણી તેમના ઉપકાર ભુલતો નથી. તેમનું બહુ માન કરે છે તેથી ગુણોની વૃદ્ધિ થાય છે. માટે કૃતજ્ઞજ બાજા ગુણોને યોગ્ય ગણાય છે. ૨૦ પરહિતાર્થકારી–પરનું હિત સાધવામાં તૈયાર રહેનાર. આવો આત્મા નિઃસ્પૃહ હોઇ, મહા સત્વવાન્ રહી, બીજાઓને પણ માર્ગમાં સ્થાપે છે. ૨૧. લબ્ધલક્ષ–લક્ષ એટલે શીખવા લાયક અનુષ્ઠાન જેને પ્રાપ્ત થયું છે તે. આ ધર્મકાર્ય કરવામાં દક્ષ–ડાહ્યો હોય છે.

—※ સમાપ્ત. ※—

# *સ્ત્રી હિત–બોધ વચનો.

## ૧ મૂળ (સત્ય) શોધન.

૧ નીતિનું મૂળ ધર્મ.
૨ ધર્મનું મૂળ દયા.
૩ દયાનું મૂળ વિનય.
૪ વિનયનું મૂળ વિવેક.
૫ વિવેકનું મૂળ વનો.
૬ વનાનું મૂળ મર્યાદા.

## ૨ ધર્મ વિષે.

૧ નીતિ પાળે તે ધર્મ.
૨ સત્ય સાચવે તે ધર્મ.
૩ શિયલ પાળે તે ધર્મ.
૪ સુકૃત્ય કરે તે ધર્મ.
૫ પતિવ્રત પાળે તે ધર્મ.
૬ વિનય સાચવે તે ધર્મ.
૭ અનુકંપા લાવે તે ધર્મ.
૮ પ્રભુપ્રાર્થના કરે તે ધર્મ.

## ૩ વિવેક વિષે.

૧ વિવેકથી વર્તવું.
૨ વિવેકથી ચાલવું.
૩ વિવેકથી કામ કરવું.
૪ વિવેકથી બોલવું.
૫ વિવેકથી બોલાવવું.
૬ વિવેકથી સારી પંક્તિ મળે.

## ૪ વિનય વિષે.

૧ દેવનો વિનય કરવો.
૨ ગુરૂનો વિનય કરવો.
૩ ધર્મનો વિનય કરવો.
૪ પુસ્તકનો વિનય કરવો.
૫ માબાપનો વિનય કરવો.
૬ સાસુ–સસરાનો વિનય કરવો
૭ ગુણીજનનો વિનય કરવો.

## ૫ દયા વિષે.

૧ આત્માની દયા ચિંતવે તે દયા.
૨ પર ઉપકાર કરવો તે દયા.
૩ સર્વ જીવ સરખા ગણવા તે દયા.
૪ દુઃખી ઉપર અનુકંપા લાવવી તે દયા.
૫ નાનેરાની સરભરા કરવી તે દયા.
૬ આત્માને કર્મથી બચાવવો તે દયા.

---

* વરલ–જૈન શાળાના માસ્તરે સંગ્રહીત ( સહજ સુધારા સાથે સંશોધક કરી આપનાર સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

## ૬ મર્યાદા વિષે.

૧ મર્યાદાથી બોલવું, ચાલવું.
૨ મર્યાદાથી ખાવું, પીવું.
૩ મર્યાદાથી પહેરવું-ઓઢવું.
૪ મર્યાદાથી કામકાજ કરવું.
૫ મર્યાદાથી સુવું-બેસવું.
૬ મર્યાદા મોટા નાનાની રાખવી.

## ૭ સત્ય વિષે.

૧ સત્યથી વહેવાર ચાલે.
૨ સત્યથી મોટાઇ વધે.
૩ સત્યથી આબરૂ વધે.
૪ સત્યમાંજ દોલત છે.
૫ દુનીયા સત્યને આધારે ટકી છે.
૬ સત્ય વગરનો પ્રાણીયો અને હાટ વગરનો વાણીયો.

## ૮ દાન વિષે.

૧ દાન દેવાથી મુક્તિ મળે.
૨ દાન દેવાથી લક્ષ્મી મળે.
૩ દાન દેવાથી પૂર્ણ સુખ મળે.
૪ દાન દેવાથી કીર્તી વધે.
૫ દાન દેવાથી પાપકર્મ ખપે.
૬ એક હાથે દ્યો, બીજે હાથે લ્યો.

## ૯ વિનયાદિક ગુણોનું ફળ-પરિણામ.

૧ વિનયથી વિદ્યા આવે છે.
૨ વિદ્યાથી પાત્રપણું આવે છે.
૩ પાત્રપણાથી ધન આવે છે.
૪ ધનથી પુન્ય થાય છે.
૫ પુન્યાનુબંધિ પુન્યથી મોક્ષનો માર્ગ પામવો સરલ થાયછે.
૬ મોક્ષથી જન્મ(મરણ)નો અંત આવે છે.

## ૧૦ પતિ વિષેનું વર્તન.

૧ પતિના માનીતા થવું.
૨ પતિના ઓસિયાળા થવું.
૩ પતિની ચોરીથી ચાલવું નહિં.
૪ પતિના છંદે ચાલવું નહિ.
૫ પતિની પાસે જુઠું બોલવું નહિં.
૬ પતિના ઉપર હેત રાખવું.
૭ પતિનું ધાર્યું કરવું.
૮ પતિની ચોરી કરવી નહિ.
૯ પતિના હુકમને તાબે થવું.
૧૦ પતિથી ચોરી રાખવી નહિ.
૧૧ પતિ પાળે તે ધર્મને માન આપવું.

૧૨ પતિના પૈસા બરબાદ કરવા-કરાવવા નહિ.
૧૩ પતિને જમાડીને જમવું.
૧૪ પતિના સુતા પહેલાં સુવું નહિં.
૧૫ પતિના ઉઠ્યા પહેલાં, ને વહેલા ઉઠવું.
૧૬ પતિને હરઘડી પ્રસન્ન રાખવા.

## ૧૧ વરની વ્યાખ્યા.

૧ વર કહેતાં જેની સાથે લગ્ન થયું હોય તે તેનો વર.
૨ ધણી કહેતાં શરીરનો માલીક.
૩ સ્વામીનાથ કહેતાં પ્રભુ જેટલાં વ્હાલા નાથ.
૪ શિરછત્ર કહેતાં માથાનાં છત્ર.
૫ પ્રાણનાથ કહેતાં પ્રાણના રક્ષક.
૬ ભરથાર કહેતાં ભરણ પોષણ કરનાર.
૭ પ્રાણેશ્વર કહેતાં પ્રાણના માલીક.
૮ પ્રીતમનાથ કહેતાં સર્વથા વહાલા નાથ.
૯ પતિ કહેતાં પત રાખવા તુલ્ય
૧૦ કંથ કહેતાં કંઠના આભરણ.

## ૧૨ સ્ત્રીઓના જુદાં જુદાં નામ.

૧ ઘરમાં સર્વેને વ્હાલી લાગે તે વહુ.
૨ પ્રિયતમ ઉપર પ્રીતિ રાખે તે પ્રેમદા.
૩ ઘરનું કામ કરે તે કામિની.
૪ ધણીનું માન વધારે તે માનની.
૫ સાનનું ભાન રાખે તે ભામીની.
૬ સમદ્રષ્ટિ રાખે તે શ્રાવિકા.
૭ માન ખાટે તે મહિલા.

## ૧૩ સ્ત્રીઓની સુઘડતા.

૧ ઘરની ચીજ સંભાળી રાખે.
૨ ઘરના વાસણ ચોકખાં રાખે.
૩ ઘરનું કામકાજ નિયમસર કરે.
૪ શરીર હંમેશાં સ્વચ્છ રાખે.
૫ રાત્રે વહેલી સુઇ રહે.
૬ પ્રભાતે વહેલી ઉઠે.
૭ હંમેશાં દાતણ કરે.
૮ ગોબરાઇથી દૂર રહે.

## ૧૪ નવરાશ વિષે

૧ નવરા બેસી રહેવું નહિ.
૨ સઘળાં બિગાડનું મૂળ તે નવરાશ જાણવું.
૩ નવરાશમાં પુસ્તક વાંચવું.
૪ નવરાશમાં નવું શીખવું.
૫ નવરાશમાં કામકાજ કરવું.
૬ નવરાશમાં શીખેલું સંભાળવું.
૭ નવરાશમાં ઉદ્યોગ કરવો.

## ૧૫ સ્ત્રીના કિંમતી અલંકાર.

૧ સોનાથી શિખામણની બક્ષીસ કિંમતી.
૨ ઘરેણા ગાંઠાથી સદ્દગુણ કિંમતી.
૩ ખાવાપીવાથી આવડત કિંમતી.
૪ મોજશોખથી સુઘડતા કિંમતી.
૫ વસ્ત્રથી શિયલ કિંમતી.
૬ દોલતથી તંદુરસ્તી કિંમતી.
૭ કંચનથી કીર્તિ કિંમતી.
૮ વિકારી થવાથી વિચારી થવું તે કિંમતી.

## ૧૬ સ્ત્રી કઇ સુખી ?

૧ માબાપની આજ્ઞા પાળે તે સુખી.
૨ સાસુ સસરાનો સત્કાર કરે તે સુખી.
૩ ગુણી જનનું બહુ માન કરે તે સુખી.
૪ ગુરૂનો ઉપકાર માને તે સુખી
૫ પતિને પ્રભુતુલ્ય ગણે તે સુખી.
૬ ધર્માચરણમાં રહે તે સુખી.
૭ મિતાહાર કરે તે સુખી.
૮ ઉપાધી થોડી રાખે તે સુખી.
૯ રાચ-રચીલું થોડું રાખે તે સુખી.
૧૦ સંતોષ રાખે તે સુખી.

## ૧૭ ખરી મહેનત વિષે.

૧ જ્ઞાન જોઇએ તો મહેનત કરો.
૨ ખોરાક જોઇએ તો મહેનત કરો.
૩ પૈસા જોઇએ તો મહેનત કરો.
૪ સુખ જોઇએતો મહેનત કરો.
૫ આબરૂ જોઇએ તો મહેનત કરો.
૬ તંદુરસ્તી જોઇએ તો મહેનત કરો.

## ૧૮ કોણ કોનો નાશ કરે છે ?

૧ આળસ સુખનો નાશ કરે છે.
૨ કુસુંપ લક્ષ્મીનો નાશ કરે છે.
૩ લડાઈ જાનમાલનો નાશ કરે છે.
૪ મિતાહાર રોગનો નાશ કરે છે.
૫ સરલતા શત્રુતાનો નાશ કરે છે.
૬ પુન્ય પાપનો નાશ કરે છે.

## ૧૯ પતિવ્રતાના અલંકાર.

૧ શિયલરૂપ સાડી પહેરે તે.
૨ લજ્જારૂપ ચોળી પહેરે તે.
૩ પતિવ્રતરૂપ ચાંલ્લો કરે તે.
૪ સૌભાગ્ય કંકણરૂપ પતિસેવા ધારણ કરે તે.
૫ કીર્તિરૂપ કંચવો પહેરે તે.

## ૨૦ સાસરે વર્તણુંક.

૧ સાસરામાં સર્વને માનથી બોલાવવા.
૨ સાસરામાં ઠપકો સહન કરવો.
૩ સાસરામાં કટુવચન સહન કરવાં.
૪ સાસરેથી રજા સિવાય બહાર જવું નહિં.
૫ સાસરાના ઘરનો મોભો સાચવવો.
૬ સાસરે સર્વને નમીને ચાલવું.
૭ સાસુ સસરાને માત પિતા સમાન ગણવાં.
૮ જેઠ જેઠાણીને–સાસુ સસરા સમાન ગણવાં.
૯ દેર દેરાણીને–ભાઇબેન સમાન ગણવાં.
૧૦ મોટી નણંદને બેન સમાન ગણવી.
૧૧ નાની નણંદને દીકરી સમાન ગણવી.
૧૨ નાના દીએરને પુત્ર સમાન ગણવો.

## ૨૧ પતિવ્રતાએ કેમ ચાલવું ?

૧ લટકતી ચાલે ચાલવું નહિ.
૨ ચટકતી ચાલે ચાલવું નહિ.
૩ અક્કડ થઇને ચાલવું નહિ.
૪ ઉંચી નજરે ઉતાવળું ચાલવું નહિ.
૫ ત્રાંસી આંખે જોઇને ચાલવું નહિં.
૬ ઉંટની પેઠે ઉતાવળું ચાલવું

## ૨૨ ગરીબાઇ વિષે.

૧ ગરીબના સામું જોઈ વર્તવું.
૨ આપણે ગરીબ છીએ તેમ માનવું.
૩ આપણાથી ગરીબ હોય તો તેના સામી નજર કરી ચાલવું.
૪ ગરીબાઇ આવશે તેનો વિચાર કરવો.
૫ ગરીબના ઘર સામી નજર કરવી.
૬ ગરીબના ઘરની ચીજો જોવી.
૭ ગરીબના ઘરેણા સામું જોવું.
૮ ગરીબની સર્વે ચીજ જોવી.
૯ ગરીબાઇથી શરમાવું નહિ.
૧૦ ગરીબાઇ છતાં શ્રીમંતાઇનો ફાંકો રાખવો નહિ.
૧૧ ગરીબાઇને લાયક હોય તેનેજ ગરીબાઇ મળે છે.

## ૨૩ સ્ત્રીએ કેવું મન રાખવું ?

૧ કોઇને જમતાં દેખી મન ન કરવું.
૨ કોઇનું લુગડું જોઇ મન ન કરવું.
૩ કોઇનું ઘરેણું દેખી મન ન કરવું.
૪ કોઇની જણશ-ભાવ ભાળી મન ન કરવું.
૫ ટુંકુ મન રાખવું નહિ.
૬ મોટાં મનવાળાં થવું.
૭ સંતોષ રાખી મનને વાળવું.
૮ ઉદાર મન રાખવું.

## ૨૪ પતિવ્રતા સ્ત્રીની કુશળતા.

૧ પતિના કાર્ય વખતે મંત્રી માફક વર્તે.
૨ પતિની સેવા વખતે દાસી માફક વર્તે.
૩ પતિના ભોજન સમયે માતા માફક વર્તે.
૪ પતિના શયન સમયે રંભા માફક વર્તે.
૫ પતિના ધાર્મિક કાર્યોમાં સાધ્વી માફક વર્તે.
૬ પતિની કુમતિ સમયે પૃથ્વી સમાન વર્તે.

## ૨૫ પતિવ્રતાનું બોલવું ચાલવું.

૧ અતિ છુટથી બોલે નહિં.
૨ અતિ હાસ્ય મશ્કરી કરે નહિં.
૩ પરપુરૂષ સાથે વાતો કરે નહિ
૪ પરપુરૂષ સાથે વિનોદ કરે નહિ.

૫ હલકી વાતમાં પડે નહિ.
૬ મર્યાદાપૂર્વક વર્તે.
૭ પરપુરૂષ સાથે એકાંત કરે નહિં.
૮ પરપુરૂષ સાથે એક આસને બેસે નહિ.

## ૨૬ પતિવ્રતાને પતિનું સ્મરણ.

૧ એકજ પતિનું ધ્યાન ધરવું.
૨ સર્વે સુખની આશા પતિમાંજ સ્થાપવી.
૩ આખા જગતને પતિમય જ નિરખવું. મહત્વસૂચક (વિષ્ણુમય સર્વવત્)
૪ પતિના સુખે સુખ માનવું.
૫ પતિના દુઃખે દુઃખ માનવું.
૬ પતિને દેખી મનમાં અતિ પ્રમોદ આણવો.
૭ પતિનું ત્રીકાળ રટણ કરવું.
૮ પતિ તુલ્ય સૃષ્ટિમાં કોઇ નથી તેમ માનવું.
૯ પતિ વિના સૃષ્ટિ અંધકારમય જાણવી.
૧૦ પતિને પોતાના તન, મન, ધન જાણવાં.
૧૧ પતિની આજ્ઞા તે રાજાની આજ્ઞા સમી માનવી.

## ૨૭ વસ્ત્રાભૂષણ.

૧ લુગડાં ચોખ્ખાં રાખવાં.
૨ લુગડું શોભતું પહેરવું.
૩ લુગડું અતિ બારીક ન પહેરવું.
૪ લુગડું સ્થિતિ પ્રમાણે પહેરવું.
૫ લુગડું ફાટેલ પહેરવું નહિ.
૬ લુગડું આછકલું પહેરવું નહિં.
૭ ઘરેણું શોભતું પહેરવું.
૮ ઘરેણું સંપત પ્રમાણે કરાવવું.

## ૨૮ ભાગ્યોદય વિષે.

૧ ભાગ્યોદયનું ખાવું પીવું છે.
૨ ભાગ્યોદયનું પહેરવું ઓઢવું છે.
૩ ભાગ્યોદય પ્રમાણે મળે તેમાં સંતોષ માનવો.
૪ ભાગ્ય આપણેજ રચેલું છે.

## ૨૯ સ્ત્રીએ કેવાં ન થવું ?

૧ સ્ત્રીએ લટકાળા ન થવું.
૨ સ્ત્રીએ ચટકાળા ન થવું.
૩ સ્ત્રીએ તોછડા ન થવું.
૪ સ્ત્રીએ ઉદ્ધત ન થવું.

૫ સ્ત્રીએ પ્રમાદી ન થવું. ૬ સ્ત્રીએ ગુણ ચોર ન થવું.

## ૩૦ સ્ત્રીએ કાર્યને અંગે કેમ બોલવું ?

૧ સત્કાર પુર્વક બોલવું.
૨ સાચું હિતકારી અને નિંદા વગરનું વચન બોલવું.
૩ સર્વને મીઠું લાગે તેમ બોલવું.
૪ જરૂર જેટલું અને વિચારીને બોલવું.
૫ મર્યાદા જાળવીને બોલવું
૬ ધીમે સાદે બોલવું.
૭ બોલોછો કે બોળોછો તે વિચારજો.
૮ કરીશને બદલે કરૂં છું એમ બોલવું.
૯ સમય વિચારીને બોલવું.
૧૦ સત્ય હોય તે પણ પ્રિય શબ્દોમાં બોલવું.
૧૧ જુઠું બોલવા કરતાં અબોલ રહેવું તે ઉત્તમ.
૧૨ પ્રિય વચન પણ ધર્મયુક્ત જ બોલવું.

## ૩૧ કેવું બોલવું નહિ ?

૧ નહિ કરૂં એવું વડીલોપ્રત્યે બોલવું નહિં.
૨ અવાય છે એવો શબ્દ બોલવો નહિ.
૩ જુઠા શબ્દો બોલવા નહિ.
૪ કડવું વેણ બોલવું નહિ.
૫ કુથલી કે ચેષ્ટા ભરેલું વાકય બોલવું નહિ.
૬ કોઇને દુઃખ ઉપજે એવું વાકય બોલવું નહિ.
૭ તોછડાઈથી કોઇને બોલાવવું નહિ.

## ૩૨ સ્ત્રીએ કામ કેમ કરવું ?

૧ કામકાજ રૂડી રીતે કરવું.
૨ કામકાજ હોંસથી કરવું.
૩ કામકાજ કાળજીથી કરવું.
૪ કામકાજ સુઘડતાઇથી કરવું.
૫ કામ કર્યું તેણે કામણ કર્યું જાણવું.

## ૩૩ સદ્‌ગુણી સ્ત્રી કોને કહેવાય ?

૧ સુખમાં બ્હેકી જાય નહિ તે.
૨ દુઃખમાં ગભરાય નહિ તે.
૩ બીજાનું દુઃખ જોઇ રાજી થાય નહિ તે.

૪ પુન્ય કરી ફુલાય નહિ તે.
૫ પુન્ય કરી ઉદ્દાસી થાય નહિ તે.
૬ પર ઉપકાર કરી પસ્તાય નહિ તે.
૭ પુન્ય કરી પસ્તાય નહિં તે.
૮ અનીતિ કરી રાજી થાય નહિ તે.
૯ ઇંદ્રિયોને લગતા સુખમાં મશગુલ રહે નહિ તે.

## ૩૪ સુલક્ષણી સ્ત્રી કોને કહેવી ?

૧ કોઇને અપ્રીતિથી બોલવાતી નથી તે.
૨ કોઇની સાથે વેર કરતી નથી તે.
૩ કોઇને અપ્રિય લાગતી નથી તે.
૪ કોઇનું અમંગળ ઇચ્છિતી નથી તે.
૫ કોઈનું બુરૂં ઇચ્છતી નથી તે.
૬ કોઇની સાથે અસત્ય ભાષણ કરતી નથી તે.

## ૩૫ સ્ત્રી કઇ રીતે શોભે ?

૧ સ્ત્રી પતિવ્રતા શોભે.
૨ સ્ત્રી શિયલવંતી શોભે.
૩ સ્ત્રી સાસરે શોભે.
૪ સ્ત્રી પવિત્ર તે આંગણે શોભે.
૫ સ્ત્રી પતિ પાસે શોભે.
૬ સ્ત્રી વંશ વેલડી શોભે.

## ૩૬ સ્ત્રીનું કાર્ય.

૧ સ્ત્રીને ડહાપણ તે શણગાર.
૨ સ્ત્રીને મલાજો તે હથીઆર.
૩ સ્ત્રીનો મીઠો સ્વભાવ તે મતબાર.
૪ સુઘડ સ્વચ્છતા રાખવી.
૫ શાણીએ ક્ષણે ક્ષણે ગમે ત્યાંથી વિદ્યા મેળવવી.
૬ કામનીએ કણે કણે ધન સંચવું

## ૩૭ સ્ત્રીએ કેવાં થવું ?

૧ સ્ત્રીએ મીઠાં સ્વભાવવાળા થવું.
૨ સ્ત્રીએ ઇર્ષ્યા વગરના થવું.
૩ સ્ત્રીએ મીઠી વાણીવાળા થવું.
૪ સ્ત્રીએ હોંસીલા થવું.
૫ સ્ત્રીએ ખંતીલા થવું.
૬ સ્ત્રીએ ઉદ્યમવંત થવું.
૭ સ્ત્રીએ શરમાળ થવું.
૮ સ્ત્રીએ લજ્જાવંત થવું.

## ૩૮ પતિવ્રતાનો ધર્મ કયો ?

૧ પતિના સુખે સુખ માનવું.
૨ પતિના દુખે દુ:ખ માનવું.
૩ પતિને વશ રહેવું.
૪ પતિની ભક્તિ કરવી.
૫ પતિને રાજી રાખવા.
૬ પતિના ઉપર પ્રીતિ રાખવી.
૭ પતિના વચન માનવાં.
૮ પતિની સેવા ચાકરી કરવી.
૯ પતિના સામું બોલવું નહિ.
૧૦ પતિને સાચા પ્રભુ માનવા.
૧૧ પતિની પાસે હઠીલાં થવું નહિ.
૧૨ પતિના ઉપર વિશ્વાસ રાખવો.
૧૩ પતિની બીક રાખવી.
૧૪ પતિથી કોઈ વાત છાની રાખવી નહિ.
૧૫ પતિથી છાના પૈસા રાખવા નહિ.
૧૬ પતિના સર્વ હુકમને તાબે થવું.
૧૭ પતિની પાસે પોતાની ભુલ કબુલ કરવી.
૧૮ પતિની ખામી બતાવી મોટાઇ કરવી નહિ.
૧૯ પતિથી સમજુ હોવાનો ડોળ કરવો નહિ.
૨૦ પતિથી ઉતરતી પંક્તિનાં પોતાને માનવું.
૨૧ પતિની ખામી કોઇને કહેવી નહિ.
૨૨ પતિ તથા પાડોશી સાથે ટંટો કરવો નહિ.
૨૩ પોતાના રૂપના વખાણ કરવાં નહિ.

## ૩૯ વાત કેવી કરવી નહિ ?

૧ કોઇની છાની વાત બીજાને કહેવી નહિ.
૨ ઘરની વાત કોઇને કહેવી નહિ.
૩ કોઇની આઘીપાછી વાત કરવી નહિ.
૪ રસ્તામાં ચાલતાં કોઇ પુરૂષ સાથે વાત કરવી નહિ.
૫ રસ્તામાં કોઈ પુરૂષ સાથે ઉભા રહી વાત કરવી નહિ.
૬ ડહાપણની વાત કરવી નહિ.

## ૪૦ સ્વભાવ કેવો રાખવો ?

૧ નમ્ર સ્વભાવ રાખવો.
૨ ઠંડો સ્વભાવ રાખવો.
૩ પ્રકૃતિ શાંત રાખવી.
૪ મોટી નજર રાખવી.

૫ ઉંચી નજર રાખવી.
૬ માયાળુ સ્વભાવ રાખવો.
૭ સર્વની સાથે મીઠાશ રાખવી.
૮ ઝેર કે વેર મનમાં ન રાખવું.
૯ સર્વની ઉપર માયા રાખવી.
૧૦ ઇર્ષ્યાવાળો સ્વભાવ ન રાખવો.
૧૧ સર્વની સાથે ભલાઇ રાખવી.
૧૨ સર્વનું વ્યાજબી કથન કરવું.
૧૩ સર્વને નમીને ચાલવું.
૧૪ મોટાનું માન રાખવું.
૧૫ મોટાની શરમ રાખવી.
૧૬ મમત્વ રાખવું નહિ.

## ૪૧ સ્ત્રીએ કેવી ભાષા બોલવી નહિ ?

૧ સ્ત્રીએ કડવી ભાષા બોલવી નહિ.
૨ બીજાને દુઃખકારી ભાષા બોલવી નહિ.
૩ હલકું વેણ બોલવું નહિ.
૪ તોછડાઇથી બોલવું નહિ.
૫ મનમાં કડવાશ રાખી બોલવું નહિ.
૬ તોછડાઇથી બોલાવવું નહિ.
૭ માયાગાળુ બોલવું નહિ.

## ૪૨ શું શું ઘટાડયું ઘટે ને વધાર્યું વધે ?

૧ આહાર વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.
૨ નિદ્રા વધારી વધે ને ઘટાડી ઘટે.
૩ આળસ વધારી વધે ને ઘટાડી ઘટે.
૪ ઉદ્યોગ વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.
૫ કામ વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.
૬ કજીઓ વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.

## ૪૩ દુઃખ વિષે.

૧ અભિમાને દુઃખ ઉપજે તે દુઃખ.
૨ અભિમાનમાં જશ જાય તે દુઃખ.
૩ દંપતિને અણબનાવ તે દુઃખ.
૪ કુભાર્યાને પતિનું દુઃખ.
૫ સ્વચ્છંદી સ્ત્રીને સદા દુઃખ.
૬ અભણ નારીને પૂરણ દુઃખ.
૭ કુકર્મ કરનારીને પૂરણ દુઃખ.

## ૪૪ પરપુરૂષ વિષે.

૧ પરપુરૂષને પત્થર સમાન ગણવો.
૨ પરપુરૂષની સામું જોવું નહિ.
૩ પરપુરૂષના વખાણ કરવાં નહિ.
૪ પરપુરૂષને પોતાના પતિથી ઉંચ્ચ માનવો નહિં.

## ૪૫ ભય વિષે.

૧ ભોગથી રોગનો ભય.
૨ કુલમાં કપૂતનો ભય.
૩ દ્રવ્યથી ચોરનો ભય.
૪ રૂપને લાંછનનો ભય.
૫ કાયાને મોતનો ભય.
૬ સતીને નીચ-પલિતનો ભય.

## ૪૬ સ્ત્રીનો શત્રુ કોણ ?

૧ વ્યભિચારીણીને પતિ શત્રુ.
૨ લોભણીને માગણ શત્રુ.
૩ મૂર્ખિણીને હિતવચન શત્રુ.
૪ આળસુને કામ બતાવનારો શત્રુ.

## ૪૭ નીચ કોણ ?

૧ શીખામણ ન સાંભળે તે નીચ.
૨ લાજ શરમ ન રાખે તે નીચ.
૩ નીચની સોબત કરે તે નીચ.
૪ ધન કાજે મન આપે તે નીચ.
૫ નિર્ધન પતિ ઉપર અભાવ રાખે તે નીચ.
૬ પૈસાની સગી થાય તે નીચમાં નીચ.

## ૪૮ ખોટા કામને લાયક કઈ સ્ત્રી ?

૧ કુકર્મ પ્યારૂં લાગે તે કુભાર્યા.
૨ સત્સંગ અપ્રિય લાગે તે શંખણી.
૩ પરપુરૂષ પ્યારો લાગે તે પાપીણી.
૪ કજીયો પ્યારો લાગે તે કર્કશા.
૫ દામ પ્યારા લાગે તે દાસી.
૬ ચોરી પ્યારી લાગે તે ચંડાલણી.
૭ મોજ મજા પ્યારી લાગે તે મૂર્ખિણી.

## ૪૯ કેવી સ્ત્રી મૂર્ખીણી ?

૧ કારણ વિના ગુસ્સો કરનારી તે મૂર્ખીણી.
૨ અજાણ્યા ઉપર વિશ્વાસ કરનારી તે મૂર્ખીણી.

૩ વગર બોલાવ્યે બોલનારી તે મૂર્ખીણી.
૪ પારકી કુથલી કરનારી તે મૂર્ખીણી.
૫ વાદવિવાદ કરનારી તે મૂર્ખીણી
૬ ન કરવાનું કૃત્ય કરનારી તે મૂર્ખીણી.
૭ હિતવચન ન સાંભળનારી તે મૂર્ખીણી.
૮ વખત વિનાનું બોલનારી તે મૂર્ખીણી.
૯ પારકી નિંદા કરનારી તે મૂર્ખીણી.

## ૫૦ નાદાન સ્ત્રીથી દૂર રહેવું.

૧ નાદાન સ્ત્રીથી દૂર રહેવું.
૨ નાદાન સ્ત્રીની સખી થવું નહિ.
૩ નાદાન સ્ત્રીની સંગત કરવી નહિ.
૪ નાદાન સ્ત્રીના સંગથી લાજને જોખમ છે.
૫ નાદાન સ્ત્રીના સંગથી જીવને જોખમ છે.

## ૫૧ સ્ત્રી ક્યારે બગડે ?

૧ અતિ લાડ કરે લાડી બગડે.
૨ મોંઘી કરે માનની બગડે.
૩ કામ ન કરે તો કામની બગડે.
૪ ભાન ન રાખે તો ભામની બગડે.
૫ પત ન રાખે તો પદમણી બગડે.
૬ માયા ન રાખે તો મહીલા બગડે.
૭ કુભારજાથી કંથ બગડે.
૮ કપૂત છોકરાથી કુળ બગડે.

## ૫૨ ચિંતા કરવા વિષે.

૧ ઉદ્વેગ રાખવો નહિ.
૨ ચીંતા રાખવી નહિ.
૩ અફસોસ કરવો નહિ.
૪ દીલગીરી કરવી નહિ.
૫ લોભ રાખવો નહિ.
૬ ભય રાખવો નહિ.
૭ ભુતના ભયથી ભડકવું નહિ.

## ૫૩ ચોરી વિષે.

૧ ચોરી કરે તે પાપનું મૂળ છે.
૨ ધણીની ચોરી તે હરામી છે.
૩ પરાક્ર વસ્તુ હાથમાં લેવી નહિ.
૪ કોઈની ચોરી કરવી નહિ.

## ૫૪ કપટ વિષે.

૧ કપટ પાપનું મૂળ છે.
૨ છળ-દગો કરવો નહિ.
૩ વિશ્વાસઘાત કરવો નહિ.
૪ કોઇને છેતરવું નહિ.

## ૫૫ લોભ વિષે.

૧ લોભ પાપનું મૂળ છે.
૨ લોભે આબરૂ જાય છે.
૩ લોભે પ્રીતિ જાય છે.
૪ લોભે વહેવાર જાય છે.
૫ લોભે લક્ષણ જાય છે.
૬ લોભે મોભો જાય છે.
૭ લોભે સંતોષ જાય છે.
૮ લોભે ક્રોધ થાય છે.
૯ લોભે અનર્થ થાય છે.
૧૦ અનર્થથી નીચ ગતિ થાયછે.

## ૫૬ ક્રોધ વિષે.

૧ ક્રોધ જાજ્વલ્યમાન ખડ્ગ છે.
૨ ક્રોધ આત્માની ઘાત કરનાર છે.
૩ ક્રોધ ધનનું હરણ કરનાર છે.
૪ ક્રોધ સ્નેહીનો વિરોધ કરનાર છે.
૫ ક્રોધ પાપનું મૂળ છે.
૬ ક્રોધ કરવો નહિ.
૭ રીસ કરવી નહિ.
૮ રીસ રાખવી નહિ.
૯ કોઇ ઉપર તપવું નહિ.

## ૫૭ શા થકી, શું પ્રાપ્ત થતું નથી ?

૧ પરમાત્માનું સ્મરણ કરનારીને પાપ પ્રાપ્ત થતું નથી.
૨ મૌનવ્રત ધારણ કરનારીને કલેશ પ્રાપ્ત થતાં નથી.
૩ સત્ય બોલનારીને ભય પ્રાપ્ત થતો નથી.
૪ ઉદ્યોગ કરનારીને દારિદ્રતા પ્રાપ્ત થતી નથી.
૫ ઉદ્યોગ કરનારીને એદીપણું પ્રાપ્ત થતું નથી.
૬ શીલ-સંરક્ષણથી અલચ્છી-આપદા મટે છે.

## ૫૮ સ્ત્રીને શિખામણ.

૧ રસ્તે ચાલતાં કાંઈ ખાવું નહિ.
૨ અધીક આહાર જમવો નહિ.
૩ લાંબી વાટે એકલા જવું નહિ.
૪ દેવદર્શને એકલા જવું નહિ.
૫ રાત્રે ઉજાગરો કરવો નહિ.
૬ પુરૂષના આસને બેસવું નહિ.

## ૫૯ પાપ વિષે.

૧ અનીતિ કરે તે પાપ.
૨ અધર્મ કરે તે પાપ.
૩ અસત્ય બોલે તે પાપ.
૪ વ્યભિચાર કરે તે પાપ.
૫ હિંસા કરે તે પાપ.
૬ અણઆપ્યું લે તે પાપ.

## ૬૦ માન વિષે.

૧ માન આપ્યે માન મળે.
૨ સંપી ચાલ્યે માન મળે.
૩ પ્રમાણીકપણે માન મળે.
૪ નમ્ર સ્વભાવે માન મળે.
૫ ટેક સાચવ્યે માન મળે.
૬ માન માગનારથી માન વેગળું.

## ૬૧ સંતોષ વિષે.

૧ સંતોષ રાખવો.
૨ સંતોષી સદા સુખી.
૩ સંતોષ જેવો બીજો તપ નથી.
૪ સંતોષ જેવો બીજો ધર્મ નથી.
૫ સંતોષીને ઝાઝું સુખ.
૬ સંતોષીને ઝાઝું માન.

## ૬૨ હરણ કરવા વિષે.

૧ ઘડપણ રૂપનું હરણ કરે છે.
૨ આશા ધૈર્યનું હરણ કરે છે.
૩ મૃત્યુ પ્રાણનું હરણ કરે છે.
૪ ક્રોધ લક્ષ્મીનું હરણ કરે છે.
૫ કામાંધતા લજ્જાનું હરણ કરે છે.
૬ માન જ્ઞાનનું હરણ કરે છે.
૭ માયા સત્યનું હરણ કરે છે.
૮ લોભ યશનું હરણ કરે છે.

## ૬૩ વિદ્યા વિષે.

૧ વિદ્યા કલ્પવૃક્ષ સમાન છે.
૨ વિદ્યા સુખને આપનારી છે.
૩ વિદ્યા બન્ધુસમાન મદદ-કરનારી છે.
૪ વિદ્યા પરમ દૈવતવાળી છે.
૫ વિદ્યા ઇચ્છીત ફળવાળી છે.
૬ વિદ્યા કુળનો મહીમા વધારનારીછે.
૭ વિદ્યા માન અપાવવા-વાળી છે.
૮ વિદ્યા લક્ષ્મી વધારવાવાળી છે.
૯ વિદ્યા રક્ષા કરવાવાળી છે.
૧૦ વિદ્યા હેતમાં જોડવાવાળી છે.
૧૧ વિદ્યા આનંદ પમાડવા-વાળી છે.

૧૨ વિદ્યા કીર્તિ ફેલાવવાવાળી છે.
૧૩ વિદ્યા મુસાફરને ભોમીયા સમાન છે.
૧૪ વિદ્યાવાન રાજ્યમાં (સર્વત્ર) પૂજાય છે.
૧૫ વિદ્યાવાન આયુષ્યવાન છે.
૧૬ વિદ્યા આંધળાને આંખ રૂપ છે.
૧૭ વિદ્યા બહેરાને કાનરૂપ છે.
૧૮ વિદ્યા મુંગાને વાચારૂપ છે.
૧૯ વિદ્યા પાંગળાને જેષ્ટિકા (લાકડી) રૂપ છે.
૨૦ વિદ્યા કામધેનુ ગાય સમાનછે.

## ૬૪ પતિવ્રતાને પ્યારૂં શું ?

૧ દયાપ્યારી તે પતિવ્રતા.
૨ પતિપ્યારા તે પતિવ્રતા.
૩ કુટુંબપ્યારૂં તે પતિવ્રતા.
૪ વહેવાર પ્યારો તે પતિવ્રતા.
૫ સત્ય-શીલ પ્યારૂં તે પતિવ્રતા.

## ૬૫ પતિવ્રતાનો ધર્મ.

૧ પડતીમાં ગભરાય નહિ તે.
૨ ચડતીમાં ફૂલાય નહિ તે.
૩ ફુવડ કહેવરાવે નહિ તે.
૪ ખાધા ગાળો રાખે નહિ તે.
૫ ફાટલ લુગડું પહેરે નહિ તે.
૬ ખરાબ ભાષણ કરે નહિ તે.
૭ નીચની સોબત કરે નહિ તે.
૮ વગર કામે પારકે ઘેર જાય નહિ તે.
૯ પારકી નીંદા કરે નહિ તે.

## ૬૬ નકામો ખર્ચ.

૧ ફાજુલ અથવા નકામો ખર્ચ કરવો નહિ.
૨ નિરૂપયોગી ખર્ચ કરાવવો નહિ.
૩ ખર્ચમાં કોઈ સ્ત્રીનો વાદ કરવો નહિ.
૪ ઉડાઉ થાય તેનું છાપરૂં ઉડે.
૫ સંપત્તિનો દુરઉપયોગ કરવો નહિ.

## ૬૭ હું શું નહિ કરૂં તે વિષે.

૧ હું ખોટું કામ કદાપિ પણ નહિ કરૂં.
૨ હું ઇશ્વર જેથી અપ્રસન્ન થાય તેવું નહિ કરૂં.

૩ હું મારા પતિને પ્રિય નહિ તેવું કદિ પણ નહિ કરૂં.
૪ હું મારા કુટુંબમાં કલેશ કે કંકાસ થાય તેવું કામ નહિ કરૂં.
૫ હું મારી પવિત્ર જીભે કરી ખરાબ ઉચ્ચાર નહિ કરૂં.
૬ હું કોઇપણ કેફી વસ્તુઓનો ઉપયોગ નહિ કરૂં.
૭ હું ગુણ પછવાડે અવગુણ તો શું પણ અવગુણ પછવાડે અવગુણ નહિ કરૂં.

## ૬૮ હું શું પાળીશ ? તે વિષે.

૧ હું મારા પતિની આજ્ઞા દેહમાં પ્રાણ છે, ત્યાં સુધી પાળીશ.
૨ હું ધર્મ શાસ્ત્રાદિકમાં જણાવેલા સ્ત્રી ધર્મો હોંશથી પાળીશ.
૩ હું શિયલવ્રત-પતિવ્રતાનો સહુથી શિરોમણી સદ્‌ગુણ પ્રાણ જતાં પણ પાળીશ.
૪ હું સત્યતા, દયા, દીનતા, (નમ્રતા) આદિ સદ્‌ગુણો હંમેશાં સ્નેહથી પાળીશ.
૫ હું જ્ઞાની મુનિઓએ સ્ત્રીઓ માટે મુકરર કરેલા નીતિ-નિયમો નિરંતર પાળીશ.
૬ હું વ્યવહારિક તથા ઘર કામમાં વડીલોની આજ્ઞા અવશ્ય પાળીશ.
૭ હું લાચાર, નિરાધાર અને નિર્ધનોને યથાશક્તિ અન્ન વસ્ત્રો આપી, પાળીશ.
૮ હું પર પુરૂષને પિતા, પુત્ર, બન્ધુ ગણી મારી ટેક પાળીશ.

## ૬૯ હું શું કરીશ ? તે વિષે.

૧ હું પરમેશ્વરની ભક્તિ હંમેશા ખરા ભાવથી કરીશ.
૨ હું મારા પતિની આજ્ઞા સદા માન્ય કરીશ.
૩ હું વિદ્યા અભ્યાસ કરી સદ્‌ગુણોને અંગીકાર કરીશ.
૪ હું સુજ્ઞ અને નીતિવાન સખીયોનો સંગ કરીશ.
૫ હું ઘરનું કામ હોંશથી, ચાલાકીથી અને સ્વચ્છતાથી કરીશ.

૬ હું મારી બ્હેનોને બોધ, ઉપદેશ આપી સન્માર્ગે ચલાવવા પ્રયત્ન કરીશ.

૭ હું નિરાધાર અને નિરાશ્રિતોને શક્તિ પ્રમાણે સુખી કરીશ.

## ૭૦ હિત વચનો છુટક.

૧ દીકરીએ માબાપની આજ્ઞા પ્રમાણે વર્તવું.

૨ માબાપના ઉપકાર આપણા ઉપર એટલા બધા છે કે તેનો બદલો વાળી શકાતો નથી.

૩ નાનાં કે મોટાં ભાઈ બ્હેનો હોય તો તેની સાથે હેતથી વર્તવું.

૪ બાઈ બહેનોને પરસ્પર મીઠાં વચનોથી બોલાવવાં.

૫ રોયા, પીટ્યા અથવા રાંડ વિગેરે અણઘટતા શબ્દો બોલવાની બીલકુલ ટેવ પાડવી નહિ.

૬ ખરાબ શબ્દો બોલવાથી શોભા ઘટે છે, મૂર્ખ કહેવાઇએ છીએ અને પાપ લાગે છે.

૭ છોડીઓને છોકરાઓની સાથે રમવું નહિ.

૮ શરીર તથા વસ્ત્રો સ્વચ્છ રાખવાં.

૯ દરરોજ દેવદર્શને જવું, તથા સાધ્વીજી હોય તો તેમને વાંદવા જવું.

૧૦ નાનાં ભાઈ બ્હેનોને સાથે લઇને દહેરે ઉપાશ્રયે જવાની ટેવ રાખવી.

૧૧ પરણ્યા પછી પતિની આજ્ઞાને અનુસરીને ચાલવું.

૧૨ અહંકાર, કામ, ક્રોધ તથા ઇર્ષ્યા આદિ દુર્ગુણોનો ત્યાગ કરવો.

૧૩ મનને ધીરજવાળું રાખી સ્વામી સેવામાં તત્પર રહેવું.

૧૪ અયોગ્ય રીતે જોવું, બેસવું, ઉઠવું કે ચાલવું નહિ તેમજ ક્યારે પણ દુષ્ટ ભાષણ કરવું નહિ.

૧૫ પર પુરૂષને ભાઈ, બાપ સમાન ગણવા.

૧૬ પતિને જમાડીને જમવું અને સ્વામીના સૂતા પહેલાં કદી સૂવું નહિ.

૧૭ સ્વામી બહારથી ઘેર આવે ત્યારે હસ્તે મોઢે, મધુરા વચનથી તેનો સત્કાર કરવો.

૧૮ ઘરની વસ્તુઓ સ્વચ્છ રાખવી.
૧૯ રસોઈ સુંદર બનાવી વખતસર પતિને ભોજન કરાવવું.
૨૦ ઇંદ્રિયોને વશ રાખવી.
૨૧ સ્વામીનું કદીપણ અપમાન કરવું નહિ.
૨૨ નીચ સ્ત્રીઓની સંગત કરવી નહિ, તેમજ તેમની સાથે ભાષણ પણ કરવું નહિ.
૨૩ ઘર કામમાં ઉદ્યોગી રહેવું.
૨૪ ઘરેણાં કપડાં વિગેરે સાચવીને રાખવાં.
૨૫ કોઇની હાંસી કરવી નહિ.
૨૬ ઝાઝું હસવું નહિ. બારણામાં કે ગલીઓમાં કે એકાંતમાં ઉભા રહેવું નહિ.
૨૭ પર પુરૂષ સાથે પોતાના ઘરમાં કે બહાર પણ એકાંત કરવી નહિ.
૨૮ ક્રોધ ઉત્પન્ન થાય તેવાં કાર્યો કરવાં નહિ.
૨૯ સર્વદા સત્ય બોલવું; જુઠું બોલવું નહિ.
૩૦ સ્વામી વિદેશમાં હોય ત્યારે વિશેષ શરીરની શોભા નહિ કરતાં, યોગ્ય નિયમોનું પાલન કરવું.
૩૧ જે વસ્તુનો સ્વામી ત્યાગ કરે તે વસ્તુનો સ્ત્રીએ પણ ત્યાગ કરવો.
૩૨ પતિને જે વાત અપ્રિય હોય, તે વાતથી અલગાંજ રહેવું.
૩૩ સાસુ સસરાને માબાપ તુલ્ય ગણવાં.
૩૪ સાસુ સસરાની નિત્ય સેવા કરવી.
૩૫ સાસુની આજ્ઞા પાળવામાં તત્પર રહેવું.
૩૬ કુટુંબ વર્ગમાં સંપીને રહેવું.
૩૭ સાસુની સાથે કદી પણ વાદવિવાદ કરવો નહિ.
૩૮ ઘરના સેવક વર્ગની સારી સંભાળ રાખી, તેમને સંતોષી રાખવા.
૩૯ સેવક વર્ગના કામ ઉપર લક્ષ રાખવું.
૪૦ ઘરના ઉપજ ખર્ચનો હિસાબ રાખવો.
૪૧ પતિની આવક ઉપર ધ્યાન રાખી તેમના રાજીપાને અનુસરીને યોગ્ય ખર્ચ કરાવવો.

૪૨ ઘર સંસાર કરકસરથી ચલાવવો.
૪૩ પતિનું મંગળ થતું હોય તો ભૂખ તરસ અને નિંદ્રાનો પણ ત્યાગ કરવો.
૪૪ પતિના જાગવા પહેલાં જાગવું.
૪૫ સ્વામીની કહેલી વાત પેટમાં રાખવી.
૪૬ દાસ, દાસી હોય છતાં સ્વામીનું કામ જાતેજ ઉઠીને કરવું.
૪૭ પતિવ્રતાઓનો સમાગમ રાખવો અને સતી સ્ત્રીઓનાં આખ્યાનો વાંચવાં.
૪૮ અભિમાન રાખવું નહિ.
૪૯ અવકાશે નીતિ તથા ધર્મનાં પુસ્તકો વાંચવાની ટેવ રાખવી.
૫૦ બની શકેતો દરરોજ સામાયક તથા દેવપૂજા કરવી.
૫૧ દીલ સાફ રાખવું—કપટી થવું નહિ.
૫૨ શોકયનું વાંકું બોલવું નહિ, અને તેની સાથે દ્વેષ રાખવો નહિ.
૫૩ ઓરમાન છોકરાઓ ઉપર પ્રેમ રાખવો, અભાવ રાખવો નહિ
૫૪ અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરવો.
૫૫ મિથ્યાત્વીનાં પર્વો કરવાં નહિ.
૫૬ ધર્મને પરમ હિતકારક જાણી બની શકે તેટલું તેનું આરાધન કરવું.
૫૭ પિતા, બાન્ધવ પ્રમુખ કોઇપણ પુરૂષના કોટે વળગી મળવુ નહિ.
૫૮ પરપુરૂષનું ઉવટણાદિથી અંગમર્દન કરવું નહિ.
૫૯ કોઇ પર પુરૂષને નવરાવવો નહિ.
૬૦ પરપુરૂષ સાથે પત્રાદિક (પાનાં--બાજી) થી ખેલવું નહિ.
૬૧ પરપુરૂષનો છેડો પકડી વાત કરવી નહિ.
૬૨ પરપુરૂષ સાથે હસીને હાથ તાળી દેવી નહિ.
૬૩ પરપુરૂષની વેણી ગુંથવી નહિ.
૬૪ પર પુરૂષના અંગ ચાંપવા નહિં.
૬૫ પર પુરૂષના હાથની પાનબીડી લેવી નહિ.
૬૬ પરપુરૂષ સાથે એક શય્યાએ બેસવું નહિ, તેમ સૂવું પણ નહિ.
૬૭ વાટે, શેરીએ પુરૂષના સંગમાં જવું નહિ.

૬૮ જેઠ, સસરો, સાસુ વિગેરે સાસરામાં કોઇ મોટેરાની સાથે ઠઠ્ઠાબાજી કરવી નહિ.
૬૯ પર પુરૂષ સાથે એકાંતમાં રહેવું નહિ.
૭૦ પરપુરૂષથી દ્રષ્ટિ મીલાવી સરાગથી જોવું નહિ.
૭૧ પર પુરૂષ સાથે સાંકેતિક ભાષાથી બોલવું નહિં.
૭૨ જોગી, ભરડા, ભીક્ષાચરની સાથે ભાષણ કરવું નહિ.
૭૩ કોઈ દેખે તેમ લઘુનીતિ અને વડી નીતિ ( ઝાડો પેશાબ ) કરવાં નહિ.
૭૪ પર પુરૂષ દેખતાં આળસ મરડવી નહિ.
૭૫ તેમજ શરીરના અવયવો ઉઘાડાં રાખી બતાવવાં નહિ.
૭૬ અત્યંત મીઠા પદાર્થો ખાવા ઉપર પ્રીતી રાખવી નહિ.
૭૭ ભોજન અલ્પ કરવું.
૮૮ મોટા સ્વરથી હસવું નહિ.
૭૯ અજાણ્યે ઘેર જવું નહિ.
૮૦ પીએર ઝાઝું રહેવું નહિ.
૮૧ ઘરની વાત કોઇને કહેવી નહિ.
૮૨ સાસરાના ઘરનું દ્રવ્ય કપટથી પીયરીઆને આપવું નહિ.
૮૩ ધીરા તથા મીઠા સ્વરથી બોલવું.
૮૪ પોતાના સ્વામીનું અપમાન થાય ત્યાં જવું નહિ.



શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

જૈન કોમમાં અતિ ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું આ માસિક આ સભા તરફથી બાવીશ વર્ષ થયા પ્રતિમાસે પ્રગટ કરવામાં આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સંબંધિ ઉત્તમ લેખોથી આપણી કોમમાં પ્રસિદ્ધ થતાં માસિકોમાં તે પ્રથમ પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેના ગ્રાહકોને વાંચનનો બહોળો લાભ આપવા સાથે, વર્ષ પૂર્ણ થતાં પહેલાં નવીન દ્રવ્યાનુયોગ વિગેરેના વિષયથી ભરપૂર એક ઉત્તમ ગ્રંથ સુંદર બાઇન્ડીંગથી અલંકૃત કરી દર વર્ષે ભેટ આપવામાં આવે છે. એકજ પદ્ધતિએ આવી ભેટનો લાભ દર વર્ષે આ માસિકજ આપે છે. હાલમાં તેનું બાવીશમું વર્ષ ચાલે છે. દરેક માસિક અને પેપરવાળાએ સખ્ત મોંઘવારીના સબબે લવાજમ વધાર્યું છતાં અમોએ સમાજને ઉદારતાથી વાંચનનો લાભ આપવા તેનું તેજ લવાજમ રાખ્યું છે અને ભેટની બુક પણ સુંદર દર વર્ષે આપવાનો ક્રમ ચાલુ રાખ્યો છે; તેથી ગ્રાહકોની સંખ્યા વધતી જાય છે, વળી ગુરૂભક્તિ નિમિત્તે નીકળતા આ માસિકની લઘુ વય છતાં ગ્રાહકોની બહોળી સંખ્યા તેજ તેની ઉત્તમતાનો પુરાવો છે. વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના રાખવામાં આવેલ છે. તેના પ્રમાણમાં લાભ વિશેષ છે. નફો જ્ઞાન ખાતામાં વપરાય છે, જેથી દરેક જૈન બંધુઓએ તેના ગ્રાહક થઇ અવશ્ય લાભ લેવા ચુકવું નહિં.

ॐ श्री पार्श्वनाथाय नमः

# આદર્શ જૈન સ્ત્રી રત્નો.

## મહાસતી બ્રાહ્મી અને સુંદરીની કથા.

અતિ પવિત્ર આર્યાવર્ત પૈકીના દક્ષિણ ભરત ક્ષેત્રમાં પરાપૂર્વથી પૂર્ણ પ્રખ્યાતિને પામેલી **અયોધ્યા** નગરીમાં ત્રીજા આરાના અંતમાં સાતમા કુલકર નાભિરાજાના કુળદીપક જગદ્ગુરૂ **શ્રી ઋષભદેવજી** આદિરાજા રાજ્ય કરતા હતા, તેને સકળ સદ્ગુણસંપન્ન બે રાણીઓ હતી. તેમાં એકનું નામ **સુમંગળા** અને બીજીનું નામ **સુનંદા** હતું.

એક વખત રાત્રિના ચોથા પહોરના પાછલા ભાગમાં સુમંગલા રાણીએ ચૌદ મોટાં સ્વપ્ન દીઠાં. એ ચૌદ મહાસ્વપ્ન જોઈ જાગ્રત થઇ, તે સ્વપ્નો પતિને કહી બતાવ્યાં, અને પતિના

મુખથી તેનો પૂરતો ખુલાસો મેળવી 'ચક્રવર્તી પદ ધરનાર પુત્ર થશે' એવો નિશ્ચય કરી ગર્ભમર્યાદાની અંદર કેવા આહાર વિહારથી વર્ત્તવું એ નિયમોને પૂર્ણપણે જાળવી મનને આનંદમાં મગ્ન બનાવ્યું.

વૈદ્ય શાસ્ત્રીઓએ કહેલું છે કે–ગર્ભવંતી સ્ત્રીઓએ ઘણું ગરમ, ઘણું ઠંડું, ઘણું ગરમમસાલાવાળું, ઘણું તીખું, ઘણું ખારૂં–ખાટું–કષાયલું, તથા ઘણું ગળ્યું, ઘણું ભારે અને ઘણું પાતળું ભોજન ઉપયોગમાં ન લેવું, તેમજ વધારે હસવું, વધારે બોલવું, વધારે સુવું, વધારે જાગવું, વધારે હરવું, ફરવું કે વાહન ઉપર બેસી શરીરને તકલીફ પડે તેટલું જવું આવવું, વધારે ખાવું, વધારે ગાવું, વધારે ગાયન સાંભળવું, ઘણીવાર અંજન આંજવું, વધારે થાક લાગે તેવાં કામ કરવાં, વિશેષ નાટક ચેટક જોવાં અને હદથી વધારે રમ્મત ગમ્મત કરવાથી ગર્ભ ખામી ભરેલો નિવડે છે. ગર્ભવંતી સ્ત્રીઓએ પોતાના તન–મનને કંટાળો ન આવે, તેટલા વખત લગી નીતિનાં ને મહાન્ મહાન્ સ્ત્રી–પુરૂષોના બોધદાયક જીવન ચરિત્રો જેમાં હોય તેવા પુસ્તકો વાંચવાં, સાદો, મનપસંદ ને ગર્ભને પુષ્ટિ કરનારો ખોરાક લેવો, થાક ન લાગે તેટલું સુંદર હવામાં હરવું ફરવું, ધર્મધ્યાન, દયા, દાન, સત્ય વગેરેમાં રૂચિ રાખવી, અંગ ઉપર વસ્ત્રો યોગ્યરીતે સ્વચ્છ–સાફસૂફ રાખવાં; મનના વિચારો, ને સંકલ્પો ઉત્તમ રાખવા, જેની ઉત્તમ અસર ગર્ભ ઉપર થાય, ને સારાં સંસ્કારોનું બીજ રોપાય, કારણ કે બાળકને સદ્‌ગુણી કે દુર્ગુણી બનાવવો એ માતાનાજ હાથમાં છે.

સુશિક્ષિત સુમંગળાદેવીએ ઉપર પ્રમાણેના નિયમો પાળી પોતાના ગર્ભને જગતિલક બનવાનું મનદ્વારા શિક્ષણ આપ્યું,

અને જ્યારે ગર્ભમર્યાદા પૂરી થઇ ત્યારે શુભ વખતે સુખ સમાધિ સહિત પુત્ર પુત્રીના જોડલાને જન્મ આપ્યો.

સુનંદા રાણીએ પણ ઉપર કહી બતાવેલાં ચૌદ સ્વપ્નોમાંથી ફક્ત ચાર સ્વપ્ન દીઠાં, અને તે સ્વપ્નોના પ્રભાવથી ગર્ભકાળ પૂર્ણ થતાં જોડલાને જન્મ આપ્યો. એ પછી સુમંગળાએ ઓગણપચાસ પુત્રનાં જોડલાને જન્મ આપ્યો. એમ આદિરાજાને સો પુત્ર ને બે પુત્રી થયાં.

શ્રી ઋષભદેવ પ્રભુને ઇંદ્રે રાજ્યાભિષેક કર્યો; કેમકે તે વખતનાં ભદ્રિક યુગલિયા લોકવ્યવહાર વગેરેથી તદ્દન અજાણ્યાં હતાં, એથી ઇંદ્રને રાજ્યાભિષેકનો વિધિ કરવાની ફરજ પડી હતી. આદીશ્વર પ્રભુએ રાજ્યાસન પર બિરાજમાન થઇ સઘળી બાબતના લોકવ્યવહાર તે જુગલિયાઓને સારી પેઠે સમજાવી સમજદાર બનાવ્યાં.

સુમંગળાદેવીએ પહેલું જોડલું પ્રસવ્યું, તેમાં પુત્રનું નામ **ભરતકુમાર** અને પુત્રીનું નામ **બ્રાહ્મી** પાડયું હતું. તેમજ સુનંદાદેવીએ જે જોડલું પ્રસવ્યું, તેમાં પુત્રનું નામ **બાહુબળી** અને પુત્રીનું નામ **સુંદરી** પાડયું હતું.

એ પુત્ર પુત્રીઓ જ્યારે કળા શિખવા લાયક ઉમરનાં થયાં ત્યારે પિતા ઋષભદેવજીએ પાટવીકુમાર ભરતને સો જાતની શિલ્પકળા, બ્રાહ્મીને અઢાર જાતની લેખનકળા, અને સુંદરીને ગણિતવિદ્યા શીખવી. ટુંકામાં કહિયે તો ભરતને પુરૂષની બ્હોતેર કળાઓ અને બ્રાહ્મીને સ્ત્રીની ચોસઠ કળાઓ શીખવી, કે જેનો લાભ હાલ પણ પ્રજાને મળ્યે જ જાય છે.

લાખ પૂર્વ આયુષ્યને અંતે શ્રી ઋષભદેવ જીએ ભરતકુમારને

રાજ્યાભિષેક કરી રાજ્યનો કારોબાર સોંપ્યો. તેમજ બાહુબળી વગેરે નવાણું પુત્રોને પણ જુદા જુદા દેશોનાં રાજ્યો આપ્યાં.

લોકાંતિક દેવોના કહેવાથી દીક્ષા સમય નજીક આવ્યો જાણી આદિનાથ પ્રભુએ એક વર્ષ સુધી દાન દેવું શરૂ કર્યું, પછી દીક્ષા અંગીકાર કરી, અને એક વર્ષની મુદતનો લાભાંતરાય ભોગવી કર્મક્ષય કરી વડના ઝાડ હેઠળ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તે વેળાએ ચોસઠ ઇંદ્રો તથા બીજા દેવોએ સમવસરણની રચના કરી, ને તે ત્રિગઢમધ્યના ધર્માસન ઉપર બિરાજી આદિપ્રભુએ પહેલ વહેલી ધર્મદેશનાની પ્રણાલિકા શરૂ કરી, આ સંસારની અનિત્યતાનો આબેહુબ ચિતાર કહી બતાવી વૈરાગ્યને જાગ્રત કર્યો.

એ વેળાએ બાર પર્ષદા પૈકીની મનુષ્યની પર્ષદામાં બેઠેલા ભરતરાજાના પાંચસો પુત્રો તથા સાતસો પુત્રોના પુત્રોએ વૈરાગ્ય પામી સંસારનો મોહ ત્યજી દઈ પ્રભુના હાથથી મહાવ્રત અંગીકાર કર્યાં.

બ્રાહ્મીને પણ વૈરાગ્યનો રંગ લાગતાં દીક્ષા ગ્રહણ કરવાની મરજી થઈ, પરંતુ ભરતરાજાની જો પરવાનગી મળે તો તેણીનાથી દીક્ષા લેવાય; તેમ વળી તે વખતના યુગલ ધર્મની રીતિ મુજબ તો જે જોડલું જન્મ્યું હોય તેમાંનાં પુત્ર પુત્રી તેજ વર કન્યા ગણાય. આમ હોવાને લીધે ભરતરાજા પોતાની સાથે જન્મેલી બ્રાહ્મીને માટે દાવો ધરાવી શકે તેમ હતું, એથી જ્યાં લગી તે પોતાનો હક્ક ઉઠાવી લઈ તેને દીક્ષા લેવાની રજા ન આપે ત્યાં લગી બ્રાહ્મી પોતાનું મનધાર્યું કશું કરી શકે તેમ નહોતું, એટલે પછી તેની રજા લીધા વગર બીજો ઉપાયજ શો હતો ? માટે બ્રાહ્મીએ હિમ્મત ધરી વ્રત લેવાની પરવાનગી મેળવવા ભરતજીને વિનંતી કરી, અને તે વિનંતી સાંભળી પૂર્વ

પુણ્યોદયના યોગે તેમ કરવાની ભરતજીએ રજા આપી, એટલે તુરત દીક્ષા લઇ લીધી.

બ્રાહ્મીને દીક્ષા લીધેલ જોઇ સુંદરીને પણ તેજ મુજબ સંસાર ત્યાગ કરવાની ઇચ્છા થઈ; પરંતુ ઉપરના નિયમ મુજબ સુંદરી ઉપર બાહુબળીનો હક્ક હતો, જેથી તેમની રજા માંગવી જ જોઇએ. આમ હોવાથી બાહુબળીની રજા મેળવતાં તેને રજા તો મળી, તેથી દીક્ષા લઈ સાધ્વી થવા તૈયાર થઇ; પણ અંતરાય કર્મના ઉદયથી દીક્ષા લેતાં ભરતજીએ અટકાવી. કારણકે બ્રાહ્મીએ દીક્ષા લીધી અને સુંદરી પણ દીક્ષા લઈ લે તો પછી સ્રીરત્ન બનાવે એવી કોઈ સમસ્ત સદ્ગુણ સંપન્ન સ્રી ન હતી; માટે સ્રી રત્ન કરવાની ઈચ્છાએ દીક્ષા અંગીકાર કરતાં મના કરી, એથી વડીલની અનુમતિ ન મળતાં સુંદરીને નિરૂપાયથી ગૃહસ્થાવાસમાં રહેવાની જરૂર પડી.

સુંદરીએ વિચાર્યું કે—“ હું કોઇ એવો ઉપાય આદરૂં કે મને ખુદ ભરતજી જ સ્રીરત્ન થવા માટે ના કહે. મુખ્યમાં તો મારૂં સ્વરૂપ એજ મારા વિચારોને આડે આવનાર છે. માટે એ રૂપને જેમ બને તેમ તાકીદે નષ્ટ કરવું એજ ઠીક છે, રૂપ નષ્ટ થયું કે ભરતજી જ એની મેળે સ્રીરત્ન થવા ના કહેશે. વાસ્તે એ રૂપનો નાશ કરવા તપ કરવો કે જેથી મનોરથ સિદ્ધ થશે.” ઇત્યાદિ વિચારી પોતાની ધારણાને અમલમાં મૂકવાની તક ખોળતી હતી.

સદાનો નિયમજ છે કે–મનુષ્યના ઉંચ કે નીચ વિચારોની અસર થવાને લીધે પોતાની આસપાસ તેવુંજ વાતાવરણ ઘટ્ટ બન્યે જાય છે અને એની પ્રબળતા થતાં તે વિચારો જ સિદ્ધ થાય છે. જુઓ કે સુંદરીના શુભ વિચારોએ વાતાવરણને ઘટ્ટ કરી

એજ સિદ્ધિ આપી કે–થોડા જ સમય પછી ભરતજી દિગ્વિજય કરવા–છ ખંડ સાધવા પધાર્યા, અને તે છ ખંડ સાધતાં સાઠ હજાર વર્ષ વહી ગયાં. આ વખતનો લાભ લઇ સુંદરીએ છએ વિગય એટલે દુધ, દહીં, ઘી, તેલ, ગોળ અને કડા વિગય એ છનો ત્યાગ કરી દીધો. મતલબમાં સાઠ હજાર વર્ષ લગી આંબિલનો તપ કર્યો.

શરીરનો તો એજ ધર્મ છે કે, જ્યાં લગી એને પુષ્ટિ કરનારા પદાર્થો મળે ત્યાં લગી રૂષ્ટપુષ્ટ રહે છે; પણ એવા પદાર્થો મળતા બંધ થયા કે કરમાઇ બેડોળ બની જાય છે; તેમાં પણ સુંદરીના શરીરને તો થોડાં ને ઘણાં સાઠ હજાર વર્ષ લગી એવો આહાર ન મળ્યો. એટલે પછી તેણીનું શરીર કેવું કરમાઇ ગયું હશે? તેનો વાંચનાર જ ખ્યાલ કરી લેશે તો જણાઇ આવશે કે ફક્ત 'હાડપિંજર' ચામડીથી મઢેલું જ બાકીમાં રહ્યું હોવું જોઇએ.

જ્યારે ભરત મહારાજા છ ખંડ સાધીચૂકયા ત્યારે દિગ્વિજયી રાજરાજેશ્વર ભરત મહારાજાએ નમિ અને વિનમીની બ્હેનને સ્રીનાં સમસ્ત શુભ લક્ષણોયુક્ત જોઇને સ્રીરત્ન બનાવવાના કારણને લીધે સુંદરીને બલામાંથી છુટવાનો સંયોગ હાથ લાગી આવવાનો વખત અનુકૂળ થયો.

જ્યારે ભરત રાજેંદ્ર સ્રીરત્ન સહિત અયોધ્યાએ આવી પહોંચ્યા ત્યારે સુંદરીને નિહાળી તો તેણીના શરીરની દશા હીમ પડવાથી પોયણાની દશા થાય તેવી થઇ ગયેલી જોઇ; એટલું જ નહીં પણ ફક્ત ત્વચાથી ઢંકાયેલું હાડકાનું પિંજર જ બાકી રહેલું જોયું. એકવાર તો જોનારના મનમાં એવી શંકાને જન્મ મળે કે આતે સુંદરી કે નહીં? કેમકે તેણીની ગૌરકાંતિ, રૂપ–લાવણ્યતા અને લાલિત્યતા તો જાણે તે શરીરમાં હતાંજ નહીં, એવું

બની ગયું હતું. એવી વીરૂપ છબીવંત સુંદરીને જોઇ સેવકોને ખેદ અને આશ્ચર્ય સાથે પૂછયું કે,—

“ શું મારા કોઠારમાં અનાજની તંગી થઈ પડી છે ? શું પૃથ્વિ રસ કસ વગરની થતાં અનાજનો જથ્થો પેદા કરી શકતી નથી ? શું સુંદરીની મરજી મુજબ ખાનપાન આપી શક્યા નથી? શું રસોઈયા સુંદર રસોઇ બનાવતા જ નથી ? અથવા તેને ક્લેશ થઈ આવે એવું વર્તન કોઇએ કર્યું છે કે કોઇ ભારે વ્યાધિ થતાં આમ બન્યું છે ? જો એમ ન હોય તો આમ શરીર સંપત્તિનો લય શાથી થઈ જાય તે જલ્દી જાહેર કરો. ”

ભરતેશ્વરનું આવું બોલવું સાંભળી સેવકોએ વિનવ્યું કે— “ રાજેંદ્રમણિ ! આપના રાજમહેલમાં કલ્પવૃક્ષની પેઠે સકળ વસ્તુ ઇચ્છા કરતાં નજર આગળ હાજર થાય છે ત્યાં શી વાતની તંગાશ હોય ? પરન્તુ આપ ભૂપાળ ચુડામણી જ્યારથી દિગ્વિજય કરવા પધાર્યા હતા ત્યારથી શ્રીમતિ સુંદરીબાઈએ કેવળ સાધ્વીની પેઠે ઉદાસીન દશા ધારણ કરીને હમેશાં આંબિલ કરવાંનો તપ આદર્યો, એથી છ વિગયનો ત્યાગ થતાં શરીરની આ દશા થઈ છે. અમોએ અતિ આગ્રહ પૂર્વક વિગય વાપરવા પુષ્કળ આજીજી કરી હતી; તોપણ એમણે અમારી તે આજીજી તરફ તદ્દન દુર્લક્ષ દાખવ્યું હતું. ત્યાં પછી સેવકની શી ખામી છે?

આ મુજબ સેવકોનું કથન સાંભળી તથા સુંદરીના અંતરંગ વૈરાગ્યની તરફ ધ્યાન આપી ભરતેંદ્રે મન સાથે વિચાર્યું કે—“હા! મનેજ ધિઃકાર છે ! હુંજ ઉન્મત્ત બની વિષયલુબ્ધ થઈ રહ્યો છું હિત અહિતની વાત પણ લક્ષમાં ન લેતાં ફક્ત રાજ્યસંપત્તિમાં મોહ પામી તલ્લીન રહ્યો છું. આત્માના શ્રેયાર્થ જરા પણ મારૂં લક્ષ નથી. સુંદરી સરખા સુલક્ષણવંત જનો પોતાનું પછી જ્ઞાના-

હમેશાં મોક્ષ લક્ષ્મી સંપાદન કરવાજ પ્રયત્ન કર્યાજ કરે છે, અને ભોગની વાંછનાવાળાં મનુષ્યો પોતાના શરીરવડે દુર્ગતિનાં વાસી બને છે. આ શરીર તો હમેશાં રોગ, ચિંતા, મળ, મૂત્ર, શ્લેષ્મ વગેરે ગંદા પદાર્થોવડેજ ભરેલું છે; છતાં તેવા શરીરને શું અત્તરાદિક સુગંધિ પદાર્થોથી સુગંધીદાર કરી શકાય કે ? તો પછી તેવી ગંદી દેહના માટે ગર્વ રાખવો એ બિલકુલ ગાંડાઇજ છે. ધન્ય મારી બહેનને છે કે જેણે આ માયાવી સંસારચક્રમાં ધન અને શરીરની અનિત્યતાનો ખ્યાલ કરી, નિત્ય અખંડ સુખદાતા સંયમને અંગીકાર કરવા તૈયાર થઇ હતી; છતાં મેં તેણીને તેમ કરતાં અટકાવી વિષય વાસનાને તૃપ્ત કરવા ધારણા રાખી હતી, તથાપિ તેણે પોતાની ધારણાને સફળ કરવા કઠીણ તપ આદર્યો અને એથી મને પણ સંસારના ક્ષણિક સુખનો ખ્યાલ આપ્યો; પણ મારી વાસનાઓ બળવાન્ છે, જેથી મારાથી હાલમાં કશું આત્મકલ્યાણ થઇ શકે તેમ નથી, માટે જે કાયાનું કલ્યાણ કરવા તત્પર છે તેને શા માટે અંતરાય કરવો ? ભલે એ દીક્ષા ગ્રહણ કરે. ” ઈત્યાદિ વિચાર કરી સુંદરીને સંયમ લેવા માટે અનુમતિ આપવા નિશ્ચય કર્યો.

એ સમયમાં તરણતારણ જગદાધાર શ્રી પ્રથમ તીર્થંકર આદિ જિનેશ્વર વિહાર કરી પૃથિવીને પાવન કરતા કરતા અયોધ્યાના ઉદ્યાનમાં સમોસર્યા. એટલે વનપાળકે પ્રભુ પધાર્યાની ભરત રાજેંદ્રને ખબર આપી. રાજેંદ્રે વધામણિના બદલામાં તેને પુષ્કળ ધન આપી સુખી કર્યો. તે પછી ભરતજી મોટા આડંબર સહિત સ્વજન, પુરજન, પરિજન સાથે પ્રભુ વંદનાર્થે ઉદ્યાનમાં ગયા. અને શસ્ત્ર, છત્ર, પગરખાં, મુકુટ અને ચામર એ પાંચે અભિગમો ત્યજીને પ્રભુને વાંદી પર્ષદામાં બેઠા. અને અમૃતથી મીઠી પ્રભુની ધર્મદેશના સાંભળી અતિ આનંદ પામ્યા.

ત્યારપછી ભરતેશ્વરે વીનવ્યું કે—" હે જગતાત ! આ સુંદરી, ચારિત્ર અંગીકાર કરવા તૈયાર થઈ હતી છતાં મેં તેણીને અંતરાય કરાવ્યો, એથી મને મોટું પાપ લાગ્યું છે, તેમ વળી અન્ય પાપારંભની પ્રબળતાથી પાતકીપદનો ધણી થયો છું. માટે હે નાથજી ! એ પાપથી મુક્ત થવા ઇચ્છું છું. " વગેરે વગેરે વિનવી સુંદરીની પાસે તેને કરેલા અંતરાય માટે દિલગીરી દર્શાવી. એટલે સુંદરીએ કહ્યું કે:—

" દીક્ષા અંગીકાર કર્યા વગર જે વખત વહી ગયો છે તે મારા કર્મનોજ દોષ છે, પણ આપનો નથી, માટે આપને દિલગીરી દર્શાવવાની કશી જરૂર નથી. વર્ષાકાળમાં મેઘની ઝડી લાગી રહી હોય છતાં બપૈયો તરસ્યો રહે એમાં વરસાદનો દોષ નથી, પણ એના કર્મનોજ દોષ છે. વસંતઋતુમાં સર્વ વૃક્ષ-વેલિયો વગેરે કુલ વનસ્પતિ નવપલ્લવ ફૂલ ફળવંત હોય છે; છતાં કેરડો ઝાંખરાં જેવો રહે છે એમાં વસંતનો દોષ નહીં, પણ તેનોજ દોષ છે. અને સૂર્ય ઉદય થવાથી પ્રાણીમાત્ર દરેક વસ્તુને જોવા શક્તિમાન થાય છે, છતાં ઘૂડ કશું દેખી ન શકે તેમાં સૂર્યનો દોષ નહીં, પરંતુ તેનોજ દોષ છે. મારૂં અંતરાય કર્મ મને નડયું એમાં આપ શું કરો ? " વગેરે વગેરે વચનો કહી ભરતજીની દિલગીરી શાંત કરી. અને તેમની રજા લઈ જગતપિતા આદિજિન પાસે દીક્ષા અંગીકાર કરી. અને સંસારબંધનની ઉપાધિ દૂર થતાં હવે શુદ્ધ ચારિત્ર પાળવા સાથે અતિ દુષ્કર તપ આદર્યો.

પ્રથમ સાધ્વી બ્રાહ્મીજી પણ પ્રભુવચન પ્રમાણે દીક્ષા પાળતા, કઠિન તપ કરતા પોતાના આત્માનો તાકીદે ઉદ્ધાર થાય તેવા નિરંતર યત્ન કરતા હતા. કેટલોક સમય વહી ગયા પછી જ્ઞાના-

વરણીય, દર્શનાવરણીય, મોહની અને અંતરાય એ ચાર ઘનઘાતિ કર્મનો ક્ષય કરી તપ બળવડે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

સુંદરી સાધ્વી પણ તપવડે કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામી અને તે પછી ભવ્ય જીવોનો ઉદ્ધાર કરવા વિચરવા લાગ્યા.

એ બન્ને સતી સાધ્વીઓએ નિઃસ્વાર્થે બાળજીવો ઉપર કરૂણાભાવ લાવી ધર્મોપદેશ કરવા ગામ–નગર–પુર–પાટણ વગેરે ક્ષેત્રો ફરસતા અને જીવોને પ્રતિબોધ દેતા ઘણો કાળ લગી વિચરી, અંતે આયુષ્ય ક્ષય થયું જાણી અષ્ટાપદ પર્વત ઉપર જઈ શુકલ ધ્યાન ધ્યાઈ અંતે શાશ્વત મોક્ષ સુખ પ્રાપ્ત કર્યું. અને સત્કર્મોવડે પોતાના નામને એ મહાસતીયોએ જગતમાં અમર કર્યું.

એ બન્ને સતી શિરોમણિ બાળબ્રહ્મચારિણીઓએ જે અતિ પ્રશંસાપાત્ર કાર્ય કરી મહાસતીનું પદ મેળવ્યું તે કાર્ય એ હતું કે, એ બન્ને સાંસારિક વિષયસુખથી દૂર રહી જન્મથી તે મરણ પર્યંત બ્રહ્મચારિણીનીજ દશામાં આત્મસુખ સાધ્ય કર્યું. એટલુંજ નહીં પણ એ બન્નેને ભરતચક્રીના સ્ત્રીરત્ન સંબંધીનાં અવર્ણનીય સુખ હાજર હતાં; તથાપિ તે સુખોને ધિઃકારી આત્મકલ્યાણ માટે દીક્ષા અંગીકાર કરી બ્રહ્મચર્યવ્રત સાચવ્યું, એ કંઈ જેવું તેવું કામ કર્યું નથી ! બ્રહ્મચર્ય એ સર્વોત્તમ સદ્ગુણ, ઉગ્ર તપ છે.

એ બન્ને પૈકી બ્રાહ્મી તો ભરતચક્રીના સ્ત્રી રત્નનો હક્ક ધરાવનાર હતા, તે છતાં પણ પોતાનું બ્રહ્મચર્ય અખંડપણે પાળવા માટે તે સુખનો સમૂળગો ત્યાગ કરી, કામવાસનાને દગ્ધ કરી મહાસતી–મહા સદ્ગુણી ગણાયા છે, અને સુંદરી ચક્રીના

સ્ત્રીરત્ન સંબંધીની હક્કદારજ ન હતી, છતાં તેને અણધાર્યો તેવો પ્રસંગ મળ્યો; તોપણ તેથી ન લલચાતાં પોતાનું બ્રહ્મચર્ય અખંડ રાખવા સાઠ હજાર વર્ષ સુધી કઠિન આંબિલ તપ આદરી ત્રણે ગારવ વર્જી પોતાની ધારણા પાર પાડી મહાસતીપદ પ્રાપ્ત કર્યું.

વાંચનાર સુશીલ બહેનો! તમો પણ મહાસતીનું બિરૂદ વરવા જો આ કાળમાં પણ ખંત રાખશો તો બેશક વરી શકશો. માત્ર જે તમારા મનની નબળાઈ–અનિશ્ચળતા છે તે તજી દો એટલે તમોજ પ્રશંસાને પાત્ર થશો. દૃઢતાથી યત્ન આદરતાં મનુષ્ય જે ધારે તે કરી શકે છે એમાં જરા શક નથી. આશા રાખીયે છીયે કે, શાસનદેવ! આર્ય મહિલાઓના અંતઃકરણમાં હંમેશાં સતીપણાની ઉત્તમ દૃઢતાના વિચારાંકુરો પ્રકટ કરો!!

વાંચનાર! આ વાત વાંચી જે સાર ગ્રહણ કરવાના છે તે એ છે કે; બ્રાહ્મી અને સુંદરીને સંસારમાં સહુથી સરસમાં સરસ ચક્રવર્તીની પટરાણીનું પદ તથા ચક્રવર્તીના ઘરની સુખ સગવડ અને સત્તા તેઓને સ્વાધીન કરવા ખુદ ચક્રવર્તી આતુરતા ધરાવતા હતા, તે છતાં તે સુખ, વૈભવ, અધિકાર વિગેરે તરફ તદ્દન અણગમો બતાવી દીક્ષા લઇ વનમાં ને ગામોગામ વિહાર કરવો, ભિક્ષા માગી આહાર કરવો, ટાઢ, તાપ, વર્ષા, ડાંસ વગેરેના પરિસહ સહવા, માનાપમાન સહન કરવું, વડીલોનો વિનય વૈયાવચ્ચ સાચવી અને દુષ્કર તપ કરી અંતે શરીરને વોસિરાવવું, એ ચક્રવર્તીની ગૃહણીના સુખ કરતાં શ્રેષ્ઠ ગણી લીધું. તેનું કારણ એજ હતું કે–આ માયામયી સંસારનાં સુખ નાશવંત અને દુઃખદાઇ છે, અને દીક્ષા ગ્રહણ કરી સુકૃત્યમાં સમય વ્યતીત કરવો એ સુખ અચળ સદ્‌ગતિદાયક છે તેથી તેનો તિરસ્કાર કરી સત્ય સુખદાતા માર્ગને અંગીકાર કર્યો.

આજકાલ આપણને અને આપણા શ્રીમંતોને તે ચક્રવર્તીના સુખ આગળ ક્રોડમા ભાગનું પણ સુખ હોતું નથી, તે છતાં તેવા તુચ્છ વૈભવ સુખમાં તલ્લીન બની પોતાના આત્મ કલ્યાણ તરફ નજર કરવાની પણ ફુરસદ મળતી નથી; ફક્ત તે નાશવંત સુખમાંજ ગરક રહી અમૂલ્ય મનુષ્ય જન્મને ગુમાવતાં હાયવોયની સાથે અંતે મરણને શરણ થાય છે. માટે તુચ્છ સાંસારિક સુખમાં સદા લીન ન રહેતાં પરભવના ભાતા તરીકે ધર્મ સાધન કરી માનવભવ સફળ કરવો. એ પ્રથમ સાર ગ્રહણ કરવાનો છે.

બીજો સાર એ ગ્રહણ કરવાનો છે કે—સુંદરીએ પોતાની ધારણામાં ફતેહ મેળવવા યુક્તિ સાથે સમયસૂચકતા વાપરી મનોરથ સિદ્ધિને વગર હરકતે હાથ કરી, તેજ મુજબ દરેક મનુષ્યોએ પોતાના કલ્યાણની બાબતમાં યુક્તિપૂર્વક સમયસૂચકતા વાપરી ફતેહ મેળવવી.

ત્રીજો સાર એ ગ્રહણ કરવાનો છે કે—ભરતજીએ સુંદરીને કલ્યાણ માર્ગે જતાં અટકાવી, તે છતાં તેજ માર્ગે વિચરવાની તેની અડગવૃત્તિ જોઈ પોતાની સ્વાર્થી વિચારણાને ધિઃકારી કેવી દિલગીરી દર્શાવી ? માટે જો કદી પોતાની ભૂલ થઈ હોય તો તે ધ્યાનમાં આવતાં તુરત તે માટે પશ્ચાત્તાપ કરી સત્ય વાતને પ્રશંસવી.

## સીતાસુંદરીની કથા.

( ૨ )

આ ભરતની અંદર મિથિલા નામની નગરી હતી. ત્યાં હરિવંશી વાસુકી રાજાની વિપુલા રાણીના ઉદરથી પેદા થયેલ જગતવિખ્યાત જનકરાજા રાજ્ય કરતો હતો. એ રાજાનું બીજું નામ વિદેહ હતું. એને વિદેહા નામની રાણી હતી. એ રાણી પ્રાણેશ્વર સંગાથે સાંસારિક સુખો વિલસતાં સગર્ભા થઈ અને ગર્ભકાળ પૂર્ણ થતાં તેણીએ પુત્ર પુત્રીનું જોડલું પ્રસવ્યું.

કોઈએક **સૌધર્મ** દેવલોકનો વાસી પિંગલ નામનો દેવ કે જે વિદેહાએ જન્મેલા જોડલામાંના પુત્રના પૂર્વના ભવનો દુશ્મન હતો, તે દેવે પોતાનું વૈર યાદ લાવી વિદેહાના પ્રસૂતિ ગૃહમાં આવી તરતના જન્મેલા પુત્રને ઉંચકી લઇ તરત રસ્તો માપ્યો, અને તે બાળકને મારી નાખવા વિચાર્યું; પરંતુ તે બાળકનું અદ્ભુત રૂપ નિહાળી તે દેવના મનમાં દયા આવી જેથી તે બાળકને દાગીના પહેરાવી પછી વૈતાઢય પર્વતના વનની અંદર મૂકી દઇ તે દેવ ચાલતો થયો. માતાના સ્તનપાન અને સુખનો વિયોગ પડાવી તેને વનમાં રઝળતો રાખી જવામાંજ પોતાનું વેર પૂરૂં થયું માનતો હોવાથી તે જતો રહ્યો.

દૈવ તો તે બાળકને દુઃખમાં નાખી જતો રહ્યો; પરંતુ બાળકનું પ્રારબ્ધ તેને છોડી ગયું ન હતું. એથી આયુષ્યના જોરને લીધે તેને સુખનો સંયોગ પ્રાપ્ત થયો. દૈવની મદદથી એજ વૈતાઢય પર્વત ઉપરના **રથનુપુર** નગરનો અધિપતિ **ચંદ્રગતિ** નામનો વિદ્યાધર વનક્રિડા કરતો કરતો જ્યાં તે બાળક પડેલ છે ત્યાં તે અચાનક આવી પહોંચ્યો, અને તે અત્યંત રૂપવંત બાળકને જોતાં બહુજ આનંદ અને આશ્ચર્ય પામી તેણે તુરત તે બાળકને ઉચકી લઇ પોતાના મકાનનો માર્ગ લીધો, અને ઘેર જઇ પોતાની ધર્મપત્ની પુષ્પવતીને આપ્યો, આથી પુષ્પવતી પણ બહુ રાજી થઇ; કેમકે તેણીને કશું ફરજંદ હતું નહીં, એથી એ બાળકને જોઇ વિશેષ પ્રસન્ન થઈ.

બાળક કેવી રીતે પ્રાપ્ત થયો એ વાત ધણી ધણીયાણી શિવાય બીજું કોઇ જાણતું ન હતું એથી વિદ્યાધરે સ્ત્રીના સલાહ લઈ તે પુત્રને પોતાનોજ પુત્ર છે એવું ઠરાવી દેવાની ચોક્કસ ગોઠવણ કરી.

હમેશાં ડાહ્યા પુરૂષે પોતાની અર્ધાંગના–સ્ત્રીની ( જે કામમાં તેણીની સલાહ લેવીજ જોઇયે તેવા કામમાં ) સલાહ લઇ કામ કરવું કે જેથી વગર હરકતે કામ પાર પડે છે. કેટલાક ઉદ્ધત પુરૂષો પોતાની સ્ત્રીને ચાકરડી સમાન ગણી તેણીની કોઇપણ બાબતમાં સમ્મતિ ન લેતાં પોતાની મરજી મુજબ કામો કરે છે, પણ જ્યારે પાછળથી ફજેતી થાય છે ત્યારે મનમાં ને મનમાં મુંઝાયા કરે છે. સ્ત્રીથી છાની બાજી રાખી હોય એટલે તેણીની આગળ પડદો તો ખોલાય નહીં ? અને ખોલ્યા વિના દાહાડો વળતો ન હોય ત્યાં સાપ છછુંદરની દશા થઇ પડે છે. હસ્તમિલાપ વખતે કરારજ કરાય છે કે, એક બીજા વચ્ચે ભિન્નતા રાખવી

નહીં, તો પછી ભિન્નતા રાખી વિશ્વાસઘાતી શા માટે બનવું જોઇયે ? કદાચ પાત્ર, કુપાત્ર હોય તો તેને યોગ્ય સમજ-શિક્ષણ આપી સુજ્ઞ બનાવવા ચાંપતા ઉપાય આદરવા; પરંતુ તે સાથે અતડાઇ રાખવી એ તો તદ્દન ગેરવ્યાજબી છે. માટે પુરૂષોએ સ્ત્રીની સાથે હળી મળી એક મતે વર્ત્તવું જેથી ગૃહરાજ્યમાં વિશેષ આનંદ મંગળ વર્ત્તે.

આ સંબંધમાં વાંચનાર વ્હાલી બહેનોએ પણ એ સાર લેવો જોઇયે કે, પુરૂષ આપણને પૂછીનેજ પગલું ભરે અને એ પ્રમાણે પગલાં ભરતાં ફતેહ થાય એવી અક્કલ વાપરી પતિને પ્રાણ કરતાં પણ વિશેષ વ્હાલાં થવા હંમેશાં યત્ન આદરવાં કે જેથી પરસ્પર ગાઢ સ્નેહ કાયમ રહે, અને એક બીજાની સમ્મતિ વિના કોઇ પણ કામ કરવાનો વખતજ ન આવે. સ્ત્રીએ ભક્તિ અને સત્ય-પ્રેમથી પતિને વશ્ય કરવો.

ચંદ્રગતિ અને પુષ્પવતી વચ્ચે પૂર્ણ પ્યાર હતો જેથી એવી મસલત કરી કે, ' આ પુત્રને આપણોજ ઠરાવી લ્હાવો લઇયે. જ્યાં લગી બાંધી મુંઠી છે ત્યાં લગી જે ધારિયે તે કરી શકીશું. છ કાને વાત પહોંચ્યા પછી માણસ પોતાની ધારણા ભાગ્યેજ સફળ કરી શકે છે. ' ઇત્યાદિ વિચારી તેઓએ શહેરમાં અને પોતાના સંબંધીઓ અને જ્ઞાતિજનોમાં એવી વાત ફેલાવી કે— " રાણી સગર્ભા હતી, પણ આટલો વખત તે વાત ખાનગી રાખવા માટે કેટલાંક સબળ કારણો હતાં, પરંતુ ચડીયાતા ભાગ્યબળથી તેણીએ આજે પુત્ર રત્નને જન્મ આપ્યો છે માટે પુત્ર જન્મોત્સવના આનંદમાં સર્વે પરિજન, પુરજનોએ ભાગ લેવા આવવું. " વગેરે વગેરે મતલબની વાત જાહેર કરી પુત્ર જન્મોત્સવ કર્યો, અને તે બાળકના શરીર ઉપર ભામંડળનું

ચિન્હ હતું, તેથી તે પુત્રનું નામ **ભામંડળ** પાડયું, અને લાલન પાલન તથા પોષણ સહિત દિન પ્રતિદિન બીજના ચંદ્રમાની પેઠે તે બાળક મોટો થતો ગયો. અનુક્રમે જ્યારે યૌવન અવસ્થાને પ્રાપ્ત થયો ત્યારે તેનાં લગ્ન કરવાની ચંદ્રગતિ હીલચાલ કરવા લાગ્યો.

પાઠકો! એ ભામંડળના વિયોગથી વિદેહ રાજા અને વિદેહા રાણીની બીજી બાજુ શું દશા થઇ હશે? તે તરફ હવે જરા ધ્યાન દઈયે! જ્યારે રાજા જનકને પુત્ર હરણની ખબર મળી ત્યારે તે અત્યંત શોકગ્રસ્ત થયો અને એથી તેને મૂર્છા આવી ગઈ; પરંતુ વિદેહ રાજા અધ્યાત્મજ્ઞાની હતા એટલે ગઇ વસ્તુનો શોક ન કરવો, એ સિદ્ધાંતને ધ્યાનમાં લઈ પુત્રીનેજ પુત્ર માની લઇ મન વાળ્યું. અને તે પુત્રીનું નામ સીતા પાડયું.

સીતાકુંવરી કદલી વેલ્યની પેઠે વગર હરકતે વૃદ્ધિ પામવા લાગી. કિશોર વય થતાં સ્ત્રીઓની ચોસઠે કળાઓ ગુરૂમુખ દ્વારાએ શીખી સારી પેઠે વિદ્યા સંપન્ન થઈ. અને જ્યારે યૌવનાવસ્થાએ પહોંચી ત્યારે તેણીના સરખા રૂપ, ગુણ, શીળ સંપન્ન વરને શોધવા માટેની જનક રાજાને ચિંતા પેદા થઇ. શાસ્ત્રકારોએ કહેલું છે કે—“ કન્યાના પિતા થવું એ બહુ મુશ્કેલી ભર્યું છે; કેમકે કન્યા જ્યારથી જન્મી ત્યારથીજ તેના માબાપને શોક થાય છે.” પછી કન્યા મોટી થઇ એટલે તેણીના સરખો લાયક વર શોધવાની ફિકરમાં ગુંથાવું પડે છે, વર ઠીક મળ્યો તો પરણાવતી વખતે દંડ આપવા પૈસા જોઇયે તેની ખટપટમાં ઉતરવું પડે છે, પરણાવ્યા પછી તે સારી ચાલની નિવડી કે નહીં? તેણીનું ગૃહસૂત્ર સંતોષપૂર્વક ચાલે છે કે કેમ? તેને સંતતીનું સુખ મળ્યું કે નહીં? તેણીનાં છોકરાં વરાયાં કે નહીં? અને

તેણીને ટાણાં ટચકામાં કશું માઠું લાગ્યું કે સાસરીયાં સગાં સંબંધી તરફથી કનડગત થઈ છે કે નહીં ? વગેરે વગેરે શોક-જાળમાં સપડાય છે, અને એટલા માટેજ કહેલું છે કે—" બેટી ભલી ન એક ! "

પુત્રીના પિતા જનક રાજાને સીતાને લાયક વર શોધી કાઢવાની ચિંતા થઇ, જો કે જે થનાર હોય છે તેજ થાય છે; તથાપિ મનનો ધર્મજ છે કે–તે નાહક ફાંફાં મારવા લાગે છે. સુખને માટે દોડાદોડ કરવાની કશી જરૂર નથી; કેમકે પોતપોતાના શુભ કર્મોદયવડે પોતાનાં સુખો પોતાનેજ શોધતાં હોય છે કે એ ક્યારે મળે ? અને અમો પ્રાપ્ત થઇયે ! પરંતુ મનરૂપી માંકડું આમથી તેમ માથાફોડ કર્યા વિના રહે તેવુંજ નથી !

એક બાજુએ જનક રાજા ચિંતાનો ઉદ્યમ ચાલુ રાખી રહ્યો હતો અને બીજી બાજુએ સીતાના પૂર્વસંચિત કર્મ વરપ્રાપ્તિનો તાલમેલ કરવા યત્ન આદરી રહ્યું હતું. છેવટમાં કર્મનોજ વિજય થતાં એવો સંયોગ બન્યો કે—કોઇ મ્લેચ્છ લોકો દૈત્યની પેઠે જનક રાજાનો પરાજય કરવા ચડી આવ્યા, અને તેણે એ પ્રાણસંકટથી બચવા પોતાના મિત્ર રાજા દશરથને એ બાબતની ખાનગી જાસૂસો મારફત વાત જણાવી તેની મદદ માંગી. એથી અયોધ્યાપતિ રઘુવંશી દશરથરાજાએ પોતાના પાટવી કુંવર રામચંદ્ર કે જે મહા બળવાન હતા તેને તરત મિથિલાપુરી તરફ વિદાય કર્યા, અને રામચંદ્રે આવતાંની સાથેજ તે મ્લેચ્છોનો યુદ્ધમાં પરાજય કર્યો.

દશરથ કુળદીપક રામચંદ્રનું યુદ્ધકૌશલ્યપણું જોઇ જનક રાજાએ અતિ આનંદથી રામચંદ્રને રાજ મંદિરમાં પધરાવ્યા,

અને તેમને શત્રુનો નાશ કર્યો બદલ કહો કે તેમના પરાક્રમ ઉપર ફિદા થયાના બદલામાં કહો, તે કારણે પોતાની કન્યા સીતાને તેમની સાથે પરણાવી દેવા નિશ્ચય કર્યો.

એ દરમ્યાન વિઘ્નસંતોષિ અને કલહપ્રિય નારદ મુનિનું ત્યાં આગમન થયું. મુનિ નારદ અંતઃપુરમાં જઈ પહોંચ્યા અને તેમની પીળી બાબરી, ઉભી ચોટલી, વિચિત્ર વેષ અને હાથમાં છત્ર વગેરે ધારણ કરેલ હોવાથી તેમને જોતાંજ સીતા ભયભીત બની નાસવા લાગી, એ જોઈ તેણીની દાસીઓએ પણ શોરબકોર કરી મૂક્યો. આવો બનાવ બનતાં રાજસેવકોએ ત્યાં આવી તે બ્હીવરામણા વેષવાળા નારદને ગળેથી પકડી અપમાન સાથે જનકના મહેલમાંથી બહાર કહાડી મૂક્યા. આથી નારદઋષિને બહુ ક્રોધ ચડયો, અને કરેલા અપમાનનો બદલો વાળવા તેણે એવી ખટપટ ચલાવી કે, સીતાની આબેહુબ છબી ચિત્રી અને તે છબી લઈ જઈ ભામંડળને દેખાડી, એટલે ભામંડળ તે છબી ઉપર ફિદા થઈ ગયો એટલુંજ નહીં, પણ તે છબીવાળી રાજકન્યાને પોતાની સ્ત્રી બનાવવા આતુર બની ગયો, અને કામ વિહ્વલતાને લીધે વિરહની અવસ્થાઓ એક પછી એક લાગુ થઈ, એથી તેના શરીરની શોચનીય દશા થઈ પડી. અહા! કામ એ પણ દુષ્ટ રોગ છે કે જેના ઝપાટાથી બેહાલહવાલ થઈ કાળના મુખમાં મનુષ્ય સપડાઈ દુર્ગતિના દ્વારે પહોંચે છે.

એ સમય ચંદ્રગતિનું ભામંડળની પાસે કોઈ કાર્ય પ્રસંગે આવવું થયું અને તેની શોચકારી દશાને જોતાં તેણે વ્હાલા પુત્રને પૂછ્યું કે—"વ્હાલા પુત્ર! તારી આવી દશા શાથી થઈ છે?" પિતાના સ્વાલના જવાબમાં પુત્રે કામવશથી મર્યાદા રહિત બની

પોતાના અંતઃકરણની પીડા પિતાની અગાડી જાહેર કરી. પિતાએ તેને દિલાસો આપી તરત ચપલગતિ નામના દૂતને બોલાવી જનકરાજાની તરફ તેની પુત્રી સીતાનું માંગુ કરવા મોકલ્યો અને તે નામ પ્રમાણે કામ કરનારો દૂત ચપળતાથી મિથિલાએ જઇ પહોંચ્યો. મિથિલેશને ભેટી તેણે આવવાનું કારણ કહી બતાવ્યું, એટલે જનકરાજાએ કહ્યું કે—" ભાઈ! તમારા રાજાની વિચારણા ઠીક છે; પણ મારી સીતાને મેં પ્રથમથીજ કાકુત્સ્થ કુળ દીપક દશરથનંદન રામચંદ્રને આપવા નિશ્ચયજ કરેલો છે, જેથી હવે હું તેમ કરીશ નહીં; તોપણ સ્વયંવરમંડપ રચાવી, દેશોદેશના ભૂપતિયોને તેડાવી મારી પાસે જે બે દેવાધિષ્ઠિત વજ્રાવર્ત્ત નામના ધનુષો છે તે મંડપમાં મૂકાવીશ અને એ ધનુષોની જે રાજકુંવર પણછ ચડાવશે તેને વગર આનાકાનીએ મારી પુત્રી સીતાને વરાવીશ. માટે તમારા રાજકુમારને પણ તે પ્રસંગે બેલાશક અહીં મોકલવા, જો પ્રતિજ્ઞા પૂર્ણ કરશે તો તે સીતાના એની મેળે હક્કદાર થશે." ઇત્યાદિ કહી તે દૂતને શિરપાવ દઈ વિદાયગિરી આપી.

દૂત વિદાય થઇ અનુક્રમે પોતાના અન્નદાતાની હજુર જઈ પહોંચ્યો અને સઘળી હકીકત કહી સંભળાવી અને તે વાત સાંભળીને વિદ્યાધરે સ્વયંવર વખતે ત્યાં જઈ પ્રતિજ્ઞા પૂર્ણ કરી સીતાને લાવવા નિશ્ચય કર્યો.

જનકરાજાએ પણ દૂતના ગયા પછી તરત કુશળ કારીગરો બોલાવી સુંદર સ્વયંવર મંડપ રચાવ્યો. પછી દેશ વિદેશના રાજાઓને આમંત્રણ પત્રિકાઓ મોકલી બોલાવી લીધા. જ્યારે રાજસમાજ એકઠો થયો ત્યારે તે બન્ને દેવતાઈ ધનુષ મંડપની અંદર મધ્યભાગમાં મૂકયાં. અને તે પછી પોતાની પ્રતિજ્ઞા સઘળા

રાજપુત્રોને જાહેર કરી. આ પ્રસંગમાં ચંદ્રગતિ પોતાના ભામંડળ કુમારને, અને રાજા દશરથ રામચંદ્રને લઈ ત્યાં આવેલા હતા.

નિશ્ચય કરેલા સમયે સીતા ઉત્તમ પોશાક ધારણ કરી હાથમાં વરમાળા લઇ આનંદી ચ્હેરે સુંદર ગતિએ ચાલતી મંડપના મધ્યમાં આવી ઉભી રહી. સીતાના સુરૂપ આગળ ઉર્વશી, રંભા, સાવિત્રી, રતી અને પાર્વતી પણ શરમાઇ જાય તેમ જણાતું હતું. એવી રૂપગુણસંપન્ન સીતાને નિહાળી કેટલાક રાજાઓ સીતાના રૂપમાંજ તદાકાર વૃત્તિવંત બની અનેક તર્કવિતર્કો કરતા પોતાનેજ એ સ્ત્રીરત્ન પ્રાપ્ત થાય એ હેતુથી પોત પોતાના ઇષ્ટદેવોનું સ્મરણ કરી, દેવોની બાધા માનતા રાખી અને બળ–પૌરૂષમાં મત્ત થઇ સીતાનુંજ ધ્યાન ધરવા લાગ્યા, અને જે ભાગ્યનો ભરોંસો રાખી બેઠા હતા તેઓ વિકલ્પ સંકલ્પ કર્યા વગર આનંદથી સમાજની ચર્ચા જોતા હતા.

જ્યારે વિદેહરાજા તરફથી ધનુષ ચડાવવાની સૂચના થઇ ત્યારે એક પછી એક રાજા અને રાજકુમારો બળનો ગર્વ ધારણ કરી, ધનુષ ચડાવા ઉઠી ધનુષની પાસે આવી, પોતાના બળને અજમાવવા લાગ્યા; પરંતુ જેમ કામી જનોના વચન વિલાસથી સતી સ્ત્રીનું મન અડગ રહે છે, તેમ તે ધનુષ રાજપુત્રોના અસીમ પરાક્રમ અજમાવ્યા છતાં પણ અડગ રહ્યું. તેઓ ધનુષને જમીનથી જરાપણ ઉંચું ઉઠાવી શકયા નહીં ત્યારે પણછ ચડાવવાની તો વાતજ કયાં રહી ! જે વખતે ધનુષ ચડાવવા આવતા હતા, તે વખતે રાજકુમારો છાતી કહાડી અક્કડ બની આવતા હતા, પણ ધારેલી ધારણા ધૂળમાં મળતી હતી ત્યારે નીચું મ્હોં કરી રસ્તો માપતા પોતાનું આસન લઇ નીચું ઘાલી બેસી જતા હતા. આવો બનાવ જોઈ જનકરાજા નિરાશાને સ્વાધીન થવા લાગ્યો

હતો, માત્ર દશરથપુત્ર રામ બાકી રહેલા હોવાથી કંઇક આશાને આલંબન મળ્યું હતું. એટલામાં તો દશરથ પુત્ર રામ ધનુષની પ્રત્યંચા ચડાવવા ઉભા થયા, અને લીલામાત્રમાં એક ધનુષની પણછ ચડાવી દીધી કે તરત સીતાએ પ્રતિજ્ઞા પૂર્ણ થતાં રામચંદ્રના કંઠમાં વરમાળા નાખી દીધી—એથી જય જયકાર થયો.

દશરથરાજા પુત્રને પરણાવી પોતાના વતન તરફ જવાની તૈયારી કરવા લાગ્યા, અને બીજા રાજાઓ પણ પોતપોતાને ઠેકાણે જવા ચાલી નીકળ્યા, પરંતુ ભામંડળ જ્યારે આશાભંગ થઇ અતિ દુ:ખી દિલથી રવાના થયો ત્યારે તેના દુ:ખની શાંતિ રૂપ એવી આકાશવાણી થઈ કે:—

"હે ભામંડળ! તું જરાપણ દિલગીર ન થા. જે થયું તે સારૂંજ થયું છે. એ સીતા તારી સગી માની જણી બહેન થાય છે અને જનક રાજા તારો સગો જનક થાય છે. જન્મ થતાંજ તારા દુશ્મન દેવે તારૂં હરણ કરી તને વૈતાઢ્ય વનમાં ફેંકી દીધો હતો, તેથી તું ચંદ્રગતિને હાથ ચડ્યો; મૂળ હકીકત આવી છે, માટે શોચ ન કર; પણ થયેલા અપરાધ દોષની સીતા પાસે ક્ષમા માંગ."

આવી દેવવાણી સાંભળતાંજ ભામંડળ આનંદ અને વિસ્મય પામ્યો. તુરત પાછા ફરી તેણે પોતાના જન્મદાતા પિતાને અને બહેન સીતાને મહા હર્ષસહિત ભેટી પોતાની અજ્ઞાનતાને લીધે થયેલી ભૂલ માટે બહુજ દિલગીરી જાહેર કરી ક્ષમા માગી, અને તે પછી તે પિતા જનકની રજા લઈ ચંદ્રગતિ સહિત આનંદથી વૈતાઢ્ય ભણી રવાના થયો.

વાંચનાર! "અજાણ્યું ને આંધળું બરાબર હોય છે;"

એ કુહેવતની સાબીતિ ઉપરના બનાવથી શમજી શકાય છે. તેમજ એ પણ બરોબર યાદીમાં રાખો કે, માનાભિલાષિ માણસને જો બરાબર માન ન આપવામાં આવ્યું હશે, અગર અપમાન થયું તેને જણાયું હશે, તો તે નારદની પેઠે કાવતરાં કરી સ્હામાને સંતાપમાં ઝોંકાવી દેતા યત્ન આદરશે, માટે તેવા માન માગનારા મનુષ્યોને જેમ બને તેમ માન આપવા તૈયાર રહેવું.

દાશરથી–રામ પોતાની નવલ વિવાહિતા, તેમજ પિતા, ભાઈ, ભ્રાતૃવધુ વગેરે સહિત આનંદ પૂર્વક પોતાના વતનમાં જઇ પહોંચ્યા, અને રાજકુળની રીત પ્રમાણે ઉત્તમ ભોગવિલાસોના અનુભવ લેવામાં વિચર્યા.

એક વખત દશરથ રાજાએ કૈકયી રાણીના સ્તુત્ય કામને લીધે પ્રસન્ન થઇ ઘણા વખત પહેલાં તેણીને બે વરદાન આપેલ હતાં, પણ તેણીએ મૂકેલી થાપણની પેઠે ' ખપ વખતે માગી ' લઇશ એવા ઈરાદાથી ઉપયોગમાં લીધાં ન હતાં; કિન્તુ પોતાનો સ્વાર્થ સિદ્ધ થવાનો સમય હાથ લાગ્યો કે તેણીએ તરત તે બે વરદાનમાંથી એક માગી લીધું કે–" મારા પુત્ર ભરતને રાજ્યગાદી અને રામને મુનિવેષયુક્ત વનવાસ આપો. "

વચનથી બંધાયેલા દશરથ રાજાએ દુઃખી દિલડે ભરતને રાજ્ય આપ્યું અને રામને સત્યગતિ આચાર્યની પાસે ઋષિવેષ અંગીકાર કરાવી વનવાસ જવાનો હુકમ કર્યો. રામે પણ પિતાના હુકમને માથે ચડાવી લઇ સીતા અને લક્ષ્મણ સહિત વનનો માર્ગ લીધો.

વાંચકવર્ગ ! ઓરમાન માનું સગપણ કૈકયીના સરખુંજ હોય છે. પોતાના પુત્રોનું ભલું થયા પછીજ ઓરમાયાંની ખબર

લેવાય છે. એટલું જ નહિ, પણ બને ત્યાં લગી પોતાના ફરજંદોની આડખીલી કહાડવા અને કુયુક્તિ અમલમાં લઈ ધાર્યું સફળ કરે છે, માટે સમજુ પિતાએ બીજી સ્ત્રી કરતાં અગાઉ પહેલાની સ્ત્રીનાં છોકરાંઓના ભરણ પોષણ વગેરેની ઉત્તમ વ્યવસ્થા કરી લેવી, તેમ વળી વચનપાલક દશરથની પેઠે પિતાના હુકમને વધાવી લેનાર રામચંદ્રની જેવા આદર્શપુત્ર થવું, અને પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી થનારી સીતાની સમાન મારી આર્ય જૈન બાળાઓએ થવું; કેમકે પોતપોતાનો ધર્મ સાચવવો એજ સારા માણસોની આદર્શપણું છે.

સીતા લક્ષ્મણ સહિત વનમાં ફરતા ફરતા રામ દંડકારણ્યમાં જઈ પહોંચ્યા. ત્યાં સુર્પનખાના પતિનું લક્ષ્મણના હાથે મરણ નિપજવાથી તેણીએ પોતાના ભાઈ રાક્ષસપતિ રાવણને ઉશ્કેર્યો એટલે કે–' દંડકારણ્યમાં વસતા તપસ્વીઓ તારા બેઠાં છતાં મને રંડાપો આપવા હિમ્મત ચલાવી શક્યા જેથી તારા બળ પૌરૂષને ધિઃક્કાર છે! વળી તેઓની પાસે મહારૂપવંત એક સ્ત્રી છે કે જેની બરોબરી કરે તેવી તારા અંતઃપુરમાં સ્ત્રીજ નથી.' વગેરે વગેરે કહી રાવણને ચઢાવ્યો. જેથી વાસુદેવના હાથથીજ પ્રતિવાસુદેવનું મરણ થવાનો નિયમ હોવાને લીધેજ તેણે સીતાનું હરણ કરવા સંબંધી પ્રપંચ રચી ( તેણીનું ) હરણ કર્યું. અને ન્યાય બળવડે રામે વનચરોની સેના સાથે લંકાએ જઈ રાવણનો પરાજય કરી સીતાને પાછી હાથ કરી. લક્ષ્મણે રાવણનો નાશ કર્યો, કે વિભીષણને રાજ્ય અને પોતાના મદદગારોને સંતોષ આપી, રામ ચૌદવર્ષ વનમાં વસવાનો અવધિ પૂર્ણ થતાં પોતાને શહેર આવ્યા. રામે ભાઈયોની સમ્મતી સહિત પિતાની રાજય ગાદી ઉપર

ભિરાજી ન્યાય પૂર્વક રાજ્યચલાવી ન્યાયનિપુણતાને લઈને પ્રજાને મનમાનતી રીતે સંતોષ આપ્યો, અને બીજા ભાઈયોને બીજા દેશોનું રાજ્ય સોંપી તેમને પણ આનંદ આપ્યો.

થોડા વખત પછી સીતાને ગર્ભ રહ્યો. પૂણ્યશાળી ગર્ભના પ્રભાવથી જે જે સારા સારા દોહલા ઉત્પન્ન થયા તે તે સર્વે દોહલા રામે પૂર્ણ કર્યા; કેમકે સ્ત્રીઓને ગર્ભ સમયમાં જે જે ઇચ્છાઓ થાય તે તે પૂરી થવી જ જોઇયે, નહીંતો શરીર સૂકાઈ છે અને એમ થતાં ગર્ભ ઉપર માઠી અસર થાય છે.

હાલમાં તો ગર્ભવંતીઓને માટી-ઠીકરાં-કોલસા-રાખ વગેરે ખાવાની ઇચ્છા થાય છે અને જેવી ઇચ્છિા તેવાજ ભાગ્ય-શાળી ( ! ) પેદા થાય છે. એ વખતની ઇચ્છાઓ ઉપર બાળક કેવો નશીબદાર કે પરાક્રમ નીવડશે તેની અટકળ બંધાય છે.

એક વખત સીતા સતીનું જમણું નેત્ર ફરકયું, એટલે તેણીએ પોતાના પ્રાણનાથને ઉદાર મુખે કહ્યું કે-" હે પ્રાણે-શ્વર ! આજે મારી જમણી આંખ ફરકે છે માટે શું કરવું ? "

રામે કહ્યું-" વલ્લભા ! ખરાબ ફળ મળ્યાનો દોષ દુર કરવા શ્રી જિનેશ્વર દેવના. મંદિરમાં દીપમાળ અને આંગી રચાવો, અને દીનજનોને ઉદાર દિલથી દાન આપો કે જેથી ' અશુભ સૂચક' આંખ ફરકવાનો દોષ ટળી જશે." આ પ્રમાણે પતિદેવનું કથન સાંભળી સુશીલા સીતાએ એજ પ્રમાણે સત્કાર્ય કર્યું; કેમકે પુન્યે પાપ ઠેલાય છે.

એ અરસામાં રૈયતના સમજુ આગેવાનોએ રામરાજા અ-ગાડી આવીને નિઃશંકપણે એવી અરજ ગુજારી કે-" ન્યાયશેખર નરેંદ્ર ! આપની રૈયત એવા અપવાદભરી અફવા ચલાવી રહી છે

કે, ' આપનાં પટરાણી સીતાજી કામલુબ્ધ લોલુપી રાવણને ત્યાં છ મહિના લગી રહ્યાં, છતાં તેમને નિષ્કલંકી માની આપે પટ-રાણીનું તિલક કર્યું છે; પરંતુ લોકાપવાદ પ્રમાણે શંકાને જન્મ મળે છે કે–કામી જનના કબ્જામાં રહેલી સ્ત્રીને સતી કેમ કહેવાય? એકાંતવાસ ખાસ અપવાદનુંજ પાત્ર છે. ઘૃત અને અગ્નિ એકઠાં રહેતાં એક બીજાને વિક્રિયા થયા વિના રહે એ બિલકુલ માનવા જોગ વાત નથી, અને એ સબબના લીધેજ પાણી ઉપર પડેલું તેલ બિંદુ પસરી જાય તેની પેઠે આખા શહેરમાં અને રાજ્યમાં એજ અફવા એકદમ જોશભેર ફેલાઇ ગઈ છે માટે એ શંકાને દૂર કરવીજ ઘટે છે. ”

લોકોપવાદ સારો નહીં એમ વિચારી સહજવાર પછી રામે તેઓને કહ્યું " તમોએ જે કહ્યું તે સત્ય છે. હું પણ આવું ખ-રાબ વર્તન કોઇ સ્ત્રીમાં જોઉં તો તે સહન ન કરી શકું; માટે એ અપવાદને દૂર થવાનું નિરાકરણ હું થોડાજ વખતમાં કરી બ-તાવી મારા ન્યાયીપણાને શોભાવંત બનાવીશ. ” આ પ્રમાણે તે-ઓના મનનું સમાધાન કરી તેમને વિદાય કર્યા.

એક વખતે રઘુકુળ રામચંદ્ર રાત્રિના વખતે નગરચર્યા જોવાને માટે સાદા વેષથી નિકળ્યા. અને ફરતા ફરતા એક ધોબીના ઘર અગાડી જઇ પહોંચ્યા, તો ત્યાં એવો બનાવ કાને આવી અથડાયો કે–ધોબીએ પોતાની બૈરીને બહુ મોડી બહારથી આવેલી જોઇ પાટુ મારી કહ્યું કે–" રાંડ ! અત્યાર લગી તું ક્યાં ભટકવા ગઈ હતી ? ” સ્ત્રીએ કહ્યું–" તમે તો ભલા દેખાઓ છો ! મહારાજા રામચંદ્ર કરતાં પણ તમે વધારે ડાહ્યા છો ? મહારાજાએ તો રા-વણને ત્યાં છ મહીના લગી સીતા રહ્યાં છતાં પણ તેમને શુદ્ધ સતી માની પાછાં લાવી અંતઃપુરમાં આનંદ સાથે રાખ્યાં છે,

અને તમે તો જરા વારમાં અધીરા બની (બીજાને ઘેર હું જરા-વાર જઈને બેસું તોપણ) ધમાધમ કરી મૂકો છો એ કેટલોબધો અન્યાય ? " ધોબી ચીડાઇને બોલ્યો–" મહારાજા રામચંદ્ર તો બૈરીના વેચાણ ને તાબેદાર છે, પણ હું તારો તાબેદાર કે વેચાણ નથી સમજી ? હું તારી એ ચાલ માટે જરા પણ દરગુજર કર-વાનો નથી. "

આ પ્રમાણે વિવાદ સાંભળી શ્રી રામે વિચાર્યું કે–" હું સ્ત્રીનો વેચાણ ને તાબેદાર છું એવો લોકાપવાદ વ્હોરવો એ ધિકારને પાત્ર થવા જેવો પ્રકાર છે, માટે એ અપવાદથી મુક્ત થવું એજ ઉત્તમ છે. " એવો નિશ્ચય કરી બીજે દિવસ અનુજ લક્ષ્મણને ગયે દિવસે બનેલી બાબત તથા શહેરના આગેવાનો આવી કહી ગયેલ બાબત કહી રામચંદ્રે કહ્યું કે–" બંધુ ! પટરાણી માટે લોકો શંકા લાવે છે તો તે અપવાદથી છુટવા તેણીનો ત્યાગ ક-રવા ચાહું છું. "

લક્ષ્મણે વિનયપૂર્વક કહ્યું–" જોકે હું આપ અગાડી ડહા-પણ ચલાવા લાયક નથી, તોપણ માફ માગી કહું છું કે વડીલ બંધુ ! લોકોના બોલવા પર આધાર રાખી સુશીલ જનકકુમારી જાનકીજીનો ત્યાગ કરવો એ ઠીક નથી. લોકો તો હમેશાં ઘર ભાંગનારા જ હોય છે, પગ હેઠળ બળતું નહીં જોતાં ડુંગરે બળ-તુંજ દેખવાના. પારકા છિદ્રોમાં જ તેઓ બહુજ રસિયા હોય છે અને પરને હાનિ કર્યા વિના તેઓને અનાજ પચતું નથી, માટે તેવા છિદ્ર શોધકોને, વિઘ્ન સંતોષિયોને તો નીતિવંત નરેંદ્રોએ અવશ્ય સખ્ત શિક્ષા કરવી અથવા માનભંગ કરી હદપાર કરવા જોઈયે કે તેમ થવાથી તેમને જરા લાજ વળે. "

રામચંદ્રે કહ્યું–" વ્હાલા લઘુ બન્ધુ ! તું કહે છે તે વ્યાજબી

છે, તોપણ નીતિના જાણનારાઓએ કહ્યું છે કે–' यद्यपि शुद्धं लोक विरुद्धं नाकरणीयं नाचरणीयं–જો કે શુદ્ધ–સત્ય હોય તોપણ લોક વિચાર વિરૂદ્ધ કામ હોય તો તે કામ કરવું પણ નહીં ને આચરવું પણ નહીં. માટે એ નીતિવાક્યને અનુસરી પટરાણીને હાલ ત્યજી દેવી એજ મારો દૃઢ સંકલ્પ છે." વગેરે વગેરે વાતચીત થયા પછી રામચંદ્રજીએ તુરત લશ્કરી અમલદારને બોલાવી હુકમ આપ્યો કે—" તું પટરાણીને રથમાં બેસાડી હાલને હાલ ઘોર જંગલમાં મૂકી પાછો આવતો રહે. તેણીને સંમેતશિખર તીર્થની યાત્રા કરવાની મરજી થઇ છે માટે ગંગાનદીને પેલે કાંઠે પહોંચાડી રથને પાછો લઇ તાકીદે ચાલ્યો આવ."

ઉપર પ્રમાણે અયોધ્યાનાથનું ભાષણ સાંભળી ' જેવો નામદાર અન્નદાતાનો હુકમ.' એટલુંજ બોલી સેનાપતિ મર્યાદા પૂર્વક પ્રણામ કરી ચાલતો થયો, અને રથ જોડી સીતાજી પાસે જઇ વિનય યુકત થઇ વીનવવા લાગ્યો. " હે સ્વામિની ! હું આપ શ્રીમતિને રઘુકુલ ભૂષણ મહારાજાનો હુકમ મળતાં સમ્મેતશિખરની યાત્રાએ લઇ જવા માટે આવ્યો છું; માટે સત્વર બહાર ઉભા રાખેલા રથમાં આરૂઢ થાઓ."

સેનાપતિનું આવું બોલવું સાંભળી તીર્થયાત્રાનો ડોહલો પૂર્ણ થવાના ઉમંગને લીધે સીતાસતી ઉભા થઈ મહેલમાંથી નીચે ઉતરી રથમાં બેઠા. એટલે સેનાપતિએ તુરત રથ ચલાવ્યો અને થોડીજ વારમાં તે રથને એક ઘોર જંગલમાં લઈ જઇ તેણે સીતાજીને કહ્યું કે—" પૂજ્યમાતા ! આપના મસ્તકના મુકુટ રઘુપતિએ આ ઘોર જંગલમાં આપને છોડી દેવા મને હુકમ કર્યો છે, જેથી પાપી પેટની વેઠ પૂરી પાડવા તે હુકમને અમલમાં લીધો. ધિક્કાર છે પરાધીનતાને અને સેવકપણાને કે જેને

લીધે મારે આ નિર્દય કામ કરવું પડયું. અને મારી જીભેથી આપ શ્રીમતી સ્હામે આપના પ્રાણ પ્રયાણ કરે તેવા શબ્દો ઉચ્ચારવાનો વખત આવ્યો. આ પેટાર્થીનું કંઇ જોર ચાલે તેમ નથી એટલે લાચાર છું. ધણીનો હુકમ થયા પછી ગમે તેવું ઘટિત કે અઘટિત કામ હોય, તો પણ સેવકને કર્યા વિના છુટકોજ નથી, આમ હોવાથી મેં મારી ફરજ બજાવી. હવે આપને જે ફરજ બજાવવી હોય તે મરજી મુજબ અમલમાં લઈ સેવકને રજા આપો, કે જેથી મારા સ્વામીની પાસે જઇ બજાવેલા ફરમાનની ખબર જાહેર કરૂં."

આ પ્રમાણે સેનાપતિનું બોલવું સાંભળી જેમ વજ્રની ચોટથી ગિરિનું શિખર તૂટી પડે તેમ પતિના પરિત્યાગરૂપ ગેબી ઘા થતાં સીતા મૂર્છા ખાઇ ધરણી પર ઢળી પડયા; એ જોઇ સેનાપતિ તો બીચારો બહુજ કચવાવા લાગ્યો અને સીતાની દયામણી દશા જોઇ અત્યંત ગાભરો બની તેણીના દુઃખમાં કંઇ ભાગ લેવા વિચારવા લાગ્યો; પરંતુ નિમકહલાલી તેને આડી આવી જેથી મૌન ધારી ઉભોજ રહ્યો.

સીતાને વનના શીતલ વાયરાથી મૂર્છા વળી, એટલે કાળજાના કારી ઘાને યાદ લાવી હૈયાફાટ વિલાપ કરતી તે પતિને ઉદ્દેશી કહેવા લાગી કે—"હે પ્રાણનાથ! જો આપને લોકાપવાદનો ભય હતો તો આપે ત્યાંજ લોક સમાજ સમક્ષ મારી શીલપરીક્ષા કેમ ન લીધી? જો તેમ કર્યું હોત તો તે કાર્ય કુલોચિત મનાત; પરંતુ આ કાર્ય તો કાકુસ્થ બિરૂદવાળા નરવરને ન છાજતું થયું છે; કેમકે રઘુવંશી પૈકી કોઈએ અત્યાર સુધી કોઈનો હાથ પકડ્યા પછી કે કોલ કરારથી બંધાયા પછી તેને પ્રાણાંતે પણ દગો દીધો નથી. પ્રાણ તજ્યા છે, પણ પ્રતિજ્ઞા તજી

નથી. તો આ કામથી પરાપૂર્વના કુલધર્મને કેમ આંખ લગાડવી દુરસ્ત ધારી લીધેલ છે. કરમોચન કરેલી કાંતાને તજી દેવાથી નિર્દય શેખરના પદને વરવા જેવું બન્યું છે. હું કદાચ દોષિત હતી, પણ ગર્ભમાં રહેલા બાળકે શું દોષ કર્યો હતો કે તેના પણ મારી સાથે વગર કારણે ઘાતકી પ્રાણીઓના હાથથી હાલ બેહાલ થવા આ માર્ગ આદર્યો ? ભલે, જેમ આપના મનમાં મારા માટે શંકાને સ્થાન મળ્યું હોય; તોપણ હું તો શુદ્ધાંતઃકરણ પૂર્વક ઈચ્છુ છું કે આપનો અને મારા વીર દિયર લક્ષ્મણજીનો સદૈવ વિજય થાઓ અને નિરંતર જયશાલી પણે આ વિશ્વમાં વર્તો ! ( સેનાપતિ તરફ જોઈ ચોધારાં આંસુ ઢાળતે કહ્યું. ) વીર ! આ જે હું બોલી છું તે સઘળા અક્ષરો તમારા સ્વામીને કહેજો અને જે તમને મારા પતિ પ્રત્યેનો સત્યભાવ સમજાયો હોય તે તેમને રોશન કરજો. હવે મારૂં તો જે થનાર હશે તે થશે, પણ તમે શોકને વશ ન થતાં વ્હાલાવીર ! ઘર તરફ જાઓ. વાર થશે તો તમને તમારો અન્નદાતા ખીજશે. ” વગેરે વગેરે બોલે છે એટલામાં તો દુઃખના જોસથી ફરી તેણીને મૂર્છા આવી, જેથી પૃથિવી ઊપર ઢળી પડી અને ફરીને પવનના પ્રભાવથી ચેતનમાં આવી વિલાપ કરવા લાગી.

વાંચનાર ! એ વખતના સીતાના વિલાપનું વર્ણન ખરેખરી રીતે તો થઈ શકવું મુશ્કેલ છે; પરંતુ સંજ્ઞામાત્રમાં કહીશ કે સીતાનો વિલાપ સાંભળી સમાધિષ્ઠોની સમાધિઓ છુટી ગઈ હતી, પત્થરો પણ કરૂણારસથી ભેદાતાં અંતે પિગળી પ્રવાહરૂપ બની જતા હતા, વિરાગીઓના મનમાં પણ તેણીના ભણી દયાનો ભાવ સ્ફુરાઈ આવતો હતો, જળ પણ જડ જ બની સ્થિર થઈ ગયું હતું, ક્રૂર પ્રાણિઓના મનમાં પણ અરેકારો ઉપજી રહ્યો

હતો, વનચરોએ મુખમાં લીધેલ ખોરાક જેમનો તેમ ચાવ્યા વગર જ ધરી રાખ્યો હતો, દિગ્ગજો પણ તેણીના દુઃખ જોઇ ડોલી ગયા હતા અને ચરાચર પ્રાણીઓ પોતપોતાનો વ્યાપાર છોડી કેવળ શોકમાં જ ગરક થઈ ગયાં હતાં. સીતા તો વિલાપ કરતી મૂર્ચ્છા ખાતી-પડતી લોટતી જોનારને એવી પ્રતીતિ કરાવતી હતી કે તે હમણાંજ ખોળીઆમાંથી પ્રાણ કહાડી નાખશે; પણ પાપી પ્રાણ તેણીને દુઃખના દિવસો અનુભવાવવા ચાહતા હતા એથી જીવ ને શરીરની જુદાઇ ન થઈ શકી.

આ પ્રકારે પતિએ તજી દીધેલી સતી સીતાની જે અવદશા થઈ હતી અને મુનિજનના અચળ મનને પણ ક્ષોભ કરનારો જે વિલાપ કરતી હતી તે બધું ઝાડને ઓથે રહી થોડે છેટેથી સેનાપતિએ જોયું જેથી તેનું મન અત્યંત દયાર્દ્ર બની ગયું પણ નિરૂપાયને લીધે અશ્રુગાળતો તેણે તો ચુપ ચુપ ઘરનો રસ્તો લીધો.

જાનકી કેટલોક વખત વિલાપ કરી રહ્યા પછી પોતાના કર્મનેજ દોષ દેતી તે ભયંકર વનમાં બાવરી બની આમથી તેમ ભમવા લાગી. એટલામાં પૂર્વ પુણ્યના યોગથી પુંડરીકપુરનો વજ્રજંઘ રાજા તેજ ઠેકાણે આવી ચડયો અને રૂપવંતી સીતાજીને સગર્ભાને બેબાકળી બનેલી જોઇ તેણે તેણીને એવી દશા પ્રાપ્ત થવાનું કારણ પૂછયું, એના જવાબમાં દુઃખિયારી સીતાજીએ ગદગદિત કંઠથી તમામ સત્ય હકીકત કહી સંભળાવી. એ સાંભળી નિરાધાર થઇ પડેલી અબળાનો તેમજ નિરપરાધી ગર્ભનો બચાવ કરવા તે વજ્રજંઘ તેણીને પોતાની ધર્મબહેન ગણી, પોતાને ઘેર આવવા સંબંધી વિચારણા જણાવી. શાણી સીતાએ તેના બોલવાનો અને આકૃતિ વગેરે ઉપરથી તે

શુદ્ધ અંતઃકરણવાળો જાણી તેની સાથે જવાની હા પાડી, જેથી વજ્રજંઘ આદરસહિત પોતાને ત્યાં તેડી ગયો અને સીતાજીના જીવને જેમ સારૂં લાગે અને નિશ્ચિતપણું રહે તેવો સર્વ બંદોબસ્ત કરી દાસીઓ સહિત સુંદર સ્થળમાં રાખી સંતોષ આપી આનંદિત થયો. આમ થવાથી સીતાજી સુખપૂર્વક પોતાની વિપત્તિના દિવસો વ્યતીત કરવા લાગ્યા.

હવે સેનાપતિ જ્યારે અયોધ્યામાં જઈ પહોંચ્યો ત્યારે વનમાં સીતાજીનાં નિર્મળ સ્નેહ સંબંધી જોયેલો હૃદયદ્રાવક બનાવ સઘળો રઘુવીરના આગળ કહી તે આંખ વહેવરાવતો સન્મુખ ઉભો રહ્યો. સેનાપતિનાં વચન અને તેની દશા જોઇ રઘુનંદનને પણ પોતાની પ્રેમાળ પત્નિ માટે લોકાપવાદથી ગુજારેલા ગજબને લીધે બહુજ લાગી આવતાં, તેમનું હૃદય ભરાઈ આવ્યું. વિશુદ્ધ ધર્મપત્નિના વિયોગથી વ્યાકુલ બની તેણીને પાછી બોલાવી લાવવા અત્યાતુર બની રામચંદ્ર તે સેનાપતિને સાથે લઇ જ્યાં સીતાને છોડી હતી ત્યાં જઇ પહોંચ્યા અને તેણીની તે ઘોરવનમાં ઘણીએ શોધ કરી; છતાં પત્તો લાગ્યો નહી, જેથી એ અનુમાન કરવા લાગ્યા કે—“ તે બિચારી અબળાને કોઇ ઘાતકી જીવે ફાડી ખાધી હશે ! નહીં તો પતો કેમ ન લાગે ? હાય ! હાય ! મેં પણ નાહક સતી સ્ત્રીનો અને ગર્ભમાંના નિર્દોષ બાળકનો નાશ કરાવ્યો; પરંતુ હવે વ્યર્થ શોચ કરવો એ શું કામ આવે ? ‘ રાંડ્યા પછી ડાહાપણ આવે ’ એ શું કામનું ? એ બધી બાબતનો પહેલેથીજ વિચાર કરવો યોગ્ય હતો, હવે તો જે કંઇ પશ્ચાત્તાપ કરવામાં આવે તે કેવળ પોતાની બેવકુફાઇને જાહેરમાં લાવવાનોજ યત્ન ગણાય. ખેર બન્યું તે ખરૂં ! ” વગેરે વગેરે વિચાર કરી નિરાશા સહિત તેમણે અયોધ્યાનો માર્ગ લીધો અને

ઘેર જઇ ધર્મપત્નિ માટે કરવા યોગ્ય કરી અંતરના દાહથી દિલને દગ્ધ કરતાં પત્નિની જંખનામાંજ કાળક્રમણ કરવો શરૂ કર્યો.

અહીં વજ્રજંઘને ઘેર રહેલી સીતાએ ગર્ભમર્યાદા પૂર્ણ થતાં સુંદર પુત્રનું જોડલું પ્રસવ્યું. વજ્રજંઘરાજાએ તે પુત્રોનો જન્મોત્સવ કરી એકનું નામ લવ અને બીજાનું નામ કુશ રાખ્યું. અનુક્રમે તે બન્ને રઘુવંશી રાજકુમારો મોટા થયા એટલે તેમને સારા શિક્ષકદ્વારા શાસ્ત્ર અને શસ્ત્રવિદ્યાનો ઉત્તમ પ્રકારે અભ્યાસ કરાવ્યો, એથી વિદ્યા અને વીરતામાં તેઓએ કુશળતા સંપાદન કરી. જ્યારે યૌવન અવસ્થા પ્રાપ્ત થઇ ત્યારે વજ્રજંઘે લવને પોતાની શશિકળા નામની કુવરી પરણાવી, તેમજ બીજી પણ તેને બત્રીસ રાજકન્યાઓ સાથે પાણીગ્રહણ કરાવ્યું. અને કુશને માટે વજ્રજંઘે પૃથુરાજાની કન્યાનું માંગુ કર્યું; પરંતુ પૃથુરાજે તે કુંવરનાં કુળ વંશ વગેરે ન જાણવાના લીધે કુશને પોતાની કન્યા આપવા ચોખી ના કહી. આથી વજ્રજંઘે પોતાનું અપમાન થયું માની લવકુશને સાથે લઇ પૃથુરાજના શહેરને ઘેરી લીધું. પૃથુરાજ પણ રાજબીજ વીરનર હોવાથી કોટ કિલ્લાનો આશ્રય છોડી મેદાનમાં યુદ્ધ કરવા ઉતરી આવ્યો, અને પુરજોસ સાથે પરચક્રને હંફાવા આગળ વધ્યો; પરંતુ કિસ્મતની અવળાઇને લીધે ધાર્યા કરતાં તેને અવળું પરિણામ થયું; કેમકે લવ ને કુશના બાણોનો અસહ્ય મારો ચાલુ રહેતાં તેનું ( પૃથુરાજનું ) લશ્કર લડાઇના મેદાનમાં ટકવાજ પામ્યું નહીં, અને જેમ જેને નાસતાં ફાવ્યું તેમ નાશી પોતપોતાનો જીવ બચાવા લાગ્યું. આથી પૃથુરાજનો જીવ જોખમમાં ફસાઇ પડયો. પૃથુરાજ પોતાનો જીવ બચાવા માટે યત્ન કરતો હતો એટલામાં તો લવ કુશે આવી તેને ઘેરી લીધો અને તેઓ તેને કહેવા લાગ્યા

કે-" મહિપતિ ! અમારા સરખા કુલ વંશ વગરનાઓને જોઇ તમારા સરખા વંશ કુળ વિભૂષણવંત કેમ રણમાં ઉતરી જાન બચાવવાની તક ખોવે છે ? જરા અમારૂં પરાક્રમ તો જુઓ કે એ ઉપરથી કુળ-વંશની પણ કંઈક પિછાન પડશે." વગેરે વગેરે મર્મ વચન સાંભળી પૃથુરાજના હાંજા ગગડી ગયા અને તરત માન મૂકી વજ્રજંઘની સાથે સુલેહ કરી તે બોલ્યો કે-" આ બન્ને વીરમણિવીરોનાં કામજ એમના કુળવંશને ઓળખાવી દે છે; માટે હવે મને કન્યા આપવામાં કશો વાંધો રહ્યો નથી."

આ પ્રમાણે વાત થઈ રહી છે એ દરમ્યાન આકાશમાર્ગથી નારદ મુનિ ઊતરી આવ્યા, એટલે તરત વજ્રજંઘે મર્યાદાપૂર્વક તેમને વંદના કરી અને આસન ઉપર બેસાડી કહ્યું કે-" આ લવ અને કુશ કોના કુળદીપક કુમાર છે તે આપ પ્રકાશ કરી આ પૃથુ-રાજને ઓળખાવો."

નારદજીએ કહ્યું-" આ બન્ને વીરમણિ એના કુમાર છે કે જેણે અચળ ન્યાયને દીપાવવા લોકાપવાદના ડરથી પોતાની વિવાહિતા શીળવતી પત્નીને સગર્ભા છતાં તજી દીધી છે, તે ન્યાયી શિરોમણિ રઘુવંશી રામચંદ્રના આ કેશરી કિશોર છે."

કુશ કુમારે નારદજીને પૂછયું-" ઋષિવરજી ! શ્રીરામે વગર તપાસે આમ કર્યું એ શું રઘુવંશને છાજતું કામ થયું છે ?" એટલામાં તો લવ બોલી ઉઠયો કે-" મુનિવર્ય ! એ અયોધ્યા અહીંથી કેટલી દૂર છે ?" નારદજીએ કહ્યું-" અ-યોધ્યા અહીંથી છસો યોજન દુર છે." વગેરે વગેરે કેટલાક પ્રશ્નો પૂછયા. એ બધી હકીકતથી વાકેફ થતાં અતિ આનંદવંત થઈ નરવર પૃથુરાજે વિમળવંશી કુશને પોતાની કનકમાળા કન્યાને પરણાવી. આમ થતાં વજ્રજંઘની ધારેલી ધારણા પાર પડી. એ-

ટલે તે હર્ષ સહિત નગારે ડંકા દઈ ડેરા કુચ કરી બન્ને કુમારો સહિત પોતાના શહેર ભણી વિદાય થયો, ને મજલ દરમજલથી પંથ પસાર કરી પોતાને વતન જઇ પહોંચ્યો.

થોડો વખત વીત્યા પછી વજ્રજંઘની અને માત જાનકીની પરવાનગી મેળવી વીણી કહાડેલા લડવૈયાઓ સાથે લવ અને કુશે અયોધ્યા તરફ જવાની તૈયારી કરી; તથા માતુશ્રીને અને વજ્રજંઘરાજાને પણ પોતાની સાથે પધારવાની પ્રાર્થના કરી. સુમુહૂર્તે અયોધ્યા ભણી પ્રયાણ કર્યું અને કેટલોક વખત જતાં અયોધ્યાની નજીક જઈ પહોંચતાં. દૂત મારફત રામ પાસેથી યુદ્ધની માગણી કરી. દૂતનાં વચન સાંભળતાંજ રામ લક્ષ્મણ કોપયુક્ત બની લશ્કર તૈયાર કરી રણક્ષેત્રમાં પરચક્રની સ્હામે જીત મેળવવા તૈયાર થયા.

બન્ને લશ્કરની અથડાઅથડી થતાં ભારે જંગ જામ્યો અને કેટલોક વખત લગી તો કોની જીત થશે એવો ખ્યાલ બાંધવો પણ મુશ્કેલ થઇ પડયો હતો ! પરંતુ કંઈક વખત જતાં લવ, કુશે અદ્ભુત પરાક્રમ બતાવી વીરાધિવીર રામ લક્ષ્મણના લશ્કરની ભારે ખાખા વીખી કરી દીધી. લડવૈયાઓ ઉભી પુછડીએ જીવ લઈ નાસવા લાગ્યા અને બાકીમાં કોઇ રહી ગયા તેઓએ પોતાની દીનતા દેખાડી જાન બચાવ્યો.

રામ લક્ષ્મણે પોતાના લશ્કરની આ દશા થયેલી જોઇ, એટલે અત્યંત વિસ્મય થઈ વિચાર્યું કે—" અત્યાર સુધી કોઇ યુદ્ધમાં અમારા લશ્કરની આવી દશા થઇ નથી, છતાં આજે મેળવેલી કીર્તિને ઝાંખપ લગાડનાર બનાવ બન્યો તે શું દૈવજ પ્રતિકૂળતા ધરાવે છે કે કેમ ? ભલે ગમે તેમ હોય, પણ પુરૂષાર્થમાં ખામી બતાવવી નહીં. " ઇત્યાદિ વિચારી વાસુદેવ લક્ષ્મણે કોપયુક્ત કુશ ઉપર ચક્ર ચલાવ્યું; પરંતુ ચક્ર તો કુશને

પ્રદક્ષિણા દઇ પાછું પોતાના હાથમાં આવ્યું. એ જોઇ રામ લક્ષ્મણ ખેદ અને આશ્ચર્યયુક્ત બની વિચારવા લાગ્યા કે—" શું નવીન બળદેવ ને વાસુદેવ પેદા થયા છે કે ચક્ર પણ જેને કશું કરી શકતું નથી ! ! ત્યારે હવે શું કરવું ? શું છેવટ અજીત બિરૂદને ઝાંખ લાગવાનો જ વખત હાથ લાગશે ? આથી તો રણમાં મરી અમર કીર્તિ મેળવવી એજ ઉત્તમ છે." વગેરે વગેરે સંકલ્પ વિકલ્પ કરતા હતા, એટલામાં તો મુનિ નારદ ત્યાં આવી પહોંચ્યા અને રામ લક્ષ્મણને ઉદાસ થયેલા જોઇ હસીને બોલ્યા—" અરે ! હર્ષ થવાને બદલે તમો શોકવંત કેમ બન્યા છો ? પુત્ર અને શિષ્યની આગળ હાર ખાવી એ તો અત્યંત આનંદની વાત કહેવાય છે; છતાં એ આનંદ પ્રાપ્ત થયો છે એ વખતે શોકમાં ગર્ક બન્યા છો એ ખચિત દિલગીરીની વાત છે. આજે તમારી સાથે લડી રહ્યા છે તે વીરકેશરી સતી સીતાની કુંખથી ઉત્પન્ન થયેલ રઘુકુળદીપક છે, અને તેઓ યુદ્ધના બહાનેથી ભાનુકુળનું પાણી બતાવી તમો ભાનુવંશ ભાસ્કરને ભેટવા ચાહે છે. ચક્રે પણ પ્રતીતિ આપી છે કે એ સ્વગોત્રી છે; કેમકે સ્વગોત્રી ઉપર ચક્ર ચાલી શકતું નથી, માટે અતિ ઉમંગથી વીરાગ્રણીય પુત્રોને ભેટી મનના સર્વ સંતાપને દૂર કરી આનંદી બનો ! "

નારદજીનું આ પ્રમાણે બોલવું થતાં જ તુરત હર્ષ ઘેલા બની પોતાના વ્હાલા પુત્રોને નિહાળવા આતુર થયા. એટલામાં તો વિનયવંત વીરપુત્રો પણ પોતાના પૂજ્ય પિતા અને કાકાને ભેટવા સ્નેહ સહિત સન્મુખ આવ્યા અને અતિ આનંદથી પગે લાગી વિનયયુક્ત ઉભા રહ્યા. એ જોઇ પૂજ્યોએ ઉભરાતા પ્રેમના લીધે હર્ષાશ્રુ સહિત વીર કુમારોને પ્રેમાલિંગન આપી તન મનના તાપ શાંત કર્યા. આ બનાવ બનવાથી બન્ને લશ્કરોની અંદર હર્ષ છાઇ ગયો અને સર્વત્ર જયનાદ પ્રસર્યો.

તે પછી લવ–કુશને સાથે લઇ રામ અયોધ્યામાં ગયા, અને સુગ્રીવ, વિભીષણ અને લક્ષ્મણ રામની આજ્ઞાથી વજ્રજંઘ રાજાની પાસે જઇ કહેવા લાગ્યા કે—" અમો જાનકીજીને લઇ જવા માટે ચાહિયે છીયે જેથી આપ એમને લઈ અયોધ્યામાં પધારી અમો સર્વને આભારી કરો. " એટલું બોલી લક્ષ્મણે સીતાજીને નમન કરી કહ્યું—" માતુ ! આપ અયોધ્યાને પાવન કરવા પધારો, એટલે આનંદ આનંદ થાય. "

સીતાએ કહ્યું—" વ્હાલા બંધુ ! હું નિષ્કલંકી થયા શિવાય અયોધ્યામાં શી રીતે પ્રવેશ કરી શકું ? મેં જ્વાળાવાળા અગ્નિમાં પ્રવેશ કરવો, અગ્નિ પીવો, કકડાવેલા તેલમાંથી વીંટી કહાડી લેવી, તોળાવું અને જીભવડે ફળ ગ્રહણ કરવું–એ પાંચ દિવ્ય કરવાં અંગીકાર કરેલ છે; માટે તે પ્રયોગો કર્યા પછી શુદ્ધ થઇ અયોધ્યામાં આવીશ. "

જાનકીજીનું આવું બોલવું સાંભળી એ પ્રમાણે દઢપ્રતિજ્ઞા સંબંધી હકીકત લક્ષ્મણે રામચંદ્રને જાહેર કરી એટલે રામે જાતે સીતાની પાસે જઇ નીચાં નેત્ર ઢાળી પ્રિયા પ્રત્યે કહ્યું—" દેવી ! તું સાચી સતી છે એવી મને પૂર્ણ પ્રતીતિ જ છે, માટે શંકા છોડી દઇ હવે તુરત નગરમાં પ્રવેશ કર. "

મર્યાદાપૂર્વક પ્રણામ કરી સીતાએ પ્રત્યુત્તરમાં વિનય વચન કહ્યું કે—" વિશુદ્ધાત્મન્ નાથ ! હું કલંકિતને પંચ દિવ્યવડે શુદ્ધિ થયા પછી જ પુરમાં પ્રવેશ કરાવવો ઉચિત છે, કે જેથી પછી અપવાદનું કારણ જ નિર્મૂલ થઇ જાય. "

પ્રાણેશ્વરીની પંચ દિવ્યવડે શુદ્ધિ થવાની ઈચ્છા જાણી રામે એક યોજનના માપની ખાઇ ખોદાવી અને તે પછી તેની અંદર ખેરના અંગારા ભરાવી દીધા. ત્યારપછી સતી સીતા તે ધગધગતી

ખાઇ પાસે આવી ઉભી રહી. અને સર્વજનો સમક્ષ અગ્નિ પ્રત્યે કહેવા લાગી કે—"હે અગ્નિ ! જો મેં મારૂં સ્વપ્નમાં પણ જરા પતિવ્રતપણું ખંડન કર્યું હોય, અથવા તો પરપુરૂષની સ્વપ્નમાં પણ ચિંતવના કરી હોય, તો તું મને બાળી ભસ્મ કરજે; અને જો મન, વચન, તથા કાયાથી નિર્મળપણે શીળને કાયમ રાખ્યું હોય તો તું પાણીના સમાન શીતળ ને પ્રવાહી થઈ જજે." એમ કહી નવકારમંત્રનું સ્મરણ કરતી નિર્ભયપણે પુરજનો ને પરિજનોની મળેલી મેદનીની સમક્ષ ખેરના ધગધગતા અંગારાની ભરી ખાઇની ઉપર ચાલવા લાગી, ત્યાં તો ધગધગતા અંગારાને બદલે નિર્મળ શિતળ જળ થઇ ગયું, જેથી આનંદપૂર્વક ખાઈની પેલી પાળે જઇ નીકળી. એ જોતાંજ લોકોએ જયનાદ કરી જગતને ગર્જારવમય કરી દીધું, દેવોએ દેવતાઈ વાજીંત્રોના ધ્વનીવડે આકાશને નાદમય કર્યું, અને એ નાદથી સમાધિસ્તોની સમાધી છુટી જતાં નાદનું કારણ જાણી તેઓ પણ અતિ આનંદ સહિત સતી શિરોમણી સીતાની અતિ પ્રશંસા કરવા લાગ્યા.

આ બનાવ જોઇ રામચંદ્રજી જનસમાજ સમક્ષ પશ્ચાતાપ કરવા લાગ્યા કે—"મેં આવી સતી સ્રીને નાહક પ્રાણઘાતક સંકટમાં સપડાવી દીધી હતી, એ લોકાપવાદને અનુસરી ખચિત અયોગ્ય કાર્ય આચર્યું હતું; તેમજ સત્યાસત્યનો પૂરતો તપાસ કર્યા વિના સતી સુંદરી ઉપર ગજબ ગુજારવો એ તદ્દન વિવેક બહારની વાર્ત્તા છે, માટે ઘટતો તપાસ કરી ઉપજેલી શંકા અથવા ફેલાયલા અપવાદનું ઘટતી રીતે નિરાકરણ કરવું. નહીં-તો મારી પેઠે પાછળથી પૂર્ણ પસ્તાવાનું પાત્ર થશે. મારા અવિ-ચારીપણા માટે હવે મને બહુ ખેદ થાય છે કે સતી સંતાપના પાપથી હું શી રીતે છૂટી શકીશ ?" ઇત્યાદિ દિલગીરી જાહેર કરી ચૂપ રહ્યા.

પતિને પશ્ચાતાપમાં ગર્ક થયેલા જોઈ સતી સીતા બોલી ! " વીરેશ્વર ! આપે મને બિલકુલ સંતાપી નથી; પણ આ અગ્નિ માંથી, મારા મનમંદિરમાં વસેલા આપેંજ મને બચાવી સોટચના સોનાની પેઠે માનનીય કરેલ છે. જેમ તાપ-છેદ-તાડનાદિ પ્રકારોના સંયોગે પીતલ સોનાની શંકા દૂર થતાં સોનાની કિંમત વધે છે, તેમ આ અગ્નિ વગેરેના સંયોગવડે હું વિમળ થતાં હલકી કિંમતથી સદાને માટે દૂર થઇ છું. જો આપે મને વનવાસ ન કરાવ્યો હોત, તો આ સંસ્કારથી હું બેનશીબ રહી જાત અને શીળના મહાત્મ્ય સંબંધી અસરકારક બોધ જગતમાં જાહેર ન થાત, માટે જે થયું છે તે સારૂંજ થયું છે અને એ સારૂં કરનાર આપજ છો, જેથી આપને શોક કરવાનું કશું કારણ નથી; પણ હર્ષવંત થવાની જરૂર છે.

આ પ્રમાણે પતિ-પત્નિનાં વચનો સાંભળી મળેલો જનસમાજ પણ એકે અવાજે કહેવા લાગ્યો કે—" જુઠો આરોપ આવ્યાને લીધે સીતામાતાએ પોતાના પ્રાણુની અગ્નિને આહુતિ આપી; પણ અગ્નિએ એમના સત્યશિલને જગ જાહેર કરવા પાણી રૂપ બની એમને ઉગારી લીધાં-એજ એમના સાચા સતીપણાની સાબેતી માટે પૂરતો પૂરાવો છે. આખર સત્યનોજ જય થાય છે એમાં કંશો શક નથી. "

આ પ્રમાણે ત્યાં શીલના પ્રભાવની પ્રશંસા થઇ રહી છે, એટલામાં તો એજ સ્થળે ચાર જ્ઞાન ધરનારા શ્રી શીલચંદ્રસૂરીજીનું પધારવું થયું. ગુરૂને પધારેલા જોઇ રામ સહિત તમામ જનોએ વિનય સહ ગુરૂવંદન વિધિ સાચવી, ગુરૂને વાંદી ધર્મોપદેશ સાંભળવાની આતુરતા જાહેર કરી. એથી ધર્મવ્યાપારીએ વિશેષ લાભ જાણી યોગ્ય જીવોને ધર્મ વચન સંભળાવ્યાં, અને તે અસરકારક બોધવચન સાંભળી શ્રોતાજનો પૈકી કેટલાક પ્રતિબોધ પામ્યા.

તે પછી સીતાએ જ્ઞાનીગુરૂને પૂછયું કે—"હે ઉપકારી ગુરૂરાજ ! મારા માથે રાવણને ઘેર રહેવાથી અસતી થઇ હશે, એવો નાહક અપવાદ કયા પૂર્વકર્મના પ્રસંગને લીધે આવ્યો કે જેનાથી હું કલંકિત ગણાઇ હતી ? તે કૃપા કરી પ્રકાશો કે મારો સંદેહ નાશ પામે."

ગુરૂએ સીતાના તથા શ્રોતાઓના હિતાર્થે જ્ઞાનોપયોગ દઇ કહ્યું—"હે મહાનુભાવ ! હિત ચિંતવનારા મનુષ્યોએ હંમેશાં પારકાને દુઃખ દેનાર જૂઠવચન, ખોટું આળ, ચાડી અને છાની વાતો જાહેરમાં લાવી મ્હેંણાં ટોણાં દેવાં-તેનો તદ્દન રીતે ત્યાગજ કરવો યોગ્ય છે. જો કે બીજા લોકોમાં દોષો જાહેરપણે દેખાતા હોય; તોપણ તે પ્રકટ કરવા એ ડાહ્યા પુરૂષોનું ભૂષણ નથી. તો પછી જેનામાં દોષ હોય જ નહીં છતાં તેવા નિર્દોષ મનુષ્યને માથે ખોટું આળ-કલંક મૂકવું એ તો બિલકુલ નાલાયકીજ છે. જે દુષ્ટબુદ્ધિ બીજાને માથે જૂઠું કલંક મૂકે છે તે દુરાત્મા ખચિત જનમંડલમાં નિંદાનુંજ પાત્ર થાય છે, એટલુંજ નહીં પણ અંતે અતિ કઠિન દુઃખો ભોગવે છે. અહંકાર લાવી જે મનુષ્ય પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિના ધારણ કરનારા તથા શુદ્ધ ભાવવંત બ્રહ્મચારી સાધુને કૂડું કલંક લગાડે તે જન પૂર્વભવમાં મુનિને ખોટું કલંક ચલાવવાના કારણથી આ સતી સીતાની પેઠે કલંકિત ગણાય છે.

જેમ પૂર્વભવમાં આ સીતાનો જીવ આ ભરતક્ષેત્રની અંદર **મિણાલિની** નગરીમાં **શ્રીભુતિ** પુરોહિતની **સરસ્વતી** સ્ત્રીની પુત્રી **વેગવતી** થયેલ હતો. એક વખત એ ગામના જંગલમાં કોઇ એક તપસ્વી મુનિ આવી કાઉસગ્ગ ધ્યાન ધરી રહેલા હતા, તેમને વાંદવાને માટે ભાવિક નર નારીઓનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. એ જોઇ પરાપૂર્વથી બ્રાહ્મણને અને જૈન યતિને વૈર

ચાલતું હોવાને લીધે વેગવતી બ્રહ્મકન્યાને પણ તે મુનિ પર ઇર્ષ્યા ઉત્પન્ન થઇ. એથી ભાવિકજન મંડળ આગળ તે કહેવા લાગી કે–“ જ્યારે તમે આવા કપટી પાખંડી મુંડની સેવના કરો છો, ત્યારે પવિત્ર કર્મકાંડી બ્રાહ્મણની સેવા શા સારૂ નથી કરતા ? આ વેષ-વિડંબકને તો મેં હમણાં એકાંતમાં એક સ્ત્રી સંગાથે ક્રીડા કરતાં દીઠો હતો ને એટલામાં વળી મહાસિદ્ધ બની ધ્યાનધરવા લાગ્યો છે. અહા ! દાંભિકો પણ શું શું ડોળ ધરી ભોળા લોકોને ભરમાવે છે ! ! ”

જો કે પરીક્ષક ભાવિક જનોએ તો તે વેગવતીની વાતને ધિઃકારી કહાડી શુદ્ધ ભાવવડે તે સાધુની સેવના તરફ ઉત્તમ મમતા વધારી, પરંતુ તે ખોટા આળને લીધે સાધુના જીવને સંતાપ વધતાં તે વિચારવા લાગ્યા કે—“હું બિલકુલ નઠારા માર્ગે વિચર્યો નથી, છતાં આ જન સમુદાયની રૂબરૂ મને નાહક આળ ચડાવી દીધું એથી અન્ય તો મને દુઃખ નથી; પણ દ્વેષીજનોને વિના કારણે જૈન શાસનની હિલના કરવાનું બહાનું હાથ લાગ્યું તેથી મને વિશેષ દુઃખ થાય છે, માટે જ્યાં લગી મારા માથેથી આ કૂડું કલંક દૂર થશે નહીં ત્યાં સુધી હું આહાર પાણી લઇશ નહીં.” તે વિશુદ્ધાત્મન તપસ્વીએ–આ પ્રમાણે કઠિણ પ્રતિજ્ઞા કર્યા પછી કાઉસગ્ગ સહ ધ્યાનારૂઢ થયા.

આ પ્રકાર થવાથી શાસનદેવીએ વેગવતીની ખોડ ભૂલાડવા અને તપસ્વીની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા, તે અદેખાઇની પુતળી વેગ-વતીના શરીરમાં એવી તો કઠિન વેદના પેદા કરી કે તેણીનો ફક્ત જીવ જવોજ બાકી રહ્યો હતો. તેણીને એવી લોથ પોથ કરી દેવીએ દેવવાણી પ્રકટ કરી કે—“આ દુષ્ટા વેગવતીએ દુષ્કર તપશ્ચર્યા કરનારા સાધુને નાહક આળ આપેલું છે. એ મુની તો તદ્દન નિર્દોષ છે, અને આ દુરાત્મા વેગવતી ખાસ દોષવંત ને જૂઠું બોલનારી જ છે, એથી એણીનો હું પ્રાણ લઇશ. ”

આવી દેવવાણી થતાંજ વેગવતી સકળ જન સમક્ષ કહેવા લાગી કે—'હે દયાળુ મુનીવર ! હું આપને વંદના કરૂં છું. ગુરૂજી ! હું આપની અપરાધિની છું, મેં આપને માથે કૂડ કલંક ચડાવેલું છે; હું અતિ અધમ હોવાથી જ મેં આ નીચ આચરણ આચર્યું છે; માટે મને ક્ષમા બક્ષો." વગેરે વગેરે બહુજ આજીજી ભર્યા શબ્દો ઉચ્ચારી વારંવાર પગે લાગવા લાગી. એથી શાસન-દેવીએ તેણીની આગંતુક પીડા હરી લીધી.

તે પછી વેગવતી સાધુને પગે પડી પ્રાર્થના કરવા લાગી કે—"પ્રભો ! મને આ મહાપાપથી મુક્ત કરવા માટે જૈન દીક્ષા આપો કે જેથી મારૂં કલ્યાણ થાય અને ભવ ભ્રમણની ભાવઠ જાય." વેગવતીના કોમળ પરિણામને ધ્યાનમાં લઈ તે ક્ષમાસમુદ્ર સાધુએ તેણીને દીક્ષા આપી પ્રવચનોના વચનોનો બોધ કર્યો. એથી વેગવતી સાધ્વીએ પણ તે બોધને પૂર્ણપણે અમલમાં લઇ દૃઢ પ્રતિજ્ઞ બની, દુષ્કર તપ આદરી, પોતાના કર્મની નિંદા કરી આયુષ્ય પૂર્ણ થતાં શુભ પરિણામના યોગે સ્વર્ગમાં નિવાસ કર્યો. સ્વર્ગમાં સંયમ તપના પ્રતાપથી દૈવી સુખ અનુભવી ત્યાંથી ચવીને જનકરાજાને ત્યાં સીતા નામથી તું રાજબાળા થઈ. હે સીતા સતી ! તું તારાં સમ્યક્ પ્રકારે પાપ આળોવ્યા વગર મરણને શરણ થઈ જેથી આ ભવની અંદર મુનિને ખોટું આળ આપ્યાને લીધે તારે માથે કૂડું આળ ચડયું હતું."

આવી રીતની જ્ઞાની ગુરૂની વાણી સાંભળી સર્વજનો પોત-પોતાથી પળાઇ શકાય તેવાં વ્રત પચ્ચખ્ખાણ ઉચ્ચરી, પોતપોતાને સ્થાનકે ગયાં. એ વાણીની સચોટ અસર થવાથી રામચંદ્ર અને સીતા વિશેષ પ્રકારે ધર્મકાર્યમાં લીન રહેવા લાગ્યાં.

કેટલોક વખત વીત્યા પછી સતી સીતાએ પૂર્ણ વૈરાગ્ય પ્રાપ્તિને યોગે સંસારના ક્ષણિક સુખને છોડી દઈ અચળ સુખદાતા

સંયમ ગ્રહણ કર્યું, અને શુદ્ધ–પ્રકારે પરમાત્માની આજ્ઞા પ્રમાણે સંયમ પાળી આયુના અંતે અચ્યુત નામના બારમાં દેવલોકમાં ઈંદ્રની પદવી પ્રાપ્ત કરી. અહા ! તપ, સંયમ અને શુદ્ધ ભાવના સંયોગથી સ્ત્રીવેદનો અંત કરી પુરૂષવેદને પણ પ્રાપ્ત કરી શકાય છે!!

એક સમય સીતા સતીના જીવ ઇંદ્રે રામની પાસે આવી તેણીને પ્રતિબોધી પોતાના આત્માનો ઉદ્ધાર કરવાની પ્રેરણા કરી, પૂર્વપ્રેમ સંબંધને ઉત્તમ પ્રકારે શોભાવ્યો. ( એ અધિકાર માટે રામચરિત્રનું અવલોકન કરવું. )

સીતાનો જીવ ઇંદ્રલોકમાંથી ચવી અન્ય ભવ કરી અનુક્રમે મોક્ષે જશે એમ જિનવચનો પ્રતીતિ આપી રહેલ છે.

આ વાર્ત્તા વાંચી વ્હાલા વાંચનારાઓએ એ સાર ગ્રહણ કરવાનો છે કે–સતી સીતાએ પોતાના સત્ય શીયલના પ્રભાવવડે અગ્નિને પાણીરૂપ કરી પોતાની અંતરંગ વૃત્તિની પ્રભા પ્રકાશમાં લાવી, દેવ દાનવ અને માનવોના જયનાદ સહિત મહાસતી પદ પ્રાપ્ત કર્યું. એ અતિ પ્રશંસવા લાયક દાખલો આપણા અંતરમાં ઉતારી એ પ્રકારની શીળશૈલીને અંગીકાર કરવી કે જેથી આ ભવ અને પરભવમાં મહત્ સુખો મળે અને જુગોજુગ સુધી અમર નામના રહે.

આ શિવાય આ સીતા ચરિત્રમાંથી એ સાર લેવાનો છે કે–નારદ સરખા માનના ભૂખ્યા માણસોને વિશેષ માન આપવું, નહીં તો તે બેહદ ખટપટ કરી અતિ દુઃખમાં ફેંકી ઝોંકાવી દે છે. પતિ પત્નિનાં એક દિલથી ગૃહરાજ્યનો વખાણવા લાયક ચાલતો કારોબાર, પુત્રીના પિતા થવામાં રહેલી અસંખ્ય ઉપાધિયો, ઓરમાન માની દુષ્ટ વિચારણા, પતિ પત્નિનો આદર્શ પ્રેમ, કામી જનોની વિલક્ષણ સ્થિતિ, પુણ્યોદયની પ્રબળતાનો પ્રભાવ, પરોપકારી જનોની પ્રશંસવા યોગ્ય વર્ત્તણુંક, જાતિ અપમાન થવાથી

**ઉશ્કેરાતી લાગણીને લીધે થતાં નુકશાન, પરાક્રમી પુત્રોથી પિતા વગેરેને મળતી પ્રસન્નતા, સારાં કામો કરવાથી સારૂં અને નઠારાં કામો કરવાથી નઠારૂં ફળ મળવા સંબંધીનો પુરાવો અને સાધુ નિંદાથી થતા મહાપાપની નોંધ વગેરે વગેરે ઘણો સાર લેવાનો છે, માટે વાર્ત્તા વાંચતા જે જે સાર ગ્રહણ કરવાની બાબતો આવે તે તે ગ્રહણ કરી ઉભય જન્મને સફળ કરવા ઉત્તમ કામો કરવાં જોઈયે.**

---


## " શ્રી નેમનાથ પ્રભુનું ( નવ ભવનું ) ચરિત્ર. "

આ ગ્રંથમાં શું જોશો ? શ્રી નેમનાથ પ્રભુ અને સતી રાજેમતીનો નવ ભવનો ઉત્તરોત્તર આદર્શ પ્રેમ, પતિ પત્નીનો અલૌકિક સ્નેહ, પ્રભુની બાળક્રીડા, વગેરે પ્રસંગોની જાણવા યોગ્ય હકીકતો, તેમજ શ્રી વસુદેવ રાજાનું ચરિત્ર અને ઉચ્ચ પ્રકારની પુણ્ય પ્રકૃતિનું વર્ણન, વળી શ્રીકૃષ્ણ વાસુદેવનું ચરિત્ર, વૈભવ, પરાક્રમ, રાજ્યવર્ણન. પ્રતિવાસુદેવ જરાસંધનો વધ, નેમનાથ પ્રભુ પ્રત્યેની શ્રીકૃષ્ણની અપૂર્વ ભક્તિ, તદ્દભવ મોક્ષગામી શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્રો શાંબ અને પ્રદ્યુમ્નનું જીવનવૃત્તાંત. મહાપુરૂષ અને સતી નળ દમયંતીનું જીવન ચરિત્ર, દુઃખના વખતમાં રાખેલી અખુટ ધૈર્યતા, શિયલ સાચવી બતાવેલો અપૂર્વ મહિમા. જૈનોનું મહાભારત, પાંડવોનું જીવન ચરિત્ર, કુરૂક્ષેત્રમાં પાંડવ કૌરવોનું ( ન્યાય અન્યાયનું ) યુદ્ધ, સતી દ્રાપદીનો સ્વયંવર અને પાછલા ભવનું વર્ણન, સતી દ્રૌપદીનો જૈન ધર્મ પ્રત્યે નિકટ પ્રેમ, પતિ સેવા શિયલ વર્ણન વગેરે. શ્રી નેમનાથ ભગવાનના જન્મ મહોત્સવ, દિક્ષા, દેશના, પરિવાર અને છેવટે મોક્ષ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં એટલું બધું વિસ્તારથી, સુંદર અને સરલ રીતે આપ્યું છે કે, અત્યાર સુધીનાં શ્રી નેમનાથ પ્રભુના પ્રકટ થયેલા ચરિત્રો કરતાં આ પ્રથમ પંક્તિએ આવે છે. આ ગ્રંથ આલ્હાદ ઉત્પન્ન કરે તેવો, દરેક મનુષ્ય વાંચી પોતાનું વર્ત્તન ઉચ્ચ ધર્મિષ્ટ બનાવી પોતા માટે મોક્ષ નજીક લાવી શકે તેવો છે.

**કિંમત બે રૂપીયા.** પોસ્ટેજ જુદું.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

# સતી અંજનાસુંદરીની કથા.

(૩)

આ જંબુદ્વીપને વિષે વિદ્યાધરોના જોડલાંઓની પંક્તિથી સુશોભિત એવો વૈતાઢ્ય નામનો પર્વત છે. ત્યાં સ્વર્ગભૂમિથી ઉતરી આવેલું હોય તેવું ઉંચા ઉંચા મહેલોથી ભરપુર આદિત્યપુર નામે મનોહર નગર હતું. તે નગરમાં વિદ્યાધરોમાં મણિરૂપ મહા બળવાન–પ્રતાપી **પ્રલ્હાદ** નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને ગુણે કરીને મણિની ખાણરૂપ **પદ્માવતી** નામની રૂપ–લાવણ્ય યુકત શીલવાન સ્ત્રી હતી, તેણે જન્મથીજ મહા બળવાન એવા એક પુત્રને જન્મ આપ્યો. વિદ્યાધરોએ મળી તેનો જન્મોત્સવ ઉજવ્યો અને તેનું નામ **પવનંજય** એવું રાખવામાં આવ્યું.

પવનંજય નાનપણથી બહુજ રમ્ય હતો, જેથી તે વિદ્યાધરોનો લાડકો બની ગયો હતો. સર્વે વિદ્યાધરો સૌ સૌના ભુવનમાં લઈ જઈ તેને રમાડતા હતા, જ્યારે તે પાંચ વર્ષનો થયો ત્યારે તેને માટે દરેક જાતની વિદ્યા ભણવા માટે અભ્યાસના સાધનો અને વિદ્વાન પંડિતની સગવડ કરવામાં આવી. કારણકે પુત્ર પાંચ વર્ષની ઉમ્મરે પહોંચે કે તુરત તેઓને સારા આચાર, ઉંચા વિચાર અને સારા ગુણવાળા મહેતાજીની મારફત જે સમયમાં જે જે ભાષાઓ જે જે આચાર વિચાર–નીતિ રીતિ અને ઉપયોગી કળાઓ, તેમજ પો-

તાની ધાર્મિક અને વ્યવહારિક કેળવણી મેળવવાની જરૂર હોય, તે તે બાબતોની અર્દ્ધદગ્ધ નહીં, પણ પૂર્ણ પ્રકારે ઉચ્ચ કેળવણી અપાવી સંતતિના ઋણથી મુકત થવું—એમ નીતિ શાસ્ત્રકારોએ કહેલું છે.

આ ચાલુ જમાનાની અંદર ઘણે સ્થળે જોવામાં આવે છે કે, દીકરો આંક, લેખાં, નામું અને વ્યાજ કહાડતાં શીખી ગયો કે હુશીઆર થયો જાણી, નિશાળેથી ઉઠાડી લઇ તેનાવાલી તેને વ્યાપારનાં અથવા ગુમાસ્તીના કામમાં જોડી દે છે! કોઇ ગુજરાતી ભણી, અથવા કોઈ એથી અગાડી વધી—ઇંગ્રેજી—સંસ્કૃત—ફારસી—ઉર્દુ—મરાઠી વા એવીજ કોઈ પોતાના દેશમાં ચાલતી ભાષાનું મતલબ જેટલું જ્ઞાન મેળવે છે; પરન્તુ તે તે ભાષાઓ સંબંધી પૂર્ણ જ્ઞાન મેળવી નીતિ, જગરીતિ વગેરેના સારા અનુભવી બનતા નથી. નથી બનતા એમાં બાળકોનો દોષ નથી, પણ માવિત્રોના સાંકડા મનના નબળા વિચારો અને કંજુસાઈનોજ દોષ છે. અને આમ હોવાને લીધેજ પોતાનાં ફરજંદો ઉચ્ચ કેળવણીથી અલગ રહેતાં વિદ્યા—કળા—નીતિ વગેરેનો પૂર્ણ અનુભવ મેળવવામાં બેનશીબ રહે છે. તેમજ અર્દ્ધદગ્ધ કેળવણીના પ્રતાપે મર્યાદા રહિત, મિજાજી, ઉદ્ધત, આળસુ અને મક્કમ વિચાર વગરની સંતની બનતી જોવામાં આવે છે. અને એવીજ સંતતીને લીધે આ આપણો વિદ્યા—કળા—વ્યાપારાદિમાં અગ્રગણ્ય ગણાતો હિંદ દિન પ્રતિદિન કળા કૌશલ્યાદિમાં પછાત પડી પરતંત્રતાનું પાત્ર થયે જાય છે, એના મૂળ કારણરૂપ સંતતિને ઉચ્ચ કેળવણી જોઇએ તેટલી નહીં આપનારાં માબાપોજ છે! એમ નિર્વિવાદે કબુલ કરીયે તો તે કંઇ ખોટુ નહીં ગણાશે.

વાંચનાર! તમો પણ આખી જીંદગીમાં કોઇ વખત પુત્ર કે પુત્રીનો લ્હાવો લેવાજ સરજાયલા છો, તો તે વખતે પોતે પોતાનાં

પ્યારા ફરજંદોને પૂરી રીતે વિદ્યા–કળા સંબંધી તથા નીતિ, વ્યવહાર ને ધર્મ સંબંધીની ઉંચી કેળવણી આપવા માટે પછાત ન રહેતાં પોતાની, પોતાની જ્ઞાતિની અને પોતાના દેશની પુનઃ જાહોજલાલી ઝલકી નિકળે તેવી ઉત્તમ કેળવણી આપી ભારતોદ્ધારકનું કારણ બનવા ભાગ્યશાળી થશો.

જુઓ ! પ્રલ્હાદ રાજાએ પોતાના પુત્ર પવનંજયને ઉચ્ચ કેળવણી આપી સર્વ સુકળાસંપન્ન કર્યો હતો, અને તે કેળવણીના પ્રતાપથી તે પવંનજયે આ જગતની સપાટી ઉપર પોતાના બાહોશી ને બહાદુરી ભર્યાં સારાં કામો કરી કેવી સારી નામના મેળવી હતી– તે જાણવા નીચેનો લેખ વાંચી તમો પોતેજ તેનો ખ્યાલ કરી પોતાની સંતતિનું ભલું ચાહવા તેવી ઉંચી કેળવણી આપશો.

પ્રલ્હાદ રાજાએ જયારે પોતાના વ્હાલા પુત્ર પવનંજયને વિદ્યા–કળા–આત્મબળવડે પોતાનો ઘરસંસાર સારી રીતે નિભાવી શકે તેવી અવસ્થાવાળો જોયો, ત્યારે પોતાના સરખા પરાક્રમી, વૈભવશાળી અને નિષ્કલંકી કુળવાળા **માહેંદ્રપુરના માહેંદ્રરાજાની હૃદયસુંદરીના** કુખથી ઉત્પન્ન થયેલી **અંજનાસુંદરીની** સંગાથે તેનું મહોત્સવ સહિત લગ્ન કર્યું.

વાંચકવૃંદ ! પુત્ર કે પુત્રી વિદ્યા–કળા સંપન્ન કરી જયારે પુરૂષ સ્ત્રી પ્રત્યેની અને સ્ત્રી પોતાના પતિ પ્રત્યેની ફરજો પૂરેપૂરી રીતે પૂરી પાડવા લાયક જણાય ત્યારેજ તેઓનાં લગ્ન થવાં અતિ જરૂરનાં છે, કે જેથી તેઓનો ગૃહસંસાર વગર કંટાળાભર્યો–આનંદ અને ઉત્તમ વૈભવ સાથે આગળને આગળ ધપે.

હાલમાં તો પુત્ર કે પુત્રીનાં અણસમજણવાળી ઉમરમાં અરે ! લગ્ન શબ્દની અંદર સમાયલો ગંભીર સુખ દેનારો અર્થ જરા પણ ન સમજી શકે તેવી ન્હાની ઉમરમાં લગ્ન થાય છે. અને

આવાં બાળ લગ્નો થવામાંજ તે પરણનારની ભાગ્યદશાને ભુંસી વાળનારાં તેનાં હિતચિંતક માવિત્રો અહિત કરી આનંદ અને આબરૂ વધેલ માને છે! એજ બાળ લગ્નોએ આપણી વિદ્યા, કળા અને શરીર સંપત્તિનો નાશ કરી દીધો છે, અને એથીજ આપણી સંતતિ દિન પર દિન નબળા બાંધાવાળી, ટુંકી આવરદાવાળી; બળ ઉત્સાહ ને ધૈર્યતા વિનાની; સાંકડા વિચારની અને રોગથી જોડાયલી થતી જોવામાં આવે છે. એવી સંતતીના લીધેજ હિંદ પારકાને આધારે ગુજરાન ચલાવનારો થયો છે ને થતો જાય છે! બાળ લગ્નના પ્રતાપથી વિદ્યાભ્યાસ આટોપી લેવો પડે છે, તેથી ગુજરાન નિભાવવાને જોઇયે તેટલો ભણવાનો કે કારિગીરીનો હુન્નર હાથ ન થવાને લીધે વલખાં મારી પેટપોષણ પૂરૂં કરાય છે. બાળલગ્નના પ્રતાપથી ધણી ધણીયાણી વચ્ચે અણબનાવ રહેવાને લીધે આખી જીંદગી રોદણાં રડતાંજ પૂરી થતી જોવામાં આવે છે. બાળ લગ્નના કારણથી અપકવ સમય સંબંધ થવાને લીધે ઘણે અંશે વંધ્યાપણું પણ પ્રાપ્ત થાય છે. કિંવા સંતતિ થાય છે તો અલ્પાયુષી, રોગી અને તદ્દન બાયલી-નિર્માલ્ય બાંધાની થાય છે. માટેજ પુત્ર પુત્રી ભણી ગણી સારી પેઠે ઘરસંસાર સુખપૂર્વક નિભાવી શકે તેવાં લાયક થાય ત્યારેજ તેમનાં લગ્ન કરવાં, નહીં તો તે લગ્ન વિઘ્નરૂપજ નીવડશે!

પ્રવીણ પવનંજયની વિવાહિતા અંજનાસુંદરી જો કે રૂપ ગુણ અને પતિદેવની મરજી સાચવવામાં ઘણીજ વખાણવા લાયક હતી; તોપણ કોણ જાણે કંઇ કાર્યને માટે પૂર્વ કર્મના યોગે પવનંજયને શક ઉત્પન્ન થતાં તેણે પોતાની પ્રિયાને પૂર્વાપરનો પ્રસંગ ધ્યાનમાં લીધા વિના અથવા કંઈપણ તપાસ કર્યા વિના તજી દીધી, એટલે કે તેણીની સાથે બોલવા વગેરે સર્વ વ્યવહાર બંધ કરી કેવળ અણમાનીતિની પેઠે વર્ત્તન ચલાવવા લાગ્યો.

અંજનાસુંદરીએ પોતાના ઉપર પતિનો અભાવ જોઇ તેઓને નારાજી ઉત્પન્ન થવાનું કારણ તપાસી જોયું; પરંતુ તેનું કારણ તેણીના સમજવામાં આવ્યુંજ નહીં. આથી સુશીલા બહુજ મુંઝાવા લાગી. સમજુ સ્ત્રીઓની સાથે પતિ અણબનાવ રાખે તે કરતાં વધારે સખત શિક્ષા સ્ત્રીઓને માટે એક પણ નથી. આમ હોવાને લીધેજ અંજનાસુંદરીને વધારે અકળામણ આવવા લાગી; પણ કરે શું ? પતિ એકાંતમાં મળે નહીં અને એકાંત વિના ભ્રાંતિ ભાંગવાનો વખત શી રીતે હાથ કરી શકે ? સુકુળવંતીઓની એવી રીતિ હોય છે કે, વડીલોની મર્યાદા જાળવી ઘરમાં પોતાનાં જરૂરી કામોથી નવરી થાય ને જ્યારે પોતાના શયનગૃહમાં જાય ત્યારે પતિનું મ્હોં જોવાને ભાગ્યશાળી બને. નહીં કે હાલના જમાનામાં પાશ્ચિમાત્ય રીતિના અનુસારે ગમે ત્યારે બોલતાં, વારેવારે પતિ સ્હામું જોતાં ને વડીલોની મર્યાદાને બંધનરૂપ માની સ્વચ્છંદ રીતે વર્તતાં સુકુળવંતી ભાગ્યભાજન ગણાય ? આવા સંયોગને લીધે ધણી ધણીયાણીના દિલનો ખુલાસો થવા પામ્યો નહીં. એથી અંજનાસુંદરી ઉદાસીન બની ગઈ, અને માનસિક દુ:ખની પ્રબળતા થતાં અપાર દુખિયારી થઈ પડી. પણ એ દુ:ખ કોને કહેવાય ?

અંજનાસુંદરી હાલના વખતની અર્દ્ધદગ્ધ કેળવણી પામેલી કે અભણ સ્ત્રી જેવી ન હતી કે પતિ તરફથી તિરસ્કાર મળ્યો હોય અથવા પતિના વર્ત્તનથી પોતાને કંઇ કષ્ટ થયું હોય તો બીજી બહેનપણીઓ કે આડોસણો પાડોસણોની આગળ રોદણાં રોઇ, પોતાનું પોત બીજાને બતાવી બેવકૂફમાં ખપે. દુ:ખ જેના તેના અગાડી કહેવાથી કંઈ મટતું નથી; કેમકે બીજા અગાડી રોયેલાં રોદણાંની વાત ધણીના કાને જતાં તે ઉલટો વધારે ચીડાય, જેથી વિશેષ દુ:ખ થાય છે. પણ ઘટતું તો થવાની

આશાજ રહેતી નથી. અશુભ કર્મના ઉદયથી દુઃખ આવ્યું છે, તે શુભકર્મના ઉદય વિના કોણ મટાડી શકવા શક્તિમાન્ છે ? કોઈજ નહીં ! તો પછી આપણી છાની વાત બીજાને બોલી બતાવી નાહક હાસ્યને પાત્ર થઇ શા માટે હાથે કરીને હલકા પડવું જોઇયે ? વાંચનાર, સુશીલ બેહેનો અને સન્નારીયો ! તમો પણ આજ નિયમને અનુસરી મનનું દુઃખ મનમાંજ સમજી પરમાત્માનું સ્મરણ કરજો કે જેથી સદાય આનંદની વૃદ્ધિ થાય.

આ સૃષ્ટિમાં સદાકાળથી એવોજ નિયમ ચાલુ રહેલો જાણુવામાં આવે છે કે કોઇ પ્રાણીને સદાકાળ સુખ પણ કાયમ રહેવા પામતુંજ નથી, તેમ દુઃખ પણ હંમેશાં ટકવા પામતું નથી, જેમ રાત જતાં દિવસ અને દિવસ જતાં રાત થાય છે, તેમજ દુઃખ જતાં સુખ અને સુખ જતાં દુઃખ શુભાશુભ કર્મના યોગે થાય છે, તો પછી એ નિયમવાળી સૃષ્ટિ પૈકીની અંજનાસુંદરીને એ નિયમ લાગુ થવોજ જોઇયે. આટલા દિવસ તેણીને પતિની સાથે બેસી ચાર આંખો મેળવી વાત કરવા સરખો લ્હાવ પણ વીત્યો નથી અને પતિનું સુખ કેવું હશે તેનો માત્ર સ્વપ્નમાં ભાસ થવા પામ્યો હશે. કેટલોક સમય ગયા બાદ સંયોગરૂપી સૂર્યની ઝાંખી થવાનો માત્ર થોડો વખતજ બાકી હતો એથી અણધાર્યું એમ બન્યું કે—

લંકાપતિ રાક્ષસેંદ્ર રાવણનો દૂત પ્રહ્લાદ રાજાની પાસે આવી કહેવા લાગ્યો કે–" વરૂણ કે જે પશ્ચિમ દિશાનો અધિપતિ છે, તેની સાથે યુદ્ધ કરવા જવાનું છે, માટે મારા સ્વામીએ આપને બોલાવ્યા છે, "

દૂતના વચનથી પ્રલ્હાદ રાજાએ લશ્કર તૈયાર કરાવીને ત્યાં જવાની તૈયારી કરાવી. આ વાતની જ્યારે વીરમણિ પવનંજયને

જાણુ થઈ ત્યારે તુરત પોતે પિતાની આગળ જઇ પ્રણામ કરી વિનય સહ વિનવવા લાગ્યો—" વ્હાલા તાતજી ! જ્યાં લગી હું લડાઇના મેદાનમાં ઘુમનાર હાજર છું, ત્યાં લગી આપને જાતે જવું એ દુરસ્ત નથી; કેમકે રાજનીતિએ એમ કરવા ચોખ્ખી ના પાડેલ છે. માટે આપનું પધારવું મોકૂફ રાખી મને હુકમ કરો કે તે કાર્યમાં ફતેહ મેળવી તાકીદે પાછો આવી આપની સેવામાં હાજર થાઉં."

વિનયી વીરપુત્રનું નીતિયુક્ત વચન સાંભળી પ્રહ્‌લાદ રાજાએ પવનંજયને તેના વિચારને અમલમાં મૂકવાની આજ્ઞા આપી, અને 'વ્હાલા વત્સ ! વિજય મેળવી વ્હેલા ઘેર આવજો.' આ આશિષવડે પોતાની પ્રસન્નતા જાહેર કરી. વીરપુત્રે તે શુભાશિષને વધાવી લઈ પછી માતુશ્રીની શુભાશિષ મેળવવા અંતઃપુર ભણી ગમન કર્યું, ત્યાં જઇ ભક્તિ સહિત માતાને પ્રણામ કરી યુદ્ધે જવાનું જાહેર કરી રજા માંગી. વીર માતાએ પણ ઘણી ખુશીની સાથે શુભાશિષ દઇ વીરપુત્રને યુદ્ધમાં જવાની રજા આપી. ધન્ય છે એ વીર માતાઓને !

વાંચનાર ! પુત્રની એ ફરજ છે કે–પિતાનો બોજો બધો પોતે ઉઠાવી લેવો, તેમજ પિતાનો શુદ્ધ મનથી વિનય સાચવવો અને માતાની પણ ભલી રીતે ભક્તિ સાચવી તેને આનંદ આપવો, કે જેથી માતા પિતાના ઋણથી મુક્ત થવાય. નહીં કે ભણી ગણી હુશીઆર થઇ માબાપના હૃદય સંતાપવાં. તેમજ બાપે પણ પુત્રની સુનીતિ રીતિથી અહોભાગ્ય માની તેની ચડતી થવા હંમેશાં નિમગ્ન રહી તે વધારે નીતિમાન્ બાહોશ–બહાદુર થાય તેવી વાત્સલ્યતા પૂર્ણ વર્ત્તણુંક રાખવી, અને પુત્ર તેમજ શિષ્યના અગાડી પોતાનો પરાજય થાય એમજ ઈચ્છવું.

જે વખતે પવનંજય માતાની શુભાશિષ મેળવવા ગયો તે

વખતે પોતાની વિયોગિની સ્ત્રી અંજના પણ સાસુની સેવામાં તત્પર રહેલી ત્યાં હાજર જ હતી. તેણીએ પતિદેવને આવેલા જોઇ તુરત અદબ સાથે પતિના ચરણમાં નમન કર્યું; પરંતુ તેણીના તે ભક્તિભાવ તરફ બિલકુલ બેદરકારી બતાવી પવનંજય તો ત્યાંથી ચાલતોજ થયો. આ બનાવ જોતાં તેણીની સાસુના જાણવામાં આવ્યું કે દંપતિ વચ્ચે કંઇક અણબનાવ છે, પણ તે વાત છેડવાનો તે વખત ન હોવાને લીધે તેણીએ પણ તે બાબત તરફ દુર્લક્ષ દાખવ્યું. આમ થવાથી ઉલટો અંજનાના દુઃખમાં કંઇક ઉમેરો થયો; કેમકે ચાર કાનેથી પોતાની છુપી વાત છ કાને જઇ પહોંચી. જ્યાં લગી બે કાનેજ વાત પહોંચી હોય ત્યાં લગી પોતાની વાત પોતેજ જાણતો હોય છે. જ્યારે બીજાને કહી એટલે ચાર કાને પહોંચી એથી જરા શંકાવું પડે છે કે રખેને એ મારી છુપી વાત કોઇને કહી ન દે ! પરંતુ જ્યારે છ કાને એટલે ત્રીજાના જાણવામાં આવી ત્યારે તો પછી બગડે બે, અને તગડે ત્રણ, મતલબમાં બે જણના જાણવામાં બગડે છે અને ત્રણ જણના જાણવામાં આવતાં તે વાતને તગડે-દોડાવે છે, જેથી છુપી વાત જાહેર થઇ જાય છે, માટે ચારથી છ કાને વાત ન પહોંચે એની પૂરતી ખટક રાખવી જ ઘટે છે.

પવનંજય તો પોતાના એક ઇષ્ટ મિત્રની સાથે પોતાના લશ્કર સહિત આકાશગામિની વિદ્યાના બળવડે આકાશપંથે પવન વેગે રસ્તો કાપતો, સેંકડો ગાઉને છેટે આવેલા એક સુંદર સરોવરની નજીક જઇ પહોંચ્યો, અને તેને તે જગ્યા આરામ લેવા લાયક લાગવાથી ત્યાં એક રાત્રિ પડાવ કાયમ કરવા વિચાર થઇ આવ્યો. એથી તે સરોવરની પાળે સુંદર વૃક્ષોની ઘેરી ઘટામાં લશ્કરી છાવણીના ડેરા તંબુ ખડા કરાવી તેમાં તેણે આરામ લીધો.

પ્રિય પાઠક વર્ગ ! દેવી અંજનાસુંદરીના સુભાગ્યને લીધે એ

રાત્રિની અંદર એક એવો અસરકારક બનાવ બન્યો કે જે વૃક્ષની નીચે પવનંજયનો તંબુ હતો, તે વૃક્ષની ઉપર રહેનારી ચકવીનો ચકવો તે ( દિવસ ) ચકવીને છોડી કયાંક જતો રહ્યો હતો, જેથી તે ચકવાના વિયોગને લીધે ટળવળતી ને કલ્પાંત કરતી ચકવીનો દયા ઉપજાવનારો વિલાપ સ્વર પવનંજયને કાને પડયો. પવનંજય જાનવરની ભાષા સમજનાર હોવાથી તે વિલાપ સાંભળતાં તેના મનમાં એવી તો સચ્ચોટ અસર થઈ આવી કે–" અરે ! જયારે આ ચકવી કે જે એક પંખી છે તેને પોતાનો પાત ફક્ત આજની રાતજ છોડી જતો રહ્યો છે, તેટલામાં તેના વિયોગને લીધે જયારે હૈયાફાટ રોતી મહાન્ કલ્પાંત કરે છે, ત્યારે મારી સ્ત્રી કે જે એક પ્રવીણ રાજકુમારી છે, તે મારા લાંબા વખતના વિયોગને લીધે કેટલું અને કેવું કલ્પાંત કરી દુઃખ ભોગવતી હશે એ એનું મન કે પરમાત્મા એ બેજ જાણતાં હશે ! હા ! મારી પણ કેવી મુર્ખતા છે કે, જે શંકાને કારણ મળ્યું તે શંકાને દૂર કરવા કશા પણ ઉપાય ન આદરતાં "નબળો માટી બૈરી ઉપર શુરો !" તેવો ઘાટ ઉપયોગમાં લઈ મેં તેણીને તરછોડી દીધી એ ખચિત વિશ્વાસઘાતિપણુંજ કર્યું છે. મેં હજારો મનુષ્યોની વચમાં તેણીનો હસ્તમિલાપ કરતાં કોલકરાર કર્યો હતો કે–' આજથી હું તારો અને તું મારી છે. તારા સુખે સુખી અને તારા દુઃખે દુઃખી બનીશ. આપણે એક બીજા સ્નેહપૂર્ણ આજથી જોડાઈ જતાં પ્રેમતંતૂની મજબૂત ગાંઠ પડી છે. એક આત્મારૂપે વાંસે વાંસે દોરાયાથી સાક્ષીરૂપે ફેરા ફર્યાની વાતને હું છેક લગી હમેશાં યાદ રાખી એક બીજાની સમ્મતીથી કામ કરીશ, અને નિરંતર તારૂં સંસારગૃહ શોભાયમાન બનાવીશ. ' પરંતુ એ બધા કરારો ઉપર પાણી ફેરવી દઈ મેં તેથી ઉલટું વર્તન ચલાવી તેણીને અસહ્ય દુઃખ દીધેલ છે, એથી હું દગાબાજ ઠરી જ ચુકયો છું.

મારા વગર એનો પોકાર પણ કોણ સાંભળે તેમ છે? તેણીને હૈયાધારણા પણ કોણ દેનાર? શું લગ્ન શબ્દનો મારે આવોજ અર્થ કરવો વ્યાજબી હતો? લગ્ન શબ્દનો અર્થ એ છે કે એક બીજાનાં એટલે વર-કન્યાનાં મન જોડાઇ જવાં, નહીં કે લગ્ન કરી વિવાહિતાને વિઘ્નમાં સપડાવી પોતાના દુરાગ્રહમાં મગ્ન રહેવું જોઈએ. એ મારાપર હંમેશાં પ્રેમભાવ દર્શાવતી રહી છે અને હું તેણીનાં તરફ તિરસ્કાર દર્શાવતોજ રહ્યો છું. એ પણ મારી નાદાની ખાનદાનીને કાળો દાઘ બેસાડે એવીજ છે! શરણે આવેલાને પણ શરણુ ન રાખી શકયો એ મારી વીરતાને લઘુતા આપનારી બાબત છે. હશે! જે થયું તે થયું. "ભૂલ્યા ત્યાંથી ફરીને ગણવું" એ પણ ઉત્તમ છે. ભૂલથી જગત ભરેલું હોવાથી દરેક મનુષ્યમાં ભૂલ થવા પામેજ છે; પણ ભૂલ સુધારી લેવી એ પોતાની ફરજ છે. નહીં તો ચોખ્ખો મૂર્ખનો રાજાજ ઠરે છે." વગેરે વગેરે વિચાર કરી પોતાનાથી થયેલી ભૂલ સુધારી લેવા તેજ વખત તે પોતાની પ્રિયાને ભેટી તેણીનું દુઃખ દૂર કરવા તૈયાર થયો. અને પોતાના ઇષ્ટ મિત્રને જગાડી તેના આગળ કહેવા લાગ્યો કે—"વ્હાલા મિત્ર! જરા સાંભળતો ખરો. આ બિચારી ચકવી ચકવાનો વિયોગ થતાં કેટલો બધો હૈયાફાટ વિલાપ કરે છે?"

પવનંજયનું આવું બોલવું થતાં પોતાને કંઇ કહેવાનો ઠીક લાગ મળ્યો માની ઇષ્ટમિત્ર બોલ્યો—"ભાઇ! બધાં તારા સરખાં નઠોર કઠોર મનવાળાં હોતાં નથી કે વિના કારણે ધર્મપત્નિથી અણબનાવ રાખે. કોણ જાણે પોતાના પંડની ખામીને લીધે પરણી ગૃહણીને મળવા નહીં જતાં હો તો કોને ખબર છે? ખામી ખુલ્લી થવાનો ~~ભય ન હોત તો આમ તેણીનાથી છેક~~ અતડા રહેતજ નહીં. બિચારાં પંખી [illegible]

જોડલામાં એક બીજા વચ્ચે દગો ન રાખતાં પ્રેમ બંધન જાળવવા માટે કેવાં વિયોગવડે ટળવળે છે; તો પણ આવા બનાવ જોઇને પણ તમોને કયાં બોધ થાય છે ? તમારે તો પત્થર ઉપર પાણી છે.” એટલું કહી આગળ વધારે બોલવા જતો હતો તેટલામાં તો પવનંજય વચમાંજ બોલી ઉઠયો કે—

“મિત્ર ! હવે બસ કર. તારાં મર્મભેદક વચનોએ મારા મનને અત્યંત આતુર બનાવી મૂકયું છે, મને મારી મૂર્ખતાને માટે બહુજ પસ્તાવો થાય છે, અને ચૉરીમાં હાથ મેલાવવા વખતના તમામ કરારો ઉપર છીણી મૂકવા માટે હવે મને બહુ ખેદ થાય છે. માટે હું અત્યારેજ તે મારી અણમાનીતિને માનીતિ બનાવવા જવા ચાહું છું, અને પુન: પાછલી રાત્રે અહીં આવી તને મળું છું. કેમ એ વિષે તારી શી સલાહ છે ?”

મિત્રે કહ્યું—“તમોએ જે વિચારણા કાયમ કરી છે એજ વિચારણા સાથે હું સર્વ પ્રકારે મળતોજ છું; માટે હવે તાકીદે જઇ તમારી વિયોગી મનોરમાને મળી આનંદ આપી વ્હેલા આવો એટલે આનંદ આનંદ !”

પાઠકો ! જે ડાહ્યો-વિદ્વાન મનુષ્ય હોય તે કર્મવશથી કદાચ અવળા વિચારમાં કોઇ પ્રસંગે દોરાઇ જાય; પરંતુ તેના કાનપર યોગ્ય શિક્ષા વચનો આવી લાગતાં ઝટ પાછો પોતાના માર્ગપર આવી જાય છે, અને પોતાની ભૂલનો પસ્તાવો કરી પોતાના સ્થાન પણ આવી જાય છે. ધન્ય છે સમજુ જનોને કે જે પોતાની ભુલ ધ્યાનમાં લઇ પશ્ચાતાપ જાહેર કરે છે !

વળી મિત્રની બાબતમાં પવનંજયના મિત્રે વેધક વચનો કહી તેને કેવો આતુર બનાવ્યો ? સદ્દમિત્રોનો ખાસ ધર્મજ છે કે, પોતાના મિત્રને નઠારે માર્ગે જતાં રોકે છે, નઠારા માર્ગે ચડેલા મિત્રને યુકિતવડે ઠેકાણે લાવે છે, મિત્રનું હિત થાય એવી યોજ-

નાઓ યોજે છે. પોતાના મનના છુપા વિચારો મિત્રને કહે છે અને તેની છુપી વાત મન દઈ સાંભળે છે. મિત્રના દુર્ગુણોને સુધારવાના હેતુ માટે તેના ગુણોને જાહેરમાં લાવી પાછળ વખાણ કરે છે, અને વિપત્તિના વખતમાં અથવા કંઈ તેને મદદ જોઈતી હોય તે વખતમાં પાછી પાની ન કરે. નહીં કે પોતાનો સ્વાર્થ સાધતાં લગીજ કિંવા સ્વાર્થ સાધવા જેટલોજ મિત્રતાનો સંબંધ રાખી ઉપર કહેલા ગુણોથી છેટો રહે તે મિત્ર કહેવાય ? માટેજ મિત્રાઈ થતાં પહેલાં ઉપરના ગુણોથી સહિત છે કે રહિત તેનો તપાસ કરી મૈત્રી બાંધવી કે જેથી પવનંજયને હિત વચનો કહી ધારેલા કામમાં ઉત્તેજિત કરનાર મિત્ર સરખો નિવડે.

તે પછી પવનંજય અંતરિક્ષગામિની વિદ્યાના પ્રભાવથી જરાવારમાં પોતાની જન્મભુમિમાં પોતાની વ્હાલી વનીતાને મહેલમાં જઇ પહોંચ્યો અને કમાડની તડમાંથી પ્રિયા શું કરે છે તે જોવા લાગ્યો, તો તેને એ જણાયું કે—ફિક્કા ચ્હેરાવાળી, સુંદર વસ્ત્રાલંકારથી રહિત, છૂટી વેણીવાળી, વિયોગિની કહો કે યોગિની કહો; પણ તે અંજના સુંદરી આંખોમાં શ્રાવણ–ભાદ્રવાની મેઘ ઝડીની પેઠે ચોધારાં આંસુ વર્ષાવતી દીવાની નજીકમાં બેઠેલી દૈવને ઠપકો દેતી હતી કે—

" હા ! દુર્દૈવ ! શું તું મને આજ દુ:ખમાં રીબાવી રીબાવી મારો અંત લાવવા ચાહે છે ? શું તું કોઇને સુખી થયેલ જોવામાં પાપજ માને છે ! અગર તો તારી સત્તાનો જોસ કાયમ રાખવા આવું કઠોર કર્ત્તવ્ય કર્યા કરે છે ? મારા નગીનાનાથ તો કઠોર મનના હતાજ નહીં; પણ હું માનું છું કે તેંજ તારી ખટપટને આગળ વધારી તેમને સખ્ત મનના બનાવી દીધા છે જેથી મારી આ દશા થઇ છે. હાય ! હાય ! મારા નાથે મારો હસ્તમિલાપ કર્યા પછી કદી મારી સાથે મારા વિયોગ–દુ:ખ દરીયાવથી પાર

થવા ફરી મારો હાથ ગ્રહોજ નથી. અરે! હવે મારી શી વલે થશે? વિધિજ જયારે અવિધિ મુજબ વર્તન ચલાવે છે ત્યારે પછી શું ઇલાજ કરવો? અરે! પણ આ હું શું લવું છું? બિચારો દૈવ શું કરે? મેં પૂર્વભવમાં જેવાં જેવાં કર્મ બાંધ્યાં હશે, તેવાં તેવાં ભોગવાઇ રહ્યા વગર સુખ કયાંથી મળે? માટે અન્યને દોષ દેવો નકામો જ છે, દોષ માત્ર કર્મનોજ છે. હાય કર્મ! તને જરા શરમ નથી કે આ અબળા પર આવો અપરિમીત ગજબ ગુજારે છે?!" વગેરે વગેરે ઢંગધડા વગરની સ્થિતિમાં બોલો બોલી હૈયું ખાલી કરતી હતી.

પ્રિયાની આવી સ્થિતિ જોઇ પીગળેલા મનવાળા પવનંજયનું મન કાબુમાં રહ્યું નહીં. જેથી એકદમ અવાજ આપી પોતાનું આગમન જણાવ્યું. એથી બિચારી અંજના એકાએક ચોંકી ઉઠી આમ તેમ જોવા લાગી, અને વિસ્મય સાથે વિચારવા લાગી કે—"શું આ મને મારા પ્રાણાધારના અવાજની ભ્રાંતિજ થઈ છે કે સત્ય વાર્ત્તા છે? સત્ય વાત માનું તો મારા વલ્લભ વિદેશે પધારેલ છે અને વિજય મેળવી કંઇક મુદત વીત્યે પાછા ફરવા સંભવ છે, તો તેમનું હાલ અહીં આવવું માનવામાં પણ કેમ આવે? કદાચ એકવાર મનના તરંગોને સાચા માની નાથના અહીં આવ્યાની કલ્પના કરી લઉં, તો પણ તે મારા સરખી મંદ ભાગિનીને મહેલે પધારેજ કયાંથી?" આવો તર્ક-વિતર્ક કરે છે એટલામાં શુભ સમાચાર સૂચવનાર તેણીની ડાબી આંખ ફરકવા લાગી, આથી તેણીના મનમાં કંઇ જુદીજ અસર થઇ આવી અને જરા હર્ષના ચિન્હના આભાસ યુક્ત વિચારવા લાગી—"શું આ ક્ષણભંગુર સ્થિતીવાળા સંસારની દરેક વસ્તુઓનો નાશ છે તો વિયોગનો કેમ નાશ નહીં થતો હોય?! અલબત થતોજ હોવો જોઇયે! સર્વનો અંત તો છેજ, અને કદા-

ચિત્ શુભ કર્મોદયના યોગે મારા પતિ વિયોગ સંબંધી દુઃખને અંત આવી જવાની આજ છેલ્લીજ રાત્રિ હોય તો કેમ ના કહી શકાય ? કરમ આડેથી પાંદડું ખસતાં કંઇવાર લાગે તેમ છે ? ભલે જે વાત થવી અસંભવ છે છતાં પણ મારો અંતરાત્મા સાક્ષી પૂરે છે કે આજે મને પતિદર્શનનો અલભ્ય લાભ મળવોજ જોઈયે !"

આ પ્રમાણે શોચને હર્ષ સહિત વિચારો કરતી હતી, એટલામાં તો પવનંજયે ફરીને અવાજ આપ્યો. એથી અંજનાએ જાણ્યું કે—'મને ભ્રમ નથી, પણ સત્ય રીતે પતિ પધાર્યા છે અને તેમનોજ અવાજ છે–એમાં શક નથી.' એવી ખાત્રી થતાં હર્ષઘેલી બની તુરત ઉઠી ઉભી થઇ તેણીએ બારણું ઉઘાડયું. પતિનાં દર્શન થતાંજ વિનય યુકત આનંદપૂર્ણ મુખમુદ્રાએ પગે લાગી અહો ભાગ્ય માની આદરપૂર્વક પ્રાણનાથને મહેલમાં પધરાવ્યા. અને અત્યંત વિમળ ભકિત તથા સેવા કરવામાં તે હાજર રહી. અપૂર્વ ભકિત પરાયણતા નિહાળી પવનંજયે તેણીને યોગ મિષ્ટ વચનો વડે પોતાની થયેલી ભૂલ માટે દિલગીરી દર્શાવી, હવે પછી પોતાની તરફથી તેવું ન થવા સંબંધે પૂરતો ભરોંસો આપી નિશ્ચિત કરી. પછી હાસ્ય વિનોદાદિ સાંસારિક સુખો અનુભવતાં દંપતી અનહદ લીન બની ગયાં કે જેનું આબેહુબ વર્ણન લખવા લેખકની લેખિની પણ શક્તિમાન્ નથી.

વાંચનાર બ્હેનો ! પતિએ ગમે તેવો કંટાળો કે દુઃખ આપી હેરાનગતિ બક્ષેલી હોય; તો પણ કુળવંતિયોનો એજ ધર્મ છે કે–તે વાતને ધ્યાનમાં ન લાવતાં પતિનું દર્શન વા પતિનો હુકમ થતાંજ તેમની મરજીને અનુકૂલવર્તી કૃપા સંપાદન કરવી. નહીં કે પતિ તરફના સંતાપને યાદીમાં લાવી તે વખતે કલેશ મચાવી–

પોતાનું પોત પ્રકાશી કંકાસણીનો ઇલકાબ વ્હોરવો અને પોતાના સુખને હાથે કરી ઠોકર મારી અલખામણી બનવું. પતિની મરજી મુજબ ચાલી કુળધર્મને દીપાવવો કે જેથી ઉભય જન્મ સાર્થક થાય. કુળવંતીઓનું સાચું ભૂષણ પતિસેવાજ છે. સોના, હીરા, માણેક, મોતીના દાગીનાની જરૂર કરતાં પતિ કૃપારૂપી અને શીળરૂપી અમુલ્ય દાગીનાઓની વધારે જરૂર રાખવી; તેમજ સર્વ કરતાં વધારે સગપણ પતિનુંજ જાળવવું–એજ ખાનદાન સ્ત્રીઓને અમર નામના આપનાર છે. માત્ર દેવદર્શનની જ દોડાદોડ ન કરતાં, પતિદેવનાંજ દર્શન, સેવા ભક્તિ સ્તુતિ માટેજ સુશીલ સ્ત્રીઓએ હરવખત તત્પર રહેવું એજ તેમનો ખરો ધર્મ છે. પણ હાલના કહેવાતા સુધરેલા જમાનામાં એ સત્ય ધર્મ તરફ કોણ લક્ષ દે છે ? જ્યારે લક્ષ નથી આપતાં, ત્યારે મહાસતીનું પદ કે જેની આગળ દુનિયાનાં રાજ્યની સાહેબી અરે ! સ્વર્ગનાં મહાન સુખો પણ તુચ્છ છે ! તે પદનાં અધિકારી ક્યાં થાય છે ? અને ક્યાં તેઓના યશવાદ કવિપંડિતો તે સિવાય ગાય છે ? કંઇ પ્રશંસા લાયક કામ કર્યું હોય તો કવિ પંડિતોની વાણી વિલાસમાં માન મેળવવા ભાગ્યશાળી થવાય છે.

વ્હાલા વાંચકો ! પવનંજય અને અંજનાસુંદરીનો પરસ્પર વિયોગ ભાંગી જવાથી આનંદસાગર છોળે ચડ્યો જોવામાં આવ્યો અને એથી ચાર પહોરની રાત્રિ ફક્ત ચાર ક્ષણ જેટલી વાર વીતી ગયા જેવી તેઓને જણાઇ. જ્યારે પરોઢિયું થયું–જણાયું ત્યારે ન છુટકે પવનંજયે જવા માટેની વિચારણા દર્શાવી, જેથી સુંદરી શોકવંત થઇ વિનવવા લાગી. “ પ્રાણાધાર ! આપને પધાર્યા વગર ચાલે તેમ નથી, એથી લાચાર છું, હું કેમ કરી રોકી શકું ? ભલે આપ પધારો અને વિજય મેળવી કીર્તિને પ્રસરાવી વ્હેલા પધારજો. પરંતુ મારી એક અરજ છે કે હું ઋતુ-

મતિ છું અને મને માલમ પડે છે કે આજે મને ગર્ભ રહ્યો છે, અને આજે આઠમી રાત્રિ હોવાથી પરાક્રમશાળી પુત્ર થવોજ જોઈએ, જો કે પુત્ર પ્રાપ્તિ સરખો સંસારી જીવને કોઈ વિશેષ આનંદ હોતો નથી એથી વિશેષ ખુશી થવા જેવું છે; તોપણ અત્યાર લગણ આપે મારો ત્યાગ કરેલો હતો, અને વળી વિદેશે પધારેલા આપ જાહેરમાં આવેલા છો, આજે આપનું પધારવું થયું છે; એ મારા વગર બીજાની જાણમાં નથી, તો જ્યારે ગર્ભ-વૃદ્ધિ પામશે ત્યારે ગર્ભ કેવા સંયોગને લીધે ધર્યો છે એ બાબત વિષે મને પૂછવામાં આવશે તો હું તેમને શું ઉત્તરથી કે નિશા-નીથી આપની ભેટ માટે—સાબેતી માટે પ્રતીતિ કરાવી મારો ધર્મ સિદ્ધ કરી બતાવીશ ? માટે મનમોહનજી ! આપ મને કંઈ આપના પધાર્યા બદલની એવી નિશાનીવાળી ચીજ આપતા જાઓ કે તે બતાવતાં હું અપવાદથી મુક્ત થઈ શકું."

પ્રાણપ્રિયાનું સહેતુક બોલવું થવાથી તેમ કરવું યોગ્ય જ છે એમ માની, પોતાના નામાભિધાનવાળી હાથની આંગળીમાંથી વીંટી કાઢીને વલ્લભાને આપી પવનંજયે કહ્યું કે—"હે અમૃત પ્રાણસંજીવ-ની પ્રિયે ! તું જરા પણ ગભરાઇશ નહીં. હું શત્રુનો પરાજય કરી જ્યાં લગી આવું ત્યાં લગી તું સુખપૂર્વક સમય ગાળજે. લે હવે હું જાઉં છું; કેમકે ગયા વિના ચાલે તેમજ નથી, નહીં તો આ પ્રેમ મૂર્તિને તજી જવા કોનું મન હા પાડે ?" ઇત્યાદિ કથન સાંભળી ધૈર્યતા સાથે શુભ શુકન આપવા અંજનાસુંદરી બોલી—"નેત્રમણિ ! સુખે પધારો અને ફતેહ મેળવી તુરત પધારી આ દાસીની સંભાળ લ્યો કે જેથી નવ નવ રંગ સદા વરષશે ! !"

પતિની સમયોચિત માધુર્ય વાણીના ઉત્તરમાં પવનંજયે કહ્યું—"દેવી ! તમારાં શુકનો મને તત્કાળ સિદ્ધિરૂપ નિવડો,

અને તમે નિશ્ચિંત રહી તમારા ગૃહણી ધર્મને ઉજ્વળ રાખી આનંદમાં રહો." આટલુંજ બોલી બન્ને જણ વિયોગ ગ્રસિત પ્રેમ ભરી દૃષ્ટિ અને ચેષ્ટાથી જુદાં પડ્યાં. અહા ! એ વેળાની પ્રેમમૂર્ત્તિયોનો ચિતાર ખરેખર જોનારને પ્રેમની સ્ફુરણા કરનારો જ હતો; પરંતુ તેનું તાદૃશ ચિત્ર ચિત્રનાર કોઈ ચિત્રકાર જોઈએ !

પવનંજય આકાશ પંથે પરવરી જે તળાવની પાળે પોતાની લશ્કરી છાવણીના ડેરા તંબુ તાણેલા છે તે સ્થળે જઈ પહોંચ્યો અને પોતાના ઈષ્ટ મિત્રને ભેટી પોતાના આદરેલા કાર્યમાં મશગુલ થયો.

અહીં અંજનાસુંદરીને ગર્ભ રહ્યો હોવાથી સમય જતાં તેણીના શરીરમાં ગર્ભવંતીના નિયમ પ્રમાણે રંગ, રૂપ વગેરે સંબંધી ફેરફાર થતો જણાયો; આથી ગર્ભ શાથી રહ્યો ! એ વિષે તેના પરિચયમાં રહેનારી દાસીયો વિચાર કરવા લાગી, અને તેમ થતાં આખા રણવાસમાં વાત ફેલાઈ જતાં છેક તેણીની સાસુના કાન લગી જઈ પહોંચી, જેથી સાસુજી તો અંજનાસું-દરી પાસે આવી ગુસ્સા સહિત ભ્રકુટી ચકચક કરી તિરસ્કાર વચનો કહેવા લાગ્યાં કેઃ—

"દુરાચારિણી ! આ કુળને કલંકિત કરનારૂં કામ કોના સમાગમથી થયું છે તે તરત જાહેર કર ! તારો પતિ તો પરદેશ ગયેલ છે, અને ઘેર હોય તો પણ તારી સાથે તે અબોલા રાખી રહેલો છે; છતાં આ શું કાળું કર્મ કર્યું ? શું તું બધાનું નામ બોળવા બેઠી છો ? વાહ ! ઘેર બેઠે ધંધા તો ઠીક માંડ્યા છે ! !" વગેરે વગેરે ઘણા અઘટિત શબ્દો બોલી. તે સાંભળીને નમ્રતા સાથે પતિની આપેલી નામ વાળી વીંટી તેમની પાસે રજુ કરી તેમના આવ્યાનો ઇસારો પણ કહી બતાવ્યો; પરંતુ એ

નિશાનીની વાતથી શાંત થવાને બદલે તેમની સાસુ તો ઉલટી વધારે ગુસ્સો લાવી લવારો કરવા લાગી કેઃ—

" ખુલ્લી રીતે સમજાય છે કે તેં તારૂં કાળું કર્યું છે છતાં દુષ્ટ કર્મ કરી ખોટો બચાવ કરવા, મારા નિર્દોષ પુત્રને વગોવવા યત્ન આદરે છે! અને સ્હામા ગમે તેવા ઉત્તર આપે છે; પણ તાળવામાંથી જીભડીજ ખેંચી લઈશ, સમજી? શું આ નિશાની બતાવવાથી તારા બોલવા ઊપર કોઇ સમજુ જન વિશ્વાસ રાખી શકશે? અથવા હું ભોળવાઈશ? કદી પણ નહીં! ન સમજતી કે સાસુજી મૂર્ખ છે કે તું જેમ સમજાવીશ તેમ સમજશે.! હું તારા કરતાં કંઇક વધારે ઉંમરની અને વિશેષ અનુભવવાળી હોવાને લીધે જરા વધારે અક્કલ ધરાવતી હઈશ. મારે તો શું છે? અહીંથી તગડી મૂકાવીશ એટલે પંચાત મટી. ઈત્યાદિ કુવચનો બોલી સાસુપણું દાખવી ચાલી ગઇ, અને પોતાના પતિ અગાડી જઈ મરચું મીઠું ભભરાવી વહૂને ઘર બહાર કાઢી મુકવાની આડીઅવળી પાટી ભણાવી તેને વીફરાવી દીધો. એટલે તેણે પણ કશી આગળ પાછળની તપાસ ન કરતાં અવિચારીપણેજ સ્ત્રીના કથન પર ભરોસો રાખી હુકમ કર્યો કેઃ—

" એ દુષ્ટાચારિણી વધૂને હમણાં ને હમણાં રથમાં બેસાડી તેણીના બાપને ત્યાં પહોંચતી કરાવી દો, એટલે તેને પણ ખબર પડે કે બેટીએ બાપનું નામ આવું અજવાળ્યું છે! એ બલાને અહીં રાખવાની કશી જરૂર નથી માટે એ બાબતનો તાકીદે બંદોબસ્ત કરો."

અંજના સુંદરીની સાસુએ તરતજ રથ જોડાવી અંજનાને તેમાં બેસારી એકલીનેજ તેના બાપને ઘેર પહોંચતી કરવા સારથીને હુકમ આપ્યો, અને હુકમ મળતાંજ સારથીએ તાબડતોબ રથને ચલાવી અનુક્રમે માહેંદ્રપુર પહોંચતો કર્યો. માહેંદ્રરાજાને અંજના-

સુંદરી સંબંધી હકીકતથી વાકેફ કરી અંજનાને ત્યાં મૂકી સાર-થી તુરત પાછો વળ્યો, અને તાકીદે આદિત્યનગર જઇ પહોંચી મહારાણીને કામ ફતેહ કરી આવ્યાના સમાચાર આપી શાબા-શી મેળવી પોતાને ઘેર ગયો.

પ્યારા પાઠકો ! સાસુનો એ ધર્મ હોવો જોઇએ કે, સાંસારિક સાત માવિત્ર પૈકી સાસુ પણ એક માવિત્ર છે, તો સાસુએ પોતા-ની દીકરીના સરખોજ વહુ ઉપર પ્યાર રાખી હમેશાં વહુમાં આ-વેલા વાંક માટે દરગુજર કરી હિતશિક્ષા દેવી કે જેથી પોતાની મોટાઇ જળવાઇ ગણાય. તેમજ દીકરીની પેઠેજ વહુની ખાનપાન, પોશાક વગેરે બાબતો સંબંધી પૂરતી કાળજી રાખી કોઇ પણ રીતે વહુને ઓછું ન આવે તેવું વર્ત્તન ચલાવે, અને નણંદ, ભો-જાઇ, દેરાણી, જેઠાણી, ધણી, ધણીઆણી તેઓમાં એક બીજા સાથે કુસંપ ન વધતાં સારી સુલેહ જળવાઇ એક બીજાને જોઇ ખુશી થાય તેવો યોગ્ય નીતિસર દાબ રાખી સાસુપણાનું પદ જાળવી રાખવું કે જેથી સર્વ મંડળનું પ્રીતિપાત્ર થઇ ધન્યવાદને વરે.

આજ કાલની સાસુઓ તો જાણે વહુની દુશ્મન હોય તેવી રીતિ મુજબ ધણીધણીઆણી વચ્ચે ચકમક ખર્યાજ કરે એવી વહુ અને છોકરાને પાટી ભણાવી આનંદ માને છે. વગર વાંકે અથવા તો સહેજ વાંકે વહુ ઉપર પડતાળ પાડી, ખાવાપીવાની વસ્તુઓ કબ-જે રાખી, શાક, દુધ, ફળો કે એવીજ સારી ચીજ આપવામાં વહુ-ને દૂર રાખી દુઃખ દેવામાંજ બહાદુરી અને વડાઇ સમજે છે ! અને કોઇ પણ બ્હાને તેણીને પોતાના જીવતાં લગી સુખનો વ-ખત ન આવે એવીજ યોજનાઓ યોજ્યા કરે છે. પોતાની દીક-રીને પંપાળીને તેના દોષો ઢાંકી નિભાવી લેછે, અને વહુને વાતે વાતે સંતાપે છે. શું પોતાની વહુ બીજા માબાપની દીકરી નહીં હોય ? અથવા પોતાની દીકરી બીજાના ઘરનો શૃંગાર–વહુ

નહીં હોય ? કે તેમને ન્હાનપણામાં ભોગવેલાં સુખને બદલે સાસરે દુ:ખ મળતાં તે કેમ નિશાસા નહીં નાખશે ? પોતાની દીકરીનાં સાસરીયાં જો દીકરીને સંતાપતા હોય તો પોતે બળતરા કરી સંખ્યાબંધ શાપ દેતી દુ:ખમાં ગર્ક થઇ જાય છે, અને બીજાની દીકરીની પોતે સાસુ બને ત્યારે તેને સંતાપી મકલાય છે, એ કોના ઘરનો ન્યાય ? માટે મારી શીળવતી ભગિનીયો અને સુકુળવંતી વૃદ્ધા બ્હેનો ! તમો જ્યારે તમારા ચડતા નશીબને લીધે જો સાસુનું પદ મેળવી શકો ત્યારે હાલની કજીયાખોર અને કર્કશા સાસુઓની પેઠે વહૂને ન પીડતાં પોતાની પુત્રીવત્ તેને સંભાળી, તેનું હિત સાચવવા સાથે તમારા પુત્રનું હિત ચાહી પુત્રવધૂને સુખ દેજો કે જેથી તમારી વહૂઓ તમને મરી ગયા પછી પણ લાગણીથી યાદ કરી આંસુથી વધાવે અને તમારો સદા સ્વર્ગમાં વાસ ઇચ્છે. નહીં કે તમારા મુવા પછી તમારી વહૂઓ તમને ભાંડણાં ભાંડી યાદ કરી 'સ્વપ્ને પણ ન સાંભરશો' એમ કહી તમોએ દીધેલાં દુ:ખો સંભારી ઉષ્ણ આંસુડાં ગેરવે ?

તેજ મુજબ સસરાના પદને પામેલાઓએ પણ વહૂની ઊપર રહેમ રાખી તેને યોગ્ય શિખામણ આપી પોતાના પુત્રનું હિત થવા સાથે વહૂનું પણ સદા હિત સચવાય તેમ વર્તવું જોઇયે. નહીં કે પોતાની ધણીઆણી વહૂને માટે કંઇ આડું અવળું ભરાવે તે સાચું માની વિચાર વગર હાહો કરી બેવકૂફમાં ખપી છોકરા વગેરેની આંખ્યે થવું.

હવે માહેંદ્ર રાજાને ત્યાં અંજનાસુંદરી ગઈ, એ માવિત્રોને ઘણે દિવસે આવેલી દીકરીનું મોં જોતાં હર્ષ પેદા થવો જોઇયે તેને બદલે ત્યાંતો શોક છાઈ રહ્યો જોવામાં આવ્યો. તેઓએ તો પુત્રીને કુળખંપણી જાણી તેણીને તરત એક વસંતતિલકા નામની દાસીની સાથે જંગલમાં પહોંચતી કરાવી

દીધી. અહા ! એજ અંજના માતા, પિતાઓને કેવી વ્હાલી હતી અને એના પર અપવાદ આવ્યો જણાતાં, તેજ અંજનાને તેજ વ્હાલાં માવિત્રોએ કંઇ પણ સુખ દુઃખની ખબર ન પૂછતાં ભયંકર જંગલમાં પહોંચતી કરાવી દીધી ? ખરેજ આ સંસારમાં સ્વાર્થનીજ સગાઇ છે. પોતાના સ્વાર્થને જરા ખામી પહોંચે તેવું જણાય કે તુરત એક બીજાનો ત્યાગ કરી દે છે. અંજના દોષવંત હતીજ નહીં, છતાં લોકાપવાદથી ડરી તેણીના માતા-પિતાએ તેણીને મહેલમાં રાખી દુઃખની વખતે દીલાસો ન દેતાં, બળતામાં ઘી હોમવા સરખો પ્રકાર આદર્યો અને તેણીની સલામતી જળવાવા માટે કશો પણ વિચાર ન કર્યો. જંગલમાં વાઘ-સિંહ-વરૂ-રીંછ-સાંપ વગેરે ઘાતકી ક્રૂર પ્રાણીઓથી શી રીતે બચાવ કરશે, અથવા તો સુકોમળ અંગવાળી તાઢ-તાપ-મેઘઝડી-ભૂખ-તરશ-વગેરેનાં સંકટો શી રીતે સહન કરી શકશે ? તે સંબંધી જરા પણ ધ્યાન આપ્યુંજ નહીં. ફક્ત એટલુંજ ધ્યાન આપ્યું કે—આવી નઠારી દીકરી જીવવા કરતા તો મરી જાય તેજ સહુથી સરસ છે, નહીં તો તેવા ભયાનક સ્થળમાં કોઈપણ જાતના સાધન સિવાય પહોંચતી કરાવવાનું કારણજ શું હોય ? હશે, ગમે તે હોય; પરંતુ વ્હાલા વાચકોને તો આ ઊપરથી એટલોજ સાર લેવાનો છે કે—આ દુનિયામાં સહુ સ્વાર્થનુંજ સગું છે. તેમજ " प्रतिकूले विधौ कान दशां प्राप्नोति वै पुमान्—વિધિ-પ્રારબ્ધ- પ્રતિકૂળ થયેલ હોય તો કઇ દશા પુરૂષોને પ્રાપ્ત થતી નથી ? અર્થાત્ ભાગ્યદશા અવળી થતાં દરેક અવદશાઓનાંજ દર્શન થાય છે ! " **હોત સબહી સુખમેં સગે' દુખમેં સગા ન કોય** " " **ઘરની બળી વનમાં ગઈ તો વનમાં પણ આગ ઊઠી** " એ કહેવત મુજબ સાસરીયાંથી સંતાપ પામતાં પીયરની અંદર દુઃખનો વિસાર

થશે; પણ અંજનાની તે હોંશ મનમાંની મનમાંજ રહી ! પીયરમાંથી તો પરભારી વનની વાટજ મળી ને સુખની આશા ટળી—એ એજ બતાવે છે કે દિનમાન બદલેલો હોય તે વખતે માબાપ પણ દુઃખ દેવામાં સામેલ થાય છે. હમેશાં યાદ રાખવાનું છે કે—આપણી સારી સ્થિતિમાં તો સગાં સંબંધી અને દોસ્તદારો વગેરે ઘરનો ઉંબરો પણ ઘસવી નાખવા આવતા હોય છે; પરતું ભીડ પડતાં તે આવનારાઓ પૈકી કોઇકજ ભીડ ભાંગનારો નિવડે છે.; કેમકે—'**શેરીમિત્રો સેંકડો, તાળીમિત્ર અનેક, જે સુખ દુખ વાંટી લિયે, તે લાખોમાં**' **એક.** જુઓ! માબાપ કરતાં દુનિયામાં કોઈ વિશેષ અતલગનું સગું નથી, તેમ સ્રીને પીયરનો મોટી ઓથ હોય છે; તથાપિ પોતાની ઇજ્જતને સાચવવા તેઓ પણ સગાં થયાં નથી, માટેજ સ્વાર્થ વિના કોઈ કોઈનું નથી. ફક્ત ધર્મ એ વગર સ્વાર્થે મનુષ્ય માત્રનું ભલું કરી ભવોભવ બેડો પાર કરવા અડગ રહે છે; તો તેનેજ જેમ બને તેમ પોતાના પ્રાણથી વધારે વલ્લભ ગણી વર્ત્તવું, જેથી કોઇ વખતે દુઃખનાં દર્શન થવા પામતાંજ નથી ! !

હવે અંજના વનવાસિની થતાં તદ્દન દુખિયારી થઇ પડી, ખાવા પીવા વગેરેના પણ સાંસા હતા અને ચોમેરથી સંકટોનું-ઘટ્ટ વાદળ ઘેરાઇ લટકી રહેલું માલમ પડતું હતું; છતાં પણ તેણીએ તેવા અસીમ સંકટ વખતે પણ શિરસાટે શિળ સંરક્ષણ સહિત તેજ ઘોર જંગલમાં દિવસો ગુજારવાજ નિશ્ચય કરી એક ગિરિ ગુફાની અંદર નિવાસ કર્યો. કહ્યું છે કે–'**ધીરજ, ધર્મ મિત્ર અરૂ નારી, આપતકાલ પરખિયેં ચારી**' ધીરજ, ધર્મ, મિત્ર અને સ્રી એ ચારની વિપત્તિ કાલ વખતેજ પરિક્ષા થાય છે ! જ્યાં લગી સંકટ ન આવી લાગે ત્યાં

સુધી એ ચારેની ખરા ખોટાની ખબર પડતી જ નથી. હવેજ ધૈર્યતા રાખી અંજનાસુંદરી પોતાનો ધર્મ જાળવી આનંદમય ધર્મકરણીમાં પોતાનો સમય ગુજારવા લાગી.

એક સમય તે સ્થળે કોઇ એક તપસ્વી મુનિનું પધારવું થયું, એથી અંજના તેમને જોઈ ઉઠી ઉભી થઇ વિધિ સહિત વંદન કરી તેમની આગળ બેઠી. એ જોઇ યોગ્ય જીવની આતુરતા શાંત કરવા તેમણે ધર્મોપદેશ દેવો શરૂ કર્યો. અને તે ધર્મબોધને અંજનાએ ઉલ્લાસ સહિત શ્રવણ કરી મનન કર્યો. તે પછી અંજનાની પ્રેરણાથી દાસીએ મુનિ મહારાજ પ્રત્યે પૂછયું કે—"હે ગુરૂરાજ ! આ અંજનાસુંદરીએ પૂર્વ જન્મની અંદર શું કર્મ કર્યાં છે કે જેથી આ કષ્ટ આવી પડયું છે ? અને કલંકીત ગણાઇ છે ? "

તપસ્વીએ જ્ઞાન દૃષ્ટિથી વિચારી કહ્યું—" પૂર્વે કોઇ એક શહેરની અંદર **કનકરથ** નામના રાજાને **લક્ષ્મીવતી** અને **કનકોદરી** એવી બે રાણીઓ હતી. એ પૈકીની લક્ષ્મીવતી વીતરાગદેવની પરમભક્ત હતી. એક વખત લક્ષ્મીવતીએ ભગવંતની પૂજા કરી પ્રતિમાજીને પૂજાના કબાટની અંદર સ્થાપી, પછી ઘરના અન્ય કાર્યમાં મન દીધું. એ વખત મિથ્યાત્વી કનકોદરીએ તે પ્રતિમાજીને ઓળવી દીધી. જ્યારે બીજે દિવસે પૂજાની વેળાએ મુકેલ સ્થાનકે લક્ષ્મીવતીએ પ્રતિમાજીને ન દીઠાં, ત્યારે તે માટે ખોળ કરી; પણ હાથ ન લાગ્યાં એટલે ગુમ થયેલ જાણી તે બહુજ દિલગીર થઇ ગઇ. કનકોદરીએ કોઇ સાધ્વીજીના મ્હોંએથી પ્રતિમા ગુમ કર્યાનું બહુજ પાપ જાણી તેણીએ છુપાવેલી પ્રતિમાજી જ્યાંથી લીધાં હતાં ત્યાં પાછાં મૂકી દીધાં, અને એ લક્ષ્મીવતીને હાથ લાગ્યાં ત્યારે તે આનંદ પામી પોતાના નિયમમાં મગ્ન થઇ. અહા ! શોકયો પણ એક બીજાની કેટલી

ખટપટ હાથ ધરી કોઇ પ્રકારે કલેશ થાય તેવો માર્ગ આદરે છે? સગપણમાં બહેન કહી બોલવે છે અને કામ કટ્ટા દુશ્મનનું કરે છે! એ પણ એક અચિત નાલાયકી ભરીજ વર્ત્તણુંક છે.

કનકોદરીને ધર્મનો બોધ થવાથી જૈન ધર્મ આરાધક થઇ, અને એથી આયુષ પૂર્ણ થયે તે મરણ પામીને સ્વર્ગે ગઇ અને ત્યાંથી ચવીને આ તારા સ્વામીની અંજનાસુંદરી થઈ; પરંતુ પૂર્વભવમાં એણીએ જિન પ્રતિમાને છુપાવી હતી, એ પાપથી આવાં દુઃખ ભોગવવાનું કર્મ બાંધ્યું છે તે પોતે અનુભવે છે. તથાપિ તે કર્મ હવે ખપી જવા આવ્યાં છે, જેથી હવે વિશેષ સુખ સંપાદન કરવા પુણ્ય કૃત્યમાં વિશેષપણે તત્પર રહેવું કે જેથી સર્વ રીતે શાતાજ થશે, તેમ વળી તેણીની કુ:ખમાં દેવલોકથી દેવ ચવીને પુત્રપણે રહેલ છે, તે ઘણોજ પરાક્રમી તથા સ્વામી-ભકત થશે અને એજ ભવમાં મોક્ષે જનાર છે.” વગેરે વગેરે પૂર્વ વૃત્તાંત કથન કરી ત્યાંથી મુનિ બીજે વિહાર કરી ગયા અને અંજના ધર્મકાર્યમાં વિશેષ લીન થઇ સુખના સમયની રાહ જોવા લાગી.

જ્યારે બસોને સાડી સિત્યોતેર દિવસનો ગર્ભકાળ પૂર્ણ થયો ત્યારે અંજનાએ સુખપૂર્વક પુત્ર રત્નને જન્મ આપ્યો. એ વખતે સુવાવડીને લગતાં કશાં પણ સાધનોની સવડ નહીં હોવાને લીધે અંજનાને ઘણુંજ માઠું લાગ્યું અને રોવું આવ્યું કે—‘હું એક વીર વિદ્યાધર કુમારની સ્ત્રી અને મહા વૈભવશા-લિની છતાં મારો આવો વખત આવ્યો કે પહેલા ખોળાના પુત્ર પ્રસવ સમય તદ્દન સાધનોથી રહિત છું! હાય! આવાં વિતક પણ મારા કર્મમાં વીતવાં કયાં લખી મૂકયાં હશે કે તે આવા વખતે ઉદય આવ્યાં!! દૈવે ચારે તરફથી મારાપર વિપત્તિનો વરસાદ વરસાવી દીધો છે કે જેથી બચવાનો કશો પણ ઉપાય હાથ નથી.

શરમ વિનાના કર્મ ! તને પણ જરા રહેમ નથી આવતી ? શું મારી આવી સ્થિતિ હોવી જોઇએ ? સુવાવડીના ખોરાક ને વસાણામાં ફકત વનફળ, સુખશય્યામાં પાંદડાંની પથારી, અજવાળા માટે ચંદ્ર સૂર્યનો પ્રકાશ અને ગળથુથીમાં બકરીની લીંડી એ સિવાય કશું પણ હાજર રહેવા દીધું નહીં ?" વગેરે વગેરે કલ્પાંત કરતી રડતી હતી.

એ વખતે એક **પ્રતિસૂર્ય** નામના વિદ્યાધરનું ત્યાં થઈ જવું થયું. સતીના દુઃખને લીધે વિમાન અટકયું તેથી નીચે ઉતરી જુએ છે, તો વનવગડામાં કોઇ દુખિયારી અબળા રૂવે છે એમ માલુમ પડતાં, તેનો કરૂણાસ્વર સાંભળી અનુકંપા પેદા થઈ. જેથી તે સ્વરના આધારે આધારે ગુફાના મુખ આગળ જઈ પહોંચ્યો અને નમ્ર તથા દિલાસા ભર્યા બોલથી તેણીને કહ્યું-" બાઇ ! તું શા માટે રડે છે ? " અંજનાએ તેનો વિનિત બોલ સાંભળી પોતાનું જે દુઃખ હતું તે નિવેદન કર્યું. એથી તે વિદ્યાધરે વિશ્વાસયુકત વાકયોથી પોતાની બ્હેન ગણી પોતાને ઘેર આવવાની તેણીને વિચારણા દર્શાવી, અને અંજનાએ પણ તેના બોલવા, જોવા અને શરીર ચેષ્ટા-ચ્હેરા વગેરેથી તેને શુદ્ધ વિચારણાવાળો જાણી; તેમજ સમયને ધ્યાનમાં લઇ તેને ઘેર જવાની હા પાડી. એટલે વિદ્યાધરે નવપ્રસૂત બાળા રાજાને તથા દાસી વસંતતિલકા સહિત અંજનાને, મર્યાદાપૂર્વક વિમાનમાં બેસાડી આકાશ પંથે વેગયુકત વિમાનને ચલાવ્યું. કેટલોક પંથ પસાર કર્યા પછી અંજનાની બે ફ્રેમને લીધે ખોળામાંથી પુત્ર ખસીને પહાડના શિખર ઉપર પડી ગયો, અને પડતાં વેંતજ તે જાતમાત્ર બાળકે પર્વતના શિખરનું ચૂર્ણ કરી નાખ્યું. પુત્ર ભોંયપર પડી ગયાની જાણ છતાં અંજના બહુજ આક્રંદ કરી રોવા લાગી, એથી વિદ્યાધરે તરત

વિમાનને તે પહાડના શિખરની જગોએ થોભાવ્યું અને નીચે ઉતરી વીરમણિ બાળકને ઉંચકી લઇ ક્ષેમપૂર્વક વિમાનમાં લઈ જઇ તેની માતાના ખોળામાં સુપ્રત કરી કહ્યું—" આ મારા ભાણિયાએ તો પોતાની સાથેજ પર્વતની ટોચને ભાંગી ભૂકો કરી નાખી છે ! શાબાશ છે ! ચિરંજીવ રહો ! અને નવેનિધિ લહો !! " એટલું બોલી બાળકના અતુલિત બળ વિષે ખ્યાલ કરતો કરતો પ્રતિસૂર્ય હનુરૂણ નગરે જઈ પહોંચ્યો, અને ત્યાં પોતાની ધર્મભગિનીને જેમ સુખ ઉપજે તેમ ખાન પાન, વસ્ત્ર મકાન વગેરેનો બંદોબસ્ત કરી આનંદિત થયો. તેમજ તે બાળક હનુરૂહમાં ઉછરેલો હોવાને લીધે તેનું નામ હનુમાન રાખ્યું. આ પ્રમાણે મામાને ઘેર હનુમાન આનંદ સહિત ઉછર્યો.

પાઠકો ! હવે આપણે વીર પવનંજયને ન ભૂલતાં તેને યાદીમાં લાવી યુદ્ધમાં તેને કેવી ફતેહ મળી અને પછી તેણે આવી વ્હાલી વનિતાના વિયોગ મટાડવા માટે શું કર્યું ? તે બાબતથી વાકેફ થવા વિચરીયે અને તે પછી સતી અંજના-સુંદરીના દુઃખનો અંત કરવા ધ્યાન દઇયે.

પવનંજયે રાક્ષસપતિ રાવણની ભેટ લીધી અને તે પછી તેણે વરૂણ ઉપર ચડાઈ કરી–એટલુંજ નહિ, પણ વરૂણને હરાવી રાવણની આજ્ઞાને તાબે કરી હર્ષ ભર રાવણને ભેટી ઘર તરફ પ્રયાણ કર્યું, અને પ્રસન્નતા પૂર્વક માત પિતાને ભેટી, પ્રિય પ્રાણેશ્વરીને ભેટી વિરહ દુઃખ દૂર કરવા પોતાના મહેલમાં પગલાં કર્યાં. ત્યાં તો પ્રિયા હીન મહેલને જોતાં તે સંબંધિ દાસદાસીઓને પુછપરછ કરી, ને પ્રિયા સંબંધી સર્વ હકીકત જાણી તેણીને મળવા ઉત્સુક બનેલો પવનંજય અતિ ઉદાસ થયો. તરતજ તેણીને દિલાસો દેવા તે સાસરાને શહેર ગયો. અને ત્યાં જઇ પ્રિયા સંબંધી પૂછતાં તો વનમાં પહોંચતી કરા-

ળ્યાનું જાણી હતાશને સ્વાધીન થયો. તેજ વખત ત્યાંથી ચાલી નિકળી તેણીનો પત્તો મેળવવા જંગલે જંગલ ભટકવા લાગ્યો, પરંતુ પુષ્કળ શોધ કર્યા છતાં પણ દેવી અંજનાનો તેને ક્યાંય પત્તો લાગ્યો નહીં. તેને લીધે પવનંજય અત્યંત આકુળ વ્યાકુળ બની પાછો ઘેર ગયો, અને પ્રિયા સંબંધી શોધમાં મળેલી નિરાશાથી દિલગીરી દર્શાવા લાગ્યો. એ જોઈ તેના અંતરની સાચી લગની તપાસવા ઇષ્ટ મિત્રે કહ્યું—

" ભાઈ! સ્ત્રીનો પત્તો મેળવવા હવે શા માટે અતિ તસ્દી લઇ આમ ભટકવું જોઈયે? મળી હોત તો ઠીક હતું, નહીં તો શિરસલામત તો પાઘડી બહોંતેરી. એક ગઇ તો બીજી જોઇયે તેટલી મળશે. એણીનું જે થનાર હશે તે થઇ ગયું હશે, હવે તમારે તેની વિશેષ તરખડ કરવાની કે શોકગ્રસ્ત થવાની કશી જરૂર નથી. વગેરે વગેરે તેનાં વચનો સાંભળી પવનંજય બોલ્યો—

" મિત્ર! તું જે કહે છે તેનું રહસ્ય મારા સમજવા બહાર નથી. જે પુરૂષો તારા વચનોને ઉપયોગમાં લઇ એવી વર્ત્તણુંક રાખતા હશે તેઓને હું તો સતાવધિ ધિઃક્કાર આપું છું. શું પોતાનું અર્ધ અંગ નાશ પામ્યા છતાં, અરે! પ્રાણેશ્વરીનો સદાને માટે વિયોગ થયા છતાં–પાછળ બાકીમાં રહેલું અર્ધું અંગ અને પ્રાણની માલેક ગયા પછી પ્રાણ કોના આધારે હૈયાતી ભોગવી શકે ?! હાય! હાય! સાચા સ્નેહીનો, ઉત્તમ સલાહકારનો, બાહોશ અંગરક્ષકનો, ગૃહરાજ્યના મંત્રીનો અને સંસારરૂપ નૌકાના સૂકાનીનો વિનાશ થતાં ગૃહરાજ્યનો કારોબાર શી રીતે પ્રશંસા લાયક નિવડી શકે? શી રીતે નિર્વિઘ્નપણે યશસ્વી કારકીર્દી ટકી શકે! અને શી રીતે જોઈએ તેવો આનંદ પણ મળી શકે! એથીજ એ મારા ગૃહરાજ્યના તંત્રીના માટે પ્રતિજ્ઞા

કરી બેઠો છું કે જો મને એ મનમોહિની નહીંજ પ્રાપ્ત થશે તો, ખચિત હું મારો પ્રાણુ તેણીની પાછળ ગુમાવીશ એ નક્કી સમજજે. પહેલાં જે બન્યું તે બન્યું, પણ હવે હું પતિધર્મનો જાણકાર થયો છું, જેથી હવે તો મારા ગૃહરાજ્યની એ દક્ષ મંત્રી વિના સુદશા થનારીજ નથી. એ મારી અર્ધાંગના નહીં, પણ પુર્ણાંગના છે. એ મારી તાબેદારણુ નહોતી, પણ મારી ધણીઆણી હતી. એ ટીચાતી અથડાતી અળખામણી અંગના નહોતી, પણ મારી પ્રાણુવલ્લભ જીવનની જડી બુટ્ટી હતી અને એજ મારી આંખની પુતળી, મનમંદિરની અધિષ્ઠાતા અને સુખદુ:ખની સાચી ભાગિયણુ હતી; તો પછી તેણીના વિયોગે હું મારૂં જીવન કોના ભરોસે કુશળતા પુર્વક ગુજારી શકું ? માટે હવે તો જે નિશ્ચય કર્યો છે તેજ કબુલ છે.

આ પ્રમાણે દ્રઢ પ્રતિજ્ઞા ભરી વાણી સાંભળી તેને અત્યંત લાગણીથી ધન્યવાદ આપી ઇષ્ટમિત્ર ત્યાંથી રવાના થઈ, પ્રલ્હાદ રાજાની પાસે ગયો અને પવનંજયની દ્રઢ પ્રતિજ્ઞા જાહેર કરી બોલ્યો–"નામદાર હવે જે કંઇ કરવું હોય તે તાકીદે કરી તે સંબંધની ફીકરનો નાશ કરો, નહી તો વીર યુવરાજ નક્કી પ્રાણુ ત્યજી દેશે.

પુત્રની કઠિણુ પ્રતિજ્ઞા ધ્યાનમાં લઇ પ્રલ્હાદરાજાએ પોતાના અવિચારીપણાથી થયેલા કામ માટે બહુ પસ્તાવો જાહેર કર્યો, તેમજ સ્ત્રીઓના કથનને સત્ય માની હવે પછી કોઇ પણ વખતે આવું અવિચારી પગલું ન ભરવા માટે દ્રઢ સંકલ્પ કર્યો. તે પછી બીજા વિદ્યાધરોને સાથે લઇ અંજનાસુંદરીની શોધ મેળવવા જ્યાં ત્યાં તપાસ ચલાવી, પરંતુ પ્રયાસ સફળ થયો નહીં. આખર પવનંજયે લાકડાંની ચ્હેં ખડકી તેમાં અગ્નિ પ્રકટાવી બળી મરવાની તૈયારી કરી. એ જોઇ પ્રલ્હાદ રાજાએ કહ્યું–"વિવેકી

વત્સ ! આમ તું ન્હાના અણસમજુ બાળકની પેઠે શું કરે છે ? મરણને શરણુ થઈશ તેથી કંઈ તને તે સ્ત્રી મળશે ? આમ કરવાથી આર્ત્તધ્યાનની વૃદ્ધિ થતાં દુર્ગતિ મળે છે. જૈનાગમોમાં કહ્યું છે કે-કોઈ પણ રીતે આત્મઘાત કરી મરે તે મનુષ્ય શુભ ભાવનાયુકત મરે તો વ્યંતરની ગતિ પામે છે અને અશુભ ભાવના યુકત મરે તો નીચ ગતિ પામે છે; માટે અમુલ્ય શરીરની નાહક આહુતિ આપી સદ્‌ગતિનો નાશ ન કર.” જરા સબુર કરીશ તો “સબુરીનાં ફળ મીઠાં છે, ” જીવતો નર ભદ્રા પામશે એ કહેવતને યાદ કર. ઈત્યાદિક વાતચીત થતી હતી એટલામાં તો ઓચિંતો અંજનાસુંદરી સહિત પ્રતિસૂર્ય વિદ્યાધર ત્યાં આવી ચડયો, અને તેઓને જોઇ સર્વજન આનંદ પામ્યા.

તે પછી પ્રતિસૂર્યના અતિ આગ્રહથી પ્રલ્હાદ રાજા તથા પવનંજયાદિ હનુરૂહ નગરે ગયા અને ત્યાં પ્રપુત્ર હનુમંતને નિહાળી અત્યાનંદ પામ્યા. પ્રલ્હાદ રાજા અને વિદ્યાધરો કેટલોક વખત પ્રતિસૂર્યની મહેમાનદારીનો અતિ આનંદ અનુભવી, તે પછી પ્રતિસૂર્યની રજા માગી પોતપોતાને વતન ગયા. પણ પવનંજય તો કેટલીક મુદત લગી ત્યાંજ રહ્યો. અનુક્રમે હનુમાન ઉમર લાયક થતાં જોનારની નજર ઠરે એવો થયો અને ઉમર લાયક થતાં અનેક સિદ્ધ વિદ્યાઓ સંપાદન કરી ઉત્તમ વિદ્યાધર નિવડયો, એટલે પોતાને વતન જવા વિચાર્યું; પરંતુ તે દરમ્યાન પુનઃ રાવણને અને વરૂણને કંઇ વાંધો પડતાં ફરી યુદ્ધ જામ્યું, ને તે યુદ્ધમાં પિતાની રજા લઈ હનુમાન ગયો અને તેણે ત્યાં અસિમ પરાક્રમ બતાવ્યું, એથી ખુદ રાવણે તેના અતુલિત બળની વિશેષ પ્રશંસા કરી ઉત્તમ સુપ્રસાદ આપ્યો. આવા કારણને લીધે પવનંજયને ત્યાં રોકાવું પડયું હતું, જ્યારે હનુમંત વિજય મેળવી હનુપુરે આવ્યો અને માત, તાત તથા મામાની શુભાશિષ મેળવી,

ત્યારે પ્રતિસૂર્યની પાસે પવનંજયે પોતાને વતન જવાની વિચારણા દર્શાવી; તોપણ કેટલોક વખત તેઓને આગ્રહપૂર્વક રાખી પછી રજા આપી. પછી અતિ આનંદ સહિત ત્યાંથી રવાના થઇ તેઓ પોતને વતન આવ્યાં અને પોતાનાં માવિત્રોને પગે લાગી શુભાશિષના ભાગી થયાં.

અંજનાસુંદરીના સાસુ સસરાએ અંજનાસુંદરીને તથા પવનંજયને કહ્યું—“ બેટા ! અમારી અજ્ઞતાને લીધે જે કંઈ તમારા જીવને ભારે સંકટ વેઠવાં પડયાં છે, તે માટે અમો લાગણી પૂર્વક દિલગીરી દર્શાવીયે છીએ. વ્હાલી દીકરી ! તારા બોલવા ઉપર ભરોસો નહીં રાખતાં જે અસહ્ય દુઃખના કારણભૂત થયાં તે માટે હવે અમને બહુ ખેદ થાય છે; પરંતુ જે થઈ ગયું તે થયું, પણ હવે એ ગઇ ગુજરી વાતને તદ્દન વિસારી દઇ અમારી સેવા કરજો. જો કે તમો સપૂત છો એટલે તમને કંઇ કહેવું પડે તેમ નથી; તોપણ કેટલાક સંયોગને લીધે મનમાં લાગી આવે એવું હોવાથી આજે કહ્યું તે ધ્યાનમાં રાખી અમો વૃદ્ધ માવિત્રોની ચાકરી કરજો. ”

એ સાંભળી દંપતીએ માવિત્રોનાં ચરણમાં મસ્તક નમાવી અતિ નમ્રતા સાથે કહ્યું—“ તીર્થસ્વરૂપ ! આપ તરફથી અમોને કશો કંટાળો કે દુઃખ શોષવા પડેલ નથી; છતાં કદાચ શોષવાં પડ્યાં છે એમ માનીયે તો તે અમારી અમર નામના થવાના કારણરૂપજ હતાં, એથી તે દુઃખ સુખરૂપે અમલમાં આવેલ છે. જો આપ માવિત્રો તરફથી એમ થયું ન હોત તો અમારી કસોટી થવાનો વખત જ ન આવત અને કસોટીમાં સચ્ચાઈ જણાયા શિવાય કિંમત પણ વિશેષ થવા પામતજ નહીં, માટે આપે તો અમારો ઉપકાર કરેલ છે. તો તેવા કૃપાળુ ઉપકારીનો ઉપકાર ભુલતાં કૃતઘ્નિપણું કરીએ તો પછી અમારા સરખાં કોણ બીજા

મૂર્ખાધિરાજ હોય? માટે આપે અમારી તરફથી સદા નિશ્ચિંતજ રહેવું કદાચ અમારી તરફથી જો કંઈ અનુચિત વર્ત્તન થઈ ગયું હોય તો કૃપા કરી તે માટે ક્ષમા કરશો.” ઈત્યાદિ વચનો કહી સાસુ સસરા વગેરેને સંતોષ આપ્યો.

વાચકો! એ પવનંજય અને અંજના સુંદરીને સાસુ સસરાની અજ્ઞાનતાને લીધે બહુએ સંકટ શોષવાં પડ્યાં હતાં; છતાં તેઓ અવગુણને બાજુપર ફેંકી દઈ તેમનો ગુણજ ગ્રહણ કરી આભારી બન્યાં. તેમજ તે સાસુ સસરાએ પણ પોતાની અજ્ઞાનતા માટે દિલગીરી દર્શાવી કેવું વિવેકવચનામૃત પાઇ તેઓને આનંદ આપ્યો! શું આજના જમાનામાં એવા સાસુ સસરા છે? તેમ પુત્ર તથા વહુઓ પણ તેવી છે? કવચિતજ હશે!

આજે તો વહૂઓ ઘણે ખરે ઠેકાણે એવીજ જોવામાં આવે છે કે–બિચારા સાસુ સસરાને તો પોતાનો પગ જરા ભોંય અડયો કે પુંબડે પાણી પાવા માંડે છે. અપમાનનાં વચનો કહે છે, ખાવા પીવામાં હેરાન કરે છે. દીયર–જેઠ–નણંદ–ભોજાઈ–ભત્રીજો–ભત્રીજી–ભાણેજી વગેરેને જેમ બને તેમ ખસતાં કરાવવા પગલાં ભરે છે, સાસુ સસરાએ કે ખુદ વરે એક વખત જો કંઈ દુઃખ દેવાની હિલચાલ કરી હોય તો તે સંબંધી યાદ રાખી જીવન પર્યંત તેનો બદલો વાળવા મથી રહે છે. એ પણ જમાનાની અને અપૂર્ણ કેળવણીની બલીહારી છે!

પૂર્વની પૂર્ણ કેળવણી અને તે વખતના (સુધરેલા) જમાનાનાં માણસોજ ખરેખરા મનુષ્યો હતાં અને એથીજ તેઓનો કેવો પ્રશંસાપાત્ર સંબંધ જળવાતો હતો, તે આ વાત ઉપરથીજ જણાઈ આવે છે. જેવાં માવિત્રો હતાં તેવાંજ તેમનાં ફરજંદો પણ થતાં હતાં અને એથીજ એ સમયમાં નર રત્નમય પૃથ્વી દૃષ્ટિગોચર થતી હતી. જુઓ, પવનંજય અને અંજનાનો કુમાર હનુમાન કે

જેનાં પરાક્રમો જગજાહેર છે, તે હનુમાન સદાચારી સ્વામિભક્ત અને સદ્‌ગુણી કેવો હતો ? તે રામાયણ પ્રતીતિ આપી રહેલ છે. જો કે હનુમાન રાવણની કૃપાનું પાત્ર હતો, છતાં પણ રાવણ અનીતિનો સંગી થઈ જતાં ન્યાયી રામચંદ્રજીનો પૂર્ણ પક્ષ હાથ ધરી છેવટ લગી અનન્ય ભક્તિભાવથી વર્ત્યો. એટલે કે જે વખતે રાવણે સીતાનું હરણ કર્યું, તે વખતે હનુમાન અન્યાયી રાવણનો પક્ષ ન રાખતાં ન્યાયી રામને મળ્યો અને કહેવા લાગ્યો કે–

“ હે દેવ ! હવે શી આજ્ઞા છે ? જો આજ્ઞા આપો તો રાવણની લંકાનેજ સમૂળગી ઉઠાવી અહીં લઇ આવું, પરવાનગી મળે તો જંબૂદ્વીપને ઉપાડી લાવું. રજા હોય તો સમુદ્રના પાણીને પી જઉં, ફરમાવો તો વિંધ્યાચળ પર્વતને અને સોનાના મેરૂ શિખરને ઉપાડી દરિયામાં ફેંકી દઉં, હુકમ હોય તો મહાસાગરને બાંધી લઉં, મરજી હોય તો પાતાળથી અમૃતને લઇ આવું.

આ પ્રમાણે મહાવીર હનુમંતનાં વચનો સાંભળી રામે તેના અતુલ પરાક્રમને ધ્યાનમાં લઈ તેને સીતાની શોધ લાવવા મોકલ્યો અને સીતાની શોધ મેળવી રાવણનો મદ ઉતારી નાંખ્યો. મતલબમાં કહેવાનું એજ કે જેનાં મા બાપ સદાચારી, સદ્‌ગુણી અને બહાદુર હોય તેનાં ફરજંદો પણ તેવાજ ગુણવાળાં પેદા થાય છે. માટેજ માબાપોએ સદાચારી ને સદ્‌ગુણી રહી પોતાના સમાનજ સંતતિનું સુખ મેળવી વિશ્વવિદિત થવું.

અનુક્રમે રાજ્યવૈભવ વિલસતાં કેટલોક કાળ વિત્યા બાદ પરાક્રમી હનુમાનને રાજ્યનો ભાર સુપ્રત કરી દઇ, સુવિહિત ગુરૂની પાસે દીક્ષા અંગીકાર કરી, અને પતિને દીક્ષા લીધેલ જોઈ અંજનાસુંદરીએ પણ ચંદ્રસૂરિ ગુરૂ પાસે દિક્ષા ગ્રહણ કરી. તે પછી એ બન્ને જણે દુષ્કર તપ, જપ, સંયમના આરાધન વડે કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી આયુ ક્ષય થવાથી અનંત

અક્ષય અવ્યાબાધ મોક્ષ સુખ મેળવ્યું. ધન્ય છે એવાં સત્ય પ્રેમી દંપતીને !

હનુમાને પણ નીતિ સહ રાજ્ય પાળી, પ્રજાને સંતોષ આપી વૃદ્ધાવસ્થા થતાં પુત્રને રાજ્યની લગામ સોંપી શ્રીદેવસૂરિની પાસે મહાવ્રત અંગીકાર કરી કઠીન તપશ્ચર્યાવડે કર્મનો નાશ કરી શત્રુંજય તીર્થે કેવળજ્ઞાન મેળવી અંતે મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરી.

પ્યારા જૈન બાંધવો અને સુશીલ બ્હેનો ! આ વાત વાંચી તમારે જે સાર ગ્રહણ કરવાનો છે તે એ છે કે–જેમ અંજનાસુંદરીએ પોતાના ઊપર ચારે તરફથી દુઃખનો વરસાદ વરસ્યો; તોપણ પોતાનું શિલ અખંડ રાખી મહાસતી પદ પ્રાપ્ત કર્યું, તેમ તમો પણ પ્રાણ સંકટો સહન કરી શિલ સાચવો કે જેથી ભવોભવ આનંદ મળે અને દુઃખ દુર્ભાગ્ય ટળે.

બીજો સાર એ લેવાનો છે કે-પિતા, પુત્રના દેવામાંથી ક્યારે મુક્ત થાય છે ? તથા પિતાએ કેવી રીતે પુત્રને ઉચ્ચ કેળવણી આપવી ? અને તેવી કેળવણીથી શું શું ફાયદા અને ન આપવાથી ગેરફાયદા થાય છે ? તેમજ પુત્ર પુત્રીનાં ક્યારે લગ્ન કરવાં ? વેહેલાં લગ્ન કરવાથી–બાલ લગ્નથી થતી હાની અને મોટી ઉમરે લગ્ન કરવાથી થતા લાભ, તથા કુળવાન સ્ત્રીઓની વખાણવા લાયક રીત કેવી હોય ?' માતા પિતા પ્રત્યે પુત્રની પ્રશંસવા લાયક ફરજો, છ કાને વાત જવા દેવાથી થતા નફા નુકસાનની નોંધ, હસ્તમેળાપ અને લગ્નનો હેતુ શું છે ? સમજુની બલિહારી, મિત્રની ફરજ અને મિત્રતાનો ધર્મ, સ્ત્રીઓનો પતિ પ્રત્યે શો ધર્મ છે ? સ્ત્રીઓને શીખામણ, ઋતુવંતી તથા પુત્ર પુત્રી થવાના કારણની નોંધ, સાસુનો ધર્મ, હાલની સાસુઓનો રીવાજ અને તેમને આપવામાં આવેલી હિત શિક્ષા, પતિનો

પત્ની પ્રત્યે પ્રેમ અને અર્ધાંગના એટલે શું ? આત્મઘાત કરવાથી શી ગતિ થાય ? ગમે તેટલાં દુ:ખ પડવા છતાં સાસુ સસરા અને વડીલ પ્રત્યે કુલીન વહુનો શુદ્ધ સ્નેહ અને ધર્મ તેમજ સમજુ વડીલની ભૂલ થતાં માફી માગવી વગેરે પ્રસંગો આ કથામાંથી દરેક સુશીલ બ્હેનોને બોધ લેવા જેવા છે. એટલુંજ નહિ પણ પોતાના જીવનમાં ઉતારી સદ્ગુણો કેળવી સૌનો સંતોષ મેળવી આત્મ સુખ મેળવવાનું છે.

ધન્ય એ સતી **અંજનાસુંદરીને !** જેનું આખું ચરિત્ર બોધથી ભરેલું છે, જેના દિવ્ય ગુણો પવિત્રતા–સહનશીલતા ધૈર્ય–શાંતિ અને પ્રેમ પ્રસંગે પ્રસંગે ઝળહળી રહ્યાં છે.

---


## શ્રી સુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા.

જેમાં ચંદ્રવીરશુભા–ધર્મધન–સિદ્ધદત્ત કપિલ અને સુમુખનૃપાદિની કથાઓ આવેલી છે.

આ ઉપદેશક કથાના ગ્રંથકર્ત્તા મહાન્ ધુરંધર વિદ્વાન્ આચાર્ય શ્રી **મુનિ સુંદરસૂરિજી** મહારાજ છે. આ મહાન્ આચાર્ય મહારાજે આ કથાનો ગ્રંથ ભવ્યજનોના કલ્યાણના અર્થે બનાવેલ છે. તેમાં આવેલ **શ્રાવક ધર્મ પ્રભાવ ઉપર ચંદ્રવીરશુભાની** કથા, **દાનાદિ પુણ્ય ફળ ઉપર ધર્મધનની** કથા, **૩ શ્રાવકધર્મની આરાધના વિરાધના ઉપર સિદ્ધદત્ત કપિલની** કથા અને **ચાર નિયમ પાળવા ઉપર સુમુખ નૃપાદિ ચાર મિત્રોની** કથા. આ ચાર કથાઓ એટલી બધી સરલ, સુંદર, રસિક, પ્રભાવશાલી, ગૌરવતાપૂર્ણ, ચમત્કારિક અને ઉપદેશપ્રદ છે કે તે ચારે કથા વાંચતા રોમરોમ વિકસ્વર થતાં, ધર્મ ઉપર શ્રદ્ધા થવા સાથે ધર્મવૃતિ આત્મામાં પ્રકટતાંજ દરેક મનુષ્ય પોતાના આત્માને માટે મુકિત નજીક લાવી મૂકે છે.

**કિંમત રૂા. ૧–૦–૦ પોષ્ટેજ જુદું.** મળવાનું ઠેકાણું—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

# મહાસતીદમયંતીની કથા.

(૪)

આ ભરતખંડના ઉત્તર પ્રદેશના કૌશળદેશ કે જ્યાં હાલ અયોધ્યા છે, તેજ દેશની અંદર **નિષધ** રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને **લાવણ્યસુંદરી** નામની રાણી હતી અને એ રાણીના ઉદરથી **નળ** અને **કૂબર** એ નામના બે પરાક્રમી પુત્રો પેદા થયા હતા. એ બન્ને પુત્રો જ્યારે વિદ્યા ભણવાને લાયક થયા ત્યારે તેમને સારા શિક્ષક પાસે ઉચ્ચ કેલવણી અપાવી સકળ વિદ્યા સંપન્ન કર્યા. એ બન્ને રાજકુમારો પૈકી પાટવી કુમાર નળ રાજાનું લગ્ન **વૈદર્ભ** દેશના રાજાની રાજકુંવરી **દમયંતી** સાથે થયું હતું. એ મહાસતી દમયંતીની કથા નીચે પ્રમાણે છે:—

**વિદર્ભ** દેશના પાટનગર **કુંડનપુર**માં અત્યંત બળશાળી અને શત્રુઓને ભીમરૂપ જણાતો **ભીમ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને રૂપ લાવણ્યતાપૂર્ણ **પુષ્પાવતી** નામની રાણી હતી. તે રાણીએ એક દિવસ રાત્રિના અંતે ઉત્તમ સ્વપ્ન દીઠું અને તે સ્વપ્નના પ્રભાવથી નવ માસ પૂર્ણ થયે સમસ્ત શુભ લક્ષણ સહિત એક કન્યારત્નને જન્મ આપ્યો.

એ પુત્રીરત્નના વિશાળ કપાળની અંદર પૂર્વ પુણ્ય પ્રકૃતિના

ઉદયથી સૂર્યના સરખું દિવ્ય કાંતિવંત તિલક હતું. એ તેજસ્વી તિલકવાળી રાજકન્યાનું છઠ્ઠી રાત્રિનું જાગરણ કરી શ્રી દમયંતી નામ રાખ્યું. એ દમયંતી શુકલપક્ષના ચંદ્રમાની પેઠે આસ્તે આસ્તે વૃદ્ધિ પામતી પોતાની બાળ લીલાવડે માતા પિતાને આનંદ આપવા લાગી, અને જ્યારે વિદ્યાધ્યયન કરવા લાયક થઈ ત્યારે માવિત્રોએ તેણીને વ્યવહારિક અને પારમાર્થિક જ્ઞાન સંબંધિ સંપૂર્ણ કેળવણી આપી એક સારી વિદૂષી બનાવી.

એ સુશિક્ષિત રાજબાળાને એક સમય એક દેવીએ શાંતિકરણ શ્રી શાંતિનાથજી પ્રભુની કંચનમય મૂર્ત્તિ આપી કહ્યું કે—"આ આનંદ મંગળકારિણી ભગવંતની મૂર્ત્તિનું તું હમેશાં સ્તુત્ય ભાવથી પૂજન કર કે જેથી મહોદય અને સર્વ સુખ યશ પ્રાપ્ત થશે. એટલુંજ નહીં પણ જન્મ, જરા, મરણરૂપ ભવભ્રમણાનો પણ અંત થશે; માટે ત્રિકરણ શુદ્ધ રાખી તારે એની સેવા કરવી." આવાં દેવીનાં વચન શ્રવણ કરી તેણીએ પોતાના કલ્યાણ માટે તે વચનોને તરતજ–કબુલ કરી લીધાં અને તે મૂર્ત્તિને ગૃહ દેરાસરમાં પધરાવી નિરંતર વિધિસહ પૂજન સ્તવનાદિ કરવામાં લગની લગાડી.

જે સમય (ભીમરાજની) રાજકુમારી વરપ્રાપ્તિને યોગ્ય થઇ ત્યારે ભીમરાજાએ પ્રધાનમંડળની સમ્મતિ મેળવી પુત્રીના લાયક વર મેળવવા સ્વયંવર મંડપની રચના રચાવી, અને પછી આમંત્રણ પત્રિકાઓ લખી મોકલી દેશોદેશના રાજકુમારોને તેડાવ્યા. એથી અમૂલ્ય કન્યારત્નની પ્રાપ્તિના અભિલાષિ રાજપુત્રો વિદર્ભ નગરમાં આવી પહોંચ્યા, અને તે પધારેલા સમસ્ત રાજાઓ અને રાજપુત્રોને ભીમરાજાએ આદર–સત્કાર વગેરેથી પ્રસન્ન કર્યા. એ પ્રસંગ ઉપર નૈષધરાજા પણ પોતાના વ્હાલા પ્રવીણ કુંવર નળ અને કૂબરને લઇ ત્યાં પધાર્યા હતા.

ઠરાવેલા ચોક્કસ દિવસના ચડતે પહોરે તમામ રાજપુત્રોએ યોગ્યતા પ્રમાણે વસ્ત્રાભૂષણ ધારણ કરી, સ્વયંવર મંડપમાં આવી દરજ્જા પ્રમાણે પ્રથમથીજ ગોઠવાઈ ગયેલી બેઠકો ઉપર બેઠક લીધી. એટલામાં તો અત્યંત રૂપ ગુણ શિળશાલિની રાજકુમારી **દમયંતી** પણ ઉત્તમ વસ્ત્રાલંકારથી વિભૂષિત થઇ સુખાસન દ્વારા સહચારિણી સખીઓના મંડળ સહ ત્યાં આવી પહોંચી, અને તેણીનું મંડપમાં આગમન થતાં જીજ્ઞાસુ ક્ષત્રીય વીરો આળેખેલાં ચિત્રવત્ તદ્દન સ્થિર દશાવાળા થેઈ તેણીનું અંગોપાંગનું સુંદરપણું નિહાળવા લાગ્યા.

આ મંગળપ્રદ પ્રસંગને નિહાળવાને આતુર બનેલી શહેરની ચતુર સુંદરીઓ પણ ત્યાં આવેલી વિદ્યમાન હતી. કહ્યું છે કે—સ્ત્રીઓમાત્રને કલેશ, કાજળ, સિંદુર, દૂધ, જમાઈ અને વાજીત્રાદિ કૌતુકાનંદ એટલાં વાનાં બહુજ વ્હાલાં હોય છે. એથી હર્ષઘેલી બનેલી સુંદરીઓનાં ટોળેટોળાં ત્યાં આવી એકઠાં થયેલાં હતાં, અને તેમાંની કેટલીક રસાલંકારને જાણનારી રસીલી રમણિયો તો દમયંતીના સ્હામું નિહાળી ઉત્પ્રેક્ષા અલંકારવડે તેણીના આભૂષણ અને ભૂષણોનું આ પ્રમાણે વર્ણન કરતી હતી કે:—

“ અહા ! આ દમયંતીના પગે લગાડેલો પોથીનો રાતો રંગ અથવા મેંદીનો રંગ જાણે સ્વયંવર મંડપમાં પધારેલા રાજાઓનો શરીરધારી અનુરાગ જ હોયની ? એવી ભ્રાંતિ પેદા કરે છે. તથા એણીના વિશાળ ભાળપટ્ટમાં કસ્તૂરીની આડ કરેલી છે, એ જાણે મદન ભૂપાળની સ્તવનાના અક્ષરોની પંકિતજ હોયની ? એવી શંકાને જન્મ આપે છે. તેણીના મુખચંદ્રની આસપાસ વિંટાઇ રહેલી મોગરાના ફૂલની માળા, જાણે ચંદ્રબિંબની આસપાસ તારા મંડળની પંકિતજ હોયની ?

એવો આભાસ આપી રહેલ છે. એણીનાં રત્નજડિત કાનના કુંડળો, જાણે ચંદ્ર સૂર્ય સ્થાઇ થઈ એણીના મુખની પ્રભાને વિશેષ શોભાયમાન કરવા ઉદ્યમ આદરી રહ્યા હોય એમ લાગે છે. એણીની અણિયાળી આંખોમાં આંજેલી મેશ જાણે કમળના પાંદડા ઉપર બેઠેલા ભમરાનું સ્મરણ કરાવતી હોય એવી રમણીય દેખાય છે, અને એણીએ શરીરપર ધારણ કરેલું વસ્ત્ર જાણે ગંગાજળના તરંગજ હોય એવો આનંદ આપી રહેલ છે. ”

આવી સૌંદર્યતાવાળી વૈદર્ભી, પ્રતિહારિણી સહિત મંડપમાં ફરતી હતી અને તે પ્રતિહારિણી અંગ, બંગ, કલિંગ, મરૂધર, મેવાડ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, મગધ, કચ્છ, દ્રવિડ, લાટ, ભોટ, સિંધાદિદેશના ભૂપતિઓના રૂપ, ગુણ, દરજ્જા, વગેરેનું વર્ણન કરતી હતી અને દમયંતી તે સાંભળી ધ્યાનપૂર્વક જોયા કરતી હતી. જોતાં જોતાં જ્યારે નૈષધપુત્ર નળરાજાની નજીક આવી પહોંચી, ત્યારે પ્રતિહારિણીના મુખથી તેની અનુપમ ખ્યાતિ શ્રવણ કરી, એટલે દમયંતીએ પૂર્વ પ્રેમ સંબંધને લીધે તેના કંઠમાં વરમાળા પહેરાવી દીધી; જેથી જય જય શબ્દવડે ગગન ગાજી ઉઠયું, આનંદ મંગળ વરતાયા અને શાસ્ત્ર વિધિ પ્રમાણે મહોત્સવ યુક્ત વિવાહ વિધિ સાચવી બન્ને વેવાઇઓએ સંસારનો લ્હાવો પણ લઇ લીધો; અને તેઓને વિદાયગીરી પણ આપી દીધી.

જ્યારે નળરાજાની સાથે દમયંતીને વિદાય કરી ત્યારે તેણીના માબાપોએ ડાહી દીકરીને શિખામણ આપી હતી કે—“ વ્હાલી પુત્રી ! સાસરે જઈને તારી સાસુ–જેઠ–જેઠાણી–નણંદ વિગેરે વડીલોની યથોચિત મર્યાદા જાળવી, દીયર–દેરાણી–દાસ–દાસીનો પ્યાર મેળવી અને પતિદેવની કૃપાનું પાત્ર થઇ,

કોઈનું પણ જરા દીલ ન દુભાય તેવી મન, વચન અને શરીરની ઉત્તમ લાગણીથી વર્ત્તન ચલાવી, સર્વનો વિનય વિવેક સાચવી; સમય મળતાં દેવ, ધર્મ, ગુરૂનું સ્મરણ–સ્તવન–પૂજન કરી, અને દરેક પ્રકારમાં રાજકુળને છાજતી રીતિનું અનુકરણ કરીને ઉભય કુળને અજવાળજે." વગેરે વગેરે હિતશિક્ષાનાં વચનો કહીને હર્ષનાં આંસુડા પાડતે વરકન્યાને વળાવી તથા વેવાઈ વેવાણ અને જમાઇને યોગ્ય પ્રકારે દમયંતી બાબત જે કંઈ અવિનયાદિ થાય તે માટે દરગુજર કરવા, હિતશિક્ષાવડે ફરી તેવી ભૂલ ન થવા પામે તેવા ઉપાય હાથ ધરી સુધારવા સંબંધિ આજીજી સાથે બે બોલ કહી, તેઓ નમન કુશળનો નિયમ અમલમાં લઈ પાછા વળ્યાં, અને નૈષધ રાજા મહોત્સવ સહિત પોતાના પાટનગર ભણી રવાના થયા.

વાંચનાર ! તમારા જાણવામાંજ છે કે હાલમાં ઉપર પ્રમાણે દીકરીને સાસરે વળાવતી વેળાએ હિતશિક્ષા અપાતી નથી. પણ એ ( હિત કહો કે અહિત કહો ) શિક્ષા અપાય છે કે—" બેટા ! ઘરેણું ગાંઠું કોઇને ધીરીશ નહીં, કોઈની દબાવી ગાંજી જઈશ નહીં. જેની તેની બહુ શરમ રાખી કંટાળો ભોગવીશ નહીં. પાસે બે પૈસા ખાનગીમાં એકઠા થાય તેવી ચોકસ ગોઠવણ રાખજે, સંઘરેલું હશે તો અરધી રાતે બોલાવ્યું બોલ દેશે. ઘરમાં સહુની ચાલ ચલગત તપાસ્યા કરજે. કોઇની તરફથી તને જરાપણ ત્રાસ ઉપજે તો તરત કાગળ લખી લખાવી અમને ખબર આપજે અને પોતાનું હિત જેમ બને તેમ જાળવવું–એ ખાસ કરીને ધ્યાનમાં રાખજે." વડીલો આને લગતી જ તમામ શિખામણ આપે છે. અને સખીઓ ભલામણ કરે છે કે—" સાસુ પાસેથી પગેપરણું, ધણી પાસેથી મ્હોં જોણું અને સાસુ માટલું બરોબર રીતે હાથ કરજે. ઓરમાયાં, પિત્રાઇ, ગોત્રીને

રીતસર રાખજે, તારા ઘરનો ખૂણો તાજો રહે એ અવશ્ય યાદ રાખી ગાંઠ કરજે. ભલેને એ સો વર્ષના ડોસલા થાય, પણ કદી માથું દુ:ખ્યું તો કોઇ તારૂં નહીં થાય માટે હશે તો ઓશિયાળું થવાનો વખત નહીં આવે માટે પેટી તર રાખવાનું ભૂલીશ નહીં. શોકયને ને સાસુ-જેઠાણી વગેરેને રોકડા ગણીને બોલો આપવા ધીરે ધીરે શરૂ કરજે; અને ઘરમાંથી બીજાં આડાં અવળાં જાય કે ઝટપટ પેટને પોષવાનો નિયમ સાચવતી રહેજે. " વગેરે વગેરે અહિત શિક્ષા દેવામાં આવે છે; એટલુંજ નહીં, પણ પ્રાય: ઘણે સ્થળે આવી સ્થિતિ દેખાય છે, અને એવી શિક્ષાએજ સંસાર સુખનું સત્યાનાશ વાળ્યું છે. માટે સમજુ કન્યાનાં માવિત્રો અને સાહેલીઓ! તમો એવી શિક્ષાને બંધ પાડી પ્રથમ બતાવેલી ઉત્તમ હિતશિક્ષાનો ઉપયોગ કરજો કે જેથી પરિણામે સર્વને આનંદ થાય અને દંપતીનો સંસાર સુખમય થાય અને સુખે ઘર સંસાર જળવાય.

નૈષધ રાજા પોતાના પરિવાર સહિત પંથ પસાર કરતા કરતા જ્યારે રાત પડી ત્યારે પડાવ કરીને રહ્યા; પણ અંધારીયું પખવાડીયું પૂરૂં થવાનો સમય હોવાથી ઘોર અંધારૂં પથરાઇ રહ્યું હતું, જેથી તે સ્થળ ભયંકર ભાસતું હતું. માટે ત્યાં પ્રકાશ કરવાના કારણને લીધે નળરાજાએ નિદ્રાવશ થયેલી પોતાની નવ વિવાહિતા દમયંતીને જગાડી કહ્યું—" દેવી ! આ અંધારાને લીધે આપણું કુલ મંડળ અને પશુ વગેરે મુંઝાઈ રહ્યાં છે; માટે તમારા સૂર્યતિલકને પ્રકટ કરી એ સર્વને આનંદ આપો કે જેથી સુખે રાત પૂરી કરી શકાય. " આ પ્રકારે પતિદેવનો હુકમ થયો જાણી તુરત પોતાના કપાળમાંના દિવ્ય તિલકને પ્રકટ કર્યું, એટલે સૂર્ય ઉગ્યા સરખો પ્રકાશ પ્રસરી ગયો અને એમ થતાં આનંદભર રાત પૂરી થઇ ગઇ. અને વિશેષમાં રાત પૂર્ણ થતાં પહેલાં એક બીજો મોટો લાભ એ થયો કે—

એ પ્રકાશનેને લીધે નજીકના ઝાડ નીચે એક મુનિ કાઉસ્સગ્ગ ધ્યાનમાં દૃઢ થઇ રહ્યા હતા. તેમના શરીરની સાથે એક જંગલી હાથી શરીર ઘસતો હતો; છતાં તે મુનિ અચળપણે કાઉસ્સગ્ગ કર્યા જ કરતા હતા. એ જોઈ નળરાજા તુરત ત્યાં જઈ હાથીને હાંકી કહાડી પછી તે પરિસહથી અડગ રહેનારા મુનિને ભક્તિ સહિત વાંદી આગળ બેઠો. એ જોઈ તુરત દમયંતી તથા અન્ય ભાવિક મંડળ પણ ત્યાં જઈ ગુરૂને વાંદી ધર્મોપદેશ શ્રવણ કરવાના ઈરાદાએ આગળ બેઠાં. ગુરૂએ પણ કાઉસ્સગ્ગ પૂરો થયા પછી તે યોગ્ય જીવોની આતુરતાને શાંત કરવા નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો—

" માનવ દેહ ધારણ કરીને દેવ, ગુરૂની ભાવસહિત ભક્તિ કરવી, અહિંસા–જીવદયા પાળવી, ઉદાર દિલથી તથા ગર્વ અને કીર્તિની આશા છોડી સુપાત્રને દાન દેવું, પવિત્ર શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરવી, મનને પાવન કરવા પવિત્ર શાસ્ત્રોનું સ્મરણ કરવું વા શ્રવણ કરવું, અને પ્રાણ જતાં લગી પણ પરોપકાર કરવો. આ આઠ પ્રકાર જરૂર પ્રાણી માત્રને અખંડ સુખ દેનારા છે, માટે દરેક શ્રેયાર્થી જીવોએ એ આઠ અથવા એમાંથી કોઇ એક પણ પ્રકાર શુદ્ધપણે અંગીકાર કરવો કે તેના પ્રતાપથી બેડો પાર થાય અને અમૂલ્ય જીવિતનું સાફલ્યપણું પ્રાપ્ત થાય."

આ પ્રમાણે ધર્મવચન સાંભળી તેનું તત્વ ગ્રહણ કરી, તે પછી નળરાજાએ ગુરૂરાજને પૂછયું કે—" જ્ઞાની ગુરૂરાજ ! આ અહીં વિદ્યમાન છે એ મારી ધર્મપત્નીના કપાળની અંદર સૂર્ય સરખું પ્રકાશવંત તિલક છે તે કઇ પુણ્ય પ્રકૃતિના મહોદયથી પ્રાપ્ત થયેલું છે, તે કૃપા કરી સમજાવો કે જેના સાંભળવાથી બીજાં મનુષ્યો પણ એવી પુણ્ય પ્રકૃતિ સંપાદન કરવા ઉદ્યમ આદરે અને મારા મનોરથ પણ સફળ પામે.

જ્ઞાની ગુરૂએ કહ્યું—" મહાનુભાવ ! તમારી પત્નીએ ગત જન્મની અંદર વર્ત્તમાન ચોવિશીના પ્રત્યેક તીર્થંકર દીઠ ચોવીશ ચોવીશ આયંબિલ અતિ ઉચ્ચભાવની શ્રેણિ સહિત કર્યાં હતાં—એ તપના ઉજમણામાં ચોવીશે તીર્થંકર દેવને ઉત્તમ ભાવથી તિલક કર્યાં હતાં. એ સત્કાર્યના પ્રતાપથી એણીના કપાળમાં તેજસ્વી તિલક પ્રાપ્ત થયેલ છે, અને એ તપના પ્રભાવ વડેજ આ ભવ પણ કલ્યાણનું પાત્ર થશે. "

આ પ્રમાણે મુનિવરના મુખ કમળથી પ્રકટ થયેલા વચન પરિમલ પરાગનો લાભ મળ્યો, અને સભાજનોને પણ તપ મહિમાની જાણ થઈ, એથી અનેક કોમળ પરિણામી જીવોએ તપ કરવાની ધારણા ધારી જન્મ સાર્થક કર્યો.

તે પછી નિષધ રાજા પોતાના પરિવાર સહિત ત્યાંથી કૂચ કરી અનુક્રમે પોતાને સ્થાનકે જઈ પહોંચ્યો. પુરજનોએ અને પરિજનોએ પ્રેમપૂર્વક મહોત્સવ સહિત તેઓને પુરમાં પધરાવી પોતાની ભક્તિ પ્રદર્શિત કરી. ભૂપતિએ પણ યાચકો, કવિઓ, પંડિતો વગેરેના યથોચિત મનોરથ પૂર્ણ કર્યા અને પ્રજાનો શુભાશીર્વાદ વ્હોરી રાજ્યધર્મને દીપાવ્યો.

જ્યારે નૈષધરાજાની વૃદ્ધાવસ્થા થવા આવી ત્યારે આ અસાર સંસારની સકળ મમતાને ત્યજી દઈ નળ રાજાને રાજ્યપદ બક્ષી તેમણે સંયમ ગ્રહણ કર્યું, અને તપવડે આત્માને નિર્મળ કરી આયુના અંતે સ્વર્ગનું સુખ પ્રાપ્ત કર્યું.

નળરાજને રાજ્યની પ્રાપ્તિ થયા પછી તેણે પોતાના ભુજબળ વડે મહા વિશાળ રાજ્ય સંપાદન કરી, ધર્મ–અર્થ તથા કામ એ ત્રણે પુરૂષાર્થની પ્રાપ્તિનાં સાધનો સાધી, લાંબા વખત સુધી ન્યાય યુક્ત રાજ્ય પાળી પ્રજાને અત્યંત સુખ આપ્યું. એ જોઈ અદેખા યુવરાજ કૂબરના અંતઃકરણમાં વિશેષપણે ઇર્ષ્યાગ્નિ

પ્રજ્વલિત થઈ આવી અને ગમે તે પ્રપંચજાળમાં ફસાવી નળને પદભ્રષ્ટ કરવો એજ માર્ગ શોધવા લાગ્યો.

એક વખત તે દગાબાજ કૂબરે નળરાજાની અગાડી જુગાર રમવાની ખુબીભર વાત ચલાવી. ભોળા દિલના રાજાને તેનો [૧]છંદ લગાડ્યો, અને આખર તે છંદમાં તેને લીન કરી દીધો. કહ્યું છે કે—" જે કપટી હોય તેજ કપટીની ગતિ જાણી શકે છે; પરંતુ નિર્મળ ચિત્તવાળો કપટીની ગતિ કદી કળવા પામતો નથી. " લૌકિક મતમાં પણ કહ્યું છે કે—' બ્રહ્માએ જ્યારે સૃષ્ટિ રચી ત્યારે હાથી જેવું મહા કલેવરધારી મદોન્મત્ત પ્રાણી બનાવ્યું, છતાં વિચાર કરી તેને વશમાં રાખવા ન્હાનો સરખો અંકુશ બનાવ્યો. તથા [૨]દુસ્તર દરિયો બનાવ્યો તો તેને પાર જવા વાહાણ બનાવ્યું, અને સૂર્યનો [૩]પ્રખર તાપ સરજી તેથી બચવા છત્રી બનાવી, પરંતુ દુષ્ટ જનનાં કુટિલ મન બનાવી તેને સીધાં કરવાનો ઉપાય હાથ ન લાગતાં પોતાનો ઉદ્યમ ભાંગી પડેલોજ દીઠો. કહેવાની મતલબ એજ કે દુષ્ટોના મનની વૃત્તિ હરણ કરવામાં બ્રહ્મા પણ હારી ગયા છે, તો મનુષ્યનું શું ગજું ? આમ હોવાથી નળરાજ કપટ કુશલ કૂબરની વૃત્તિ ન કળી શકે એ સ્વાભાવિકપણેજ સિદ્ધ છે. નળરાજા તો નિર્મળ મનનો હોવાથી પોતાના સરખું જગત જાણતો હતો જેથી ભરોંસો રાખી વર્ત્તતો હતો; કિંતુ તેને ખબર ન હતી કે ભ્રાતાજ ઘાત કરવા ઘાટ ઘડી રહ્યો છે. જો કે નળરાજાને દમયંતી વગેરે હિતૈષિ જનોએ જુગાર ન રમવા બહુએ વિનવ્યું હતું; તથાપિ ભાવિની પ્રબલતાને લીધે કોઈની વાત નળના અંતરમાં અસર કરી શકી ન હતી. છેવટ ભાઇની સાથે જુગાર રમ્યો, તેથી તેણે અંતે શરતમાં રાજપાટ તમામ ગુમાવી દીધું અને દુષ્ટ બાંધવની વિચારણા સફળ કરી.

---

૧ વ્યસન. ૨ દુઃખે તરી શકાય એવો. ૩ સખ્ત.

વાંચનાર ! શું આટલું કરવાથી તેનો પ્રવજ્વલિત ઇર્ષ્યાગ્નિ શાંત થયો હતો ? બિલકુલ નહીં ! તેણે તો એ માર્ગ લીધો હતો કે તેનું સમૂળગું કાટલું કાહાડી નાખવું. એથી શરમ છોડીને મોટા ભાઇને કહ્યું કે—" બસ હવે તમે મારા રાજ્યને છોડી એકદમ બીજા દેશમાં ચાલ્યા જાઓ. " આ પ્રમાણે તેનું બોલવું થતાંજ વચનપાલક નળરાજા તેના રાજ્યની સરહદ છોડી વિદેશે જઇ જીંદગી ગુજારવા માટે પ્રયાણ કરવા તૈયાર થયો; એટલે શરીરની છાયારૂપ દમયંતી પણ સાથે રહેવા તૈયાર થઇ. એ જોઇ નળરાજાએ ભયંકર વનનાં અસહ્ય દુ:ખોનું હૃદય કંપે એવા રૂપમાં વર્ણન કરી બતાવ્યું; તેમજ પરદેશમાં પગબંધનથી મને વધારે શોષવું પડશે તથા સાધન હીન હોવાથી આપણને કશાં પણ સુખનાં સાધનો મળશે નહીં; માટે ઘેર રહી ધર્મસાધન કરવા પુષ્કળ શિખામણ આપી; તથાપિ દૃઢ સંકલ્પ કરી બેઠેલી દમયંતીએ આગ્રહ પૂર્વક સાથે રહેવાનીજ વિચારણા કાયમ રાખવા વિનવ્યું. અને 'અર્ધ અંગને જતાં, નકામા-સાર સંભાળ વગરના-અરધા અંગને અહીં પડયું રહેવું એ ભિન્નતાનું લક્ષણ છે, અભિન્નપણે વર્ત્તવું એ વિવાહિતાનો સહુથી પહેલો કરાર છે, ' વગેરે વાકયોવડે પોતાની સાથેજ રહેવાની ફરજ સિદ્ધ કરી બતાવી. જેથી તેણીને સાથે રાખી નળરાજા સ્વરાજ્ય છોડી પર-રાજ્ય ભણી જવા રવાના થયો. અહા ! વચન માટે રાજ્ય ત્યજી વિદેશ જઇ જીંદગી ગુજારવી કબુલ કરી ! ધન્ય છે એવા વચન-પાલક નરવરોને ! ! અને ખરી રીતે જોતાં વાત પણ ખરી છે કે 'વચન પાળે તે રાય ' જો કે દરેક મનુષ્યની ફરજ છે કે બોલેલો બોલ પાળવો; કેમકે મનુષ્યનું ભૂષણ વચન પાળવામાંજ વિશેષ-પણે સમાયલું છે.

પાઠકો ! નળરાજાએ તો વચન પાળ્યું જેથી અનંત ધન્ય-

વાદને પાત્ર થઈ અદ્યાપિ પર્યંત અમર નામના મેળવી છે; પરંતુ એકજ કુખમાંથી ઉત્પન્ન થયેલા કૂબરે રાજ્યલોભને વશ થઈ અનંત ધિક્કારને પાત્ર થઇ અત્યાર લગી બદનામીને જાળવી રાખી છે. ખરેખર રાજ્ય લોભ ધિક્કારવા લાયકજ છે.

હવે નળ, દમયંતી કે જેમણે કોઈ દિવસ તાપ, ટાઢ તથા વર્ષાદનો, ભુખ તરશનો, પગપાળે અને અડવાણાં ચાલવાનો, તથા ભોંય પર સુવાનો તેમજ વનફળ ખાઇ ગુજારો કરવાનો વખત સ્વપ્ને પણ નહીં જોયલ, તેવા મહા વૈભવશાલિના ઉપર દુર્દૈવે આપેલ દુર્દશાને લીધે ઓચિંતું દુઃખવાદળ ત્રુટી પડયું અને એના પડવાથી તેઓને પંથમાં જે દુઃખ સહન કરવાં પડયાં તે દુઃખનો તાદશપણે લેખ લખવા જતાં કલમ પણ કંપી જાય છે, તો પછી હૃદયમાં ધૈર્યતા રહેવાની તો વાતજ શી કરવી ? એ વખતનો બનાવ કેવળ ખેદજનકજ હતો. ઝાંખરા ઝરડાંને લીધે બારીક વસ્ત્રો તો ચીરાઇ ચીંથરાં સરખાં થઈ પડયાં હતાં, શરીરે પણ તેને લીધે ઉઝરડા આવતાં લોહીના ટસીયા ફૂટી આવ્યાં જણાતાં હતાં, શરીર પણ શ્યામ જેવું બની ગયું હતું, પગમાં કાંટો કાંકરા વાગવાથી લોહીની ધારો છુટતી હતી, પગ તળવાઈ જવાને લીધે ભોંય ઉપર પરાણે પરાણે માંડી શકાતા હતા. શ્રમને લીધે રૂવે રૂવે પરસેવો છુટી રહ્યો હતો, આંખો લાલ અને દયામણી બની ગઇ હતી, ભૂખ તરશ પણ લાગી રહી હતી, તાપથી જીવ તલાંવલાં થઇ રહ્યો હતો. જો કે સુકોમળ તનને લીધે શરીરનો દેખાવ શિથિલતાવાળો દેખાઇ આવતો હતો; પરંતુ તેમના મનની સ્થિતિ દૃઢ હતી. કેમકે તે પૂરાં કેળવાયલાં પ્રેમી જન હતાં, જેથી આપત્તિને સ્હામે ટક્કર લઈ આગળ વધ્યે જતાં હતાં અને એક બીજાનાં દુઃખમાં ભાગ લઈ દુઃખને ન ગણકારતાં બપોર લગી પંથ પસાર કરી એક વનની વૃક્ષઘટામાં જઇ

પહોંચ્યાં. જરા વિસામો લઇ વનફળ વીણી લાવી બન્ને જણે આનંદથી આરોગ્યાં, તથા શીતળ પાણી પી એક પહોર આરામ લઇ લાગેલા થાકને જરા નરમ પાડ્યો. તે પછી પાછાં ઉઠી પાણી પીધું ને જ્યારે પાછલો પહોર દિવસ રહ્યો ત્યારે ફરી ધણીધણીયાણીએ તે વનનો [1]કંટાળ રસ્તો પસાર કરવા માંડ્યો.

જ્યારે જ્યારે દમયંતીના સુંવાળા પગમાં કાંકરા ને કાંટાના વાગવાથી તે ચાલતાં લંઘાતી હતી ત્યારે ત્યારે તેણીનાં પગતળાં પંપાળી, આસ્તેથી કાંટા કાઢી નાંખવા નળરાજા બહુ કાળજી રાખતો હતો. તથા દમયંતી ઘામથી મુંઝાઇ જતી હતી તે વેળાએ પવન નાખી આનંદ આપતો હતો, થાક લાગતો હતો ત્યારે પગ દબાવી થાકને મટાડતો હતો, તરશ લાગતી હતી તે સમય પાણી લાવી તૃષા શાંત કરતો હતો, અને ભૂખ લાગતી ત્યારે જે ફળ હાજર મળતાં તે લાવી તેણીને ખાવા આપતો હતો. લગ્ન વખતે થયેલા કરાર પૂરા પાડવા બંધાયેલ હોવાથી તેણીના દુઃખમાં ભાગ લઈ, પોતાના સાચા પ્રેમી પતિપણાના ધર્મને નળરાજા ઉજવળ કરતા હતા.

પરણતી વેળાએ એક બીજાના દુઃખ સુખમાં ભાગ લેવા સરખો કરાર થયેલો હોય છે, છતાં આપણાં દુઃખમાં તો બૈરીને ભાગ પાડવાની ફરજ પાડીએ અને બૈરીના દુઃખ વખતે બેદરકાર રહીએ એ શું કરાર સચવાયો કહેવાય? સુખમાં ભાગ લેવા તૈયાર રહેવું અને દુઃખમાં મુખ ફેરવીને બેસવું, એ શું એક બીજાના અંતરમાં ઉમળકો આવવા જેવો પ્રકાર છે? નહીં. એક બીજાને એથી અસંતોષજ થાય છે. માટે બન્ને જણે એક બીજાના દુઃખમાં સારી પેઠે ભાગ લઈ દંપતીધર્મને દીપાવવો.

ચાલતાં ચાલતાં જ્યારે સંધ્યા થવા આવી ત્યારે તે વનમાં વેલોની ઘટાવાળા કુદરતી માંડવામાં દંપતીએ વિશ્રામ લીધો.

---

૧ કાંટા વાળો.

અને રાત ગુજારી. ફરી જ્યારે સૂર્ય ઉગ્યો ત્યારે ગયા દિવસની પેઠે રસ્તો માપવો શરૂ કર્યો. પહેલો પહોર ગયો અને બીજો પહોર શરૂ થયો એટલે સૂર્યનાં કિરણો તપવા લાગ્યા; પણ છાયા માટે છત્રીની જગોએ ઝાડની છાયા હતી એથી તેનોજ આશરો લેતાં આગળ વધ્યે જતાં ને થાક લાગતાં જરા વિસામો લઇ તે બન્ને જણાં જંગલનો માર્ગ ઓછો કરતાં હતાં.

એક વખત એજ પ્રમાણે પંથ પસાર કરતાં તે દંપતી કોઇ બીજા વનમાં જઈ પહોંચ્યા અને ત્યાં જમવાને વખતે પાસેના સરોવરમાંથી દડીયાની અંદર દમયંતી જળ ભરી લાવી પતિના પગ પખાળતી હતી. તે વખતે તેણીનો કરમાઈ ગયેલો ચ્હેરો જોઈ નળરાજા શોક કરવા લાગ્યો કે—"હા દૈવ! કયાં આ કોમલાંગીનો રાજ્ય મંદિરનો વૈભવ અને કયાં આ કષ્ટથી પરિપૂર્ણ કાંટાવાળો પંથ! કયાં મારૂં રાજયસુખ અને ક્યાં આ અકથનીય વનવાસનાં દુઃખ! શું મારી પટરાણીને અને નિષધપતિને આવાં દુઃખ પડવાંજ સરજેલ છે? હાય! વિધિની પણ વિષમગતિજ છે!!" ઇત્યાદિ વિચાર સાગરના વમળમાં ગોથાં ખાતા નળરાજાએ પોતાની સુંદરી સાથે ફલાહાર કર્યો, અને તે પછી બંને સુતા.

હાથનું ઓશીકું દઈ સુનારાં દંપતીપૈકી દમયંતીને પતિ પાસે હોવાથી નિશ્ચિંતાઈને લીધે ઉંઘ આવી ગઈ, પરંતુ વિચારને સ્વાધીન થયેલા નળરાજાને ઉંઘ આવી નહીં. ઉંઘ પ્રાણીમાત્રને સુખ આપનારી સ્વાધીન સુંદરી છે, તે છતાં જ્યારે ચિંતારૂપી નવી વહુને જે મન મંદિરમાં મ્હાલતી દેખે છે કે ઉંઘ તે નવીને નિહાળી ગુસ્સો લાવી-રીસાઇ ચાલી જાય છે. આમ હોવાથી નળની સાથે ઉંઘે રીસામણાં લીધાં હતાં, એ કારણને લીધે ચિંતા-સુંદરીને તાબે થયેલો નળરાજા ચિંતવવા લાગ્યો કે—

" અહીંયા બહુજ દુઃખ છે. એક તો વનવાસ, બીજું નિર્ધ-

નતા અને ત્રીજું સુંદરીને પડતાં સંકટો જે નજરે જોવા છતાં પગબંધનને છોડી છુટું પડાય નહીં. આમ દુઃખની ત્રિપુટીમાં સપડાયેલા મારા જીવને સુખ શી રીતે મળે? હજુ હું એકલો હોઉં તો ગમે તેમ કરી દુઃખ સહન કરી વિષમ વખતને વલોટાવી દઉં; પણ આ સુકોમલાંગીને સાથે રાખી, તેણીનાં દુઃખો નિહાળી પંથ પસાર કરવામાં તો મને સુખનાં દર્શન થવાની આશાજ બંધાતી નથી માટે જે એણીના ભાગ્યમાં લખ્યું હશે તે થશે; પરંતુ એણીને અહીંયાંજ છોડી ચાલતાં થવું એજ ઠીક છે. આવો નિશ્ચય કરી દમયંતીએ પહેરેલા વસ્ત્રનો અરધો ભાગ ફાડી લઈ તથા પ્હેરેલા અરધા વસ્ત્રભાગ ઉપર કેસુડાંના રંગથી આ પ્રમાણે લખી દીધું કે—"હે વક્રભ્રકુટીવાળી પ્રિયે! ડાબી બાજુએ કુંડિનપુર જવાનો અને જમણી બાજુએ કોશલપુર જવાનો માર્ગ છે, માટે હે ગજગામિની! એ બે માર્ગમાંથી તને જ્યાં રૂચે ત્યાં ચાલી જજે, હવેથી હું તને મુદત પુરી થયા વિના ક્યાંય પણ મુખ બતાવીશ નહી." આટલું લખી નળરાજા અંતરના દુઃખને યાદ લાવી ઉષ્ણ આંસુડા ગાળતો ગાળતો પ્રેમાળ પત્નીને ઉંઘતીજ છોડી, તેણીના નિર્દોષ મુખચંદ્ર તરફ જોતો જોતો ધીરે ધીરે રસ્તો માપી જવા ડગલાં ભરવા લાગ્યો. પરંતુ મનમાં વસેલો શુદ્ધ પ્રેમ તેના પગોને પાછા પાડતો હતો તથાપિ પ્રિયાનાં દુઃખો જોવાથી કંટાળેલો નળરાજા લાચારી સાથે આગળ વધતો ચાલી જવા લાગ્યો. અને શોકોદ્‌ગાર સહિત નિશ્વાસ નાખતો વિધાતાને ઠપકો દેવા લાગ્યો કે—

"હે નિર્વિવેકી વિધાત્રી! તને અન્યમતિ સૃષ્ટિસૃજનહાર કહે છે, તો કહું છું કે, તેં આ સુંદરીને જ્યારે સર્વાંગે સુંદર બનાવી અન્ય સર્વ સુંદર સ્ત્રીઓની સૌંદર્યતાને ઝાંખી પાડી દીધી, ત્યારે એવી આ મહાસ્વરૂપવતી કનકલતાને આવાં દુઃખ દઈ દુઃખી

કરે છે, તો જે તને વિવેકી કહેતા હશે તેની મોટી ભૂલજ છે. બેશક તું વિવેકવાળી નથી; જો વિવેક હોત તો જેવી એણીને સુંદર બનાવી હતી તેવીજ જીવન પર્યંત સુખમય રાખવી હતી; પરંતુ નિર્વિવેકતાને લીધેજ એ ભાન રહ્યું જણાતું નથી." ઈત્યાદિ ઠપકો દઈ પછી વન દેવો પ્રત્યે વિનંતિ કરી કે—"હે વન દેવતાઓ! આપ પ્રસન્ન થઈ આ ગરીબી હાલતને ભેટેલા ક્ષત્રીપુત્રની વિનંતિ ધ્યાનમાં લઈ આ વિદુષી વલ્લભાને માર્ગે જતાં કશા પણ ઉપદ્રવ ન થાય અને જ્યાં જવું ચાહે ત્યાં સુખે જઈ શકાય એવી સહાયતા કરજો; કેમકે હવે એ મારા જવા પછી નિરાધાર અબળાજ ગણાશે; માટે ભાગ્યના ભેરૂ થવા કૃપા કરજો." એટલું વિનવી ચાલતો થયો.

નળરાજ ચાલતો થયો, પણ તેની નજર અને વૃત્તિ એ એ તો ઉંઘતી સુંદરીની સાથે જ જોડાઇ રહી હતી, એથી જ્યાં લગી એ નજરે પડી શકી ત્યાંસુધી તેણીને કોઇ ઘાતકી વનચરોથી જરા પણ ત્રાસ ન થાય તે માટે પાછું વાળી ફરી ફરીને જોતો જોતો ડગલાં ભરતો હતો, અને વખતો વખત આઘાં ડગ ભરી પાછાં ડગ ભરતો તથા વચ્ચે વચ્ચે [1]ખમચાતો પંથ પસાર કરતો બબડતો હતો કે—"દુરાત્મા નળ! તેં પોતે દુઃખમાંથી છુટવા આ માર્ગ લીધો; પણ તારા સુખ સદનરૂપ સુંદરીને તો વનમાંજ સુતી મૂકી ચાલ્યો છે, એથી આખર શું સુખી જ થવાનો છે? તું હાથે કરીને શા માટે વિશ્વાસઘાતી થવા ચાહે છે? તેં દંપતીના ધર્મને કાળો ડાઘ લગાડવાજ આ ઉદ્યમ આદર્યો છે. એ જાગશે ને તને નહીં જોશે તે વખતે એની કેવી શોચનીય દશા થશે તેનો પણ તને જરા ખ્યાલ નથી આવતો? જે પોતાના સુખની ખાતર પરને અરે! પોતાની ધર્મ પત્નીનેજ દુઃખમાં ગર્ક કરવા રસ્તા લે છે, તે ખરેખર દુષ્ટાત્મા અને કૃતઘ્ની ગણાય

૧ ઉભો રહેતો.

છે. દગાબાજ ! તને પાછળથી બહુજ પસ્તાવો થનાર છે એ તું નક્કી સમજજે.” વગેરે વગેરે તરંગના તાડ પર ચડતો ઉતરતો છેવટ જવાનાજ વિચાર ઉપર કાયમ થયો; પરંતુ આખી રાત આજ વિચારમાં પૂરી કરી દીધી.

પછી ત્યાંથી આગળ ચાલ્યો અને જુએ છે તો તે વનમાં જબરો દવ લાગેલો તેના જોવામાં આવ્યો. તેમજ તે દવના નજીક થઇ જેવો પંથ પસાર કરે છે તેવોજ કોઇનો કરૂણસ્વર તેના કાને પડયો. તેથી તે અટકી તે સ્વર સાંભળવા લાગ્યો તો એના સાંભળવામાં આવ્યું કે—“હે ઇક્ષ્વાકુ વંશ સાગરના ચંદ્ર ! વિશ્વ વત્સલ નળરાજ ! મને આ લાહ્યમાંથી બળતાં બચાવી લે.”

આ પોતાને પોકાર કરનાર કોણ છે તેનો તપાસ કરતાં એક મોટો નાગ બળતો નળની નજરે પડયો. એથી મહા ધૈર્યવંત નળ બોલ્યો—“મહાનાગ ! તેં મને શી રીતે ઓળખ્યો ? અને તું નાગ છતાં માનવીની ભાષા શાથી બોલી શકે છે ?”

તેણે ઉત્તરમાં જણાવ્યું—“હે રાજેંદ્ર હું પૂર્વ જન્મમાં મનુષ્ય હતો, તેના સંસ્કારને લીધે મનુષ્યની ભાષા બોલી શકું છું. તેમજ મને અવધિજ્ઞાન પણ છે, તેથી હું આ બધા વિશ્વને મારા જ્ઞાનથી સાફ રીતે જોઇ રહ્યો છું. મને બચાવીશ તો હું કંઇક તારો ઉપકાર પણ કરીશ.”

એ સાંભળી નળે કહ્યું—“આ મારા કપડાના છેડાને મ્હોંમાં પકડી લઇ બહાર નિકળી આવ.” આ પ્રમાણે કહી કપડું અંદર ફેંકી તેના છેડાને તે નાગ અવલંબ્યો કે તરત નળરાજે તે કપડાને યુક્તિથી ખેંચી નાગ સાથે તેને બચાવી લીધું. જેવો તે બહાર નિકળી આવ્યો તેવોજ તે પોતાને બચાવનાર નળરાજાને જ કરડ્યો, તેથી તેનું રૂપ કુબડું બની ગયું. એ જોઇ નળે તે કૃતઘ્ની નાગને ઉછાળી દૂર ફેંકી કહ્યું—“વાહ !

સર્પેશ્વર! તેં મારો ઉપકાર તો સારો કર્યો. ઉપકારનો બદલો અપકારથી આપવો જોઇયે કે ?" વગેરે કહી તેણે એવો વિચાર કર્યો કે—'હવે સંયમ લેવું એજ સર્વોત્તમ છે.' આમ નળ વૈરાગ્યવંત થયો, એટલે તે નાગ દિવ્યરૂપ ધારણ કરી આગળ આવી કહેવા લાગ્યો કે—"હે વત્સ! હું તારો પિતા નિષધ છું, ખેદ ન કર. દીક્ષાના પ્રતાપથી હું પાંચમા દેવલોકમાં દેવ થયો છું. મેં તારૂં દુઃખ જોયું એથી તારો ઉપકાર કરવા અહીં આવ્યો છું. કુબડું રૂપ એ માટે કર્યું છે કે તું એકલો હોવાથી તારા દુશ્મનો તને પીડા આપે તેથી બચવા આ રૂપ ઠીક છે. મતલબમાં રૂપ બદલાવાથી તું ઓળખવામાં જ ન આવે એટલે પછી શત્રુઓ શત્રુતાને [1]યાદીમાં જ શી રીતે લાવી શકે ? તારા પૂર્વ કર્મના જોરથી તને કેટલોક વખત વિપત્તિ વેઠવી પડશે, જો કે છેવટ તને ત્રણ ખંડનું રાજ્ય મળશે; તો પણ તેને હજુ વાર છે. વળી તારે દીક્ષા લેવાની મરજી છે તો તે લેવાનો વખત આવશે તે વખતે હું સૂચવીશ. હમણાં તો હું આ શ્રીફળ આપું છું તે તું ગ્રહણ કર, તથા આ કરંડીયો આપું છું તે પણ તારી પાસે રાખ, જ્યારે તને તારૂં અસલ સ્વરૂપ પ્રકટ કરવાની ઈચ્છા થાય ત્યારે તું આ શ્રીફળની અંદરથી પહેરવાનો પોષાક કહાડી લેજે. તેમજ આ કરંડીયાની અંદરથી હાર વગેરે ઘરેણાં કહાડીને શરીરપર પહેરી લેજે એટલે એની મેળેજ તારૂં અસલ સ્વરૂપ પ્રકટ થશે."

આ પ્રમાણે તે બન્ને ચીજોનો મહિમા બતાવી ફરી તેણે કહ્યું—"હે વત્સ! તું અહીંથી સુંસુમાર નગર જજે." નળે કહ્યું એ નગરનો રસ્તો વિષમ છે માટે આપ મને ત્યાં પહોંચતો કરી દો." આવું નળનું બોલવું થતાંજ તરત દૈવી માયાથી

---

૧ સ્મરણમાં.

નિમિષ માત્રમાં તે દેવે નળને તે સુંસુમાર નગરની બહાર પહોંચાડી દીધો, એટલે નલરાજાએ તે નગરમાં પ્રવેશ કર્યો.

નળ નગરમાં જઈને જુવે છે તો ત્યાં ભારે શોરબકોર થઇ રહ્યો હતો, એથી તેની ઇચ્છા થઇ કે 'ત્યાં શું છે તે જોઈ લઉં.' એમ ચિંતવી નળરાજા આગળ જાય છે, તેવોજ સ્હામેથી મદોન્મત્ત હાથી કે જે રાજાનો મુખ્ય હાથી હતો તે હાથી-શાળામાંથી સાંકળને ત્રોડી બહાર નિકળી, ઘર-ઝાડ-માણસો વગેરેનો ઘાણ વાળતો ચાલ્યો જતો હતો તે તેની નજરે પડ્યો. એવામાં તે તોફાની હાથીને વશ કરી આપવા માટે રાજા તરફથી જાહેર કરવામાં આવ્યું કે—"હે જનો! જે કોઇ આ હાથીને તાબે કરી આપવાને શક્તિ ધરાવતો હોય અને જો તાબે કરી આપે તો હું તેને ઘણીજ સંપદા આપીશ." આવો હુકમ જાહેર થયો સાંભળી પરાક્રમી નલરાજા તે ગાંડા હાથીની સ્હામે જઇ તેને તાબે કરવા હિમ્મત ધરી તૈયાર થયા. એ જોઈ લોકોએ બૂમ મારી કહ્યું—"અરે કુબડા! હાથે કરીને કયાં મ્હોત માંગી લે છે? હાથીને વશ કરે એવોજ તારો દેદાર કયાં છે?" જો કે લોકોએ તેને બહુએ વાર્યો, તો પણ સાહસિક નલરાજાએ તો તે બોલોને ન ગણકારતાં તે હાથીમાં કેટલી તાકાત છે તે તપાસીને આગળ પગલાં ભર્યાં, અને છેક તેની પાસે જઈ હાથી પ્રત્યે કહ્યું—"અરે મસ્તાના હાથી! આ બૈરાં છોકરાં વગેરેને તું મારે છે એ શું તારા બળને છાજતી વાત છે? જો તાકાત ધરાવતો હોય તો આ તારી સ્હામે કેસરી સિંહ આવી ઉભો છે તેની સ્હામો આવી જા." એમ કહી પછી નલરાજે ગુસ્સાથી અંધ બનેલા તે હાથીને ઘણીવાર લગી આમથી તેમ ખીજવી પછી તેની અગાડી એક પોતાનું લુગડું લાંબુ કરીને પાથર્યું, ને પછી પોતે હાથીની પછાડી જઈને ઉભો રહ્યો. હાથી તે લુગડાને પુરૂષ

માની લઇ તેને મારવા લાગ્યો, એટલામાં તો નળે ઓચિંતો તેનો કાન ઝાલીને તેના ઉપર સ્વારી કરી લીધી અને તે પછી મર્મસ્થાન ઉપર એવી તો ચોટ ચલાવી કે તે હાથી ચીસ પાડી એક થાંભલાની પેઠે સ્થિર થઈ ગયો; તે પછી તેને ત્યાંથી કાબુમાં રાખી હાથીશાળામાં લઈ જઈ બાંધવાના સ્તંભની સાથે બાંધી દીધો. આ પ્રકારનું નળરાજનું પરાક્રમ જોઈ તે નગરના રાજા દધિપર્ણ ખુશી થઇ તે કુબડાના ગળામાં રત્નમાળા પહેરાવી, તથા ઉત્તમ વસ્ત્રાભૂષણોવડે તેનું સન્માન કરી પોતાની પાસે બેસારીને પૂછયું કે–" તમો કયા વંશના છો ? " કુબડાએ કહ્યું, " મારી જન્મભૂમિ કોશલાનગરી છે. મારાં સ્વજનાદિ પણ ત્યાંજ નિવાસ કરી સુખ અનુભવે છે. હુ નળરાજાનો હુંડિક નામનો રસોઈયો છું, એથી તેની કૃપાને લીધે સઘળી કળાનો જાણ થયો છું. એ નળરાજ સૂયકૃપાવડે સૂર્યપાક રસોઇ કરી જાણે છે, તે રસોઈ હું પણ કરી જાણું છું. બીજો કોઈ રાજા એ રસોઈ સંબંધી જ્ઞાન ધરાવતો નથી. હાલમાં દૈવની અકૃપાને લીધે તેના ભાઇ કુબરની સાથે જુગાર ખેલતાં પોતાનું રાજ્ય ખોઈ, તથા પ્રિયા દમયંતીને સાથે લઈને એણે વનવાસ સ્વીકારી લીધો છે. એ કોણ જાણે કયાં મરણને શરણ થયા હશે." નરેંદ્ર નળરાજની આવી હકીકત સાંભળી તેના ઉત્તમ ગુણોને પળે પળે યાદ લાવી, તે દધિપર્ણ રાજા ખેદ કરતો ચિંતવવા લાગ્યો–" આ અસાર સંસારની સ્થિતિજ આવી છે. લક્ષ્મી વિજળીની પેઠે ચપળ છે, યૌવન પણ ચાર ઘડીના ચાંદરણા સરખું છે, સુખને અંતે દુઃખજ હોય છે, શરીર વ્યાધિનુંજ ઘર છે, સાચા મિત્રો સંબંધિ મળવા મુશ્કેલ છે અને સગાં સહુ સ્વાર્થીયાજ હોય છે. ટુંકામાં કહીયે તો આ સંસારજ સાર વગરનો છે, એથી સદૈવ જાગૃત રહી ધર્મસાધન કરવું એજ હિતાવહ છે. ઈત્યાદિ અનિત્ય ભાવનાના રંગમાં રંગાયો.

એક વેળાએ તે રાજાએ કુબડાને કહ્યું–" સૂર્યપાક રસવતી તમને આવડે છે, તો તે એકવાર અમને કરીને જમાડો. " એમ કહી બહુજ આગ્રહ કર્યો, એથી કુબડે પોતાની વિદ્યાનું સ્મરણ કરી શાળિ–વરીના ચોખાથી પૂર્ણ એક થાળ બનાવ્યો. તેમાં તેણે સૂર્યપાક રસવતી કરીને સહુને જમાડયા. એ ભોજનના આનંદથી પ્રસન્ન થઈ રાજાએ તેને પાંચસો ગામો બક્ષીસ કર્યાં; છતાં પણ તેણે લીધાં નહીં. તે જોઇ દધિપર્ણ રાજાએ તેને ફરીને કહ્યું–" તમને જે વ્હાલું હોય તે માગી લ્યો. " બુદ્ધિનો અને સમયનો સદુપયોગ કરનાર કુબડા રૂપવાળો નળરાજા બોલ્યો– " હે રાજન્ ! જેટલી ભૂમિ ઉપર આપનો હુકમ ચાલે છે, તેટલી ભૂમિની અંદર કોઇપણ મનુષ્ય જુગાર ન ખેલે, દારૂ ન પીયે અને માંસ ન ખાય વગેરે દુર્વ્યસનોને બંધ પડાવી દો; કારણ કે બધાં દુર્વ્યસનો મહા પાપનાંજ મૂળ છે. " રાજાએ એ માગણીને તરત અમલમાં લઈ પોતાના રાજ્યને દુર્વ્યસનથી રહિત બનાવી દીધું. અહા ! ઉત્તમ જીવો સદા પરોપકાર વડેજ પોતાનું જીવન સફળ કરે છે અને વિપત્તિને વશ થયા છતાં પણ પોતાના બનતું પારકું હિતજ કરવા તત્પર રહે છે. નળ મહા વિપત્તિમાં હતો છતાં પાંચસો ગામ પોતે ન લીધાં; કેમકે રાજશેખર થઈ પરની બક્ષીશ કેમ ગ્રહણ કરે ? તેમજ તેવા લોભને વશ થઈ પોતાનો સદ્ધર્મ કેમ છોડે ? સાચા ટેકવંત અને પરોપકારી તે આનુંજ નામ કહેવાય !

કોઇ વખતે એ કૂબડો એક તળાવની પાળ ઉપરનાં ઘટાદાર વૃક્ષો નીચે બેઠેલો હતો. તે વખતે કોઇ એક વિદેશથી આવેલા પુરૂષે ગાતા ગાતા અને વાતો કરતા પ્રસંગવશથી તે કૂબડાને કહ્યું કે—" હું અનાર્ય, નિર્લજ્જ, દુર્બુદ્ધિ અને

આત્મઘાતી માણસોની હારમાંજ નળરાજાને મૂકી શકું છું; કેમકે જેણે પોતાની વિશ્વાસુ, પ્રેમપાત્ર અને સ્નેહવતી વલ્લભાને વનમાં એકાકી સુતી મ્હેલીને રસ્તો [1]માપ્યો. જો પ્રિયાનું દુઃખ જોવામાં મુંઝાતો હતો તો નાસી ન જતાં ત્યાંજ બળી મરવું હતું." આ પ્રમાણે તેનું બોલવું સાંભળી કૂબડે તે વિદેશીને કહ્યું—"ભાઈ! તેં વાત તો ઠીક કહી છે, પણ તું ક્યાંથી આવે છે? તે જરા કહી બતાવ." વિદેશી બોલ્યો—"હું કુંડિનપુરથી આવું છું ને આ વૃત્તાંત મેં દમયંતી પાસેથીજ સાંભળ્યો છે." કૂબડે કહ્યું—"નળે દમયંતીને તજી દીધી ત્યાં લગી તો મેં વાત સાંભળી છે; પણ નળરાજા તેણીને છોડી ચાલ્યા ગયા પછી શું થયું તે તારી જાણમાં હોય તો મને સંભળાવ." વિદેશીએ કહ્યું—"વિદર્ભ રાજાની પુત્રી દમયંતીને નળરાજ છોડીને ચાલતો થયો ને પછી બીજે દિવસે સવારે દમયંતીએ એવું સ્વપ્ન દીઠું કે—હું કેરીઓ ખાવાને માટે આંબા ઉપર ચડી, પણ એટલામાં એક હાથીએ આવી તે આંબાના ઝાડને ઉખેડી નાખ્યું, એથી હું ભોંય પર પડી.' પ્રભાતે તે જ્યારે જાગી અને પતિને ન જોયા ત્યારે તેણે ચોમેર નજર ફેરવી, તોપણ પતિ નજરે ન પડ્યા કે તુરત શોકવશ થઇ વિચારવા લાગી કે—" હે નઠારા દૈવ! હું બળેલીને શું હજુ વધારે બાળવા ચાહે છે? હું કેવળ વનવાસિની બની છું; છતાં આવા સમયમાં મારા પતિને ક્યાંય દેખતી નથી એ તારોજ પ્રતાપ હોવો જોઈયે!' ઇત્યાદિ વિચારી પુનઃ વિચાર્યું કે—'વખતે પતિદેવ સરોવર ઉપર મ્હોં ધોવાને માટે પધાર્યા હશે, અથવા તો તેમને કોઈ દેવ દાનવ હરી તો નહીં લઈ ગયો હોય? અગર ગમ્મતને માટે આ વનમાં તો ફરવા નહીં ગયા હોય?' વગેરે વિચારતી, ફરી ફરીને તેણીએ સર્વ દિશાઓ ભણી બારીકાઈથી તપાસી જોયું; પણ જ્યારે પતિને ન દીઠા

૧ ચાલ્યો ગયો.

ત્યારે વિલાપ કરવા લાગી અને હૃદયદ્રાવક વિલાપની અસરથી આખું વન અને વન પંખીઓ વગેરે તમામ ચરાચર જીવ શોકમય બની ગયાં. દમયંતીને તે પછી દુઃખના દબાણથી મૂર્છા આવી ગઇ અને બહુ વખતે મૂર્છા ઉતરી એટલે ચેતનાવાળી બની, તેણીને આવેલા સ્વપ્નનો અર્થ વિચારવા લાગી—' મેં જે આંબાનું ઝાડ દીઠું તે મારા રસાળ તરૂ સરખા ભર્ત્તાર, ફળ તે રાજ્ય લક્ષ્મી, તથા હાથી તે કૂબર અને તે હાથીએ મને પછાડી દીધી—હેઠી પાડી તે એમ સૂચવે છે કે–મને ફરી મારા પતિનો વિયોગ થશે. ' આ પ્રમાણે અર્થ વિચારી પોતાના પૂર્વકૃત કર્મને દોષ દેતી હતી. એટલામાં તો પોતાના વસ્ત્રને છેડે કંઈક લખેલું જણાયું. તુરત તે વાંચી જોયું તો તેમાં પીયર કે સાસરે ચાલી જવા સંબંધી પતિની ભલામણ હતી. એથી તેણીએ વિચાર્યું કે–'હું તેમના હૃદયમાંથી તો ખસી નથી. હશે, કંઈ કારણસર એકલાજ જવાની જરૂર જણાઈ હશે એથીજ મને ઉંઘતી મૂકી ચાલ્યા ગયા હશે, વખતે હું સાથ ન છોડું એવી શંકા થતાં આમ કર્યું જણાય છે. હશે ! કંઈ ચિંતા નહીં. મારે તેમની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું એ મારી ખાસ ફરજ જ છે; માટે મારા પિતાને ઘેર જવાનો માર્ગ લેવોજ ઘટે છે; કારણકે પતિથી વિખુટી સ્રીને પિતાનું ઘરજ શરણુ છે. ' ઈત્યાદિ વિચારી પતિનું સ્મરણ કરતી કરતી તે કુંડિનપુર ભણી ચાલી નીકળી.

રસ્તામાં જતાં કાંટા કાંકરા ને ડાભની અણીના વાગવાથી પગની અંદર મહા વેદના થતી હતી, લોહી નીકળતું હતું, અને પગ આળા થઈ ગયા હતા; તોપણ તે હિમ્મત સહિત પંથ પસાર કર્યે જતી હતી ! જો કે માર્ગમાં જંગલી ઘાતકી જાનવરો ને જંગલી ક્રૂર લોકો પુષ્કળ જોવામાં આવતા હતા; તોપણ શીળના પ્રભાવથી તેઓ ઉલટા દમયંતીને પોતાથી બનતી મદદ

આપતા હતા અને પૂજ્ય ભાવથી વર્ત્તતા હતા. કેટલોક રસ્તો કાપ્યા પછી દમયંતીને એક મોટો સાથ મળ્યો. એથી નિરાંતથી તે સાથની સાથેસાથે ચાલવાનું સુગમ જણાતાં તેણીએ તેમ કરવાનું ધાર્યું. એટલામાં તો ચોરોએ આવી તે સાથને લૂંટી લેવા ઈરાદો કર્યો. એ જોઇ ચોરો પ્રત્યે હિમ્મત સહિત દમયંતીએ કહ્યું-" સૂઅર નાળીયેરીની ટોચે પહોંચી કદી નાળીયેર હાથ કરી શકતું નથી. જેથી તેની કરેલી મહેનત રદ થાય, તેવી રીતે આ સાથને લૂટવા બાબત જે કંઇ મહેનત કરશો તે બધી રદ જવાની છે. " એટલું બોલી દમયંતીએ વીરતા સાથે હુંકાર કર્યો, જેથી ચોરો ત્રાસ પામી જીવ લઇ નાશી ગયા. આ બનાવને જોઇ સાર્થપતિ **વસંતે** દમયંતી પાસે આવી બહુજ સ્નેહ સાથે પગે લાગી પૂછયું-" હે કલ્યાણી ! આ ઉજ્જડ વનમાં ફરતાં અમારા ભાગ્યબળથી અહીં આવી ચડેલાં આપ કોણ છો ?' દમયંતીએ ઉત્તરમાં જણાવ્યું-' હું વિદેશે પધારેલા નળરાજની દાસી છું. ' આવું સાંભળી વસંતે તેણીને બહેન ગણી પોતાની સાથે રાખી; પરંતુ જ્યારે ચોમાસું બેઠું ને મેઘઝડી પડવા માંડી ત્યારે સાથને ચાલવાનું બની શકે તેવો માર્ગ રહ્યો ન હતો. એટલે એક ઠેકાણે ચોમાસું પુરૂ થતાં સુધી પડાવ રાખ્યા વગર છુટકો ન હોવાથી દમયંતી તે સાથને પડતો મૂકી વસંતને કહ્યા વિનાજ એકલી આગળ ચાલી નીકળી.

આગળ જતાં દમયંતીને એક રાક્ષસ મળ્યો અને તે મારવા માટે તેણીની સ્હામે આવ્યો એટલે દમયંતી બોલી-' જો તું મને મારી નાખીશ તો ખચિત તું મરીને નરકમાં જઇશ, અથવા બળીને ભસ્મ થઇ જઈશ. "

રાક્ષસે આવાં સત્ત્વભર્યાં વચન સાંભળ્યાં. એટલે તે સંતુષ્ટ થયો અને બોલ્યો-' હે સ્ત્રી ! બોલ, તારૂં શું ભલુ કરૂં ?' દમ-

યંતીએ કહ્યું-' જો તમારા જ્ઞાન બળથી જાણી શકતા હો તો કહો કે, મારા નાથની મને ક્યારે [1]ભેટ થશે ?' રાક્ષસે કહ્યું-' બાર વર્ષ પછી તને તારો નાથ મળશે.' દમયંતીએ કહ્યું-' તમારૂં વચન સાચું થજો.' એમ કહી આનંદિત બની, એટલે રાક્ષસે કહ્યું-'તારૂં કલ્યાણ થાઓ.' એટલું બોલી તે પોતાને ઠેકાણે જતો રહ્યો.

તે પછી દમયંતીએ એવો અભિગ્રહ લીધો કે-' જ્યાં લગી મારા પતિનો મેળાપ મને નહીં થશે, ત્યાં લગી મારે તંબોળ, લાલ કપડાં, ફુલ, ઘરેણાં, તથા ઘી, દૂધ, દહીં, તેલ, ગોળ અને કડા વિગય વગેરે સઘળાં ઉપયોગમાં લેવાં નહીં, કેમકે પતિ વિયોગિનીને એ વિકારી ચીજો વાપરવી લાભદાયકજ નથી.' એવો ૬૯ નિશ્ચય કરી ત્યાંથી આગળ ચાલી અને જતાં જતાં એક ગુફા આવી ત્યાં તે નિવાસ કરી માટીની બનાવેલી શાંતિનાથ ભગવાનની મૂર્તિની પૂજા અને આકરી તપશ્ચર્યા કરવા લાગી અને પોતાની મેળે ભોંયપર ખરી પડતાં પાંદડાં વગેરેથી પારણું કરી વખતને ગુજારવા લાગી. પંચ પરમેષ્ટિ નવકાર મંત્રના સ્મરણ સહિત ત્યાં કેટલોક વખત રહ્યા પછી પેલો વસંત સાર્થપતિ પણ ત્યાં આવી પહોંચ્યો અને એણે જિનપૂજનમાં લીન થયેલી દમયંતીને જોઇ પૂછ્યું કે-' આ મૂર્તિ કોની-કયા પ્રભુની છે ?' દમયંતી બોલી-' શ્રી શાંતિનાથ પ્રભુની આ મૂર્તિ છે.' આ પ્રમાણે વાતચિત થવાનો અણસારો સાંભળી નજીકમાં વસનારા તાપસો ત્યાં આવ્યા અને તેમણે જગદંબા જેવી એક અલૌકિક સ્ત્રીને દીઠી. તાપસો આવ્યા જાણી દમયંતીએ જૈન ધર્મ સંબંધી એક સરસ અસરકારક એવું છટાદાર પ્રમાણ સહિત વ્યાખ્યાન આપ્યું કે-'હે તપોધનો! માનવભવમાં અત્યંત પ્રેમભાવવડે હમેશાં જિનેશ્વરદેવનું પૂજન કરવું, સામાયિક

અને પૌષધ કરવા, સત્પાત્રમાં દાન દેવું અને સુસાધુની સેવા ભક્તિ કરવી—એ પરલોકમાં સુખી થવાનો ઉત્તમ રસ્તો છે. એ વ્યાખ્યાન સાંભળી સાર્થપતિએ તો સદ્ભાવ સહિત જૈનધર્મ અંગીકાર કર્યો અને શુદ્ધ શ્રાવકવ્રતારાધક થયો. એટલામાં ત્યાં વરસાદ શરૂ થયો જેથી તે તાપસો તથા બીજા સહુજનો દુઃખી થવા લાગ્યા. એ જોઈ સતી દમયંતીએ તરત પોતાનું સુવર્ણ કુંડલ હાથમાં ધારણ કરીને કહ્યું કે—'જો હું જૈન ધર્મપાલક સતી શ્રાવિકા હોઉં તો શ્રીજૈનશાસનની અધિષ્ઠાયિકા દેવી આ મેઘ વૃષ્ટિને બંધ પાડી દો.' આ પ્રાર્થના ઉપરથી તરત શાસનદેવીએ વૃષ્ટિને બંધ પાડી એથી સહુ આનંદિત થયા. તેમજ તાપસોએ એ ચમત્કારિક બાઈને જોઈ વિચાર્યું કે 'આ સ્ત્રીના રૂપમાં વનદેવીજ આવેલ માલમ પડે છે.' એવી વિચારણા કરી તેણીના પ્રભાવને લીધે જૈનધર્માનુરાગી બનેલા તાપસો મિથ્યાત્વ રહિત થઈ ઉત્તમ જૈનધર્મની કરણી કરવામાં મગ્ન બન્યા. જે જગોએ પાંચસો તાપસ જૈનધર્મનો બોધ પામ્યા, તેજ જગોએ સાર્થપતિએ એક તાપસપુર નામનું નગર વસાવી, તેમાં સુંદર શિખરબંધ શોભતું શ્રી શાંતિનાથ પ્રભુનું દહેરાસર બંધાવ્યું. એજ શહેરની અંદર શ્રી યશોભદ્રસૂરિની પાસે વૈરાગ્યવંત થયેલા વિમળમતિ કુલપતિએ ચારિત્ર અંગીકાર કર્યું અને તે ગુરૂ પાસેથી કૂબરના પુત્ર સિંહકેસરીએ પોતાના બાકી રહેલા આયુષ્ય માટે પૂછતાં થોડુંજ બાકી રહેલું જાણી તરત દીક્ષા ગ્રહણ કરી, તે ગિરિ કે જયાં દમયંતી રહે છે તેના શિખર ઉપર આવી નિવાસ કર્યો. શુભ ધ્યાનના બળથી તે સિંહકેસરીને કર્મક્ષય થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એથી તેનો મહિમા કરવા દેવતાઓ ત્યાં આવ્યા. એ જાણી દમયંતી સાર્થપતિ અને તાપસો, એ સર્વે મળી તે કેવળી ભગવંતને વાંદવા માટે ગયાં. કેવળીને

વાંદી ધર્મોપદેશ શ્રવણ કરવા બેઠાં. એટલે કેવળી મહારાજે કહ્યું કે– ‘ હમેશાં સૂર્યના ઉદય અસ્તથી આપણી જીંદગી ઓછી થવાનું માલમ પડે છે. બહુ કર્મના ભારથી કર્મ વ્યાપારમાં ને વ્યાપારમાં વખત વહી જાય છે તે માલમ પડતો નથી. જન્મ, જરા, વિપત્તિ અને મરણને જાણતાં છતાં પણ ત્રાસ પેદા થતો નથી અને આ મોહમય પ્રમાદરૂપી દારૂના પીવાથી આ જગત્ દીવાનું બન્યું છે. અર્થાત્ પ્રમાદને છોડી ભવદુઃખ નાશક ધર્મનું કોઈ આરાધન કરતા નથી, એથીજ ભવભ્રમણા મટતી નથી; માટે સાવધ થઈ ધર્મારાધન કરો.’ આ પ્રમાણે ધર્મવચન કહ્યા પછી તે કેવળીએ તાપસો અને સાર્થપતિ પ્રત્યે કહ્યું કે–“ આ દમયંતી સાચું બોલનારી મહાસતી છે અને ભગવદ્ ભક્તિમાં લીન રહેનારી છે.” ઈત્યાદિ ઉપદેશ દીધા પછી તે કેવળી આયુષ્ય ક્ષય થતાં ત્યાંજ સિદ્ધિ ગતિને પામ્યા.

ત્યારબાદ ચારણ મુનિ યશોભદ્રસૂરિજીને દમયંતીએ પોતાના પૂર્વભવ સંબંધિ પૂછયું. એટલે જ્ઞાની ગુરૂએ કહ્યું— ‘સાંભળ, ભદ્રે ! મમણ રાજાને વીરમતી નામની રાણી હતી અને તે બન્ને મિથ્યામતિ હતાં. એક વખત તેઓ કોઇ બીજે ગામે જતાં હતાં, તેવામાં તેમને એક મુનિ સ્હામા મળ્યા એથી અપશુકન થયાં માની તે મુનિને બાર ઘડી સૂધી કેદ કરી—રોકી રાખ્યા. જ્યારે પાછળથી ગુસ્સો ઉતર્યો ત્યારે વિચાર કરતાં મુનિને કેદ રાખ્યાનું પાપ લાગ્યું માની તે મુનિની પાસેથી તેઓએ ક્ષમા માગી અને તે ગુરૂ પાસેથીજ ઉપદેશ સાંભળી તેમણે અહિંસાધર્મ સ્વીકાર્યો. શુદ્ધ શ્રદ્ધાપણે જૈનધર્મ પાળીને તે મમણરાજા મરીને નળરાજા થયો અને વીરમતી અષ્ટાપદ પર્વત ઉપર ચોવિશે જિનને ઉદ્દેશીને પાંચસો આંબિલ કરી તથા સુવર્ણ–તિલકના દાન સહિત ઉજમણું કરીને

પુષ્કળ પુણ્ય ઉપાર્જી આયુ પૂર્ણ થતાં મરણ પામીને તું દમયંતી થઇ. પરંતુ પૂર્વે મુનિને બાર ઘડી રોકી રાખ્યા એથી આ ભવની અંદર બાર વર્ષનો ધણી ધણીયાણી વચ્ચે વિયોગ થયો. ' આ પ્રમાણે પોતાનો પૂર્વ ભવ જાણી દમયંતી ગુરૂને વાંદી પોતાના નિવાસ સ્થળમાં આવી, અને ત્યાં રહી તેણીયે જિનેશ્વર ભગવંતનું પૂજન કરી સાત વર્ષ પૂરા કર્યાં.

આ પ્રમાણે ત્યાં રહેતી દમયંતી એક વખત ધ્યાનારૂઢ થઇ બેઠી હતી, તે દરમ્યાન કોઇએ તેણીની ગુફાના મ્હોં આગળ આવીને કહ્યું કે—' હે સ્ત્રી ! તારા પતિને મેં અહીં પાસેજ ફરતો જોયો છે. હું તાકીદે જઉં છું; કેમકે હું ખોટી થઉં તો મારો સાથ ચાલ્યો જાય, માટે જઉં છું. ' આ પ્રમાણે કહી તે ચાલ્યો ગયો. અને દમયંતી જ્યારે આદરેલું ધ્યાન પૂર્ણ કરી રહી ત્યારે ત્યાંથી ઉઠી તે કહી ગયેલાના કહેણ પ્રમાણે પંથે પડી; પણ તે માર્ગે કોઇ પણ તેણીના જોવામાં આવ્યું નહીં. એથી વિચારમાં પડી ગઇ અને એ વિચારમાં ને વિચારમાં કોઇ ઉજ્જડ રસ્તે ચડી ગઇ. રસ્તો પણ કોને પૂછવો ? માણસજ કોઇ નજરે પડતું ન હતું, એથી ઇષ્ટ દેવનું સ્મરણ કરતી આગળ ચાલી. ત્યાં તો એક વિકરાળ રાક્ષસણી સ્હામે ધસી આવતી તેણીની નજરે પડી. ત્યાં રક્ષણ કરનાર બીજું કોઇ નહીં પણ શીળ હતું. એ શીળના પ્રભાવથીજ તે રાક્ષસણી એકદમ સ્તંભી ગઇ અને એ પ્રભાવ જણાતાં દમયંતીના પગમાં પડી ક્ષમા માગી જે રસ્તેથી આવી હતી તેજ રસ્તે પાછી ફરી પોતાને ઠેકાણે જતી રહી. તે પછી દમયંતી આગળ ચાલી, પણ પાણી વિના તેણીનો કંઠ સુકાવા લાગ્યો; કિંતુ પાણી મળે નહીં એટલે જમીન ઉપર પગ પછાડી શીલ મહિમાથી ત્યાં નદી પ્રકટ કરી. પછી તેમાંથી તેણીએ પાણી પી તૃષા શાંત કરી ફરી ચાલવા માડ્યું. કેટલોક માર્ગ

કાપ્યા પછી એક ધનસાર્થવાહનો તેણીને સાથ મળતાં નિર્ભય-પણે અચલપુર જવાનું સ્હેલાઈથી બની શક્યું. અચલપુર પહોંચ્યા પછી ગામ બહારજ કોઇ એકાંતાશ્રમમાં તેણીએ નિવાસ કર્યો અને સુખપૂર્વક કંઇક સમય ત્યાં વ્યતીત કર્યો.

એ અચલપુરના રાજા ઋતુપર્ણની રાણી ચંદ્રયશા કે જે દમયંતીની માશી થતી હતી, તેણીને દાસી મારફત એવા ખબર મળ્યા કે 'શહેરની બહારના એક એકાંતાશ્રમમાં કોઈ મહા સ્વરૂપવંત એક સ્ત્રી આવી રહેલી છે.' એ ખબર ઉપરથી તે સ્ત્રીને બોલાવી મંગાવી તેણીની સુંદર સૌમ્યાકૃતિ નિહાળતાં પ્યાર આવવાને લીધે પોતાની હજુરમાં રાખી. જો કે દમયંતી તેણીને સારી પેઠે ઓળખતી હતી; તો પણ ઓળખાણ કહાડી નહીં; કેમકે 'માઠી દશાના વખતમાં ઓળખાણ કહાડવી નહીં' એમ નીતિશાસ્ત્રીઓએ કહેલું છે એથી જાણુતી છતાં અજાણી થઇ ત્યાં રહેવા લાગી. રાણીએ તેણીને જો કે કુલવંશ વગેરે સંબંધિ પૂછયું તથાપિ તેણીએ પોતાની છુપી વાત જાહેરમાં ન લાવવા મૌન ધારણ કર્યું; છતાં પણ રાણીએ તો પોતાની પુત્રીની પેઠે આનંદપૂર્વક પોતાની પાસેજ રાખી, અને તેણીને દાન દેવાનું કામ સોંપ્યું. દમયંતી પણ માશીના હુકમ પ્રમાણે હમેશાં જે કોઈ દાનાર્થી જન આવે તેને દાન આપ્યા કરતી હતી.

એક વખત કોઇ પિંગલક નામના ચોરને શૂળીએ ચડાવવા રાજસેવકો લઇ જતા હતા, તે તરફ દમયંતીની નજર પડતાં દયા લાવી તેને છોડાવી દેવરાવવા તેણીએ બંદોબસ્ત કરાવ્યો. ચોર છુટ્યા પછી દમયંતી પાસે આવી કહેવા લાગ્યો—'આપે મારો જાન બચાવ્યો એથી પરમાત્મા આપનો સદા જય કરો—એજ મુજ ગરીબની આશિષ છે.' દમયંતીએ તેને ઓળખી લીધો કે—'આ તો મને મધ્ય રસ્તે ધર્મભગિની ઠરાવી મારૂં રક્ષણ કર-

નાર વસંત સાર્થવાહનો સેવક છે !' એમ જાણી તેને વસંત સાર્થપતિના ખબર પૂછયા, એટલે તે બોલ્યો—' જ્યારે આપ તાપસપુરમાંથી રાત્રે એકલાંજ કોઇને મળ્યા વગર ચાલ્યા ગયાં હતાં, ત્યારે પાછળથી મારો શેઠ આપના માટે બહુ દિલગીર થયો હતો એટલુંજ નહીં, પણ જ્યારે શ્રી યશોભદ્ર સૂરિએ બોધ આપી દિલગીરી તજાવી ત્યારે સાત દિવસ પછી અન્ન પાણી ઉપયોગમાં લીધાં હતાં. એક વખત તે શેઠે ઉત્તમ રત્ન સુવર્ણના ભેટણાવડે કૂબર રાજાને પ્રસન્ન કર્યો અને એ પ્રસન્નતામાં તાપસપુરનું અધિપતિપણું તેને મળ્યું. હવે વસંતશેખર નામ ધારણ કરી તાપસપુરનું રાજ્ય કરે છે. હું કોઇ કારણસર ત્યાં અપમાન પામવાથી અહીં આવ્યો ને અહીં કર્મસંયોગે રાજમહેલમાં જ મેં ચોરી કરી એથી દેહાંત શિક્ષાને પાત્ર થયો, પરંતુ આપે દયા લાવી છોડાવ્યો એથી હું આપનો અત્યંત આભારી થયો છું. દમયંતીએ તેને દીક્ષા લેવાની ભલામણ કરી, અને એ પિંગલે પણ દીક્ષાજ અંગીકાર કરી જીવન સફળ કર્યું.

એ અરસામાં હરિમિત્ર નામનો બ્રાહ્મણ કુંડિનપુરના રાજાના હુકમથી ચંદ્રયશા પાસે આવ્યો હતો. તેને ચંદ્રયશાએ પોતાના કુટુંબ, સંબંધીઓ સંબંધિ કુશળ પૂછયા. એટલે હરિમિત્રે કહ્યું–'નળ અને કૂબર જુગાર રમ્યા, તેમાં નળ હાર્યો તેથી દમયંતી સહિત તેને વનવાસ સેવવાનો થયો, અને વનવાસમાં પણ ઉંઘતી પ્રિયાને તજી દઇને ક્યાંય ચાલ્યો ગયો છે ! જ્યારે આ વાતની ભીમરાજાને જાણ થઇ ત્યારે તેઓ અત્યંત દુઃખી થયા અને મને તેઓની શોધ કરવા મોકલ્યો, એથી મેં પણ તેમની દેશોદેશ શોધ કરી, પણ કયાંય તેઓને પત્તો લાગ્યો નહીં. આથી નિરાશ થઇ હું ઘેર ગયો અને અહીં તેની ખબર કહેવા આવ્યો છું.' આ પ્રમાણેના સમાચાર સાંભળી ચંદ્રયશાને બહુ રડવું આવ્યું અને એથી આખું રાજ્યકુટુંબ પણ શોકવશ થઇ ગયું.

જ્યારે તે હરિમિત્ર ભૂખ્યો થયો અને દાનશાળાએ જમવા માટેગયો ત્યારે ત્યાં દમયંતી તેના દીઠામાં આવી, એટલે તો તે આશ્ચર્ય પામી દમયંતીને પગે લાગી બોલ્યો કે-'માત દમયંતી! હું તમારી શોધ માટે તો દેશોદેશ ભટકી થાકી ગયો, છતાં ક્યાંય પત્તો ન લાગ્યો એથી નિરાશ થઇ ગયો હતો. પરંતુ અહીં આવતાં આપના દર્શન થયાં. એટલું બોલી જમીને તે પાછો ચંદ્રયશાની પાસે ગયો અને દમયંતી અહીંની દાનશાળામાં અધ્યક્ષા છે તેજ પોતે છે, એવા હર્ષપ્રદ સમાચાર આપ્યા, એટલે તો ચંદ્રયશા અતિ હર્ષઘેલી બની ગઇ, અને પછી તે સંબંધિની ખબર પોતાના પતિને પણ આપી, તેથી તે વખતે દિલગીરીનાં આંસુએ હર્ષનાં આંસુનો દેખાવ આપી સર્વનો શોક ટાળ્યો.

ચંદ્રયશા તરત દાનશાળામાં જઇ પહોંચી અને પોતાની ભાણીને ભેટી કહેવા લાગી-'મને ધિક્કાર છે કે મેં મારી ભાણેજનેજ ઓળખી નહીં! વ્હાલી દીકરી! તેં પણ પોતાને છુપાવી રાખી મને શા માટે છેતરી?' વગેરે વગેરે પ્રેમવચન કહી તેણીને રાજ મહાલયમાં લઇ આવી અને સુંગધી જળવડે તેણીને ન્હવરાવી, ઉંચા કિંમતી શ્વેત કપડાં પહેરાવ્યાં પછી પોતાની પાસે બેસારી. તે પછી રાજાના પૂછવાથી દમયંતીએ રડતાં રડતાં જ્યારથી રાજ્ય છોડવું પડ્યું, ત્યારથી તે વર્તમાન સમય સુધીની તમામ વાત કહી સંભળાવી. તેણીનાં આંસુ લૂછતાં લૂછતાં રાજા બોલ્યો-"પુત્રી એમાં જરા પણ ખેદ કરવો નહીં, કેમકે કર્મની ગતિજ વિચિત્ર છે" આવી વાત કહે છે એટલામાં તો આકાશ પંથથી એક દેવે નીચે ઉતરી દમયંતીને પગે લાગી કહ્યું-"હે સતી! તમોએ જે પિંગળ ચોરને શૂળીની શિક્ષાથી છોડાવી દીક્ષા લેવાનો બોધ કર્યો હતો અને તેણે દીક્ષા લઇ સદ્ગતિ પેદા કરી હતી તેજ હું દેવપણું પામ્યો છું, એ બધી તમારી

કૃપાનોજ પ્રતાપ છે ! તમારો ચિરકાળ જય થાઓ. ” એમ કહી તેણે સાતકોટિ સોનૈયાની વૃષ્ટિ કરી. આ બનાવ જોઇ ‘ આ સર્વ જૈન ધર્મનો પ્રભાવ છે, ’ એમ ત્યાં બેઠેલા જનોએ કહ્યું અને તેઓ પૈકી ઘણાખરાઓ જૈન ધર્મ સ્વીકારી નિષ્પાપ થવા શુદ્ધધર્મમાં લીન થયા. પછી હરિમિત્રે રાજા પ્રત્યે કહ્યું–‘ નામદાર ! અહીં દમયંતીએ ઘણો વખત ગુજાર્યો છે, માટે હવે એણીને કુંડિનપુર લઇ જવાની રજા મળે તો ત્યાંના લોકોને પણ શાંતિ થાય. ’ હરિમિત્રની આ વિનતી ઉપરથી દમયંતીને લશ્કર સહિત કુંડિનપુર પહોંચતી કરવાનો હુકમ કરી ઋતુપર્ણ રાજા પોતાના રાજમહાલયમાં ગયો અને હરિમિત્ર દમયંતીને લશ્કર સહિત લઇ કુંડિનપુર તરફ રવાના થયો.

જ્યારે ભીમરાજાને દમયંતી સહિત હરિમિત્ર આવ્યાના ખબર મળ્યા, ત્યારે તેણે પોતાની રાણી સહિત સ્હામે જવાનો નિશ્ચય કર્યો, અને દબદબા સાથે માબાપે પુત્રીની સ્હામે જઈ તેને પ્રેમાલિંગન આપ્યું. સતી દમયંતી પણ માતાપિતાને ચરણે પડી શુભાશિષની ભાગીયણ થઇ. એ વખતે સર્વની આંખોમાંથી હર્ષનાં આંસું ટપકતાં હતાં અને રોમરાય હર્ષ પામી ગયાં હતાં. તે પછી મહોત્સવ સહિત પુત્રીને પુરમાં પધરાવી, તેણીના નિર્વિઘ્નપણે ઘેર આવ્યા સંબંધનો સાત દિવસ લગી હર્ષોત્સવ કર્યો. ઉત્સવ પૂર્ણ થયા પછી પિતાએ પુત્રીને વનવાસ જવાનો હેતુ પૂછયો, એટલે દમયંતીએ તમામ હકીકત કહી પિતાને વાકેફગાર કર્યા. તે પછી ભીમરાજાએ કહ્યું–‘પ્યારી પુત્રી ! અહીં સુખેથી રહો. હવે જેમ તારો મનોરથસફળ થશે તેમ યોજના યોજીશું.’ પછી રાજાએ હરિમિત્રને પાંચસો ગામ બક્ષીસમાં આપ્યાં અને કહ્યું કે ‘જયારે નળરાજ આવશે ત્યારે તને અરધું રાજ્ય આપવામાં આવશે.’ આમ કહી ભૂદેવની ભૂખ ભાંગી નાખી.

એક વખતે દધિપર્ણ રાજા કે જ્યાં નળ કૂબડાના વેષથી રહેલ છે ત્યાંથી ભીમરાજાની પાસે એક દૂત આવ્યો. તે દૂતનો ભીમરાજાએ સારો સત્કાર કર્યો, એથી પ્રસન્ન થયેલા દૂતે પોતાના આવવાના કારણ સંબંધી વિનંતિ કરી કે-'હે ભૂપેંદ્ર! અમારા દધિપર્ણ રાજાની પાસે એક નળરાજાનો રસોઇયો આવેલો છે, ને તે લાંબા વખતથી ત્યાં રહે છે. તે રસોઇયો સૂર્યપાક રસવતી કરી જાણે છે, તેમજ હાથી વગેરેને વશ કરવાની કળાઓમાં પ્રવીણ છે. તે સંબંધી ખુશખબર કહેવા હું આવ્યો છું.' આ વાત સાંભળી રાજા ભીમે પુત્રી દમયંતીને એ સંબંધી ખબર આપી. એથી દમયંતીએ કહેવરાવ્યું કે-'આ પૃથિવીની સપાટી ઉપર આપના જમાઈ સિવાય સૂર્યપાક રસવતી કોઇને પણ આવડતીજ નથી, તેમ એ નામનો રસોઈયો પણ રસવતીનો લેશ ભાગ પણ જાણનાર કોઇ હતોજ નહીં, માટે કોઇ ગુટિકાના પ્રયોગથી કે કોઇ દેવે આપેલા મંત્ર બળથી પોતાનું રૂપ બદલી રહેલા તે આપના જમાઇજ હશે એમાં જરા પણ શક નથી.

આ પ્રમાણે હકીકત જાણમાં આવતાં ભીમરાજાએ એક ચાલાક બ્રાહ્મણને ખાનગી રીતે જે કહેવાનું હતું તે કહીને દધિપર્ણ રાજાની પાસે મોકલ્યો અને તેણે ત્યાં જઈ જ્યારે કૂબડાને જોયો, ત્યારે તો તે બ્રાહ્મણના મનમાં બહુજ ખેદ થયો; અને તે વિચારવા લાગ્યો કે-'ક્યાં મુકતાફળની ભ્રાંતિ કરાવનારી દમયંતી! તથા ક્યાં દેહધારીલક્ષ્મીપુંજ નળરાજા! અને ક્યાં આ કુત્સિત તથા વ્યાધિગ્રસ્ત કૂબડો! ક્યાં કલ્પવૃક્ષ ને ક્યાં કેરડો! ક્યાં દમયંતીને ક્યાં આ કૂબડો! હા! દમયંતીના મનોરથ અને શુકનાવળી એ બન્ને નકામાં જ છે." આટલું મનમાં વિચારી તે મહા ખેદવંત થયેલા બ્રાહ્મણના મ્હોંમાંથી એટલું ઉતાવળેથી બોલાઈ ગયું કે-'નળ અને દમયંતી તો એક અલૌકિક જોડું

સરજાયેલું છે, એની જોડ દુનિયામાં કયાંય પણ નથીજ!' એ છેલ્લો બોલ સાંભળી કૂબડાથી પણ બોલાઇ ગયું કે-'હા પરીક્ષક! એવી જોડીનો અદેખા વિધિએ વિયોગ પાડી દીધો છે!!' એમ કહી તે કૂબડો હૈયું ભરાઈ આવવાથી રોવા લાગ્યો. એ જોઈ બ્રાહ્મણે આશ્ચર્ય સાથે કૂબડાને પૂછ્યું-'ભાઈ,! નળરાજાનું નામ સાંભળી તમને કેમ રોવું આવ્યું? કૂબડે કહ્યુ-'હું નળરાજાનો રસોઇયો છું, તેથી મને દિલગીરી પેદા થાય છે કે તે જોડીની પણ એવી દશા થઈ છે! ભાઇ! તમે નળરાજના નામ કીર્તન કરવાવાળા વિપ્ર છો, એથી મહા સત્કારને લાયક છો; માટે મારા મકાને ચાલો.' ઇત્યાદિ કહી તે વિપ્રને કુબ્જ પોતાને મકાને લઈ ગયો અને તેને સૂર્યપાક રસવતી કરીને જમાડી પોતાને મળેલાં ઘરેણાં વગેરે દક્ષિણામાં આપી સંતોષ્યો.

તે પછી તે બ્રાહ્મણ ત્યાંથી રવાના થઈ વિદર્ભ નગરે જઇ પહોંચ્યો અને દમયંતી આગળ કૂબડાનું સ્વરૂપ, બનેલી વાત, અને સૂર્યપાક રસવતી વગેરે સંબંધિ સઘળી વાત કહી સંભળાવી પોતાને મુકામે ગયો. એટલે દમયંતીએ તે બધી વાત પિતાની પાસે કરીને કહ્યું કે—'પિતાશ્રી! હવે આપને કશો વિચાર કરવાની જરૂર નથી. ખચિત તે કૂબડાના રૂપે રહેલા મારા પતિ જ છે. એકવાર ગમે તેમ કરી તેમને અહીં લાવો એટલે પછી હું તેમનું મૂળ સ્વરૂપ પ્રકટ કરાવીશ.' પુત્રીનું બોલવું સાંભળી ભીમરાજે કહ્યું—'હું મિથ્યા સ્વયંવરના બહાનાથી તેમને અહીં બોલાવું છું.' એમ કહી પછી મિથ્યા સ્વયંવરની રચના રચાવી, પછી જુદાજુદા રાજાઓને આમંત્રણ પત્રિકાઓ લખી મોકલી. દધિપર્ણ રાજાને ત્યાં પણ લખી મોકલ્યું કે—'ચૈત્ર શુદિ પાંચમને દિવસે વિદર્ભરાજાની પુત્રી દમયંતીના લગ્ન છે, માટે તે અવસરે સ્વયંવર મંડપમાં પધારી શોભામાં વધારો.

કરશો.' દધિપર્ણ રાજાએ પત્રિકા વાંચી કહ્યું કે—'લગ્નનો દિવસ તો નજીકમાંજ છે અને રસ્તો બહુ લાંબો છે તો ત્યાં શી રીતે જઇ પહોંચાય !' એમ કહી ઉદાસ થઇ 'હવે શું કરવું ?' એમ વિચારમાં ફરતા જોઈને એ કૂબડાએ કહ્યું—'મહારાજા ! જો આપનો જવા માટે ચોક્કસ વિચાર હોય તો જરાપણ ફિકર કરવી નહીં. બે સુંદર ઘોડા જોડી એક ઉત્તમ રથ તૈયાર કરાવી મંગાવો, હું પછી તે રથનો સારથિ બની મારી મંત્ર વિદ્યાના પ્રભાવથી આપને ભીમરાજાને ત્યાં તરત પહોંચતા કરીશ.' કુબ્જનું આવું બોલવું થતાં રાજા બહુ રાજી થયો અને બે તેજસ્વી ઘોડાવાળો રથ તૈયાર કરાવી તેમાં પાનદાની–છત્ર–ચામર ધરનારા નોકરો સહિત બેઠો, અને કુબ્જ તે રથનો સારથિ બની મંત્રબળની ફૂંકોથી ઘોડાના કાન ફૂંકી રથને આકાશ પંથમાં હાંકી મૂકયો. તેવામાં રાજા દધિપર્ણે કહ્યું—'કુબ્જ ! મારી પછેડી પડી ગઈ છે માટે રથને થોભાવ, કે તે લઈ લેવાય.' કુબ્જે હસીને કહ્યું—'દેવ ! તે પછેડી પડ્યા પછી તો રથ પચીશ યોજન આગળ નિકળી આવ્યો છે. આ તો સાધારણ ઘોડા છે; પણ જો ઉત્તમ ઘોડા હોત તો તેઓ એક ક્ષણમાં પચાશ યોજન આવી ગયા હોત.' પછી એક ફળેલું આંબાનું ઝાડ જોઇ દધિપર્ણે કૂબડાને કહ્યું—'કુબ્જ ! આ આંબા ઉપર કેટલી કેરીઓ હશે ?' કુબ્જે કહ્યું—'આપજ તે ફળોની ગણત્રી કરી બતાવો.' રાજાએ કહ્યું—'એના ઉપર અઢાર હજાર કેરીઓ છે.' તે ઉપરથી કૂબડે મુઠી મારીને તે બધી કેરીઓ હેઠી પાડીને ગણી જોઈ તો બરોબર થઇ ! રાજાએ કહ્યું—'જો આવી રીતે આપણે રમ્મત ગમ્મત કરતા જઈશું તો વખતસર પહોંચવું મુશ્કેલ છે.' તે પછી રાજાએ કૂબડા પાસેથી મંત્રબળથી ઘોડાઓને વેગ આપવાની વિદ્યા શીખી લીધી અને કૂબડે ફળની ગણત્રી કરવાની વિદ્યા રાજા પાસેથી શીખી લીધી.

તે પછી રથને ઝડપથી ચલાવ્યો જેથી જરાવારમાં કુંડિનપુરની સીમમાં આવી પહોંચ્યો.

દમયંતીને એક સ્વપ્ન આવ્યું કે—' જાણે નિર્વૃત્તિ દેવીએ મને લઈ જઈ કોશલાના વનમાં મૂકી. ત્યાં મેં એક રસાળ અને પાકેલું ફળ સહિત ઝાડ દીઠું, તેને કોઇ કમળ ઉપર બેઠેલા પક્ષીએ પાડી નાખ્યું.' રાતે આવેલું આ સ્વપ્ન પ્રભાતે પિતાને કહી બતાવ્યું. એટલે ( દમયંતીને તેના ) પિતાએ કહ્યું—'પુત્રી ! સ્વપ્ન ઉત્તમ છે. એ સ્વપ્ન સૂચવે છે કે તને તારા પતિની ભેટ થશે.' પિતા પુત્રી આવી વાતો કરે છે એવામાં તો દધિપર્ણ-રાજાનો રથ શહેર બહાર આવી પહોંચ્યો છે એવા સમાચાર મળ્યા. જેથી તેઓના માટે ઉતારા વગેરે સઘળી બાબતનો બંદોબસ્ત કરી સારી રીતે તેમનો ભીમરાજાએ સત્કાર કર્યો. તે પછી દધિપર્ણરાજાને ત્યાં સૂર્યપાક રસવતી થતી જોઈ, એટલે દમયંતીએ તેમાંથી દાસી વગેરેની મારફત કોઈ બ્હાનેથી મંગાવી ચાખી જોઇ અને કહ્યું કે—' એ કુબ્જજ નળરાજા છે. રૂપ પરાવર્તિની વિદ્યાના પ્રભાવથીજ તે રૂપ બદલાવીને રહેલા છે.' આવો વિચાર કર્યા પછી વખત થતાં વસ્ત્રાલંકાર સજી સ્વયંવર મંડપમાં જવા માટે સુખાસનમાં બેસી આસ્તે આસ્તે દમયંતી મંડપમાં જઈ પહોંચી અને હાથમાં વરમાળ લઇ પ્રતિહારિણી સહિત મંડપમાં ફરવા લાગી. પ્રતિહારિણી દરેક રાજાઓના બળ–રયાસત વગેરેનું વર્ણન કરતી હતી, છતાં દમયંતી આગળજ ચાલી જતી હતી. એ જોઈ લોકો બોલ્યા કે—" શું આટલા બધા વીર ક્ષત્રિયપુત્રોમાંથી દમયંતીને એક પણ રૂચતો નથી ?! ત્યારે એ શું કરશે તે સમજવામાં આવતું નથી !!' એમ બોલે છે એટલામાં તો દમયંતીએ કૂબડાના કંઠમાં વરમાળા પહેરાવી દીધી. આ બનાવ જોઇ ત્યાં આવેલા તમામ રાજાઓ બોલી ઉઠ્યા કે—" અરરરર !

રાજકન્યામાં જરા પણ અક્કલ નથી, નહીં તો રૂપવંત રાજાઓને છોડી કૂબડાને પસંદ કરે ખરી ? એણીએ બહુજ વગર વિચાર્યું કામ કરી સહુને નાહક નારાજ કર્યા." ઇત્યાદિ વાતો કરી કુંવરીની નાલાસી કરતા હતા. એ જોઇ દમયંતી કુબ્જરૂપે રહેલા નળરાજને વીનવવા લાગી—' હે સ્વામી ! આપને મેં ઓળખ્યા છે માટે હવે આપનું મૂળ સ્વરૂપ પ્રકટ કરી સર્વના સંતાપ ટાળો. આપ તો આશ્રિતોના કલ્પવૃક્ષ છો. ' આ પ્રમાણે દમયંતીની વાણી સાંભળી નળરાજે પોતાનું મૂળ સ્વરૂપ પ્રકટ કર્યું. નળરાજાને જોઈ દમયંતી લજ્જા સાચવી નીચું જોતી અને નમન કરતી એક બાજુ પર જઇ ઉભી રહી. આ [1]હર્ષપ્રદ પ્રકારથી સર્વ ચકિત થઈ ગયા અને દમયંતીને ધન્યવાદ દઈ તેની બુદ્ધિને વખાણવા લાગ્યા. ભીમ રાજાએ તરત નળરાજાને પોતાની પાસેના આસન ઉપર બેસારી હાથ જોડી કહ્યું—' આ વિશાળ રાજ્ય આપનુંજ છે માટે હવે મરજી મુજબ એનો ઉપયોગ કરો. હવે દુઃખ ટળી સર્વ સંપદા પ્રાપ્ત થઈ છે. જેથી નિર્વિઘ્ને રાજ્યની લગામ હાથમાં લઈ રૈયતને આપના વિમળ ન્યાયવડે આનંદ આપો. અમે તો આપના હુકમને [2]શિરોધાર્ય કરનાર છીયે. ' ભીમરાજ આ પ્રમાણે કહે છે એટલામાં દધિપર્ણ આવીને કહ્યું—' હે રાજન્ ! મેં અજાણપણેથી આપની પાસે રસોઈનું નીચ કામ કરાવ્યું છે, માટે મારો એ અપરાધ માફ કરશો. ' વગેરે વિવેકયુક્ત વચનો કહ્યાં. એ શ્રવણ કરી તે સર્વને યોગ્ય વચનોવડે આનંદ આપી નળરાજા રાજ્યમહેલમાં જઈ આનંદયુક્ત પ્રિયાને ભેટી સ્વર્ગીય સુખ સદૃશ વૈભવ અનુભવવામાં નિમગ્ન થયો. તેમજ પોતાના તથા દમયંતીના દુઃખની

૧ ખુશી આપનાર. ૨ માથે ચડાવી લેનારા.

વખતમાં મદદ આપનારાઓનો ઉત્તમ પ્રકારે સત્કાર કરી (તેમનો આભાર માની, આનંદવાન્ બન્યો. આ આનંદોત્સવની યાદી રહેવા માટે ભીમરાજાએ એક મહીના લગી ભારે ધામધૂમ સાથે મહોત્સવ કરી પરમાત્માની ભક્તિ અને સત્કૃત્યાદિમાં બેસુમાર દ્રવ્ય ખર્ચી ધનનો સદુપયોગ કર્યો. અને તે મહીનો એક ક્ષણની પેઠે જતો રહ્યો.

પછી સઘળા રાજાઓએ મળી નળનો રાજ્યાભિષેક કર્યો અને તે પછી થોડો વખત વિત્યા બાદ નળરાજા મોટું લશ્કર લઇ કોશળા નગરીએ જઇ પહોંચ્યો. ત્યાં દૂત મોકલી ભાઇ કૂબરને કહેવરાવ્યું કે—' હવે તું મારી સાથે જુગાર રમ, નહીં તો તને ઠાર મારીશ. ' દૂતનું વચન સુણીને પહેલાં જીત્યો હતો એ આશાએ કૂબર નળ સાથે જુગાર રમ્યો, પણ પુન્યાઇ [1]પરવારી બેઠેલો હોવાથી કૂબર હારી ગયો. જેથી નળરાજે પોતાનું રાજ્ય પોતાને તાબે કરી લીધું અને કૂબરને યુવરાજપદ બક્ષ્યું. પછી [2]અર્ધ ભરતના સઘળા રાજાઓએ નળરાજની આગળ અમૂલ્ય ભેટણાં મૂકી તેની આજ્ઞામાં વર્ત્તવાનું કબુલ કર્યું. ત્યારબાદ પોતાના કુલ રાજ્યમાં અમારિ એટલે કોઇ પણ જીવનો ઘાત ન કરે એવો ઢંઢેરો પિટાવી, દયાધર્મ મંડિત રાજ્ય બનાવી નળરાજે જૈન ધર્મોન્નતિનાં પુષ્કળ કામો કર્યાં, અને તમામ જિન મંદિરોમાં મહોત્સવ કરી જીર્ણોદ્ધાર કરાવી અનંત પુણ્ય ઉપાર્જન કર્યું. આમ કરતાં જ્યારે એક હજાર વર્ષ વીતી ગયાં ત્યારે આત્મકલ્યાણ સંબંધી સાધન તરફ વિશેષ મન દોરાયું.

નિયમજ છે કે-પુણ્યવંત પુરૂષો ઇચ્છા કરે, એટલીજ વાર હોય છે અને જ્યારે ઇચ્છા થઇ ત્યારે તે કાર્યની ફતેહરૂપ વસ્તુઓ હાજરજ થયાં કરે છે. નળરાજાનો આત્મોદ્ધાર તરફ

૧ પાર પડી ચુકી હતી. ૨ ત્રણખંડના.

આતુરતા ભર્યો ઈરાદો થયો કે તુરત તેમના પિતાએ સ્વર્ગમાંથી આવી પુત્રને કહ્યું કે—'વત્સ ! રાજ્યને અંતે નરકગતિ છે માટે તે ગતિ બંધ પાડી સદ્‌ગતિ મળવા સંયમ ગ્રહણ કર.' આવી પિતાની આજ્ઞા સાંભળી પોતાના પુષ્કરરાજ નામના પાટવી કુંવરને રાજ્યનો ભાર સોંપી નળરાજાએ દમયંતી સહિત દીક્ષા લીધી અને **શ્રી શ્રુ**તસાગર ગુરૂ પાસે શાસ્ત્રોનો અભ્યાસ કરી તે ગુરૂની સાથેજ વિનય વૈયાવચ્ચ સાચવતાં વિહાર કરવા માંડ્યો; તથાપિ સુકોમળ હોવાને લીધે પાછળથી સંયમને વિષે નળમુનિ શિથિલાચારી થઈ ગયા એથી નિષધદેવે આવીને તેને ફરી સંયમમાં દઢ કર્યો. દઢ કર્યો તોપણ વારંવાર દમયંતી ઉપર આસક્તિ રાખતો હોવાથી દુષ્કર સંયમ પાળવામાં સમર્થ ન થયો, તેથી અંતે અનશન કરીને સ્વર્ગની અંદર કુબેર નામનો દેવતા થયો. અને દમયંતી દીક્ષા પાળીને પતિપરની પ્રેમાસક્તિને લીધે મરણ પામીને સ્વર્ગની અંદર તે કુબેર દેવનીજ સ્ત્રી થઈ, ને ત્યાંથી ચવીને વસુદેવની પત્ની કનકવતી થઈને અંતે મોક્ષે ગઈ. તેમજ નળનો જીવ પણ સ્વર્ગથી ચવી માનવભવ કરી તે પણ અંતે મોક્ષે ગયો. ધન્ય છે એવાં દંપતીને !

વિવેકી વાંચકો ! આ વાત ઉપરથી એ ધડો લેવાનો છે કે—દમયંતીએ શીળના ચમત્કારિક પ્રભાવથી હુંકાર શબ્દવડે ચોરોને નાહિમ્મત બનાવી નસાડ્યા, રાક્ષસને પ્રસન્ન કર્યો, પગ પ્રહારથી પાણીની વહેતી નદી પ્રકટ કરી અને રાક્ષસણીને સ્તંભિત બનાવી પાછી વાળી, તેમજ મેઘવૃષ્ટિથી પીડાતા જનોનું રક્ષણ કરવા વૃષ્ટિ બંધ પાડી—વગેરે વગેરે અજાયબી ભર્યાં કામો કરી બતાવ્યાં. અને એવા શીળ પ્રભાવથી મહાસતીનું પદ પ્રાપ્ત કર્યું. એજ મુજબ આપણે પણ જો અંતરંગની અડગ વૃત્તિથી શીળવ્રતપાળીએ તો બેશક આપણાં પણ પ્રાણસંકટો લય થાય અને મનવાંછિત સિદ્ધ થાય; માટે તેવું શીળ પાળવું.

આ શિવાય દીકરીને સાસરે મોકલતી વખતે માતપિતા અને સાહેલી વગેરેએ કેવી શીખામણ આપવી ? તથા હાલના જમાનામાં તે વેળાએ કેવી શીખામણ અપાય છે તેની નકલ, જુગારથી થતી ખાના ખરાબી, ધૂર્ત્ત જનની ધૂર્ત્તતા, વચન પાળકની વડાઈ, રાજ્યલોભ સંબંધી ધિક્કાર વચન, દંપતીના ધર્મ સંબંધિનું જ્ઞાન અને સંસારની અનિત્યતા, તેમજ રાજ્યનીતિની, પતિ ભક્તિની, કાર્ય દક્ષતાની અને જે સમયે જે સુખ દુઃખ આવે તે વખતે તેનો ધીરજ સાથે અનુભવ મેળવવાની ભાવ ભરિત નોંધ–વગેરે વગેરે ગ્રહણ કરવાના છે.


# શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા.

**( વિવિધ અનેક ચમત્કારિક કથાઓ સાથે શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું વિસ્તાર પૂર્વક અપૂર્વ વર્ણન. )**

સકલ મંત્ર શિરોમણિ, અનેક ગુણકલ્પ મહોદધિ, ચૌદપૂર્વના સારભૂત પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર કે જેનો મહિમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે. અને જે ધ્યાન કરવા યોગ્ય છે. નવલાખવાર વિધિપૂર્વક જપ કરતાં–નર્કનું નિવારણ થતાં ભવનો પાર મોક્ષ પમાય છે, એમ અપૂર્વ મહિમા શાસ્ત્રમાં વર્ણવેલ છે.

જિનેશ્વર ભગવાને આત્માના મોક્ષ માટે ધ્યાન–તપ ઉત્કૃષ્ટ ક્રિયા કહેલી છે, અને ધ્યાન પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું થઈ શકે છે. **પંચપરમેષ્ઠી શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય** અને **સાધુ મુનિરાજ** અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીશ, પચીસ અને સત્તાવીશ ગુણો મળી ૧૦૮ ગુણ થાય છે, કે જેનું નવકારવાળી દ્વારા ધ્યાન થઇ શકે છે. આ ૧૦૮ ગુણોનું જાણપણું સર્વ કોઇને ન હોઇ શકવાથી હાલ ઘણે ભાગે નવકારવાળીમાં ગુણોને બદલે માત્ર નવકારમંત્રનું એક એક પારે એક સ્મરણ થાય છે; પરંતુ શાસ્ત્રકાર મહારાજનું કથન પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણનાં વર્ણનનું સ્મરણ, નવકારવાળી દ્વારા મોક્ષ મેળવવા માટે કરવાનું ફરમાન છે. આ ગ્રંથમાં તે ઉત્તમોત્તમ ગુણોનું અપૂર્વ, સુંદર, સરલ અને મોક્ષદાયી વર્ણન અનેક ચમત્કારિક કથાઓ, દ્રવ્યાનુયોગની હકીકતો, શાસ્ત્રોની સાદતો આપીને મોક્ષના અભિલાષિઓ માટે કરી તેની અલૌકિક રચના કરી છે. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર. કિં. રૂ. ૧–૮–૦**

# મહાસતી રાજિમતીની કથા.

( ૫ )

મહીમંડન **મથુરા**ની અંદર પૂર્વે **ઉગ્રસેન** રાજા રાજ્ય કરતો હતો. એ રાજાને **ધારણી** નામની રાણી હતી. એ ધારણી રાણીની કુંખને વિષે [1]અપરાજિત વિમાનથી ચ્યવીને એક દેવતા સ્ત્રીપણે ઉત્પન્ન થયો. અને જ્યારે ગર્ભમર્યાદા પૂર્ણ થઇ ત્યારે શુભ દિવસે તેણીએ એક મહા સ્વરૂપવંત કન્યાને જન્મ આપ્યો, તેમજ તે કન્યાનો જન્મમહોત્સવ કરીને તેણીનું નામ **રાજિમતી** સ્થાપન કર્યું. એ રાજિમતી શુકલપક્ષના ચંદ્રમાની પેઠે દિન પ્રતિદિન વિશેષ તેજ, કળા સહિત વૃદ્ધિ પામતી હતી. અને જ્યારે વિદ્યા ભણવા લાયક ઉમરવાળી જણાઈ ત્યારે સદ્ગુણી વિદ્યાસાગર ગુરૂની પાસે તેણીને વ્યવહારિક અને ધાર્મિક સંબંધિ પૂર્ણજ્ઞાન પ્રાપ્ત કરાવી ઉત્તમ જ્ઞાનવંત બનાવી. એથી 'શંખ અને દૂધથી ભરેલો' તથા 'સોનું છતાં સુગંધયુક્ત હોય એમ જણાયું.' મહારૂપવાન રાજકન્યા અને વળી ઉચ્ચ કેળવણીયુક્ત એટલે પછી તેના માટે કહેવા જેવુંજ શું રહ્યું ? એ સમયમાં એ રાજિમતીના સરખી રૂપમાં ને ગુણમાં બરાબરી બતાવવા હરીફાઇ કરી શકે એવી રાજકન્યા કોઈ ભાગ્યેજ હતી. આમ હોવાથી તેણીના સરખો રૂપ ગુણ સંપન્ન [2]કુલીન રાજકુંવર મેળવવા તેણીનો પિતા શોધમાંજ હતો; પરંતુ તે બાળ બ્રહ્મચારિણી રહી મહાસતી

---

૧ અનુત્તર વિમાન. ૨ ઉચ્ચ કુળનો.

ગણાઈ, તેજ ભવમાં મોક્ષે જવાથી જગત્પૂજ્ય થનારી હતી એથી એવો બનાવ બન્યો કે—

**શૌર્યપુરમાં** રાજા **સમુદ્રવિજયના** મહેલના શૃંગાર **શિવાદેવીએ** મહા ઉત્તમ ચૌદ સ્વપ્ન સૂચિત ગર્ભકાળ પૂર્ણ થયે [1]જગવલ્લભ એક પુત્રરત્નને જન્મ આપ્યો અને તે પુત્રરત્નનું **નેમિકુમાર** નામ રાખ્યું. એ નેમિકુમાર ઘનશ્યામ વર્ણવાળા છતાં તેમના રૂપ ઉપર ક્રોડો કામદેવ વારી નાંખીએ એવી મોહક છબીદાર હતા. તેમજ જગતમાંની તમામ કળાઓના પૂર્ણ જ્ઞાતા હતા અને બળમાં [2]અવર્ણનીય પરાક્રમવંત હતા. એ નેમિકુમારને માતા શિવાદેવીએ પરણવા લાયક ઉમર જાણી કહ્યું કે—"વ્હાલા વત્સ! હવે તું વિવાહ કરવા સંબંધિ અમારા મનોરથ પૂર્ણ કરવા માટે જો હા કહે તો અમો તે માંગલિક પ્રસંગનો પ્રારંભ કરી માનવ ભવનો લ્હાવો લઈએ." માતુશ્રીનું કથન સાંભળી સુપુત્ર નેમિકુમારે ઉત્તરમાં જણાવ્યું કે "માજી! જ્યારે લાયક રાજકન્યા મળશે ત્યારે હું આપના મનોરથ સફળ કરવા વિચાર કરીશ." આ પ્રમાણે કહી પુત્રરત્ને માતાના જીવને દિલાસો દીધો.

એક વખત તે નેમિકુમાર પોતાના સરખા વય-રૂપ-ગુણવાળા રાજપુત્રોની સાથે રમ્મત ગમ્મત કરવાના વિચારથી આનંદ સહિત ફરતા ફરતા કૃષ્ણને બાંધવાના અગર ઉપયોગમાં લેવાના અસ્ત્ર, શસ્ત્રો રાખવાના મકાન કે જેને આયુધશાળા કહેતા હતા તે જગાએ જઇ પહોંચ્યા, અને તે મકાનમાં દાખલ થઇ અસ્ત્ર-શસ્ત્રોની તરફ નજર કરી તેને હાથમાં લેવા લાગ્યા. એટલે ત્યાંના રખેવાળ રાજપુરૂષોએ વિનય યુકત તેમ ન કરવા વિનતિ કરી; તો પણ તે તરફ દુર્લક્ષ દાખવી નેમિકુમારે ત્યાં રહેલા ચક્રને

૧ જગતના તમામ મનુષ્યને વ્હાલા. ૨ ન વર્ણવી શકાય એવા બળવાળા.

હાથમાં લઇ કુંભારના ચાકડાની પેઠે ફેરવ્યું, શાર્ઙ્ગ ધનુષને પણ કમળનાળની પેઠે નમાવી તેની પણછ ચડાવી ટંકારવ કર્યો; ગંડકી ગદાને દડાની પેઠે ઉછાળી, અને પાંચજન્ય શંખનો નાદ કર્યો. એ શંખનો નાદ થવાથી આખું જગત ખળભળી ગયું અને કૃષ્ણે પોતાના પાંચજન્ય શંખને કોઇએ વગાડ્યો એથી અતિ ચિંતાતુર થયા છતાં ઉપરથી ગુસ્સો બતાવી સભાની અંદર કહ્યું કે–"જેણે મારો પાંચજન્ય શંખ પૂર્યો છે તેનું ખચિત મ્હોતજ આવ્યું સમજું છું." એટલું બોલી તરત [1]સન્નદ્ધબદ્ધ થઈ પોતાની તમામ લશ્કરી ટુકડીઓને લડાઈના મેદાનમાં ઉતરવા તૈયાર કરાવી. એટલામાં તો કોઈ પુરૂષે આવીને ખબર આપ્યા કે–'શંખનાદ તથા ધનુષ ટંકારવ તો નેમિકુમારે કર્યો છે!' આ ખબર સાંભળતાં વળી વધારે ફિકર થઇ કે–"નક્કી નેમિકુમારજ વાસુદેવ થશે! ત્યારે હવે શું કરવું?" આવો કૃષ્ણ વિચાર કરે છે; એટલામાં તો નેમિકુમાર જ ત્યાં આવી પહોંચ્યા. એથી કૃષ્ણે નેમિકુમારના બળની પરીક્ષા કરવા માટે કહ્યું–"ભાઇ નેમિકુમાર! મને તારૂં બળ બતાવ. ચાલ, પહેલાં તું મારી ઉંચી કરેલી ભુજાને નીચી નમાવ." કૃષ્ણના મનનો ભાવ સમજી નેમિકુમારે કૃષ્ણની ભુજાને [2]કમળનાળની પેઠે વાળી, પછી પોતાની ભુજા ઉંચી કરી તેને નમાવી દેવા કૃષ્ણને કહ્યું. એટલે પોતાનું તમામ બળ અજમાવી જોયું; છતાં કૃષ્ણથી તે ભુજા નમી નહીં, પણ ઝાડની ડાળે વાંદર ઝુલતું હોય તેની પેઠે દેખાવ થઇ રહ્યો હતો. આમ થવાથી કૃષ્ણનું મ્હોં ઉતરી ગયું અને તે વિચારવા લાગ્યો કે–"હવે [3]ખામુખાં મારૂં રાજ્ય જશે." પણ બળભદ્રે કૃષ્ણ પ્રત્યે કહ્યું–"તું ચિંતા ન કર, નેમિકુમાર રાજ્યના લોભી નથી." આમ કહ્યું એથી, તથા તેજ વખતે આકાશમાંથી કોઇ દેવે પણ કહી

૧ કમરકસી તૈયાર થઇ. ૨ કમળની ડાંડીની પેઠે. ૩ જરૂર.

સંભળાવ્યું કે-"હે કૃષ્ણ ! તું નેમિકુમારથી ડરીશ નહીં. એમને રાજ્ય જોઈતુંજ નથી." આમ બે પ્રતીતિ મળવાથી કૃષ્ણ સ્વસ્થ-નિશ્ચિંત થયો, અને નેમિકુમાર પ્રત્યે પ્રીતિ દર્શાવવા લાગ્યો; તથાપિ નેમિકુમારનું જોર ઓછું થવા કોઈ પણ ઉપાય હાથ ધરવાની ખટપટમાં નિરંતર તેનું મન લાગી રહ્યું હતું.

એક વખત શિવાદેવીએ કૃષ્ણને કહ્યું કે-" ભાઇ ! નેમિકુમાર વિવાહ કરવાની હાજ પાડતા નથી માટે એ કોઇ ઉપાયે હા પાડે એવો કંઈક ઉપાય કરો." શિવાદેવીનું આ કથન સાંભળતાં કૃષ્ણ આનંદ પામ્યો અને કાકીને કહ્યું કે-"આપની વિચારણાને ગમે તે ઉપાયથી અમલમાં મૂકીશ." એક કહી પોતાને મહેલે ગયો અને વિચારવા લાગ્યો કે-" પુરૂષને સ્ત્રીનું લપ વળગ્યું કે એની મેળેજ કમ કૌવતવાળો બની જાય છે. માટે નેમિકુમારને નિર્બળ કરવાની મારી જે ધારણા છે તે પણ એ કામથી પાર પડી જશે." એવું વિચારી પોતાની પટરાણીયોને એ સંબંધિ અચ્છી ભલામણ આપીને કૃષ્ણ તો સભામાં ગયો અને પટરાણીઓ નેમિકુમારને વિવાહ મનાવવાની ગોઠવણમાં ગુંથાઇ. એવામાં ઉન્હાળાની મોસમ આવી એટલે કૃષ્ણની આઠે પટરાણીઓ લાડકા દીયર નેમિકુમારને સાથે લઇ બગીચામાં જળક્રીડા કરવા માટે ગઈ અને તે [1]નિર્વિકારી નેમિકુમાર સાથે અનેક પ્રકારની જળક્રીડા કરતાં કરતાં હાસ્ય-વિનોદ કરવા લાગી કે-"વ્હાલા દીયરજી ! પરણુતા કેમ નથી ? શું વાંઢાજ રહેવું છે ? વાંઢાને ઘેર મેમાન-પરોણા સગાં સંબંધિ પણ નહીં આવે, તેમ કોઈ કન્યા પણ આપશે નહીં, ઘર પણ ઉજેરા જેવું રહેશે. અને છેવટ ઘરનું નામ પણ નહીં રહેશે.' બીજી બોલી કે-' શું તમારા ભાઇ બત્રીશ હજારનું પૂરૂં પાડે છે અને તમો એકનું પૂરૂં પાડવામાં પણ શું

૧ વિષય વિકાર વગરના.

પાછા પાડો છો?' ત્રીજીએ કહ્યું–'બ્હેન! પણ પૂરૂં કરવાની પહોંચ જોઇયે ને?' એટલામાં ચોથી બોલી,–'એમ હશે તો બત્રીશ હજાર ભેગી એક જણીનું વધારે ખર્ચ નિભાવી લેવા તમારા મોટા ભાઈ તૈયાર છે.' પાંચમી બોલી–'પણ શરીર શકિતની ખામી હશે, નહીં તો પરણવાની કોઈ ના પાડે ખરૂં? આગળના તીર્થંકરો તમામ પરણ્યા પછીજ ત્યાગી થયેલા છે છતાં આ તો નવાજ ત્યાગી નીકળ્યા કે ઉગતાંજ બ્રહ્મચારી થવું છે! અશકતનું ઢાંકણ બ્રહ્મચર્યજ છે.' ઇત્યાદિ એક પછી એક જણીઓએ મશ્કરીમાં ઉડાવવા માંડ્યા જોઇ, નેમિકુમારને તેમની ચતુરાઇ અને મોટાઈના બોલો ઉપરથી હસવું આવ્યું. એ ઉપરથી એકીસાથે બધીએ બોલી ઉઠી કે–'દીયરીઆ વિવાહ કરવા કબુલ થયા.' તેમજ નેમિકુમારે પણ એમની મરજીને રાજી રાખવા મૌન ધારણ કર્યું. એથી વિવાહ માન્યાની સાબેતી મળી, અને એ વાત શ્રી કૃષ્ણે કાકી શિવાદેવીને પહોંચાડી, એટલે શિવાદેવીએ કુંવરને લાયક કન્યા શોધવાની કૃષ્ણનેજ ભલામણ કરી. એ ઉપરથી ત્યાં હાજર રહેલી કૃષ્ણની પટરાણી સત્યભામાએ કહ્યું–"મારી ન્હાની બહેન રાજિમતી દેવકન્યા સરખી દિવ્ય રૂપ ગુણ સંપન્ન છે એટલુંજ નહીં, પણ હાલમાં એની સાથે રૂપ ગુણમાં હરીફાઇ કરે એવી ત્રિલોકમાં પણ કન્યા નહીંજ હશે" વગેરે રાજિમતીના રૂપ ગુણનું વર્ણન સાંભળી કૃષ્ણ ઉગ્રસેનની પાસે ગયા અને નેમિકુમાર માટે રાજિમતીની માગણી કરી. એટલે રાજી થઈ ઉગ્રસેને તેમજ કરવા ખુશી બતાવી, એથી તે વખતના રીવાજ મુજબ વેવિશાળ સંબંધિ રીતિને અનુસરી કૃષ્ણે પોતાની ધારણા પાર પાડી.

પછી સમુદ્રવિજય આદિ રાજાઓએ લગ્ન નિરધારવા માટે જોશીઓને બોલાવી ભેટ મૂકી નજીકમાં નજીક લગ્નદિવસ આવે એવી ભલામણી કરી લગ્ન જોવરાવ્યું, તો તે જોશીઓએ તેઓની

કૃપા મેળવવા શ્રાવણ શુદિ છઠ્ઠનું લગ્ન શુદ્ધ છે એમ જણાવ્યું. એટલે તેજ લગ્નને વધાવી જોશીઓને ખુશી કરી તરત લગ્ન સંબંધિ બન્ને વેવાઈયોને ત્યાં ધામધુમ થવાની તૈયારીઓ થવા માંડી, ધવળ મંગળ ગવાવા લાગ્યાં, વાજીંત્રો વાગવા માંડયાં અને મકાનો શણગારવા માંડ્યાં. લગ્નના દિવસે નેમિકુમારને અમૂલ્ય વસ્ત્રાભૂષણોથી ભૂષિત કરી રથમાં બેસાર્યા. અને આગળ સાજનમાં યાદવોના આગેવાનો અને યાદવો તેમજ પાછળ ધવળ મંગળ ગાનારી સૌભાગ્યવતી સ્ત્રીઓ વગેરે તે વખતના રીવાજ પ્રમાણેનાં મહા ઠાઠ સહિત જાન [1]સજી ઉગ્રસેનના સ્થળ ભણી સર્વ યાદવમંડળ ગયું.

જ્યારે જાન ઉગ્રસેનના મહેલની નજીક જઈ પહોંચી, ત્યારે ઉંચા મહેલને જોઈ પ્રભુએ સારથિને પૂછયું-"ભપકાબંધ મહેલ દેખાય છે તે કોના છે?" સારથિયે આંગળીના ઈસારાથી કહ્યું— 'પ્રભુ! તે મહેલ આપના સસરાના છે." એ વખતમાં ગોખની અંદર બેઠેલી રાજિમતી પોતાના નગીના વરને જોવા લાગી. તથા રાજિમતીની સખિયો પણ એક બીજીને કહેવા લાગી કે-'એક રાજિમતીજ સ્ત્રીમંડળમાં વર્ણવવા લાયક ગુણવાળી છે. એવી [2]લાવણ્યનિધિને નેમિકુમાર પરણશે.' બીજી બોલી કે-'વિધાત્રીએ રાજિમતીનું રૂપ રંભાને શરમાવે તેવું સરજ્યું છે, પણ જો આમાંથી વિધાત્રી કદાચ વિયોગ યા વિરહ પડાવે તો ખચિત બહુજ નઠારૂં થાય.' આવી વાતો કરે છે એટલામાં સખીઓએ પાછું વળી જોયું તો રાજિમતીને દીઠી એટલે તેઓ ઉત્સુક થઇ કહેવા લાગી— "વ્હાલી સખી રાજિમતી! જો તું મને કંઈ ઇનામ આપે તો હું તને તારા નેમિનાથ દેખાડું. જો નેમિકુંવર કેવા છે? જાણે નાગકુમાર વા કામદેવ, કિંવા ઇંદ્ર કે મૂર્તિમાન્ પુન્યરાશિ હોય

૧ તૈયાર કરી. ૨ મનોહરપણાના ભંડાર સરખી.

તેવા છે. હું તેમનું એક જીભથી શું વર્ણન કરૂં ? ખરેજ એ [૧]નિરૂપમ સૌભાગ્યનિધાન જ છે. ધન્ય છે તને કે તેવા વરરાજાની તું વધૂ થઈશ." ઈત્યાદિ વાતો થઇ રહી હતી, એથી મન સાથે રાજિમતી અનહદ આનંદમાં નિમગ્ન બની અનેકાનેક ઉજ્વળ વિચારોમાં ગરક બની હતી.

એ અરસામાં આસપાસ પશુઓનો દયાજનક પોકાર સાંભળીને ઉત્કંઠા સહિત નેમિકુમારે સારથિને પૂછયું—"ભલા સારથિ! આ [૨]દારૂણ સ્વર શાનો છે?" સારથિએ કહ્યું—"આપના વિવાહ પ્રસંગે સ્વજનોને ગૌરવ જમાડવા માટે ભેગા કરી રાખેલા પશૂઓ પોતાનો નાશ થવાનો સમય નજીક આવ્યો જાણી તેઓ કરૂણા સ્વરે પોકાર કરે છે." આવી વાણી સાભળતાંજ દયા-સમુદ્ર બાળબ્રહ્મચારી નેમિકુમાર બોલ્યા—"અહા! વિચિત્ર ચિત્તવૃત્તિવાળાઓનાં ચરિત્ર સાંભળવાં પણ અયોગ્ય છે, કે જેઓ ઉત્સવને માટે અન્ય જીવો સાથે દુશ્મનાઇ બાંધે છે!" આવા વિચારને સ્વાધીન થયેલા નેમિકુમારે સારથિને એકદમ રથ પાછો વાળવા તાકીદ આપી.

ગોખમાં બેઠેલી નાથને નિહાળતી રાજિમતી આનંદ સાગરમાં મશગુલ બની હતી; છતાં તે વખતે તેણીનું જમણું નેત્ર ફરકયું. એથી સખિયો પ્રત્યે તે બોલી કે—"તમો મને મહા ભાગ્યશાલિની ગણો છો; પણ મને એ વિષે મોટો શક છે; કેમકે જમણી આંખ ફરકીને મને અશુભ ચિન્હ સૂચવે છે." સખીઓએ કહ્યું—"ઘણી ખમ્મા તને. તારૂં એ [૩]અનિષ્ટ દૂર થાઓ." આમ વાત થઇ રહી છે એટલામાં રથ પાછો ફરતો જણાયો. એટલે તેણીએ સખીઓને કહ્યું—"જુઓ, રથ તો પાછો વાળે છે, માટે એમનું કંઈ મન દુભાયુંજ હોવું જોઇયે.

---

૧ ઉપમા ન આપી શકાય તેવા. ૨ બીહામણો. ૩ ખરાબ ચિન્હ સુચવનાર ફળ.

પણ તે બાબતની મને ખબર શી રીતે મળી શકે? હાય! શું મારૂં નશીબજ એ વરને વરવા માટે ભાગ્યશાલી થવા ચાહતું નથી? દૈવ! તારી અકળ ગતિ છે! ! " ઈત્યાદિ કહી પછી સખી ચંદ્રાનનાને 'શાથી રથ ફેરવ્યો' તે હકીકત જાણવા મોકલી, અને તે ત્યાં જઇ જુવે છે તો રથના સ્હામી ઉંચી ડોક કરી એક હરિણ નેમિકુમારને વિનવતો હતો કે—" મારી આ હરિણી પહેલાં મને મારો! મારી હરિણી મારી આપત્તિ દૂર કરનારી છે જેથી એણીનું જો પહેલાં મ્હોત થશે તો મને [1]દુ:સહ દુ:ખ થશે." પણ હરિણીએ હરિણ પ્રત્યે કહ્યું—" સ્વામિ! તમે તે બાબતની ફિકર ન કરો. આ [2]પ્રસન્ન વદનવંત નેમિકુમાર ત્રિભુવનપતિ છે અને નિષ્કારણ બંધુ છે, માટે એજ આ સઘળા જીવોનું સંરક્ષણ કરશે."

આવી દયા પેદા કરનારી પશુઓની વાણી સાંભળી નેમિકુમારે પશુઓના સાચવનારાને કહ્યું—" જો તમારો ધણી મારા વિવાહને વખતે આ જીવોને મારશે તો હું પરણીશજ નહીં માટે આ બધાં પશુ પંખીઓને છોડી મૂકો, આવું કહ્યું પણ તે સેવકે પશુઓને છોડી ન મૂક્યાં. એટલે પોતે જાતે રથ ઉપરથી હેઠે ઉતરી તે તમામ પશુઓને છોડી મૂકી, ફરી રથ ઉપર બેસી રથને તરત પાછો વાળ્યો.

આ બનાવ જોઈ તરત સર્વે જણાં આવી રથને વિંટાઇ વળી પોતપોતાના મનમાં આવે તેમ હિતવચન કહેવા લાગ્યાં. તેમજ માતા શિવાદેવીએ પણ કહ્યું કે—" જનનીવત્સલ પુત્ર! આ શું કરે છે? લગ્નમાં તે વિઘ્ન હોય? જાન સજી આવેલાએ શું આ પ્રમાણે કરી બધાને નીચું જોતાં કરવાં છે? પશુઓને છોડવાની વાત જુદી છે; પણ પરણવું શા માટે

૧ ન સહન કરી શકાય તેવું. ૨ હસતા મુખવાળા.

માંડી વાળવું જોઈયે ? રંગે ચંગે પરણી ઘેર જવું એમાંજ આનંદ સમાયલો છે." માતાનાં વચન સાંભળી નેમિકુંવરે કહ્યું—"માજી ! મને એ કન્યા પરણવા માટે વધુ આગ્રહ ન કરો. મને માનવજાતિની સ્ત્રી ઉપર રૂચિજ નથી. હું તો મુક્તિસુંદરીને વરવા ઉત્સુક છું. જો આનંદને કાયમ રાખવો હોય તો મારી ઈચ્છાનુસાર થવા દો. " આ રકઝક થતી જોઈ કૃષ્ણે રાજિમતીને તે રથની પાસે લાવી હાજર કરવાની તથા બે શબ્દો કહી મોહ ઉપજાવા સંબંધિ યુક્તિ રચી. એથી રાજિમતી ત્યાં આવી પહોંચી વરરાજાને કહેવા લાગી "શું મુક્તિસુંદરીને વરવા અતિ આતુર છો ? જે સકળ સિદ્ધપુરૂષોને ધુતનારી ને અનેક જણની ભોગવટાવાળી ગણિકાને વરવાની મરજી કરી મુજ અક્ષતકુમારિકાને તજી દેવી એ શું યાદવભૂષણને છાજતી રીતિ છે ? જો આમજ કરવું હતું તો પ્રથમથીજ આવો આડંબર કરી મને પ્રેમફંદમાં નહોતી ફસાવવી. પશુઓ પર દયા કરી દુઃખથી છોડાવ્યાં અને મને દુઃખ દેવા ધારો છો એ કેવી [1]તાજુબીની વાત ? શું પશુઓ કરતાં પણ હું દયા ખાવાને ઉતરતા દરજ્જાવાળી છું કે મારી દયાજ નથી આવતી ? નાથ ! મારો હાથ ઝાલી [2]સદૈવ સાથે રાખી વિરહજન્ય દુઃખ પાશથી બચાવવી એજ આપનું સ્તુત્ય કર્ત્તવ્ય છે, નહીં કે પોતાની કહેવરાવી પછી રડતી ને રઝળતી મ્હેલી આમ ચાલ્યા જવું એ સ્તુત્ય કૃત્ય છે ? માટે નણદીનાવીર ! રથ પાછો વાળી મારી અને આ સર્વ મંડળની ચિંતા ટાળી દો એટલે આનંદ આનંદ ! આ પ્રમાણે અનેક આલંકારિક સરાગ વચનો કહ્યાં; પણ શું વિરાગીને તેની અસર થાય કે ? બિલકુલ નહીં. કૃષ્ણે તો જાણ્યું હતું કે મહા રૂપવંતી પ્રવીણાને નિહાળી તેમને પરણવાની રૂચિ થશે, પણ તે સર્વ મહેનત પત્થર

---

૧ નવાઇની. ૨ હમેશાં.

પર પાણી સરખી થઈ. તેમણે તો દરેકની વાતનું ખંડન કરી પોતાનું ધાર્યુંજ કરવાનો માર્ગ લીધો. આમ થવાથી હતાશાવંત થયેલી રાજિમતી મહા કલ્પાંત કરવા લાગી અને એથી હૃદયાદિ ઉપર દબાણ થતાં મૂર્છા ખાઇ ધરણી પર ઢળી પડી. સખીઓએ શીતલ ઉપચાર કરી તેણીને ચેતનાવંત બનાવી શુદ્ધિમાં લાવી, પરંતુ તેણીનું મન શાંતિને પામ્યું નહીં. એથી તેણીનું મન વાળવા સખીઓએ કહ્યું-'એક હાથે તાળી પડતીજ નથી' તો પછી તું મોહી, એ નિર્મોહીને શી રીતે મેળવી શકવાની હતી? કુંવારી કન્યાને વર કેટલા? ફેરા ફરી વર્યા પછી પંચાત; પણ અત્યારે તો એ નહીં તો એનો ભાઇ બીજો! કયાં [1]નિર્માનુષી પૃથિવી છે કે બીજો લાયક વર નહીં જડે? "ઇત્યાદિ વચનો વડે દિલાસો આપ્યો; પરંતુ એ દિલાસો તો તેને કારી ઘા સરખો થઈ પડયો. એણે તો કાન બંધ કરી દીધા અને ટુંકામાં ઉત્તર આપ્યો કે-"જો સૂર્ય પૂર્વને છોડી પશ્ચિમમાં ઉગે તો હું બીજા વરને વરૂં, ક્ષત્રિયાણીનો ધર્મજ છે કે જેને વચનથી મારો વર કહ્યો તેને છોડી બીજો કરવો એ યુક્તજ નથી, હવે બીજો વર ચાહવો એ વ્યભિચારિણીનું કામ છે પણ રાજવંશીનું કામ નથી: માટે મને એવી વાત સંભળાવવીજ નહીં. એમણે વિવાહ વખતે હાથ ઉપર હાથ ન રાખ્યો તો શું થયું? હુંજ ખરી કે તેમનો તેજ હાથ મારા માથા ઉપર મુકાવી મહાભાગ્યશાળી થઈશ. સ્ત્રીમાં દોષ જોતાં પતિ સ્ત્રીને તરછોડે, પણ સ્ત્રીને તો પતિના તિરસ્કારને સત્કાર માની તેમની પુનઃ કૃપા મેળવવી એજ યોગ્ય છે. માટે હું તેમજ કરી ભાગ્યભાજન થઈશ" આવો તેણીનો દૃઢાગ્રહ જોઈ સખીવૃંદ પણ મૌન થઇ રહ્યો.

નેમિકુમાર રથ પાછો વળાવી પોતાને ઘેર ગયા, અને

---

૧ મનુષ્ય વગરની.

લોકાંતિક દેવોની સૂચનાથી વરસીદાન દેવા લાગ્યા. દિવસ ઉગ્યાથી તે પહોર દિન ચઢે ત્યાં લગી એક ક્રોડ ને આઠ લાખ સોનૈયા હંમેશાં અર્થીજનોને આપવાનો ક્રમ એક વર્ષ સુધી ચાલુ રાખી, પછી એક હજાર પુરૂષો સહિત ગિરનાર પર્વતના સહસામ્ર વનમાં જઇ દીક્ષા લઈ નેમિનાથ પ્રભુ દુષ્કર તપ કરવા લાગ્યા. અને ચોપનમા દિવસ પછીની રાત્રે તેજ વનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી કર્મ રહિત થયા. ઇંદ્રોએ તે સ્થળે સમવસરણ રચ્યું, અને ત્યાં અનેક દેવો–પશુ–પંખીઓ અને માનવ તથા કૃષ્ણ વગેરે માનવેંદ્રો ધર્મદેશના સાંભળવા માટે આવ્યા. કામદેવના મદનું [1]મર્દન કરનારા પ્રભુ નેમિનાથ સ્વામી દેશના દેવા લાગ્યા કે–"હે જીવો! આ સંસાર એક ભયંકર જંગલ સમાન છે, શરીર છે તે બહુ બારાં છિદ્રોવાળું એક ઘર છે, બળવાન્ કાળ એક ચોર છે, તે મોહમય અંધારી રાતની અંદર લુંટ ચલાવી પ્રાણને હરી જાય છે; માટે શુકલધ્યાનરૂપી ખડ્ગ, વિરતિ રૂપી ઢાલ અને શીલરૂપી કવચ ધારણ કરી ખબરદારી સાથે આંખો સ્થિર રાખી જાગતા રહો કે જેથી તે ચોર મનનું ધાર્યું કરી શકે નહીં. આ સંસારરૂપી દરિયાની અંદર કર્મરૂપી લહેરોને જોરે પ્રાણીઓ એકઠા થયા છે અને જુદા પણ એજ મોજાંથી થાય છે તો તેમાં કોને કોનો બાંધવ કહેવો ?"

આ પ્રકારનો ધર્મોપદેશ સાંભળી વરદત્ત વગેરે અનેક રાજાઓએ દીક્ષા અંગીકાર કરી. વરદત્ત વગેરેને પ્રભુએ ગણધર પદવી આપી. તે વખતે બાલબ્રહ્મચારી નેમીશ્વર ભગવાન પાસે બાલબ્રહ્મચારિણી રાજિમતીએ દીક્ષાની માગણી કરી. એટલે કૃપાવત્સલ પ્રભુએ તેણીને દીક્ષા આપી, તે ગ્રહણ કરી સાધ્વી રાજિમતીએ મહા કઠિન તપશ્ચર્યા કરી સંયમને દીપા-

૧ કામદેવના અહંકારને જીતનારા.

વ્યો. તથા પ્રભુ નેમિનાથજીના ન્હાના ભાઈ રથનેમિને પણ વૈરાગ્ય પ્રાપ્ત થતાં તેણે પણ પ્રભુ પાસે દીક્ષા લઈ કઠિન તપ કરી કર્મને ક્ષય કરવાનો ઉદ્યમ આદર્યો.

એકવાર એવો બનાવ બન્યો કે–સાધ્વી રાજિમતી ગિરનાર ઉપર ભગવંત નેમિનાથપ્રભુને વાંદવા જતાં હતાં, એવામાં રસ્તે અત્યંત મેઘવૃષ્ટિ થઈ, જેથી તમામ કપડાં ભીંજાઈ ગયાં. તેને લીધે એક ગુફામાં જઈ વસ્ત્રો કહાડી નીચોવીને છુટાં છુટાં સુકવી દઈ નગ્નપણે ઉભા રહ્યાં હતાં. એ ગુફાની અંદર નેમિપ્રભુના ન્હાના ભાઈ રથનેમિ સાધુ પ્રથમથીજ કાઉસ્સગ્ગ ધ્યાન ધરી રહેલા હતા; પરંતુ સાધ્વી રાજિમતીને તેની બિલકુલ ખબર હતીજ નહીં, તેમજ ગુફા મોટી અને અંધારાવાળી તો સહેજ હતીજ એથી તરત કોઈ ઉભેલું નજરે પડી શકે તેવું પણ ન હતું, જેથી ગમ રહી નહીં. રથનેમિએ [1]અથાગ સ્વરૂપવંત રાજિમતીને નવસ્ત્રી જોઈ, એથી કામવાસનાને વશ થઈ રાજિમતીની આગળ આવી ભોગ સંબંધિ પ્રાર્થના કરી, સાધ્વીએ તુરત કપડાં પ્હેરી લઈ રથનેમિને તેની માગણી સંબંધિ ઉત્તર આપ્યો કે–" અરે મહાભાગ્ય ! તમે [2]મહાવ્રતિ થઈ આવી નીચ માગણી કરો છો એ કેવળ અયુક્તજ છે. તમોએ ઘરમાં દેવાંગના સરખી સુંદરી હતી તેને તજી દઈ દીક્ષા લીધી, તો હવે ત્યાગ કરેલી વસ્તુને ફરી અંગીકાર કરવી એ માનવનો વા રાજવંશીનો ધર્મ નથી. વમેલી વસ્તુને ફક્ત કૂતરાની જાતિજ ફરી ગ્રહણ કરવા ચાહે છે; માટે તે ધર્મ સ્વીકારવો તમને લાયક નથી. તેમજ હું તમારા મોટા ભાઇની સ્ત્રી હોવાથી સેવવા યોગ્ય નથી; પણ પૂજવા યોગ્ય છું. વળી હું પરસ્ત્રી છું તેથી પણ તજવા યોગ્ય છું. કેમકે પરસ્ત્રી દુર્ગતિ-

૧ ઘણાજ. ૨ પાંચ મહાવ્રતવાળા.

દાયક છે. જે પુરૂષ પરસ્ત્રીના સ્હામે ખોટી નજર કરે છે તે પોતાના આત્મા સંબંધી કલ્યાણની ધુળધાણી કરે છે–પવિત્ર જીંદગી ધુળમાં મેળવે છે. જુઓ ! પોતાના પરાક્રમથી જગતનો પરાભવ કરનાર રાક્ષસેંદ્ર રાવણ પણ પરસ્ત્રી સાથે રમવાની ઇચ્છા કરવાને લીધે કુળનો નાશ કરી નરકને પામ્યો. હે અપયશના અભિલાષિ ! વ્રતભંગ થવાની પણ દરકાર ન રાખતાં, તથા મોટા ભાઈની તજેલી ભોગ્યવસ્તુને ઉપભોગમાં લેવાની ઇચ્છા કરો છો, તેથી કુળમર્યાદાનું ઉલ્લંઘન થાય છે, તેની પણ પરવા ન રાખતાં આવું વિપરીત કાર્ય કરવા આતુર બનેલ છો, તેને લીધે તમારા જીવતરને અનંતાનંત ધિક્કાર છે. રથનેમિ ! તમે જે જે સ્ત્રી દેખશો તે તે સ્ત્રીઓમાં ‘આ સારી, આ એથી પણ વધારે સારી, અને આને હું સેવું.’ એવી વૃત્તિ રાખશો તો વાયુની ભારે ઝપટમાં આવી ફુસેલા મજબુત મૂળ વિનાના ઝાડની પેઠે અસ્થિર આત્મા વાળા થશો–મતલબ કે સર્વ દુઃખનાશક સંયમ ગુણમાં તમારૂં મૂળ બંધાશે નહીં, જેથી આ સંસાર સાગરમાં પ્રમાદરૂપ પવનથી પ્રેરાયેલ તું આમ તેમ ભટક્યા કરીશ. સ્ત્રીના શરીરને જોઇ કામને તાબે થયેલા પુરૂષો, હાડકાના દાંતોને મોગરાની કળીઓ, આંખ્યોને નીલકમળની પાંખડીઓ, શ્લેષ્મના ઘરરૂપ મ્હોંને પૂર્ણચંદ્ર, માંસ ગ્રન્થીના સ્તનોને સુવર્ણ કળશ, બાહુઓને સુવર્ણલતા, હોઠને પ્રવાળ, જાંઘને કેળના સ્તંભ, મૂત્રસ્થાનને અમૃતકુંડ અને રોમરાજીને ગહન વનની ઉપમા આપી એવા અશુચિના સમૂહવાળા–ગંદા શરીરની પ્રશંસા કરે છે, તેઓ મહા મૂર્ખ ચક્રચૂડામણિજ જાણવા, અને આંખ છતાં આંધળાના રાજાજ સમજવા; કેમકે આંધળો તો પોતાની

આગળ રહેલી [1]દશ્ય વસ્તુને દેખી શકતો નથી; પણ કામાંધ તો પોતાની પાસે હોય તે પરિહરી જે વસ્તુ ન હોય તેને દેખે છે, જેમકે સ્ત્રીનું મહા ગંદું શરીર છે એવું નજર આગળ હોવા છતાં તે શરીરને મહા [2]સૌરભદાતા દેખે છે, એ કારણથી મહાઅંધ છે. રથનેમિ! મનુષ્ય, પંડિત, કુલીન ને વિવેકી કયાંસુધી ગણાય છે કે જ્યાંસુધી તેના શરીરમાં દુષ્ટકામાગ્નિ પ્રજ્વલિત ન થયો હોય ત્યાંસૂધીજ. કામદેવ કળાનિપુણને પળમાં દીવાના—ગાંડા બનાવી દે છે, [3]પાવન જનોને મશ્કરી કરાવા લાયક બનાવે છે અને ધૈર્યવંતોની ધીરજ છોડાવી દે છે. માટે એ કામદેવની પ્રેરણાથી રાગવંત ન બનો, કેમકે રાગવંત બનવાથી મજીઠ ચેતના રહિત વસ્તુ છતાં તેમાં દોષનુંજ પોષણ કરે છે. એટલે કે મજીઠ રાગ-રંગદાર છે જેથી પહેલાં તો સુમાર વિનાનો માર ખાય છે, તાપનું દુઃખ વેઠવું પડે છે અને અગ્નિના જોશ સાંખી શરીરને ઉબાળી નાંખવું પડે છે. તેમજ લાલ માટી—રમચી કે જે એકેંદ્રિય વસ્તુ છે, છતાં રાગ—રંગના કારણથી પથ્થરથી વટાઈ--ચળાઈ—કૂચડેથી ઘસવામાં આવે છે. માટે દરેક રાગવાળી ચીજોને ઘણું શોષવું પડે છે, તો તમો રાગવંત થવાથી કેમ તેવી ઉપાધિઓને સહન કરવાવાળા નહીં થશો? માટે તમે જરા વિચાર કરો, ભાન ઠેકાણે લાવો, અને આંખને જ્ઞાન દૃષ્ટિમાં દોરો. એક તો પરસ્ત્રીનું સેવન ચારિત્રની વિરાધના, મર્યાદાનો નાશ અને તુચ્છ વિષય તૃપ્તિમાં મોહિ હાનિને હાથ કરવી એ બધી વાતો તપાસતાં ભારે નુકશાન અને અંતે નરકગતિ હાથ લાગશે, માટે ચેતો! હજુ ચેતો!! અને ચિંતામણિ રત્ન સરખા હાથ લાગેલા મનુષ્યજન્મ અને સંયમ એ બન્નેને નાહક ન ગુમાવો." ઇત્યાદિ રાજિમતીનાં બોધવચન સાંભળી શરમાઈ રથનેમિ સાધ્વીને ચરણે પડ્યો અને

૧ દેખાતી. ૨ સુગંધીવાળું. ૩ પવિત્ર.

બોલ્યો કે-"હે ગુરૂણી! હે માતા!! હું ખરેખર અભાગિયો અને મૂર્ખશેખર છું, છતાં તમોએ મને માર્ગભ્રષ્ટ થતાને આમ ઠેકાણે આણ્યો છે માટે આજથી તમેજ મારા ગુરૂ છો." ઈત્યાદિ પશ્ચાત્તાપ કરી સાધ્વીનો આભાર માની સંયમમાર્ગમાં આલોચણા લઈ સ્થિર થયો.

તે પછી રાજિમતી ગિરિશિખરપર જઈ જગદ્‌ગુરૂને વાંદી આનંદિત થઇ, અને પોતાની શોકય મુકિતસુંદરી કે જેનાપર પ્રભુએ રાગ ધરી પોતાને તજી દીધી હતી તેને જોવાને માટે પ્રભુએ સુંદરીને વરે તે પહેલાંજ શોકય સંબંધિ સર્વ દ્વેષભાવ તજીને પહોંચી ગઈ. ધન્ય છે એવી પતિભકિત પરાયણ સતી સાધ્વીઓને કે જેણે એક ટેકથી પતિનું મન જાળવવા કેવા સુપ્રયત્ન કરી નવભવની પ્રીતિને અવિચ્છિન્નપણે રાખી!

પ્રિય પાઠક વૃંદ! આ વાર્ત્તા વાંચી એ સાર ગ્રહણ કરવાના છે કે—જેમ રાજિમતીએ મન અને વચનવડે 'નેમિકુમારજ મારા પતિ છે' એમ માની લીધું હતું; છતાં તોરણથી રથ પાછો ફેરવી નેમિકુમાર ચાલ્યા ગયા ને દીક્ષા અંગીકાર કરી; તોપણ તેણીએ તે પતિ વિના બીજા પતિની ચાહના કરવાનો સર્વથા ઈરાદો કર્યો નહીં એટલુંજ નહીં; પણ બાળબ્રહ્મચારિણી રહી, દીક્ષા ગ્રહણ કરી, કર સાથે કર મિલાવવાને બદલે માથે હાથ મૂકાવી, જીવન પર્યંત અખંડ શીળ પાળી, મોક્ષપદ પ્રાપ્ત કર્યું, તેમ તમો વાંચનાર બાંધવ અને બહેનોએ પણ મનથી, વચનથી સ્રીને કે પુરૂષને પોતાનો હક્કદાર ગણી લીધેલ હોય તો તે મરણપર્યંત સ્વપ્ન વિષે પણ બીજાની ચાહના ન કરવી એજ સ્તુત્ય વ્રત છે.

એ શિવાય પોતાનો સ્વાર્થ સાધવાની પ્રપંચજાળ, રચના, સ્રીઓનો હાસ્યવિલ્લાસ, આત્મ કલ્યાણાર્થીઓને તક હાથ કર-

વાની યુક્તિ, દયાનિધિની દયાળુતા, અને કામીજનોને બોધ મળવાની મનોવેધક વ્યાખ્યા-વગેરે વગેરે આ વાર્ત્તામાંથી સાર ગ્રહણ કરવાના છે તે ગ્રહણ કરી કાળ અને શ્રમને લેખે કરો.


# "શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર" ભાગ ૧-૨ જો.

શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના પાંચે કલ્યાણકો વગેરે વખતે દેવતાઓએ કરેલ પ્રભુભક્તિ કે જેનું વિસ્તારપૂર્વક વર્ણન બીજા બધા તિર્થંકર મહારાજના ચરિત્રો કરતાં આ ચરિત્રમાં વિશેષ જાણવા યોગ્ય છે. **પ્રભુ શ્રી સુપાર્શ્વનાથ** સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અનેક સ્થળોએ વિચરી ભવ્ય જીવોને હિતકર ઉપદેશ અનેક કથાઓ સહિત આપેલ છે. આ ગ્રંથમાં ક્રમવાર આપેલ કથાઓની અલૌકિક રચના અને તેમાં છુપાયેલ અપૂર્વ તત્વજ્ઞાન બોધ એવો છે કે તેની ખુબી જોતાં અસાધારણ ગૌરવનું પાત્રભૂત આ ચરિત્ર છે એમ જણાય છે.

આ ગ્રંથમાં શ્રાવકજનોને પાળવા લાયક સમ્યકત્વ મૂલ બાર વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે અનેક દ્રષ્ટાંતો અને કથાઓ સાથે આપેલ છે. એટલુંજ નહિ પરંતુ તે કથાઓમાં બુદ્ધિનો મહિમા-સ્વભાવનું વિવેચન, અદ્દભૂત તત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ, નૈતિક જીવન વિગેરે તત્વનો પણ સમાવેશ કરવામા આવેલ છે. આ ગ્રંથનો ઉપોદ્દઘાત તત્વદષ્ટિએ સંક્ષિપ્ત વર્ણનરૂપ લખેલ હોઇ ખાસ વાંચવા જેવો છે. એકંદર આ ગ્રંથ મનુષ્ય જીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર અને તત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માને મોક્ષ પ્રાપ્ત કરવા માટે એક પ્રબળ સાધન છે. ઘરમાં, પુસ્તકાલયમાં, નિવાસ સ્થાનમાં અને કોઇપણ પ્રસંગે સ્મરણ-મનન માટે પોતાની પાસે આ ગ્રંથ અવશ્ય હોવો જોઈએ.

ઉંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા રેશમી કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. એક હજાર પાનાનો આ ગ્રંથ છે. **કિંમત અંને ભાગના રૂા. ૪-૮-૦**

**મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા**

**ભાવનગર.**

# મહાસતી કુંતીની કથા.

( ૬ )

મથુરાની અંદર[૧] ઓજસ્વંત ભોજકવૃષ્ણિ રાજા રાજ્ય કરતો હતો, તેને ઉગ્રસેન નામનો પુત્ર થયો. અને શૌર્યપુરની અંદર અંધકવૃષ્ણિ રાજા રાજ્ય કરતો હતો, તેની સુભદ્રા રાણીની કુખથી દશ દશાર્હ એટલે સમુદ્રવિજય, અક્ષોભ, સ્તિમિત, સાગર, હિમવાન્, અચળ, ધરણ, પૂરણ, અભિચંદ્ર, અને વસુદેવ એ દશ પુત્ર પેદા થયા, અને તે વિષ્ણુના દશે અવતારની પેઠે લક્ષણ ગુણથી સમાન તેમજ પરાક્રમી હતા. અને એ દશ ભાઇઓને રૂપમાં કામદેવની સ્ત્રી રતિ અને પ્રીતિનો પણ અભિમાન ઉતારે એવી કુંતી અને માદ્રી એ નામની બે બહેનો હતી.

એક વખત હસ્તીનાપુરનો (દિલ્હીનો) રાજા પાંડુ કે મહાસ્વરૂપવંત અને પ્રૌઢ પ્રતાપી હતો, તે શિકાર ખેલવાને વાસ્તે ગહન વનમાં ગયો હતો. ત્યાં મોગરાના ફુલનો હાર પહેરી ફરતો પાંડુરાજા (આમ્રવૃક્ષ) માકંદ વૃક્ષને જોઇ મદયુક્ત થયો, નારંગીના વૃક્ષને જોઈ આનંદ પામ્યો, કામદેવના દીવા સરખા ચંપાના ઝાડ જોઇ અતિ રાજી થયો, બોલસીરીની પુષ્પકળીઓથી આકુળતા અને અશોકવૃક્ષને જોઈ શોક રહિત થયો. તે પછી ફરતો

---

૧ પ્રતાપવાળો.

ફરતો એક આંબાના ઝાડની પાસે જઇ પહોંચ્યો. ત્યાં એક પુરૂષ ચિત્રેલું એક ચિત્ર જોતો હતો. તેણે પાંડુ રાજાને પોતાની નજીક આવેલા જાણી તે પટ્ટ ઉપર આળેખેલું ચિત્ર ઢાંકવા માંડયું એટલામાં રાજાએ પૂછયું–"એ પટ્ટ ઉપર શું આળેખેલું છે?" તે પુરૂષે ઉત્તર આપ્યો કે "એક સ્ત્રીનું ચિત્ર આળેખેલું છે." એમ કહી તે ચિત્ર રાજાને દેખાડયું. રાજાએ તે અદ્ભુત સ્ત્રીની છબીને નિહાળી માથું ધુણાવી વિચાર્યું–"અહા! શું એની સર્વ અંગોપાંગની સૌંદર્યતા! વાહ, શું એની લાવણ્યતા! અને શું એના શરીરમાં સ્વાભાવિક કાંતિસમૂહ છે! ખરેજ આ સુંદરી [1]ઉપમેય યોગ્ય કોઈ સાદૃશ વસ્તુજ નથી તો એણીને શાની ઉપમા આપું? માટેજ એ [2]અનુપમેય અંગના છે, અને એથી ખચિત એ અલૌકિક સુંદરીનો જે પતિ થશે તે બેશક વિશેષ ધન્યવાદને પાત્ર મનાશે." ઇત્યાદિ તેણીના ગુણાનુવાદ વિચારી તે પુરૂષને પૂછયું–"આ કોની છબી છે?" ચિતારે ઉત્તર આપ્યો–"શૌર્યપુરના રાજા અંધકવૃષ્ણિની પુત્રી કુંતીની છે. એ રાજકુમારી સ્ત્રી ચોસઠે કળાઓમાં પ્રવીણ છે, અને નવયૌવના છે. છતાં એણીના લાયક કોઈ રાજકુમાર મળતો નથી, એથી એ કન્યાનો પિતા ચિંતાસમુદ્રમાં ડુબી ગયો છે." આ પ્રમાણે ચિતારાનું કથન સાંભળી તે છબી પોતે મનમાનતી રકમ આપીને ચિતારા પાસેથી ખરીદી લીધી, અને તે પછી શિકાર ખેલ્યા વિનાજ પોતાને નગર ચાલ્યો ગયો, ત્યાં તે ચિત્રેલી મનોહારિણીની મૂર્તિને વારંવાર જોઇ રાજા પાંડુ [3]તન્મય થઇ ગયો અને વારંવાર વનમાં ભમી તેના મેલાપ સંબંધિ માર્ગની શોધ મેળવવા લાગ્યો.

એક વખત વનમાં ફરતાં ફરતાં ચંપાના ઝાડની ઘટાની અંદર

---

૧ જેની ઉપમા આપી શકીયે તેવી. ૨ ઉપમા ન આપી શકાય તેવી. ૩ લીન થયો.

કોઈ પુરૂષને બાંધેલો જોઈ પાંડુરાજા વિચારવા લાગ્યો–"આ કોણ હશે ? અને શાથી આ દશાને ભેટ્યો હશે? કરૂણાવંત પાંડુરાજાએ એ પ્રમાણે વિચારીને તેની બાજુ તરફ નજર કરી તો એક ખડ્ગ પડેલું હતું. તે ખડ્ગને હાથમાં લઈ તે વડે તેના બંધ કાપી નાંખી તેને છુટો કર્યો. અને તપાસ્યું તો તે લોહનાં બાણોના મારથી મૂર્છિત થયેલો હતો. વળી એની પાસે બે આષધી કંકણ પડ્યાં હતાં. તે પૈકી એક કંકણવડે તેને શલ્ય–દુખાવા રહિત કર્યો અને બીજા કંકણ વડે તેને અસલ સ્વરૂપમાં આણ્યો. પછી તેને રાજાએ પૂછ્યું–"ભાઈ તમે કોણ છો ? તે પુરૂષે ઉત્તરમાં જણાવ્યું–" હું વૈતાઢ્ય પર્વતપર રહેનારો અનિલગતિ નામનો વિદ્યાધર છું. અશનિવાન નામના એક વિદ્યાધરે મારી સ્ત્રીનું હરણ કર્યું એથી હું તેની પાછળ પડ્યો, તો તેણે મારી આ દશા કરી દીધી હતી. એવામાં વિના કારણે ઉપકાર કરનારા આપે અહીં પધારી મને દુ:ખમાંથી મુક્ત કર્યો છે તો હવે ફરમાવો કે હું આપના પ્રત્યે શું [1]પ્રત્યુપકાર કરી આભારી થાઉં? પાંડુરાજાએ કહ્યું–મારે પરમાત્માની કૃપાથી સર્વ વસ્તુ હાજર છે. વિદ્યાધરે કહ્યું–તો પણ આ [2]મુદ્રિકા અને કામુકા નામની બે ઔષધી આપ મારી વતી સ્વીકારો. આ કામુકાને પ્રતાપે આપ ઇષ્ટ સ્થાને જઈ શકશો અને આ મુદ્રિકાને યોગે મને યાદ કરશો તો ત્યાં હું આવી આપને ઈચ્છિત સિદ્ધિ આપીશ. એમ કહી તે બન્ને અમોઘ પ્રભાવવાળી ઔષધીઓ આપી તે વિદ્યાધર પોતાને સ્થાનકે જતો રહ્યો. અને પાંડુરાજા એ ઔષધીઓના પ્રભાવનું સ્મરણ કરતો પોતાના શહેર ભણી ચાલ્યો.

પેલો ચિતારો પોતાની મોહક પીંછી વડે પાંડુરાજાની [3]આબેહુબ છબી તૈયાર કરી શૌર્યપુર ગયો. અને તે છબીને હાથમાં રાખી પાંડુરાજાના અદ્‌ભુત રૂપનું વર્ણન કરતો શહેરમાં ફેરા

૧ ઉપકારનો બદલો. ૨ વીંટી. ૩ જેવી હોય તેવી.

દેવા લાગ્યો. એ સંબંધિની હકીકત જ્યારે અંધકવૃષ્ણિના કાને જઈ પહોંચી ત્યારે તે ચિતારાને પોતાની પાસે બોલાવી તે પાંડુરાજાની છબી જોઈને અને ચિતારાએ કહેલી પ્રશંસા સાંભળીને ખુશી થયો; પરંતુ એ પાંડુરાજને પોતાની કુંતીને પરણાવવા માટે તેનો વિચાર થયો નહીં. જો કે પાંડુરાજાની છબી તથા તેની ગુણપ્રશંસા કુંતીને જોવા સાંભળવાનો લાભ મળ્યો હતો અને એ ઉપરથી તેણીની [1]લગની પાંડુરાજા પ્રત્યે પૂરેપૂરી રીતે લાગી હતી; પણ દીકરીને ગાય દોરે ત્યાં જાય એવો નિયમ હોવાથી વડીલની મંજુરી વિના પોતાની મરજી શું કામ આવે ? પિતાની મરજી પાંડુરાજની સાથે પરણાવવાની નથી આથી કુંતી બહુ મુંઝાઈ અને પોતાનો કશો ઉપાય નહીં ચાલવાનું જાણતાં છેવટ આત્મહત્યા કરવી એવા નિશ્ચય ઉપર આવી ગઈ. એકાંત જગોએ ગળે ફાંસો ખાવાનો ઈરાદો રાખી ઈષ્ટદેવને સમરી ગળામાં ફાંસો નાંખી છેવટ કુળદેવી પ્રત્યે પ્રાર્થના કરવા લાગી કે–"હે કરૂણાવત્સલ માતા ! મેં મારા મનથી વરેલ મારા પતિ પાંડુરાજ વગર [2]અન્ય પતિ સ્વપ્ને પણ ન ઈચ્છવો. એવો દઢ સંકલ્પ કરેલો છે; પરંતુ મારા પિતા એમની સાથે ન વરાવતાં અન્ય રાજા સાથે વરાવવા ઇચ્છા ધરાવે છે. એથી જો પિતાની મર્યાદા જાળવી નીતિનાં વચનોને માન આપું તો મારા શીળને દૂષણ લાગે છે; કેમકે શીળવતી સ્ત્રીએ જો સ્વપ્નમાં પણ મન સંકલ્પવડે કોઈ પુરૂષને પતિ માની લીધો હોય, તો તે પુરૂષ વિના બીજા [3]જગતભરમાંના તમામ પુરૂષો, પિતા, ભાઇ અને પુત્ર બરોબર જ માનવા–એજ [4]અટલ ટેક રાખવી શોભા અને કલ્યાણરૂપ છે; તો પછી મેં પાંડુરાજને મનથી ને વચનથી મારા ગણી લીધા અને પિતા અન્ય સાથે

૧ પ્રેમ. ૨ બીજો. ૩ આખા જગતમાં. ૪ ટળી ન શકે તેવી.

વરાવા હિલચાલ કરે એથી મારા શીળની વિરાધના થવાનો ભય લાગુ થાય. માટે એટલો પણ દોષ ન લાગવા દેતાં અખંડપણે વિમળ શીળ રાખવા માટે પ્રાણ તજવા એ શીળને દોષવંત કર્યા કરતાં લાખ ગણે દરજ્જે ઉત્તમ માનું છું. જેથી મેં મરણ આદર્યું છે અને ઈચ્છું છું કે–" મને આ ભવની અંદર મનમાન્યા પાંડુરાજ પતિ ન મળ્યા તો આવતા ભવની અંદર તે મારા પતિ થઇનેજ મળજો." ઈત્યાદિ સંકલ્પ દઢ કરી શ્રી પંચ પરમેષ્ટીનું સ્મરણ કરી પગ નીચેનો આધાર ખસેડી પ્રાણત્યાગ કરવા જાય છે, તેવામાં શીળના પ્રભાવથી આકર્ષાઇ આવેલો પાંડુરાજા પોતા પાસેની ઔષધીના યોગે તે જગોએ આવી ઉભો. અને ફાંસો ખાઈને મરવા ઈચ્છતી [1]મનોહારિણીને તરત મરતી બચાવીને બોલ્યો કે–" સુંદરી ! શા માટે મરવા યત્ન આદર્યો છે ? હું તો તારો પ્રેમાધીન તારી નજર આગળ જ હાજર છું ! " આ પ્રમાણે અંતઃપુરમાં ઓચિંતા પધારેલા પ્રાણપતિને જોઇ અતિ આશ્ચર્ય સહિત હર્ષઘેલી બની કુંતી બોલી કે–" નાથ ! આપના હાથ સાથે મારો હાથ મેળવવાની બાબતમાં આ આપની દાસી નિરાશ પામતાં પછી યમદૂતનો [2]સંઘાત કરવા તૈયાર થાય તો એમાં નવાઈ જેવું શું છે ? સતીત્વ જાળવતાં પ્રાણ પ્રયાણ કરે વા કરવા માંડે તો તેની દરકાર રાખવાની બિલકુલ જરૂર નથી. તેમજ જ્યારે સતીત્વ સાચવવા મરણ માગી લેવા તૈયાર થઇ, એથી મારી કસોટી થતાં શીલરક્ષક દેવોએ ( મારી ) દઢતાની કદર [3]બુઝી આપને અહીં લાવી ભેટાડ્યા. પ્રાણનાથ ! હવે ઝટપટ મારો હાથ ઝાલી મને વિરહપાથથી ઉગારી લ્યો એટલે અત્યાનંદ પામું. સારા કામમાં ઢીલ ન કરવી; કેમકે કોણ જાણે પળ પછી શું વિઘ્ન આવી નડવાને લીધે હાથ આવેલી બાજી

૧ મનનું હરણ કરનારી. ૨ સથવારો. ૩ કરી.

ધૂળમાં મળી જાય, તો પછી મૂર્ખ શિરોમણિનું પદ વ્હોરવું પડે. માટે હાલજ મનકામના સિદ્ધ કરવી એજ અત્યુત્તમ છે. ”

પાંડુરાજાએ તથા કુંતીના અનુયાયી મંડળે એ બાબતને ધ્યાનમાં લઇ ગાંધર્વ લગ્નથી ત્યાંજ લગ્ન કર્યું અને પતિ પત્નીના હુક્ક પરસ્પર પૂરા પાડવામાં તે બન્ને જણ આતુર બન્યાં. ભેદપણું દૂર થતાં અભેદતા પ્રાપ્ત થાય છે અને અભેદતાને લીધે પછી કોઇ વાતની જુદાઈ રહેવા પામતી જ નથી. એટલે પછી તે દંપતી એક મનવાળાં બની આનંદનો અનુભવ નિ:શંકપણેથી કેમ ન લે ? કુંતી એ સમયમાં ઋતુમતી હતી અને તેવા વખતમાં પતિસંગ થવાથી તરત કુંતીને ગર્ભ રહ્યો. જો કે આજના સુધરેલા ગણાતા જમાનામાંની સ્ત્રીઓ તો એ વાત ભાગ્યેજ જાણી શકતી હોય એમ દેખાય છે; પરંતુ પ્રથમના વખતની સ્ત્રીઓ ગર્ભ રહ્યો છે કે નહીં ? એ વાતને કામ વિલાસાદિ શાસ્ત્રોના તથા વૈદ્યક નિયમોના અભ્યાસને લીધે પૂરેપૂરી જાણી જતી હતી કે ‘ આજે ગર્ભ રહ્યો છે. ’ આમ હોવાથી કુંતીએ પાંડુ રાજાને કહ્યું કે ‘ હું સગર્ભા થઈ છું. ’ એ સાંભળી પાંડુરાજા આનંદ પામ્યો અને તે પછી પ્રિયાને પ્રેમવચન કહી ઔષધિના યોગે પોતાને નગરે જઇ પહોંચ્યો. કુંતીનો ગર્ભ વૃદ્ધિ થતાં સખીઓએ તે વાતને ગુપ્ત રાખવા યોગ્ય ગોઠવણ કરી અને જ્યારે ગર્ભ–મર્યાદા પૂરી થઈ ત્યારે કુંતીએ પુત્રરત્નને જન્મ આપ્યો. એટલે તે પુત્રને પવન સંચરે[1] પણ પાણી ન સંચરી શકે તેવી ગોઠવણવાળી એક પેટીમાં સુવારી તે પેટીને મધ્યરાતે ગંગાનદીમાં વહેતી મૂકી દીધી. એથી તે પેટી તરતી તરતી હસ્તિનાપુર જઇ પહોંચી. તે સૂત નામના સારથિએ તેને દીઠી. એટલે તે પેટીને નદીમાંથી બહાર કહાડી

૧ આવી શકે.

ઘેર લઈ જઈ તે ઉઘાડી જોયું, તો તેમાં રૂપવાન બાળક દીઠો. તે મહા સ્વરૂપવાન્ પુત્રે પોતાના હાથ કાન પાસે રાખેલા હતા, એથી એ બાળકનું નામ કર્ણ રાખ્યું. અને યુક્તિવડે લોકોને સમજાવી તે પોતાની સ્ત્રીના પેટમાંથીજ પેદા થયેલ પુત્ર છે એમ ઠસાવી દીધું. કર્ણ સારથીને ત્યાં મોટો થવા લાગ્યો, અને બાળક ઘણો ચાલાક હોવાથી સર્વ કળા સંપન્ન તેમજ વીરાગ્રણી નિવડવા તના તરફની સર્વના મનમાં આશા બંધાઇ.

કુંતીના પિતાએ કુંતીનો પાંડુરાજ ઉપર તીવ્ર રાગ છે એવું ખાત્રીપૂર્વક જાણ્યું, જેથી ઉંડો વિચાર કરી તેણીનું પાંડુરાજ સાથે લગ્ન કરાવી દીધું. એ વખતે પાંડુરાજને મદ્રક રાજાએ પોતાની પુત્રી મદ્રિકાને પણ પરણાવી દીધી. આમ બે સ્ત્રીઓ સાથે પાંડુરાજનાં લગ્ન થયાં અને તે બન્ને સ્ત્રીઓ પૂર્ણ અનુકૂળ હોઇ તેને પૂર્ણ સુખ આપવા લાગી.

એક વખત કુંતીએ સ્વપ્નની અંદર મેરૂપર્વત, ક્ષીરસાગર, સૂર્ય અને ચંદ્રમા એ ચાર જોયાં. અને તેજ દિવસથી ગર્ભ રહેતાં તેણીની ધર્મમાં બહુજ પ્રીતિ વધી. એ ઉપરથી જ્યારે પૂર્ણ ગર્ભકાળે પુત્રરત્નને જન્મ આપ્યો ત્યારે માહાત્મ્ય પ્રમાણે જન્મોત્સવ કરી ધર્મપુત્ર યુધિષ્ઠિર નામ રાખ્યું. તે પછી ફરી કુંતીને વાયુદેવ સૂચિત વાયુપુત્ર ભીમ પુત્ર થયો. અને તે પછી સૂર્યદેવ સૂચિત અર્જુન નામનો પુત્ર થયો. તેમજ બીજી રાણી માદ્રીને નકુળ અને સહદેવ એ નામના બે પુત્ર થયા. આ પ્રમાણે પાંડુપુત્ર-પાંડવ કહેવાયા. અને એ પાંચે શસ્ત્ર અસ્ત્ર વિદ્યાદિ અને બળ પરાક્રમમાં પૂર્ણ વિજયી નિવડયા.

માતા કુંતીએ નાશકની અંદર પુત્ર યુધિષ્ઠિરને કહી ચંદ્રપ્રભ સ્વામીનું ચંદ્રરત્નમય જિનાલય બંધાવરાવ્યું. અને બીજાં પણ પુષ્કળ ધર્મ-પુણ્ય કૃત્યો કરાવી જીવનનો લ્હાવો લીધો.

અનુક્રમે પાંડુપુત્રોને દુષ્ટ દુર્યોધનની કપટ જાળરૂપ જુગારની રમતથી બાર વર્ષ વનવાસ વેઠવો પડયો અને ત્યાં કુંતી માતા અને સતી દ્રૌપદી–એ બન્નેએ પુષ્કળ કષ્ટ વેઠી પ્રાણસંકટો સહન કરી સતીત્વ જાળવી પોતાના નામને અમર કર્યું. એ બનાવો પૈકીનો એક બનાવ અત્રે રજુ કરીશ કે—

મહાસતી દ્રૌપદીએ એક દિવસ આકાશમાંથી એક સોનાનું કમળ પડેલું દીઠું, અને તે જોઇ અતિ આનંદ પામી તેવાંજ કમળો મેળવવા પતિ ભીમને પ્રાર્થના કરી. એટલે અસીમ પરાક્રમી ભીમસેને તેવાં કમળો લાવી આપવાનો નિશ્ચય કરી તેની શોધ માટે માર્ગ આદર્યો અને નવકારમંત્રનું સ્મરણ કરી વનમાં ભમવું શરૂ કર્યું. ભમતાં ભમતાં જે સરોવરમાં તે સુર્વણ કમળો થતાં હતાં તે સરોવરને શોધી કહાડયું અને તેમાં દાખલ થઈ કમળપુષ્પ લેવાની વિચારણા કરી યોગ્ય ઉદ્યમ આદરવા વિચારણા સફળ કરવી એમ ધારતો હતો.

ભીમસેનના ગયા પછી માતા કુંતીનું જમણું નેત્ર અને ધર્મરાજાનું ડાબું નેત્ર ફરકવા લાગ્યું, એથી ભીમને કંઈ મહા સંકટ આવવાનાં અપશુકન જાણી ચારે ભાઇ તથા કુંતી માતા અને દ્રૌપદી એ છએ જણે ભીમને પગલે પગલે ચાલવું શરૂ કર્યું; પરંતુ ભીમનો મેળાપ થયો નહીં. એથી શોકાતુર બની બેભાન થતાં [૧]ભોંયપર ઢળી જવા લાગ્યાં. એ વખતે હિડંબાને યાદ કરી એટલે તે ત્યાં આવી અને બોલાવવાનું કારણ ધ્યાનમાં લઇ તે છએ જણને જ્યાં ભીમસેન સરોવરને તીરે ઉભો ઉભો વિચાર કરતો હતો ત્યાં લઈ જઈ મૂકયાં અને તે પછી પોતે પોતાને ઠેકાણે ચાલી ગઈ.

તે પછી ભીમસેને રસ્તામાં આવતાં વીતેલાં [૨]વીતકડાંની વાત

૧ મૂર્ચ્છા આવી. ૨ દુઃખોની.

કહી સંભળાવી અને પછી સુવર્ણકમળ લેવા સરોવરમાં દાખલ થઇ આગળ જવું શરૂ કર્યું. એટલામાં તો તે જોતજોતામાં [1]ગેબ થઇ ગયો. એ જોઇ તેની શોધ કરવા તેની પુંઠે તે સરોવરમાં અર્જુન પેઠો, તો તે પણ ભીમની પેઠે અદૃશ્ય થઇ ગયો. પછી યુધિષ્ઠિર અને તે પછી નકુળ, સહદેવ પણ એક બીજાની શોધ માટે સરોવરમાં પેસતા ગયા ને તેની અંદર એક પછી એક ગેબ થતાજ ગયા. પાંચે પાંડવોની આ દશા થઇ, અને કુંતી તથા દ્રૌપદી નિર્જન તથા ઘાતકી પશુઓથી ભરપૂર ભયાનક વનમાં એકલાં નિરાધાર થઈ જવાથી તેમની પણ શોચનીય દશા થઇ પડી. તેઓ બન્ને જણીઓ વલ્લભ જનના અકસ્માત અદૃશ્યપણાથી આકુળ વ્યાકુળ થઈ બહુજ કલ્પાંત કરવા લાગી અને બહુ વખત સુધી રોઈ હૈયું ખાલી કરી વિચારવા લાગી કે–“ રોવાથી કશો દહાડો વળનાર નથી. સંકટનું વાદળ તૂટી પડતાં તો ફક્ત સાચા આધારરૂપ પંચપરમેષ્ઠિજ છે; માટે તેમનું ધ્યાન, તેમની સ્તુતિ ને તેમનો જ જાપ કરવો એજ [2]સંકટમોચક ઉપાય છે. ” એમ વિચારી પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં તે બન્ને મહાસતીઓ અડગ થવા તત્પર થઈ અને કાઉસ્સગ્ગ ધ્યાન કરતાં પહેલાં કુંતીજી તેમજ દ્રૌપદીએ શાસનદેવ પ્રત્યે વીનવ્યું કે–જો જન્મથી માંડી અત્યાર સુધી અને અત્યારથી માંડી મરણ પર્યંત અમો બન્ને જણનું અખંડપણે શીળ સચવાયું ને સચવાવાનું હોય, તો હે શાસનાધિષ્ઠાયક દેવો ! તે અમારા સતીત્વને ધ્યાનનાં લઈ તમો અમો અબળાની વ્હારે ચડશો અને એકાએક ગુમ થયેલ નર રત્નોને પુનઃ પ્રાપ્ત કરાવી ચિંતાનો અંત આણશો. જ્યારે અમારી ચિંતાનો અંત આવશે ત્યારેજ કાઉસ્સગ્ગ પારીશું માટે જેમ યોગ્ય જણાય તેમ સહાયતા કરશો. ”

---

૧ અંદર સમાઈ ગયો. ૨ સંકટ દૂર કરવાનો.

આ પ્રમાણે દૃઢ સંકલ્પ કરી, તે પછી મન–વચન ને શરીરની એકાગ્રતા કરી કાઉસ્સગ્ગ કર્યો. આવી [1]અચળ વૃત્તિ સહિત આઠ પહોર વીતિ ગયા–એટલે કે બીજે દિવસે પ્રભાત સુધી કાઉસ્સગ્ગ મુદ્રાએજ શરીરની દરકાર રાખ્યા વગર ઉભી રહી. જ્યારે સતીઓએ કાઉસ્સગ્ગ કરી આત્મસત્તાની વૃદ્ધિ કરી દેવોનું આકર્ષણ થાય તેવું મનોબળ ફોરવ્યું, એ સમયે કેવળજ્ઞાન મહોત્સવ માટે જતા ઇંદ્રનું વિમાન ( સતીઓના ઉપર થઇને પસાર થતાંજ ) અટકી ગયું. એટલે ઇંદ્રે અવધિજ્ઞાનવડે ઉપયોગ દઇ વિમાન રોકાવાનું કારણ જાણી સતીઓનું કષ્ટ કાપવા તરત પ્રહિત નામના છડીદારને મોકલી પાંડવોને કેદ કરી રાખનાર નાગપતિ શંખચૂડને કહેવરાવી પાંડવોને મુક્ત કરાવ્યા. પાતાળ પતિ શંખચૂડના સરોવરમાંથી તે પાંડવો કમળ લેવા પેઠા હતા એથી એણે નાગપાશથી બાંધી કેદી બનાવ્યા હતા; પરંતુ ઇંદ્રનો હુકમ તુરતજ છોડી દેવાનો હોવાથી તેઓને છોડી દઇ કરેલા અપરાધની [2]વિસ્મૃતિ કરાવા શંખચૂડે સત્કાર કરી પોતાના રાજ્યની સત્તા સોંપવાની ઇચ્છા જાહેર કરી, પણ પાંડવોએ તે ન લેવાની ઇચ્છા બતાવી માત્ર યુદ્ધ વખતે અર્જુનને મદદ કરવી એટલું માગી લીધું. ને એ સર્પપતિએ સ્વીકારી પછી અર્જુનને એક ઉત્તમ હાર, ધર્મરાજને રત્નમય બાજુબંધ અને બીજા ત્રણે ભાઇઓને ઉત્તમ વિદ્યાઓ આપી વિદાયગીરી દીધી. પછી ઇંદ્રનો છડીદાર તેઓને લઇ જ્યાં સતીઓ કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિત થયેલ છે, ત્યાં આકાશમાર્ગથી પૃથિવી પર આવ્યો. પાંડવોએ પ્રીતિસહ માતુશ્રીના ચરણમાં મસ્તક નમાવ્યું. એ જોઇ કુંતીમાતાએ કાયોત્સર્ગ પારી નમન કરતા પુત્રોને હર્ષનાં ઉષ્ણ આંસુડેથી નવરાવી દીધા. અહા ! માતાનો પ્યાર ત્રણ

૧ સ્થિરવૃતિ. ૨ ભુલાવવા.

લોકની અંદર પણ ખોળ્યો મળે તેવો નથી. પિતા, પુત્રોને ગમે તેટલાં લાડ લડાવે; પરંતુ માના અંતરના ઉમળકાની અને ખુંધા ખમ્યાની [1]હોડ પિતાથી પૂરી પડી શકતીજ નથી. વાંચનાર! એ હેતુને લીધેજ મર્હુમ કવીશ્વર **દલપતરામજીએ** પણ કહ્યું છે કે–'ભલા કેમ આભાર ભૂલું પિતાજી' હે પિતાજી! આપનો સારો આભાર હું શી રીતે ભૂલી જાઉં? મતલબ કે આપનો આભાર ભૂલી જઉં તેવો નથી. પણ માના સંબંધમાં પુત્રે કહ્યું છે કે–'જીવો પ્રેમવાળી દયાળીજ મા તું.' હે દયાળી અને પ્રેમઘેલી મા! તું જીવતીજ રહેજે.' આ ઉપરથી પણ ખુલ્લું સમજાય છે કે–માનો પ્રેમ અને દયાભાવ અનહદ હોય છે. એથીજ તેને માટે સદા જીવતી રહેવાની ભાવના જાહેર કરી છે, અને પિતાનો ફક્ત આભાર માન્યો છે. અને છે પણ તેમજ. જો ન્હાનપણમાં મા મરી જાય તો બચ્ચાંને પિતા ઉછેરી ન શકે, તેમ વળી તમામ શિક્ષણ પણ તેણીનાથીજ મળે છે. આમ હોવાને લીધે માતાનો પ્યાર પુત્રો પર વિશેષ હોવાનું સિદ્ધજ થાય છે, અને આપણે સદા એ બાબતનો અનુભવ લેતાજ આવેલા છીયે. એટલે વિશેષ આ બાબતનું દિગ્દર્શન કરવાની જરૂર નથી; તો પણ કુંતામાનો વાત્સલ્ય પ્રેમ ઉભરાઇ જવાના પ્રસંગે ઈસારો કરવાની જરૂર પડી છે.

આ ઉપરની વાતથી કુંતીજીનું સતીપણું—ઈંદ્ર વિમાન સ્તંભવાથી તેમજ ઇંદ્રે તાકીદે તેણીના પુત્રોને છોડાવવા યત્ન કર્યો એથી સાબીત થઇ આવે છે અને આ શિવાય પણ તેમણે અત્યંત કષ્ટ સહન કરી સતીપણા સંબંધી કસોટી બતાવી છે;

કુંતીજીએ પોતે સુગુરૂની પાસે દીક્ષા અંગીકાર કરી અને કઠોર તપશ્ચર્યાવડે ઘોર પાપોને નાશ કરી આયુક્ષયે મોક્ષ સુખ પ્રાપ્ત કર્યું.

---

૧ બરોબરી.

આ વાત ઉપરથી વાચકોને એજ સમજવાનું છે કે—કૃષ્ણ મનથી વરેલા પાંડુરાજના ન મળવાથી કુંતીજીએ પ્રાણનો ભોગ આપવા નિશ્ચય કર્યો, પણ પોતાનું પણ-શીલવ્રતનો નિયમ ભંગ ન કરવાનો નિશ્ચય ન છોડ્યો. તેમજ પોતાની એ અંતરંગ વૃત્તિના બળથી શીળના સંરક્ષણ કર્તા દેવોના અંતરમાં તે સંબંધી પ્રેરણા સ્ફુરાવી પાંડુરાજને આકર્ષી વ્રતને અચળપણું બક્ષ્યું. અને જે વખતે પાંડવો દેવમાયાથી સરોવરમાં ગુમ થયા તે વેળાએ કાઉસ્સગ્ગ ધ્યાન ધરી સત્યશીળના પ્રભાવવડે ઇંદ્રના વિમાનને થોભાવી પોતાના અને દ્રૌપદીના ત્રિવિધતાપ નાશકર્યા એથી મહાસતી પદ વર્યું. એજ પ્રમાણે જો મનની અડગ વૃત્તિથી હાલ પણ સ્ત્રી પુરૂષો શીળને સંભાળવા દૃઢ રહે તો અવશ્ય શીળસાન્નિધ્યકારી દેવો મન-કામના પૂર્ણ કરે; પરંતુ જ્યાં મનની નબળાઈનો પાર નથી ત્યાં પછી એ બાબતનો અનુભવ કયાંથી મળી શકે ? ઈચ્છીએ છીએ કે પુન: પૂર્વવત્ શીળશાળી જનોથી અલંકૃત થઈ અમારી ભારતભૂમિ અત્યંત શોભાને પાત્ર થાઓ !

એ શિવાય માતાનો પુત્ર પ્રત્યે અજબ પ્યાર આદિનો સાર લેવાનો છે. તે ગ્રહણ કરી અખંડ શોભાવંત થવું.

# મહાસતી દ્રૌપદીની કથા.

(૭)

પંચાળ દેશના ભૂષણરૂપ **કંપિલપુર** નામના નગરની અંદર ન્યાયનિપુણ **દ્રુપદરાજા** રાજ્ય કરતો હતો, એ રાજાને સકળ શુભ લક્ષણ ગુણ સંપન્ન **ચુલની** નામની રાણી હતી. એ રાણીના ઉદરથી જન્મેલી **દ્રૌપદી** નામની પુત્રી હતી. એ પુત્રી પાંચ ધાત્રીઓથી લાલન પાલન થતી અનુક્રમે વૃદ્ધિ પામી. એટલે તેણીને તેણીના પિતા દ્રુપદરાજાએ ધર્મ કર્મ વગેરેનાં શાસ્ત્રાદિમાં પ્રવીણ કરી. કહ્યું છે કે–જેણે બાલ્યાવસ્થામાં વિદ્યા, તરૂણાવસ્થામાં ધન, યૌવનાવસ્થામાં યશ અને વૃદ્ધાવસ્થામાં ધર્મ સાધન નથી કર્યું, તો તેની જીંદગી રદ–બાતલજ સમજવી. તેમજ જો રૂપવંત અને ભરપૂર યુવાનીવંત, તથા ઉત્તમ કુળવંત છતાં જે મનુષ્ય વિદ્યા વગરનો હોય તો તેને [1]ખુશબો વગરના આવળના ફુલ સરખોજ જાણવો. માટે પુત્ર વા પુત્રીને જરૂર વિદ્યા ભણાવવી કે જેથી તેઓ સુગંધી ફુલોની પેઠે લોકપ્રિય નિવડી ઉચ્ચ સ્થાનનાં ભોગી થાય.

દ્રૌપદી કુંવરી જ્યારે યૌવનવય પામી ત્યારે તેણીને લાયક

૧ સુગંધ.

વર ખોળવા માટે દ્રૌપદીના પિતાને ભારે ચિંતા પેદા થઇ. પુત્રીના વરની શોધ સંબંધિ ચિંતા જાળમાં ફસાયેલો દ્રુપદરાજા મંત્રિમંડળની સલાહ લઇ, એ નિશ્ચય ઉપર કાયમ થયો કે— “ જે પુરૂષ રાધાવેધ સાધશે તેજ મારી દ્રૌપદીનો પતિ થશે. ”

આ પ્રમાણે નિશ્ચય કરી દેશ વિદેશના રાજાઓને રાજકુમારો સહિત દ્રૌપદીના સ્વયંવર મંડપમાં પધારવા સંબંધી કુંકુમપત્રિકાઓ લખી દૂતો મારફત પહોંચતી કરાવી. તે પછી મહા શોભાયમાન મંડપની અંદર ચંદન તથા અગરૂની બનેલી તેમજ રત્ન, સુવર્ણ અને રૂપાથી જડેલી–મઢેલી સુંદર બેઠકો ગોઠવી. અને પ્રતિદ્વારે તોરણ, ધજા, પતાકાઓ, મંગળ–આનંદી તથા સત્કાર વાક્યો શોભાવી સ્વર્ગભુવન સમાન મંડપ તૈયાર રાખ્યો. તે મંડપની અંદર સમય આવ્યે તેજસ્વી રાજાઓ ને રાજકુમારો આવી આવીને યોગ્યતા અને સત્કારપૂર્વક બેઠક લેવા લાગ્યા. આ શુભ પ્રસંગ વખતે પાંડુરાજા પોતાના પાંચ પુત્રોને લઇ તે મંડપમાં સ્થિત થયો હતો.

જ્યારે ચોક્કસ કરેલો સમય થયો ત્યારે અદ્‌ભુત સ્વરૂપવંત દ્રુપદકુમારી હાથમાં વરમાળ લઇ તે સભા મંડપમાં આવી મુખ્ય સ્તંભની પાસે પિતાની આગળ ઉભી રહી. એ વેળાએ દ્રુપદરાજાના હુકમથી છડીદાર એક ધનુષ લાવી રાધાવેધના થાંભલાની પાસે મૂકીને સઘળા રાજાઓને કહેવા લાગ્યો–“ હે સમસ્ત રાજાઓ ! આ સ્તંભના ઉપર જે આ અદ્‌ભુત બાર ચક્રો છે તે ડાબા ને જમણાં ફર્યા કરે છે, તેની હેઠળ આ તેલની કડાઇ રાખેલી છે, તેની અંદર પડેલા ચક્રોના પડછાયા ઉપર ગોઠવેલી રાધા નામની પુતળીની ડાબી આંખ કડાઇમાં પડતા પડછાયાને તાકી બાણથી વિંધશે તે વીર પુરૂષ દ્રુપદ કન્યાને વરશે. ” આ પ્રમાણે

છડીદારનું બોલવું સાંભળી કેટલાક તો ધનુષ પકડવામાંજ હીમ્મત હારી ગયા. કોઇ ધનુષ પકડીને પણછ ચડાવી તીર સંધાન કરી શકયા નહીં અને કોઇ તો પોતાની શક્તિનો વિચાર કરી જેમના તેમજ બેસી રહ્યા. તેવામાં અર્જુને બળવંત ભીમસેનની સાથે મુખ્ય સ્તંભ પાસે આવી ક્ષેત્ર દેવને નમસ્કાર કર્યા. બીજા રાજાઓ પાછા પડવાથી નીચાં માથાં કરી બેસી રહ્યા છે, તેવામાં ઇંદ્રપુત્ર અર્જુને હાથ વડે ધનુષને ઉપાડી તેમાં બાણ સંધાન કરી તેલની કડાઈમાં પુતળીનો પડછાયો જોઈ તેની ડાબી આંખ વીંધી રાધાવેધ સાધ્યો. એ વખતે જય જય શબ્દમય બ્રહ્માંડ ભાસવા લાગ્યું. દેવોએ દુંદુભીનો નાદ કરી અર્જુન વીર ઉપર ફૂલોનો વરસાદ વરસાવ્યો. એ જોઈ દ્રૌપદીએ તુરત અર્જુનના કંઠમાં વરમાળ આરોપણ કરી દીધી; પરંતુ તે વરમાળા જેમ પાંચે ઇંદ્રિયોમાં મન જુદું જુદું સંક્રમે તેમ એ એક વરમાળા પાંચરૂપે થઇને પાંચે પાંડવોના ગળામાં જુદી જુદી પડી. એક કન્યાને પાંચ પતિ થયા જોઈ ભીષ્મ શરમાઈ ગયા, દ્રુપદ રાજા નીચું જોઈ રહ્યો અને બીજા સર્વ કોઇ વિસ્મય પામ્યા.

એ સમયે કોઇ ચારણ મુનિનું ત્યાં પધારવું થયું એટલે સર્વ રાજાઓ ઉઠી ઉભા થઇ પગે લાગ્યા, અને મુનિરાજને યોગ્યાસને બિરાજમાન કરી તે પછી કૃષ્ણ વગેરે રાજાઓએ તે મુનિવરને પૂછયું–“ મુનિ મહાત્મા ! આ પંચાળીને પાંચ પતિ થવાનું શું કારણ છે ? ” આ પ્રશ્નના ઉત્તરમાં મુનિરાજ બોલ્યા–“ પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા કર્મવડે આ દ્રૌપદીને પાંચ પતિ થયા છે. તેમાં નવાઇ જેવું શું છે ? કર્મની વિચિત્ર ગતિ છે. આ દ્રૌપદીનો જીવ પૂર્વભવમાં ચંપાનગરીમાંજ સાગરદત્ત શેઠની સુભદ્રા નામની પત્નીની કુખથી સુકુમાલિકા નામની પુત્રી થઇ

હતી. યુવાન થતાં તેણીને જિનદત્ત શેઠના પુત્ર સાગરને વેરે પરણાવી તે જમાઇને સસરાએ ઘર જમાઇ કરીને રાખ્યો. જ્યારે સાગર સુકુમાલિકા સાથે રજની સમયે સમાગમ નિમિત્તે ગયો ત્યારે તેણીના શરીરનો સ્પર્શ થતાં તપાવેલી લોહ પુતળીના સરખું ધીખતું શરીર જોયું, એથી તેણીનાથી કંટાળી સસરાની [1]આયપતને પડતી મૂકી તે ઉંઘી ગઈ એટલે સાગર છાનોમાનો રસ્તો માપી ગયો. જ્યારે તે જાગી અને પતિને ન દીઠા, ત્યારે મહાન કલ્પાંત કરવા લાગી. તેણીનો પતિ શા કારણને લીધે તજી જતો રહ્યો, તે બધી વાત તેણીના પિતાના જાણવામાં આવતાં પુત્રીને દિલાસો આપી મન વળાવી દાનાદિ દેવામાં જોડી દઈને પોતાને ઘેર રાખી. એક વખતે સુકુમાલિકાએ વૈરાગ્યથી ગોપાલિકા આર્યાની પાસે દીક્ષા અંગીકાર કરી. અને ચોથ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરેની તપસ્યા કરવા માંડી. એક વખતે તે સુકુમાલિકા સાધ્વી ઉન્હાળાની મોસમની અંદર ઉદ્યાનમાં જઈ સૂર્યની સ્હામે નજર જોડીને આતાપના સહન કરવાનો આરંભ કરતી હતી. ત્યાં દેવદત્તા નામની એક રૂપગર્વિતા ગુણિકા પાંચ પુરૂષોની સાથે વિષયાનુભવ કરતી તેના જોવામાં આવી. તેને જોતાં સંભોગની ઇચ્છા જેની સંપૂર્ણ ન થયેલી તે સુકુમાલિકાએ એવું નિયાણું કર્યું કે–" આ તપસ્યાથી આ ગણિકાની પેઠે હું પણ પાંચ પતિવાળી થાઉં," પછી આઠ માસની સંલેખના કરી તે નિયાણાની આલોચના કર્યા વિનાજ મરણ પામીને સૌધર્મ દેવલોકમાં દેવી થઈ, ને ત્યાંથી ચવીને તે સુકુમાલિકા આ દ્રૌપદી થયેલ છે, અને પૂર્વભવના નિયાણાથી તેને આ ભવની અંદર પાંચ પતિઓ થયેલા છે. તો તેમાં શુ વિસ્મય પામો છો ? " ઇત્યાદિ પૂર્વભવમાં બાંધેલા કર્મ–પૂરિત દ્રૌપદીનું ચરિત્ર સાંભળી ઘણા જણાઓએ જૈનધર્મ અંગીકાર

૧ લાભ.

કર્યો. તે પછી આકાશવાણી થઈ કે ' આ કામ સારૂં થયું છે. ' એથી કૃષ્ણ વગેરે સર્વેએ એ વાતની પ્રશંસા કરી. અને પછી સ્વયંવરમાં આવેલા રાજાઓ ને સ્વજનોએ કરેલા મહોત્સવથી પાંડવો દ્રૌપદીને પરણ્યા. તે પછી દ્રુપદ રાજા, પાંડુરાજા, દશાર્હ, કૃષ્ણ અને બીજા રાજાઓને ગૌરવથી નગરમાં લાવ્યો અને પુત્રો સહિત પાંડુરાજાની વિશેષ ભક્તિ કરી. તે પછી પાંડુરાજા પુત્રોને લઈ મહોત્સવ સહિત હસ્તિનાપુરમાં આવ્યા.

હવે દ્રૌપદીને પાંચે પાંડવો પોતપોતાના વારે ભોગવવા લાગ્યા. જે દિવસે એકનો વારો હોય, તે દિવસે બીજા પાસે તે જાય નહીં. એમ બહોંતેર બહોંતેર દિવસનો દરેકનો વારો બાંધ્યો હતો.

એક વખત દ્રૌપદી પોતાના અંતઃપુરની અંદર પોતાના શરીર પ્રમાણ દર્પણની અંદર પોતાનું અંગ ફરી ફરીને નિહાળતી હતી. તે દરમ્યાન નારદ ઓચિંતા ત્યાં આવી ચડ્યા; પરંતુ તેમના આવ્યાની દ્રૌપદીને ખબર જ પડેલી નહીં હોવાથી તેમનો સત્કાર કોણ સાચવે ? છતાં નારદને એવું ભાસ્યું કે–" દ્રૌપદીએ મને આવ્યો જાણ્યો, તો પણ અહંકારને લીધે મારો સત્કાર ન સાચવ્યો; માટે જરા એણીનો અહંકાર ઉતારવા કંઈક ખટપટ આદરૂં ! " ઈત્યાદિ વિચારી રોષ સહિત નારદ ત્યાંથી રવાના થઇ ધાતકી ખંડમાં **અમરકંકા** નગરીએ જઈ ત્યાંના સ્ત્રીલંપટ પદ્મોત્તર રાજાને મળ્યો. રાજાએ નવા જુની વાત સંબંધી પૂછપરછ કરી. એટલે નવાઇની બાબતમાં નારદે જણાવ્યું કે—" હું હસ્તિનાપુર ગયો હતો, ત્યાં પાંડવોના અંતઃપુરમાં મેં દ્રૌપદીને જેવી ખુબસુરતવંત દીઠી એવી તો શું, પણ એના દાસીપદને પણ યોગ્ય સ્ત્રી તારા અંતઃપુરમાં નથી. "

આવી મહાસ્વરૂપા દ્રૌપદીની હકીકત જાણી પદ્મોત્તર રાજાએ એક દેવનું આરાધન કર્યું અને એની મારફત દ્રૌપદીને પોતાના અંતઃપુરમાં હરણ કરી દાખલ કરી દીધી. તે પછી તેણીને તે રાજા કહેવા લાગ્યો–" હે દ્રૌપદી ! તું હવે મારી સંગાથે સાંસારિક સુખ વિલાસ ભોગવ. આ રાજ્ય તારૂંજ છે, તેમજ હું અને મારી પટરાણી વગેરે બધા તારાજ તાબેદાર છીયે, મને તું તારો સમજી હવે સ્નેહ સહિત પ્રેમાલિંગન દે. મેં તને મેળવવા માટે આ મોટી તકલીફ ઉઠાવી છે. અને કેવા બ-ળીયા સાથે વૈર બાંધ્યું છે ? તે બધું ધ્યાનમાં લઈ મારાપર દયા કર અને મને નાથ કહી મારો હાથ ગ્રહણ કર, એટલે આનંદ થશે." ઈત્યાદિ બહુ બહુ વચનો કહી, કાલાવાલા કરી અને ભયને અમલમાં લઇ દ્રૌપદીનું શીલ ભંગ કરવા પદ્મોત્તરે બેહદ મહેનત લીધી; તો પણ દ્રૌપદીના મનમાં જરા પણ વિકાર કે અસર થયાંજ નહીં. તેણીએ તો પંચપરમેષ્ટિનું સ્મરણ તથા છઠ્ઠ અઠ્ઠમાદિક તપ કરી પતિના નામની જપમાળ જપી વખત ગુજા-રવા માંડયો. તેમજ જો પીયરીઆં કે સાસરીયાં ખબર લેશે તો ભલે, નહીં તો છેવટ શીલ સંરક્ષાણાર્થે ગમે તે ઉપાય હાથ ધરી મરણને શરણ થઇ જઈશ. પ્રાણ જાય એજ સર્વોત્તમ છે, પરંતુ શિયળ ખંડીત થવા નહીં જ દઉં. " ઈત્યાદિ વિચારોમાં ક્રમ ચાલુ રાખી પોતાના કઠિન દિવસો વ્યતીત કરવામાંજ તે તત્પર રહી.

અહીં પાછળથી દ્રૌપદીનું હરણ થયું જાણી પાંચે પાંડવો કૃષ્ણ પાસે ગયા અને સર્વ હકીકત કહી સંભળાવી. હવે કયો માર્ગ આદરવો એ સંબંધિ મસલત ચલાવવા લાગ્યા. કૃષ્ણે કહ્યું—" પ્રથમ તેણીનું કોણ હરણ કરી ગયું છે તે જ્યાં લગી જાણવામાં ન આવે ત્યાં લગી બધી વાત નકામી છે. માટે

પ્રથમ તે સંબંધિ કોઇપણ પ્રકારે બાતમી મેળવો, તો પછી કંઇ ઉપાય અમલમાં લઇ શકાય." આવી વાત ચાલી રહી છે તે દરમ્યાન નારદઋષિનું ત્યાં આગમન થયું. એટલે તેમને આદર સત્કાર કરી કૃષ્ણે પૂછ્યું—"નારદજી! આપે કયાંય દ્રૌપદીને દીઠી છે?" આ સવાલના ઉત્તરમાં ઠાવકું મ્હોં રાખી નારદ બોલ્યા—"જાણે દ્રૌપદીજ હોય તેવી સ્ત્રી મેં ધાતકીખંડમાં અમરકંકા નગરીના રાજા પદ્મોત્તરના અંતઃપુરમાં દીઠી હતી." કૃષ્ણ મનમાં તો સમજી ગયા કે—"કહો ન કહો પણ આ બધા કામ તો નારદજીનાં જ હશે, પણ 'કાણાને કાણો રૂબરૂ ન કહેવો' એજ ઠીક છે." એમ વિચારી તે પછી વાસુદેવે દેવનું આરાધન કર્યું, એટલે તેની સહાયતાથી પાંચ પાંડવ અને કૃષ્ણ એ છએ જણ રથમાં બેસી સમુદ્ર ઉલંઘી અમરકંકાએ જઈ પહોંચ્યા. ત્યાં પાંચે પાંડવોએ પદ્મોત્તર રાજા સાથે યુદ્ધ કરતાં હાર ખાધી એટલે કૃષ્ણે તેની સાથે યુદ્ધ કરી વિજય મેળવ્યો; પરંતુ તે રાજાએ શહેરમાં પેસી, ગઢમાં ભરાઇ કિલ્લાના દરવાજા વગેરે મજબૂત રીતે બંધ કરી દેવરાવ્યા. એ જોઇ કૃષ્ણે કિલ્લા ઉપર ચડી નૃસિંહરૂપ ધરી પૃથિવીને એવી રીતે ધ્રૂજાવી દીધી કે જેથી શહેરમાં રહેનારાઓનાં તમામ મકાન પડી ગયાં. આમ થવાથી પદ્મોત્તર ભયભીત થતાં કૃષ્ણને નમી પડયો અને ક્ષમા માગી કહેવા લાગ્યો—"મેં પહેલી એ મૂર્ખતા કરી કે આપ જેવા જેણીના સહાયક છતાં તેણીનું મેં હરણ કર્યું અને બીજી એ ભૂલ એ કરી કે તમારી સાથે પોતાનું બળ તપાસ્યા વગર યુદ્ધ કર્યું. હશે પણ જે થનાર હતું તે થયું, પણ હવે મ્હારા પર કૃપા કરી થયેલી ભૂલચૂક દરગુજર કરી દ્રૌપદીને અંગીકાર કરો. ઉત્તમ પુરૂષોનો ગુસ્સો ત્યાં લગીજ રહે છે કે જ્યાં લગી સ્હામો

માણસ આવીને નમી પડતો નથી; પરંતુ હું તો એથી વિપરીત વર્ત્યો છું, છતાં આપ મોટા મનના દયાળુએ પોતાનું મુકુંદ નામનું બિરૂદ વિચારી મને અપરાધમાંથી મુક્ત કરવોજ ઘટે છે." એવી તેની નમ્રતાભરી વાણી સાંભળી કૃષ્ણે પોતાનું મૂળ સ્વરૂપ કર્યું અને તે પછી કૃષ્ણને પદ્મોત્તર રાજા નગરમાં લઈ ગયો. તેમજ ભોજન વગેરેથી ઉત્તમ પ્રકારે ભક્તિ સાચવી. ત્યારપછી અંતઃપુરમાંથી દ્રૌપદીને લાવી હાજર કરી, એટલે એ મહાસતીને લઈને કૃષ્ણ વગેરે પાછા વળ્યા, અને પોતાના વતનમાં જઈ પોતપોતાના કાર્યમાં નિમગ્ન થયા.

એક વખત દુર્બુદ્ધિ દુર્યોધનની કપટજાળમાં ફસાઈ જતાં યુધિષ્ઠિર જુગારની રમતમાં દ્રૌપદી સહિત રાજ્યને હારી બેસવાથી દુઃશાસન દ્રૌપદીની વેણી પકડીને તેણીને સભામાં ઘસડી લાવી તેણીની લાજ લેવા ચીર ખેંચી લેવા લાગ્યો; પરંતુ શીળના માહાત્મ્યથી એકસો ને આઠ ચીર પૂરાયાં. એથી આખર ખેદ પામી તેણીને જતી કરી. તેમજ કીચકની દુષ્ટવૃત્તિને પૂરી પાડવા વિરાટપતિની પત્ની સુદેષ્ણાએ દ્રૌપદીને પોતાના ભાઈ પાસે છેતરીને મોકલી હતી; પરંતુ દગાની જાણ થતાં દ્રૌપદીએ ધૈર્યતા–વીરતા વગેરેનો ઉપયોગ કરી પોતાનું શીળ અખંડ રાખ્યું. કહેવાની મતલબ એજ કે જેણીએ પોતાનું શીળરત્ન સાચવવા નારદના છળથી પદ્મોત્તર રાજાના અંતઃપુરમાં, તથા કીચકના મહેલમાં સુદેષ્ણાના છળથી સપડાઈ પડ્યા છતાં પણ મરણ કબૂલ કરી લીધું; પરંતુ પોતાના પતિ શિવાય પર પુરૂષની સાથે સરાગથી કે સન્મુખ દૃષ્ટિએથી સંભાષણ કરવું પણ કબૂલ ન કર્યું, અને જેણીની સભા મધ્યે લાજ લેવા દુષ્ટાત્મા દુઃશાસને ચીર ખેંચી લેવા માંડયાં, તે વખતે ખુદ શીળના સાનિધ્યકારી દેવોએ એકસો આઠ ચીર પૂરાં પાડી આબરૂ કાયમ રાખી–એ શું ઓછી પ્રશં-

સવા યોગ્ય વાર્ત્તા છે ? અને જ્યારે એવી અડીકડીની વેળાએ શીળને સંભાળી રાખે ત્યારેજ મહાસતીનું પદ પણ પ્રાપ્ત થાયછે. નહીં કે જ્યાં લગી કોઇ મોટી લાલચો આપી કે પ્રાણ સંકટમાં સપડાવી શીળ ખંડનાર ન મળ્યો હોય ત્યાં લગી પતિવ્રતપણું પાળવાથી જ મહાસતીનું પદ પ્રાપ્ત થાય છે ?

એકવાર શ્રીનેમિનાથ પ્રભુ મથુરાને વિષે પધારી સમોવસર્યા. એટલે કુંતી, પાંડવો, તથા દ્રૌપદીને લઇ પ્રભુને વાંદવા માટે ગયા અને વિધિસહ વાંદી પછી ધર્મોપદેશ શ્રવણ કર્યો કે-" આ લોકની અંદર મનુષ્યપણું, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, સારૂં કુલ, સારૂં રૂપ, નિરોગીપણું, લાંબું આયુષ્ય, સારી બુદ્ધિ, સુશાસ્ત્રનું સાંભળવું અને શુદ્ધ સંયમની પ્રાપ્તિ-એ સઘળાની પ્રાપ્તી થવી બહુજ મુશ્કેલ છે." ઇત્યાદિ ઉપદેશ સાંભળીને એ સાતે જણાંએ સમકિત મૂળ બાર વ્રત ઉચર્યા. અનુક્રમે પાંચ પાંડવોએ પોતપોતાના પુત્રને રાજ્ય સોંપી માતા કુંતી અને સતી સ્ત્રી દ્રૌપદી સહિત સુગુરૂની પાસે શુદ્ધ સંયમ અંગીકાર કર્યું. ત્યારપછી દ્રૌપદી વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરવા લાગી અને અનુક્રમે શત્રુંજય ગિરિરાજ ઉપર જઇ ત્યાં પણ કઠિન તપ કરી આયુષ્ય ક્ષય થયે પાંચમે દેવલોકે દેવપણું પામી, ત્યાંથી ચવીને અનુક્રમે થોડા ભવમાં મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત કરશે.

વાંચકો! આ વાર્ત્તા અવલોકન કરી એ સાર લેવાનો છે કે- " અંતસમયની મતિ પ્રમાણે આવતા ભવમાં સારૂં નરસું સુખ દુઃખ મળે છે. માટે અંત વખતની બાજી સુધારવા માટે ખૂબ સાવચેત રહેવું, નહીં તો 'મરણે યા મતિ સા ગતિ' એ થવાનું જ. એ હેતુને લીધેજ અંત વખતે અંતરના ઉત્તમ પરિણામો રાખી આત્મ કલ્યાણ સાધવું.

એ શિવાય મોટાઈ ને માનના ભૂખ્યા મનુષ્યોને બહુજ માન આપવું, નહીંતો એ કદાચ પોતાનું જરા અપમાન થયું હશે તો તે માખીની પેઠે પોતાનો પ્રાણ ગુમાવીને પણ ઘીને અપવિત્ર કરી દેવા યત્ન આદરશે. માટેજ તેવી મોટાઈને લીધે મરનારા માન ભિખારીઓને માનનું દાન દેવું.

કામી પુરૂષોની કામવાસના કોઇ વખતે પણ તૃપ્ત થતી જ નથી અને એજ જંખનામાં રાતદિન વહ્યા જાય છે. તેમજ તે તુચ્છ વાસના પૂરી પાડવાની ખાતર કેવી મોટી નુકશાનીઓને વ્હોરી લે છે અને અંતે પગે પડી આજીજી કરી બચાવ કરવાને વલખાં મારે છે, માટે તેવી કામ વાસનાનો જેમ બને તેમ ત્યાગ કરવો.

મોટા પુરૂષોની સાથે બાથ ભીડવી નહીં, નહીં તો અંતે પાયમાલી થાય છે.

દુષ્ટ જનોના દુષ્ટ પ્રપંચજાળ, સતીની અડગતા, ભાઈઓનો સંપ, વચન પાલકની વડાઈ, પરાક્રમી જનોનાં પરાક્રમ, હીમ્મતબાજની હિમ્મત, કસોટી થવાથી થતી માણસોની કિમ્મત અને ધર્મધ્યાનથી પ્રાપ્ત થતાં પ્રશંસનીય સુખો-વગેરે વગેરે સાર આ વાર્તામાં ઝળકી રહેલ છે તેનો આનંદ અનુભવી આનંદમાન થવું કે જેથી કાળની કિમ્મત, કિંવા તો અમૂલ્ય જીવનની કિમ્મત ધ્યાનમાં લીધી ગણાશે અને [1]ચારૂ વિચારોનું ચણતર ચણાશે.

---

૧ સુંદર.

# મહાસતી ચંદનબાળાની કથા.

(૮)

આ ભરતખંડની અંદર **શ્રી વર્દ્ધમાન** સ્વામીની હયાતી વખતે **કોશંબીપુરીમાં** **શતાનિક** નામનો પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. તેને **મૃગાવતી** નામની રાણી હતી, તેમજ એ રાણી જૈન ધર્મની ચુસ્ત હિમાયતી હતી.

એ રાજા શતાનિકને પોતાના સાઢુ દધિવાહન રાજા કે જે ચંપાનગરીનો રાજા હતો, તેની સંગાથે કોઇ કારણથી હાડ વૈર બંધાઈ ગયું હતું. એથી એકવાર છુપી રીતે તેના રાજ્ય ઉપર હલ્લો કરી તે શતાનિક રાજાએ દધિવાહનને હરાવ્યો અને એના લીધે પોતાનો જાન બચાવી દધિવાહન ઉભી પૂંછડીએ નાસી ગયો. આમ થવાથી તે શહેરને શતાનિક રાજાએ લુંટી લેવરાવી ત્યાં પોતાની આણ–દુવાઇ ફેરવી વિજયધ્વજ ફરકાવ્યો.

એ લડાઈની લુંટ દરમ્યાન એક સીપાઈના હાથમાં દધિવાહન રાજાની રાણી **પદ્‌માવતી** અને પુત્રી **વસુમતી** એ બન્ને સપડાઇ ગયાં, જેથી તે સીપાઈ તેઓને ઉપાડી પોતાના ઘર ભણી ચાલતો થયો, રસ્તામાં રાણીના સુંદર સ્વરૂપને લીધે મોહ પામી તે સીપાઈ તેણીની સાથે બદકામ કરવા સંબંધી ધામધૂમ આદરી બેઠો! એથી અંતે તેણીના ઉપર બલાત્કાર ગુજારવા જતાં

તે સતીએ પોતાના પ્રાણ ખોઇ દઇ સતીત્વ જાળવ્યું. આમ થવાથી પુત્રી વસુમતી માતાના વિયોગને લીધે બહુજ હૈયાફાટ રડવા લાગી અને મરણ પામેલી માતા પ્રત્યે કહેવા લાગી કે— “હે માતુશ્રી ! તું મારૂં હમેશાં રક્ષણ કરનારી હતી, છતાં આ ભયાનક જંગલમાં અને આ જુલ્મી બાપુના હાથમાં મૂકી અધવચજ ચાલતી થઇ ? ! મારા ઉપર બેહદ સ્નેહ હતો, તો પણ કશી શિખામણ દીધા વગરજ રણમાં રઝળતી મૂકી લાંબે માર્ગે ચાલતી થઈ ! તેં પ્રાણનો ભોગ આપી તારૂં શીળ સાચવ્યું, પણ મારૂં શું થશે–તેની તેં કશી પણ વિચારણા કરી નહીં, પર હસ્તે પડવા કરતાં તો મારૂં મરણ થયું હતે તો બહુ સારૂં થાત. હે માતા ! હું તને જવા નહીં દઉં અને જવુંજ હોય તો તું મને સાથે લઈ જઇ સાંકડામાં સમાસ કરી લેજે. કે જેથી મારો છૂટકારો થઇ જાય. ઓ જનેતા ! તારા વિયોગથી આ હૃદય ચીરાઇ ગયું હોત તો આપણા સાચા સ્નેહની પ્રતીતિ થાત. ઓ મા ! મ્હારી મધુરી માતા ! હવે હું મારા જાનને આ જોખમમાંજ કાયમ રાખી શા માટે વધારે દુઃખ સહન કરવા દઉં ? બસ મારે પણ તારીજ પેઠે કરી તારો સંગાથ કરવાનો છે.” વગેરે વગેરે કહી કંઇ વિચાર કરવા જાય છે, એટલે તો તે સીપાઇયે જાણ્યું કે—“એકે તો મને સ્ત્રીહત્યા આપી અને બીજીએ આપવા તૈયારી કરી છે, માટે નાહક એમ થવાથી મને શો ફાયદો થવાનો છે ? એ ક્ષત્રિયાણીની જાત જીવતાં તો આપણા હાથમાં આવે તેવી નથી, તો પછી નકામી માથાફોડ કરવામાં કાંઇ માલ નથી. જીવતી રહેશે તો વળી એનાથી કંઇપણ ફાયદો કોઇક દિવસ મેળવી લઈશ.” ઈત્યાદિ વિચારી તે વસુમતી પ્રત્યે દિલાસાભર્યાં વચનો કહેવા લાગ્યો કે— “બાઈ ! હવે તું શા માટે કચવાય છે અને મરવાની વિચારણા ધારે છે ? હું તને સતાવવાનો જ નથી. તેં મને બાપુ

કહ્યો છે તો હું હવે તેજ સગપણ રાખી તને મારી પુત્રીની પેઠેજ પાળીશ, માટે શોચ છોડી દે. એ તો તારી માતા માટે પણ સેતાનની અસરથી જે થઇ ગયું તે થઈ ગયું. પણ એ માટે મને ખરેજ પસ્તાવો થાય છે; પરંતુ હવે પસ્તાવો કર્યે શું વળે ? હવે તો તું ધીરજ ધરી ચુપચાપ રથમાં બેસી રહે, તને કોઈ પણ રીતે દુઃખ થાય તેવો કોઇ પણ કુમાર્ગ આદરીશ નહીં એવો ખાસ ભરોંસો રાખજે.” ઇત્યાદિ વચનોવડે તેણીને દિલાસો દઈ મરણ પામેલી રાણીના શબ ઉપરથી ઘરેણાં ઉતારી લઈ રથમાંથી નીચે ઉતારી મૂકી પછી વસુમતીને રથમાં બેસારી દઈ ઘેર જઇ પહોંચ્યો. અને સ્ત્રીને કહેવા લાગ્યો કે—“ આ કન્યા રત્નને સાચવ અને લે આ દાગીના પ્હેરી મોજ કર. ”

સ્ત્રીએ રૂપાળી છોકરીને જોઈ વ્હેમાઇ વિચાર્યું કે—“ વખતે આને ઘરમાં ઘાલશે તો મારો કોઈ ભાવ પૂછનાર નથી; માટે પહેલેથીજ તેણીનો પગ ન ટકે તેવો ઉપાય લઉં કે જેથી પાછળથી પંચાતજ ન રહે. ” ઇત્યાદિ વિચારી સ્ત્રી બોલી— “ પણ આ છે કોણ તે તો કહો ! ” સ્ત્રીના જવાબમાં જણાવ્યું કે–“ લૂંટમાં મળેલું આ રત્ન છે માટે સાચવ. ” સ્ત્રીએ કહ્યું— “ પણ એનું અહીં શું કામ છે ? શું તેને તમારી સ્ત્રી બનાવવી છે ? જાઓ જ્યાંથી લાવ્યા છો ત્યાં એને મૂકી આવો. અગર એને ચાહે ત્યાં કહાડી મૂકો, મારે તો એનું ધર્મેએ કામ નથી ને એની તરફનો કાંઈ લાભ પણ જોઈતો નથી. દુશ્મનને તો જાણી જોઇ કોણ સાચવતું હશે ! તે તો જરા વિચારો ? એ તો અંતે શોકયમ થવાની ! માટે જાઓ ઝટપટ એને વિદાય કરી આવો, નહીં તો આ પરાઇ મતા મહારાજાથી છાની લઇ ઘરભેગા થયા છો એ તમારી નિમકહરામી હાલ ને હાલ મહારાજાને

જઈ જાહેર કરૂં એટલે તમારે માટે વગર ભાડાની મહેલાત (જેલ) તૈયાર છે. કહો શું કહો છો ?"

આ પ્રમાણે સ્ત્રીનું બોલવું સાંભળી તે લડવૈયો નરમ થઈ ગયો અને કહેવા લાગ્યો–" પણ એક બે દહાડા તો નિભાવ કર, પછી હું તેનું ઠેકાણું કરી આવીશ. આમ અધીરી કેમ બની ગઇ છે ? જરા તો વિશ્વાસ રાખ." સ્ત્રી બોલી–" હું અધીરી નથી બની, પણ મને તમારા લક્ષણોએ અધીરી બનાવી છે. માટે મારે તો આને અહીં ઉભી રહેવા દેવાનો પણ મોખ નથી. શોકય જેવી સોનાની કોડી પણ આંખના ડોળા ફોડવા જેવી જાણવી. હું બીજું બધું સાંખી રહીશ; પણ છાતી ઉપર શોકય લાવો, એ બાબત તો જરાએ સહન નહીં કરૂં. ઉગતા ઝાડને ન છેદીએ તો પછી ઉંડા મૂળ નાખ્યે દુ:ખમય થઇ પડે. માટે જો ભલું ચાહો તો હાલ ઘડીજ એને વિદાય કરી દો તોજ રોટલા ભેગા થશો ! નહીં તો જેલમાં જશો. બસ આ છેવટનો શુકન છે."

સ્ત્રીનાં છેવટના વચન સાંભળી બિચારો તરત ને તરત વસુમતીને લઈ બજાર ભણી ચાલ્યો અને વિચારવા લાગ્યો કે–" આ છોડી બહુજ ખુબસુરત છે જેથી દામ આપીને પણ એને ખરીદનાર મળશે, માટે વેચીને જે દામ આવે તે લઇ જઈ કરકશાના કપાળમાં ડામ દઉં. આવી સ્ત્રીના સુખ કરતાં તો વાંઢા રહેવું એજ ઉત્તમ છે. લડાઇના મેદાનમાં બહાદુર લડવૈયો ગણાઉં છું; પણ આ સ્ત્રી આગળ રાંક બનવું પડે છે, એ ઓછી શરમની વાત છે ?" વગેરે વગેરે વિચાર વમળમાં ગોથાં ખાતો ખાતો બજારમાં જઇ પહોંચ્યો અને વસુમતીને વેચવા સંબંધી વાત જાહેર કરી કે તેણીને ખરીદવા બહુ લોકો એકઠા થઇ આવ્યા. તેમજ વેશ્યાઓ તો પોતાનો વ્યાપાર જોશબંધ ચાલે એટલા માટે દોડી દોડી આવી ત્યાં પડાઆખડ કરતી હતી. તેમજ મ્હોં માંગ્યા

દામ આપીને પણ વસુમતીને ખરીદી જવાની હોંશ ધરાવતી હતી. મધપુડાની આસપાસ મધમાખીઓ ગણગણાટ કરે તેમ તે રૂપવંતીની ચોમેર લોકોના શબ્દનો ઘોંઘાટ થઈ રહ્યો હતો. સુભટને એ બ્હીક હતી કે–આ વાત મહારાજા શતાનિકરાજ ન જાણે તો ઠીક. નહિંતો લેવાનું દેવું થઇ પડે. એથી વધારે માણસો એકઠાં થતાં જોઈ ગભરાઇને જલદી નિકાલ લાવવા તે બોલ્યો કે–" પાંચસો સોના મ્હોરો આપો તો હું આપવા ખુશી છું. બોલો જે હોય તે ઝટ કહી દો ! " એ સાંભળી વેશ્યાઓ બહુ ખુશી થઈ; કેમકે એ કીંમત ઘણીજ ઓછી હતી. " એક નખની કિંમત નવ લાખ સોનૈયા થાય તેવી અત્યંત સ્વરૂપવંત છે. પાંચસો સોના મ્હોરો તો એક જણ આપી જશે એવી મન હારિણી આપણા વ્યાપારને ખાસ ખીલવનારી છે, માટે ઝટપટ પૈસા ગણી આપો એટલે આનંદ આનંદ ! " એમ વિચારી તરત પાંચસો સોના મ્હોરો ગણી આપી. પછી વસુમતી બોલી કે–" તમો શી નાતનાં છો ? તમારે ત્યાં શું ધંધો ચાલે છે ? બ્રાહ્મણ છો કે વાણીયા છો ? " વેશ્યાએ ઉત્તર આપ્યો–"તારે ન્યાત, જાત ધંધાનું શું કામ છે. અમારા ઘરમાં સુંદર સુંદર પોષાક પહેરવો, મીઠાઇની છાબડીઓના સ્વાદ લેવા અને પાનબીડાં ચાવી બેઠે બેઠે પિચકારીઓ મારવી એ કામધંધો છે. અમારા ખાનપાન વગેરેની બહાર તો રાજભુવનમાં પણ ભાગ્યેજ હશે !" એ સાંભળી વસુમતી બોલી –" તમારી વાતો, તમારા પોષાક ને તમારી રીત ભાત ઉપરથી હું સારી પેઠે જાણી ગઇ છું કે, તમો વેશ્યાઓ છો માટે હું તમારી સાથે માથું પડયે પણ આવીશ નહી." વેશ્યાઓ-એ પૈસા આપેલા હોવાથી તેને પરાણે ઉંચકી ભય બતાવીને પણ લઇ જવાનો જુલ્મ વાપરવા માંડ્યો, એથી વસુમતી બહુજ અફ્-સોસ કરવા લાગી અને પરમેષ્ટીનું સ્મરણ કરી ' મારૂં શીળ

અખંડ રહો ’ એવીજ શાસનદેવ પ્રત્યે મન સાથે વિનતિ કરી, કે તુરત આકાશમાંથી દેવે આવી તે જુલ્મ ગુજારનારી વેશ્યાનું નાકજ ઉડાવી દીધું. જોતજોતામાં નાક કપાઈ ગયું ! તેમ કોણે કાપી નાખ્યું તે પણ જણાયું નહીં, એથી તે બિચારી ચોંકી ગઇ અને નકટી થતાં તેનાં વ્યાપારને સમૂળગો ધોખો પહોંચતાં તેણીનું શરીર તદ્દન નિસ્તેજ ને કદરૂપું થઇ ગયું. આમ થવાથી બીજી વેશ્યાઓ પણ નાશી ગઈ. આ બનાવ બનતાં આ જાદુ ખોરીયણ છોકરીને તે બજારમાં કોઇયે ખરીદી નહીં; પણ નાહક હોહા થઇ રહ્યો, એથી તે સીપાઈ તેણીને બીજે બજાર લઈ ગયો, તો ત્યાં ધનાવહ શ્રાવક તેણીને ખરીદવા તૈયાર થયો. એટલે રાજકન્યાએ તે શેઠને પૂછ્યું કે–“ તમારો કુલ ધંધો શું છે ? ” ધનાવહ શેઠે કહ્યું–“ અમો શ્રાવક છીએ અને અમારે ત્યાં કુળધર્મ એ છે કે, હંમેશાં જિનપૂજન કરવું, સાધુઓની સેવા કરવી, ધર્મ વચન સાંભળવાં, જીવદયા પાળવી, મહાવિજયી નવકાર મંત્રનું ધ્યાન ધરવું, દિવસમાં ત્રણ વખત પાણી ગળવું, દાન દેવું, શીળ સંરક્ષણ કરવું, તપશ્ચર્યા કરવી, શુભ ભાવના ભાવવી, સાત ક્ષેત્રને વિષે ધન વાવવું, અને પડિકમણાં–વ્રત–પચ્ચખાણ કરવાં. વગેરે વગેરે કુલાચાર છે. રાત્રી ભોજન ન કરવું. બત્રીસ અનંત કાય બાવીશ અભક્ષ તજી દેવાં અને વીતરાગ દેવના દર્શન સ્તવન કીર્ત્તનમાં હંમેશાં તલ્લીન રહેવું એજ નિત્ય કૃત્ય છે. ”

ધનાવહ શેઠની વાતથી વસુમતી ઘણીજ રાજી થઇ સીપાઈને કહેવા લાગી–“ જો મને વેચવી હોય તો આ શેઠને ત્યાંજ વેચ, હું એમને ત્યાં જવા ખુશી છું.” આ પ્રમાણે તેણીનું બોલવું સાંભળી સીપાઈ બલામાંથી છુટવા તરત તેણીને તે શેઠને ત્યાંજ આપી દામ લઇ ઝટપટ રસ્તો માપી ગયો. અને

શેઠ વસુમતીને પોતાને ઘેર લઇ ગયા. આ પ્રમાણે પૂર્વપુણ્યની પ્રબળતાને લીધે વસુમતી સારાને ઘેર જઇ પહોંચી. અહા! વિધિની ગતિ વિચિત્રજ છે!! જે રાણી થવાને સરજાયલી તેજ વિધિની વિપરીતતાને લીધે દાસીના પદને અરે! પશુની પેઠે ચોટામાં વેચાઈ હીનપદને પામી—એ શું વિધિનો ઓછો જુલ્મ છે? ખચિત કર્મને જરા પણ શરમ નથી!!!

શેઠે વસુમતીને ઘેર લાવી પોતાની સ્ત્રીને હાથ સોંપી. એથી શેઠાણી મૂળાએ તરત શંકાયુક્ત ચિત્તવડે વિચાર્યું કે—" પુરૂષો હંમેશાં ધૂર્ત્ત હોય છે. જેથી તેમનો વિશેષ વિશ્વાસ રાખવો પણ ઠીક નથી, આ રૂપનો ભંડાર જોઈ પોતાની સ્ત્રી કરવાજ લાવ્યા હશે, નહીં તો આ બલાનું શું કામ હતું ? શું છેલ્લી અવસ્થાએ આવી દશા થાય એ જીવન કરતાં તો મરણજ ઉત્તમ છે. હું મારી કડવી જીભને લીધે પીયરમાં પણ સમાઉ તેવી નથી. ત્યાં પણ આંખના પાટા જેવી છું અને અહીં પણ મારી જીભને લીધે આ સાલ આવ્યું છે. પરંતુ જો એનો પગ જામવા દઇશ તો પછી તે મને પાણી પાશે, માટે અવસર મળ્યેથી જોઈ લઈશ. હાલ તો બોલવા જાઉં તો બાજી બગડી જાય, અત્યારે એ દીકરી કહે છે પણ પછી દીકરાની મા થઇ પડશે! વળી મહા મોંઘા મૂલે ખરીદી લાવ્યા છે કે એટલાં નાણાં તો મારા લગ્ન વખતે પણ ખર્ચ્યાં નથી, તો એથી પણ સ્પષ્ટ જણાય છે કે ખાસ પોતે તેના ઉપર ફિદા થઈ ખરીદી લાવ્યા છે. દીકરીનું સગપણ મને ધોકો દેવા ઓઠવી કહાડયું છે. હશે! જે થયું તે ઠીક છે. શેઠ ક્યાં ઘર ઝાલીને આખો દિવસ બેસી રહેવાના છે! એનું પાનીયું તો મારે હાથ પડયું છે ને! માટે હું એનું પાનું તો ખાસી રીતે ખોળી લઇશ." ઇત્યાદિ મનસુબો કરી પોતાનો દાવ આવ્યાની રાહ

જોવા લાગી. અહા! સ્ત્રીઓ શોકયના સાલથી કેટી ત્રાસ પામે છે ?

શેઠ તો એ વસુમતીને **ચંદનબાળા** કહીનેજ બોલાવતા હતા અને તેણીને કોઇ રીતે ઓછું ન આવે એવી રીતે પોતાની રૂબરૂ જમાડવી તથા પોષાક વગેરે જોઈતી ચીજ માટે કાળજી રાખવી અને શુદ્ધ સ્નેહથી પુત્રીની પેઠેજ જાળવવી ઈત્યાદિથી આનંદ આપતો હતો; પરંતુ એથી મૂળા શેઠાણીનું હૃદય શેકાઇ જતું હતું; પણ કરે શું ? દાવ આવ્યા વિના સોગઠી શી રીતે ખેલી શકાય ? એથી બિચારી શૂન્ય ચિત્તવંત થઈ બેઠી ' હવે શું કરવું ? ' તેનાજ ઘાટ ઘડયા કરતી હતી.

એક વખત મૂળા શેઠાણી પાડોશણને ઘેર ગઇ હતી, એવામાં શેઠ બહારથી આવ્યા; એટલે ચંદનબાળાએ પિતાને બેસવા માટે પાટલો આપી પોતે મર્યાદા સહિત ગરમ પાણીવડે તેમના પગ ધોવા ચોળવા લાગી. એ વખતે ચંદનબાળાની વેણી છુટી હોવાથી પગ ધોવા વખતે ભોંયપર પડતાં કચરાવાળી થવા લાગી. એ જોઈ શેઠે વાત્સલ્યપણાથી તે વેણીને ઉપાડી લઈ પોતાના ખોળામાં મૂકી રાખી હતી. એટલામાં મૂળા શેઠાણી ઓચિંતા ઘેર આવ્યાં અને જોયું તો પગ ધોવાઈ રહ્યા છે ને વેણીને ખોળામાં જાળવી રહ્યા છે એ નજરે પડયું. ત્યાં તો પછી મૂળ નક્ષત્રમાં જન્મેલી મૂળા શેઠાણીનો મનમાં ઠસેલો વ્હેમ કેમ વધારે મજબુતીવાળો ન બને ? તરતજ મૂળાના મનમાં એ આવ્યું કે—" વાહ ! એણીના ઉપર કેટલો બધો પ્યાર છે કે એણીની વેણી પોતે જાતે સમારે છે. હા ! પાપ કયાં લગી છુપું રહે ? હવે તો એ નવી થનારી ધણીયાણીને અત્યારથીજ આટલો લ્હાવો મળવા માંડ્યો છે, તો પછીથી તેણીને લ્હાવ વીતવામાં શી મણા રહેશે ? મેં તો ઘર માંડી આવો લ્હાવ તો લીધોજ નહીં

તે મેમાન થતાં ઘરધણીઆણી થઇ પડનારને આવો લ્હાવ મળવા માંડ્યો ! એથી હવે કાળજું કેમ હાથ રહે ? જેથી તેનો તાકીદે ઘાટ ઘડવાની જરૂર છે, નહીં તો હવે બાજી હાથથી સરી જશે એમાં કંઇ શક નથી. મને ગડગડીયું આપી એ-ણીને પરણી પરમ સુખ માણશે. અથવા તો મને ભૂ પીતી કરી મોકળે મ્હાલશે. માટે ઝેરી વેલને ઉગતાંજ ચુંટી નાંખવી એજ ડહાપણ છે, શોકય બહેન કહેવાય, પણ દુશ્મનની ગરજ સારે છે માટે એનો ભરોસો રાખવો એ તદ્દન મૂર્ખતાજ છે.”

એક વખત ધનાવહ શેઠને ગામ જવું થયું. એથી એ વખ-તનો લાભ લઈ મૂળાદેવીએ જે વેણી ઉપર શેઠનો વધારે પ્યાર છે તેજ વેણી ઘાંયજાને બોલાવીને ચંદનબાળાના માથા ઉપરથી ઉતરાવી તેણીનું મુંડન કરી નંખાવ્યું ! અને તે પછી તેણીના પગમાં લોઢાની બેડી નાખી તેણીને અંધારા ભોંયરામાં પૂરી દેવરાવી. આટલું કર્યા છતાં પણ મૂળાનો રોષ શમ્યો ન હતો; કેમકે તે તો હજુ ચંદનબાળાનું કાટલુંજ કરવા ધારતી હતી. શોકયને જીવથી ઠાર કરવામાં પણ જરાએ પાપ છેજ નહીં. શોકયને જાણીબૂઝી જીવતી મૂકે રોઝડી જાણવી. શૂળી સારી કે એક વખત જ પ્રાણ લે છે, પણ શોકય તો રીબાવી રીબાવી રોજ હાડ પાંશળીઓ વિંધે છે, માટે તેના તો આવાજ હાલ–હવાલ કરવા જોઈએ.” ઇત્યાદિ વિચારી મકલાવા લાગી.

ચંદનબાળા તો બિચારી પરવશ પડેલી અંધારા ભોંયરામાં ભૂખી ને તરસી બેઠી બેઠી નવકાર મંત્રને જપતી હતી; કેમકે તે વિના એનું કોઇ સંકટ ભાંગી શકે તેમ ન હતું. એથી નવકાર જપતી જપતી પોતાનાં કર્મને નિંદતી હતી કે–“મને શરણ એક વીતરાગ-ના નામનું જ છે. બીજાનું શરણ કશા કામનું નથી. એ શરણના પ્રતાપથી જ મારાં નઠારાં કર્મોનો પણ આરો આવી જશે. રાજ-

મ્હેલમાંથી સીપાઇએ બાજની પેઠે પકડી, રસ્તામાં માનું મરણ થયું, ઢોરની પેઠે ભરબજારમાં વેચાણી અને હવે આ સંસ્કાર થયા છે! ફક્ત આ દુઃખમાં એક વાત સારી થઇ છે કે અઠ્ઠમનો તપ થયો, પ્રભુનું નિરાંતે ધ્યાન ધરાયું અને સંસારની કુથલી કરવી બંધ પડી. એથી મારાં દુષ્ટ કર્મ પણ ખપશે. 'ભેંશનો પગ ભાંગ્યો તે સારાને માટે ભાંગ્યો." ઇત્યાદિ શોચ-વિચાર કરતી હતી.

ચોથે દિવસે સવારમાં ધનાવહ શેઠ ગામથી ઘેર આવ્યા અને ન્હાઇ ધોઇ પૂજા કરી જમવા બેસવાની તૈયારી કરી, ત્યાં લગી પણ ચંદનબાળા નજરે ન પડી એથી શેઠે શેઠાણીને પૂછયું- "ચંદનબાળા કયાં છે? બોલાવ તેને, એટલે જમવા બેસું." શેઠાણી બોલી-" એનો ટાંટીઓ કયાં ઘડીવારે ઘરમાં ટકે છે? એતો છોકરાઓની સાથે આમથી તેમ રખડયા કરે છે એટલે કોણ જાણે અત્યારે કયાંએ હશે! તમે જમી લ્યો, ઉણી થશે એટલે ધણીએ ઘેર આવશે, ખોટું રત્ન કયાં ખોવાઇ જવાનું છે?" શેઠે કહ્યું- "હશે. એ ઘેર આવશે ત્યારે જમીશ. કંઇ છોડીને મૂકીને જમાય નહીં." શેઠાણીએ કહ્યું-" હમણાં તમો પણ બહુ એવા થયા છો. શું એના વિના ગળે ભરાઇ રહે છે? તમારાં છાનાં રમણાંને કોઇ પ્હોંચી શકે તેમ નથી."આ વચનથી શેઠ ચમકયો અને વિચાર્યું કે રખેને એણીએ કંઇ નવાજુની તો નહીં કરી હોય? સ્ત્રીનો શો ભરોસો?

એમ શોચતો શેઠ ઉઠી ઉભો થયો..એટલામાં ઘરમાંની એક દયાળુ વૃદ્ધ દાસીએ શેઠને ઇસારો કરી એકાંતમાં બોલાવી કહ્યું કે-"તેણીને તો ત્રણ દહાડાથી ભૂખી તરસી અંધારા ભોંયરામાં નાખી દીધી છે. જો જીવતી રહી હોય તો મોટા ભાગ્ય." વૃદ્ધા-દાસીનું આવું બોલવું સાંભળી શેઠ બેબાકળો બની ગયો અને ઝટ

ભોંયરાના કમાડનું તાળું તોડી તે ભોંયરાને મ્હોડે ઉભેલી ચંદનબાલાને જોઈ, પણ અંધારાને લીધે બરાબર દેખાણી નહી એટલે બોલાવી જોઈ. ચંદનબાળાનું હૈયું ભરાઇ આવતાં તેણીથી બોલી શકાયું નહીં પણ તે રોવા લાગી. એ સાંભળી શેઠ તુરત દીવો કરી લાવ્યા ને જોયું તો તેણીનું માથું મુંડાવી નાંખેલું અને પગમાં લોઢાની બેડી જડી દીધેલી નજરે પડી. એથી શેઠ બહુજ ગભરાયા કે રખેને ભૂખ ને દુ:ખના જોરે તેણીના પ્રાણ ન જતા રહે ! તુરતજ ચંદનબાળાને પોતે બહાર લઈ આવી ઘરના ઉંબરા ઉપર બેસાડી તેણીને ખાવા માટે રસોઇ લેવા ગયો, તો મૂળા શેઠાણી રસોડે તાળું વાસી રસ્તોજ માપી ગયેલી માલમ પડી, એટલે જે હાજર હોય તે ખપતો ભોજન પદાર્થ ખાવા આપી તેણીના પ્રાણને આધાર મળે તેમ કરવા વિચાર્યું, તો ફક્ત અડદના બાકળાજ હાથ લાગ્યા અને વાસણમાં સૂપડું હાથ આવ્યું. એથી સૂપડાના ખુણામાં અડદના બાકળા નાખી ચંદનબાળાને ખાવા આપી–શેઠે કહ્યું–“બેટા ! તું જરા પાણી પીવાનો આધાર કર, હું પછી જમવાને માટે સઘળો બંદોબસ્ત કરાવું છુ.; પણ તે પહેલાં લુહારને બોલાવી લાવી આ બેડી તોડી નંખાવું; માટે તું અહીંજ બેઠીબેઠી બાકળા ખાજે ! એટલામાં તો હું પાછો આવું છું, ગભરાઇશ નહીં, જે થયું તે થયું. ! ” એમ કહી શેઠ લુહારને બોલાવવા ગયા.

ચંદનબાળા બાકળા લઇ ખાવાનો વિચાર કરતાં પહેલાં એવું વિચારવા લાગી કે ત્રણ ઉપવાસનું આજે પારણું છે. ભાવે કે જબરાઈથી જે આ અઠ્ઠમનો તપ થયો છે, તો તેને પારણે કોઇ અતિથિને અન્ન આપી પછી પારણું કરાય તો ઠીક.” એવો વિચાર કરે છે એટલામાં તો પૂર્વના મહાન્ પ્રબળ પુણ્યના યોગે શ્રી ચરમ તીર્થંકર શ્રી **વીરપ્રભુ** ભિક્ષાને માટે ફરતા ફરતા ત્યાં પધાર્યા.

તે પરમાત્માએ એવો અભિગ્રહ લીધેલો હતો કે-' જો કોઇ રાજપુત્રી દાસપણું ભોગવતી હોય, તથા તેણીનું માથું મુંડાવેલું હોય, પગમાં બેડી જડેલી હોય, એક પગ ઉંબરાની અંદર અને એક પગ ઉંબરાની બહાર હોય-એમ ઉંબરાપર અઠ્ઠમને પારણે સુપડાના ખૂણામાં અડદના બાકળા પારણા માટે લઇને બેઠેલી હોય, ભિક્ષાનો વખત વહી ગયો હોય અને આંખમાંથી આંસું ટપકતાં હોય-એવી સ્ત્રીના હાથની ભિક્ષા મળે તોજ આહારપાણી ગ્રહણ કરવું." આવા અભિગ્રહવંત વીર ભગવંતને ઓચિંતા પધારેલા જોઈ અત્યંત હર્ષ પામી ઉભી થઇ ભગવંતને નમી ચંદનબાળા કહેવા લાગી-" હે ત્રિજગવંદનીય પ્રભો ! હે સ્વર્ગ મોક્ષદાયક ભગવંત ! સઘળા ભાવ શત્રુઓને જીતી વિજય મેળવનાર આપ બહુજ લાંબા વખત લગી જયવંતા વર્તો ! હે અંતિમ તીર્થપતિ ! દયા કરી આ શુદ્ધ અન્ન વ્હોરી મને કૃતાર્થ કરો." આ પ્રમાણે ચંદનબાળાનું વિનતિયુક્ત ભાષણ સાંભળ્યું; છતાં પણ બધી વાત પૂરી થતાં સુધીમાં ફક્ત આંખમાં આંસુ ન હતાં, એથી અભિગ્રહમાં અધુરાશ રહેલી જાણી પ્રભુ ભિક્ષા ગ્રહણ કર્યા વિનાજ પાછા ફર્યા. એ જોઇ ચંદનબાળા પોતાના ભાગ્યને દોષ દઈ રડવા લાગી કે-" ઓચિંતા પધારેલા પ્રભુ પણ મારી ભિક્ષા ન ગ્રહણ કરતાં પાછા વળી ચાલ્યા. હાય! મુજ નિર્ભાગીણીને એ મોટો લાભ કયાંથી મળવાનો હોય ? એવો લાભ મળે તો આ દુઃખોને સુખરૂપ જ માનવામાં આવે. અરેરે ! મારૂં નસીબ છેક કંગાળજ છે ?" આ પ્રમાણે પશ્ચાત્તાપ કરી રડતી હતી. એવામાં રોવાનો અવાજ કાને આવી લાગતાં ભગવંતે પાછું વાળી જોયું તેણીની આંખમાં અશ્રુ જોતાં તો પૂર્ણ અભિગ્રહ થયેલો દૃષ્ટિગોચર થયો. જેથી તુરત પાછા ફરી ચંદનબાળાનો મનોરથ પૂર્ણ કર્યો, અને છ મહિનામાં પાંચ દિવસ ઓછે તે અડદના બાકુળાનો આહાર કરી પારણું કર્યું.

પ્રભુ જ્યાં પારણું કરે ત્યાં પાંચ દિવ્ય પ્રકટ થાય છે, એ નિયમ પ્રમાણે ધનાવહ શેઠના આંગણામાં પણ સાડા બાર ક્રોડ સોનામ્હોરનો વરસાદ વરસ્યો, દેવોએ દુંદુભિનો નાદ કર્યો અને તે વખતે તરતજ ચંદનબાળાનો પગમાંની લોઢાની બેડીઓ સોનાના દાગીના બની ગયા ! આશ્ચર્ય.

લોકો આ પ્રમાણે બનેલો બનાવ જોઇ અત્યંત ચમત્કાર પામી ગયાં અને ચંદનબાળાનો જયનાદ પવનના સુસવાટા માફક જરા વારની અંદર આખા શહેરમાં ફેલાઇ વળ્યો. રાજા શતાનિકના કાને પણ એ વાત જઇ પહોંચી કે તે પણ તુરત છડી સ્વારીએ ધનાવહ શેઠને ત્યાં આવી પહોંચ્યો ને સોના મ્હોરોનો વરસાદ વરસ્યો જોઇ ચમત્કાર પામી બોલ્યો કે–" આ સઘળી સોના મ્હોરો ચંદનબાળાનીજ કહેવાય; માટે એ એનેજ સ્વાધીન કરો. " ઇત્યાદિ કહ્યા પછી ચંદનબાળાના સતીત્વ સંબંધી પ્રશંસા કરવા લાગ્યો, એના ઉત્તરમાં ચંદનબાળાએ કહ્યું કે—

" મારો ભાગ્યોદય થવાના વખતને જન્મ આપનારા આપ ભૂપાળ ચૂડામણિજ છો; કેમકે જો આપે મારા પિતાના શહેર ઉપર ઘેરો ઘાલી વિજય મેળવી લૂંટ ચલાવરાવી ન હોત તો હું આપના સુભટને હાથ આવવાજ ન પામત; પણ એને હાથ આવવા પામી એ આપનાજ પ્રતાપને આભારી છું. બીજો પ્રતાપ સુભટનો કે તેણે વેશ્યાને ઘેર ન વેચતાં આ ધનાવહ શેઠને ત્યાં વેચી. ત્રીજો પ્રતાપ મારા આ પૂજ્ય પરભવના પિતા ધનાવહ શેઠનો કે જેમણે મને પુત્રીની પેઠે રાખી ધર્મ સચવરાવ્યો. જેથી આ ફળ મળતાં હું નિષ્પાપી થઇ, અને ચોથો મહાન્ પ્રતાપ મારી મૂળાબાઇ માતુશ્રીનો છે કે મારી જનેતાથી જે કામ સિદ્ધ ન થયાં તે એમનાથી સિદ્ધ થયાં અને ખુદ ભગવંતનો

અભિગ્રહ પૂર્ણ કરી પારણું કરાવવા હું ભાગ્યશાળી થઈ. જેથી આપ ચારે મારા મોટામાં મોટા ઉપકારી માવિત્ર છો. અને હું આપ ચારેનો ખરા શુદ્ધ અંતઃકરણ પૂર્વક આભાર માનું છું ને ઇચ્છું છું કે આપનો હમેશાં જય વિસ્તરો." ઇત્યાદિ વિનીત વચનો કહી સર્વને પ્રસન્નતા પ્રાપ્ત કરાવી.

આ બનાવ જોઈ મૂળાદેવી પસ્તાઇ અને કરેલા અપકૃત્ય માટે દિલગીરી દર્શાવી શુદ્ધ શ્રાવિકા થઇ. ચંદનબાળાએ પણ ધનાવહ શેઠને કહ્યું કે–"મારી ઉપકારિણી મૂળામાને માટે જરા પણ એમનું મન દુભાય એવું વચન કે વર્ત્તન ઉપયોગમાં લેવું નહીં." એમ કહી મૂળાદેવીને ચંદનબાળાએ અતિ સ્નેહ સહિત માન આપ્યું. અહા ! ઉપકાર કરનારા ઉપર તો બધાંએ ઉપકાર કરે છે; પણ અપકાર ઉપર ઉપકાર કરનારા તો વિરલાજ નર હોય છે. ધન્ય છે એવા અપકાર ઉપર ઉપકાર કરનારને !

પ્રભુ વીરાધિવીર તો ત્યાંથી વિહાર કરી ગ્રામ નગર પુર પાટણ ફરસી તપ વગેરેથી સકળ કર્મમળ ક્ષય કરી જ્યારે કેવળજ્ઞાન પામ્યા ત્યારે ફરી પ્રભુ કોશંબી નગરીએ પધાર્યા. એ વખતે પ્રભુ વંદન માટે ચંદનબાળા ગઇ અને પ્રભુ પાસે દીક્ષા સંબંધી માગણી કરી. તથા દેવતાએ આપેલું ધન સાતે ક્ષેત્રોમાં વાપરી તેણીએ પ્રભુ પાસે દીક્ષા લીધી.

એક વખત ભગવંત વર્દ્ધમાન સ્વામી કોશંબી નગરીના ઉદ્યાનમાં આવી સમોસર્યા. ત્યાં પર્ષદામાં અનેક દેવો, રાજાઓ, સાધુ, સાધ્વીઓ, શ્રાવક, શ્રાવિકાઓ ધર્મોપદેશ સાંભળવા આવીને બેઠાં. પ્રભુએ તેઓને ધર્મોપદેશ આપ્યો. તે વખતે છેલ્લી પોરસીના વ્યાખ્યાનમાં સૂર્ય ને ચંદ્ર મૂળ વિમાને બેસી ત્યાં આવ્યા. પછી સંધ્યા સમય જાણી ચંદનબાળા સાધ્વી ત્યાંથી ઉઠીને ( નગરમાં ) ઉપાશ્રયે જઈ પહોંચી, ને મૃગાવતીએ

સંધ્યા સમય થયો ન જાણ્યો તેથી ત્યાંજ બેસી રહી. જ્યારે ચંદ્ર સૂર્ય પોતપોતાને સ્થાનકે ગયા ને તેથી સર્વત્ર અંધકાર પથરાઇ ગયેલ જોયું કે તુરત અસૂરૂં થયું જાણી સાધ્વી મૃગાવતી ઉપાશ્રયે ગઇ. સાધ્વી ચંદનબાળા ગુરૂણી તો પોરસી ભણીને સંથારો કરીને સૂતી હતી, ત્યાં જઇ મૃગાવતી તેમના પગ ચાંપવા બેસી ગઇ અને પોતાનાથી લાગેલા અતિચારને આલોવતી તે આત્માની નિંદા કરતી ' હવે પછી કોઇ વખત આવું નહીં કરૂં. ' એમ કહી મિચ્છામિ દુક્કડં દેતી હતી, જો કે મૃગાવતીએ અતિચાર સંબંધી પૂછ્યું; પણ ગુરૂણી ચંદનબાળા તરફનો (ઉંઘતા હોવાથી) ઉત્તર ન મળતાં તેણીએ વિશેષ પોતાની આત્મનિંદા કરી. એથી સકળ કર્મ ક્ષય થઇ ગયાં અને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કેવળજ્ઞાનને લીધે અંધારામાં કાળો નાગ આવતો હતો એ જોઇ ચંદનબાળા ગુરૂણીનો હાથ ઉંચકી લઇ બીજી બાજુએ મૂકયો. જેથી ગુરૂણી જાગી જતાં મૃગાવતીને કહ્યું–" તેં મારો હાથ ઉપાડી બીજી બાજુએ કેમ મૂકયો ? " મૃગાવતીએ વિનય સહ કહ્યું–" સ્વામિની ! આપના હાથ ભણી કાળો નાગ આવતો હતો એથી મેં આપનો હાથ ઉપાડી બીજી બાજુએ મૂકયો, તે માટે ઉંઘનો વિયોગ થયો હશે જેથી ક્ષમા ચાહું છું. " સાધ્વી ચંદનબાળાએ પૂછ્યું–" પણ અંધારામાં જતા કાળા નાગને હું જોઇ શકતી નથી, તો તેને તેં શી રીતે જોયો ?" મૃગાવતીએ ઉત્તર આપ્યો. આપ પ્રતાપે જ્ઞાન પ્રાપ્ત થવાથી જોયો " ગુરૂણીએ આશ્ચર્ય સાથે પૂછ્યું–" [1]પ્રતિપાતિ જ્ઞાન પ્રાપ્ત થયું છે કે [2]અપ્રતિપાતિ ! " મૃગાવતીએ કહ્યું–" અપ્રતિપાતિ. " એ સાંભળી તુરત ચંદનબાળાએ ઉઠી કેવળીની અવજ્ઞા થયા સંબંધી મિચ્છામિ દુક્કડં દેવા માંડતાં પોતાના

૧ આવીને જતું રહેનારૂં. ૨ સદા કાયમ રહેનારૂં.

ઉંચા મનોભાવથી પાપ માત્ર ક્ષય થતાં તેણીએ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. વાહ ! ધન્ય છે એ બન્ને ચેલી ગુરૂણીને કે માત્ર મિથ્યા દુષ્કૃત દેવાથીજ સર્વ કર્મનો નાશ થઈ કેવળજ્ઞાન પેદા કર્યું. ! !

આજકાલ એજ મિચ્છામિ દુક્કડનો મહિમા નામના શ્રાવકોએ મિથ્યા કરી દીધો છે ને હરરોજ પ્રતિક્રમણ વખતે તેનો વારંવાર ઉપયોગ કરે છે; છતાં રતિમાત્ર પાપ દૂર થતું નથી, તેનું કારણ એજ કે મનના પર્યાય મલીન હોય છે. ધોળા કપડાને સાબુનો સંગ થતાં વિશેષ ઉજળું થાય છે; પણ ગળીયલ કપડાને સાબુ શું કરી શકે ? માટે મારા વ્હાલા જૈન વીરો અને વિવેકી બહેનો ! તમો નિષ્પાપી થવા ચાહતાં હો અથવા સદ્ગતિની ઈચ્છા ધરાવતાં હો તો તેવા મન વચન ને કાયા—એ ત્રણેની શુદ્ધિ કરી મિચ્છામિ દુક્કડ દેજો કે જેથી બેડોપાર થાય.

અનુક્રમે ચંદનબાળા સાધ્વી અનેક જીવોને પોતાના વચનામૃતવડે જન્મ જરા મરણથી બચાવી ઉત્તમોત્તમ અક્ષય સુખકારી ગતિએ પહોંચતાં કર્યાં, અને પોતે પણ આયુને અંતે સર્વ બાધાથી મુક્ત થઈ મોક્ષ ગતિનાં અધિકારી થયાં.

આનંદી વાચકો ! આ વાત ઉપરથી એટલોજ સાર ગ્રહણ કરવાનો છે કે—જેવી રીતે ચંદનબાળાની ઉપર બહુ બહુ સંકટ કષ્ટ આવી પડ્યાં છતાં તેણીએ અંતરની ઉજ્વળ વૃત્તિને અડગ રાખી તો તેથી સુભટ તરફથી ગુજરતા બલાત્કારથી બચી. મતલબ એ કે શીલના પ્રભાવથી તે સુભટના દુષ્ટ વિચારોજ તેણીના તરફના બદલી ગયા. તે સુભટના મનમાં એવા વિચારો નાબુદ થઈ પુત્રી પ્રમાણે તેણીને ગણી લીધી એ શીળનોજ પ્રભાવ હતો. સારાંશમાં એજ કે જે એણીની માતા ઉપર બલાત્કાર ગુજારવા અંધ બની આગળ પડ્યો હતો, તો તે નવયૌવનાની અવશ્ય આબરૂ

લૂંટવાના વિચારોને આગળ વધારત પણ શીળના મહીમાવડે તેની તેવી વાસનાજ બંધ પડી ગઇ. તેમજ શીળના પ્રભાવ બળથી તે સુભટની સ્ત્રીના મનમાં શંકાને જન્મ મળ્યો જેથી ત્યાં તેણીનો નિવાસજ ન થવા પામ્યો ને મોટી રકમ લઇ તે સુભટે વેચી દેવી એજ ધાર્યું. એથી વેશ્યાઓ ખરીદવા તૈયાર થઇ ને પરાણે તેણીને પોતાને ઘેર ખેંચી જઇ પોતાની દુષ્ટ કુળ રીતિવડે પુષ્કળ લાભ મેળવવા ધારતી હતી; પરંતુ શીળના પ્રભાવશાળી દેવોએ તુરત અદ્દશ્યપણે તે વેશ્યાનું નાકજ ઉડાવી દીધું. એથી ધનાવહ શેઠને ત્યાં જવાનું બની શક્યું, તો ત્યાં પણ મૂળાદેવીના દુષ્ટ વિચારો થયા છતાં બૂરૂં થવાને બદલે એ થયું કે શ્રી જગદ્દગુરૂ વીર પ્રભુ પારણાને અર્થે પધાર્યા. બેડીનાં સોનાનાં ઘરેણાં બની ગયાં ને માથાની વેણી હતી તેવી થઇ ગઇ–ઇત્યાદિ શીળના મહા મહાત્મ્યના ભંડાર રૂપ હોવાથી તેણીને મહાસતી પદ મળ્યું હતું. તેવી રીતે વાચક વર્ગ પણ અખંડપણે શીળ સાચવવા દઢાગ્રહી બનશે તો નિઃસંદેહપણે કહું છું કે તમોને પણ શીળના સાનિધ્યકારી દેવો સહાયતા આપી અમરપદનાં અધિકારી થવાની પ્રેરણા કરશે.

આ શિવાય કામીજનોની દુષ્ટ વાસના, સતીની અંતરંગ વૃત્તિની સાબીતિ, સ્ત્રીયોના શંકાશીળ મનની નીચ વિચારણાઓ, પવિત્રાચારી પુરૂષોની ફરજો, અને અવગુણ ઉપર ગુણ કરવાની વા ગુણ ગ્રહણ કરવાની નિશ્ચયતા–વગેરે વગેરે સાર ગ્રહણ કરી આત્મહિત કરવું.

# મહાસતી મૃગાવતીની કથા.

(૯)

શ્રી વીર સ્વામીની હયાતીમાં કૌશંબી નગરીની અંદર શતાનિક નામનો પ્રૌઢ પ્રતાપશાલી રાજા રાજ્ય કરતો હતો. એ રાજાની પટરાણી (ચેટક રાજાની પુત્રી) મૃગાવતી હતી, અને એ મહારાણી શ્રી જૈન ધર્મની પૂર્ણ રાગિણી હતી, જેથી નિરંતર પતિભક્તિમાં પરાયણ રહ્યા છતાં પણ પોતાના નિત્ય નિયમની અંદર જરા પણ અનિયમિત રહેતી ન હતી.

એજ નગરીનો રહેનાર એક ચિતારો ચિત્રકળામાં પ્રવીણ થવાને માટે સાકેતનપુર ગયો અને તેણે પોતાનું નામ પલટાવી એક ઘરડી ચિતારણને ત્યાં જઈ મુકામ કર્યો; કેમકે તેણીનો પુત્ર ચિત્રકળામાં ઘણોજ હોશીયાર હતો એથી તેમ કરવાની જરૂર પડી હતી.

બીજે દિવસે એ સંયોગ બન્યો કે—તે ડોસીના દીકરાના નામની ચીઠ્ઠી લઈ યમદૂત સરખા રાજસેવકો (પોલીસના માણસો) ત્યાં આવ્યા. એ જોઈ તે બિચારી ડોસી તો હૈયું ને માથું કૂટતી, રડતી ને પછાડો ખાતી બેહોશ બની ગઈ. ચિત્રકળા શિખવા આવનારે એમ કલ્પાંત કરવાનું કારણ પૂછયું એટલે

ડોસી બોલી કે-" વીરા ! અહીં એક સુરપ્રિય નામના યક્ષનું સ્થાન છે ત્યાં દર વર્ષે મેળો ભરાય છે. એ મેળાને દિવસે ચિતારાઓને માથે એવો કર હતો કે એક જણ તે યક્ષનું આબેહુબ ચિત્ર ચિતરે; પરંતુ ચિતરવામાં જો જરા પણ ખામી રહી જાય તો ( તે યક્ષ ) તે ચિતારાનો પ્રાણ લઈ લે. અથવા ( તે મેળાને દિવસે ) મરવાની બ્હીકે કદાચ ચિત્ર ચિતરેજ નહીં, તો તે કોપાયમાન થઇ તે શહેરના લોકોમાં મરકી પેદા કરી હજારો અમૂલ્ય જીવોનો ઘાણ કહાડી નાખે. આમ કાશીના કરવતની પેઠે બિના થઈ પડવાથી ચિતારાઓએ પોતાનો જીવ બચાવવા ઉચાળા ભરી બીજે ગામ જઈ નિવાસ કર્યો. પણ યક્ષના કોપથી સાકેતન નગરમાં મહામારી ફેલાઈ પુષ્કળ ત્રાસ વર્ત્તવા લાગ્યો, જેથી રાજાએ તે યક્ષને રાજી રાખી પ્રજાનું દુઃખ ટાળવા સીપાઇઓ મોકલી તે ચિતારાઓને હુકમને તાબે લઇ પાછા પોતાના નગરમાં લાવી તેઓને રાખ્યા, અને મેળાને દિવસે ઘડામાં દરેક નામની ચીઠ્ઠી લખીને નાખી. કન્યાના હાથથી કઢાવતાં જેના નામની ચીઠ્ઠી નીકળે તે ચિતારો યક્ષનું ચિત્ર ચિતરવા જાય અને યક્ષનો ભોગ થાય એવો ઠરાવ કર્યો. એ નિયમાનુસાર આજે યક્ષના મેળાનો દિવસ છે અને મારા આ દીકરાના નામની જ ચીઠ્ઠી નીકળી છે એથી હું આવી દશાને પામી છું. મારે આ એકનો એક દીકરો છે અને એનીજ ઉપર મારા ઘરનો નિભાવ ચાલે છે. જ્યારે એને કાળના ઘરનું તેડું આવ્યું છે ત્યારે પછી છેલ્લી અવસ્થામાં મારી શી દશા થાય ? તે વિષે મને હવે મુંઝવણનો કેમ પાર રહે ?" ઈત્યાદિ હકીકત સાંભળી ચિત્ર શિખવા આવનાર બોલ્યો—" માજી ! તમો દિલગીર થશો નહીં. હું યક્ષનું ચિત્ર ચિતરી તેને પ્રસન્ન કરવા માટે તમારા પુત્રની બદલીમાં જઉં છું. મારી કશી ફિકર કરશો

નહીં." ઇત્યાદિ કહી રાજસેવકોની સાથે સાહસધીરે ચાલવા માંડયું અને છઠ્ઠનો તપ ઉચ્ચરી તથા કેસર, કસ્તુરી વગેરે મહા સુગંધી પદાર્થો લઇ, પવિત્ર થઇ યક્ષના મંદિરે જઇ પહોંચ્યો. ત્યાં તેણે મહા સુગંધીવંત ચંદન-કેસર-અગર-કસ્તુરી વગેરે પદાર્થોના જુદા જુદા રંગો બનાવી નવી નવી પીછીઓ વડે યક્ષનું ચિત્ર આળેખ્યું, પછી તેની પૂજા કરી અને તે પછી ત્રિકરણશુદ્ધે આત્માને દ્રઢ કરી એકાગ્ર ચિત્તે યક્ષની સન્મુખ રહી હાથ જોડી કહ્યું—" હે યક્ષાધિરાજ ! મેં આપને આળેખ્યા છે, તેમાં મારી અજ્ઞાનતાથી કાંઇપણ અયુક્ત થયું હોય તો તે માટે આ સેવકને ક્ષમા બક્ષશો અને પ્રસન્ન થશો. આપ તો ત્રણે જગતના જીવોના હિતકારક તેમજ તેઓને સુખ દેનારા છો. આપના સંતુષ્ટ થવાથી કોણ સૌખ્ય સંપાદન નથી કરતું ? અલબત્ત, આપની કૃપાથી સર્વ મંગલ-આનંદની પ્રાપ્તિ થાય છે." વગેરે વગેરે તે ચિતારાની સ્તુતિ સાંભળીને યક્ષ સંતુષ્ટ થયો ને બોલ્યો—" હે ચિતારા ! હું તારા પર તુષ્ટમાન્ થયો છું માટે જે ઇચ્છા હોય તે વર માગ." ચિતારે કહ્યું—" જો આપ સંતુષ્ટ છો તો હવે પછી આ નરકદાયી જીવહિંસા ન કરવા મારી પુનઃ પુનઃ વિનતિ છે. દયા એજ સ્વર્ગ અપવર્ગને દેનારી ધર્મજનેતા છે !" આવું પરોપકાર ભર્યું તેનું બોલવું સાંભળી યક્ષ વિશેષ ખુશી થયો અને ફરીને કહેવા લાગ્યો—" હવે પછી હું જીવનપર્યંત કદી પણ જીવની હિંસા કરીશ નહિં. પણ આ વરદાન તો મારી સદ્ગતિ થવાને માટે અથવા પારકાઓનો ઉપકાર થવા માટે માંગેલું છે; માટે હવે તું પોતાને માટે વરદાન માગ." ચિતારો બોલ્યો—" જો આપ બીજો વર આપવા પ્રસન્ન ચિત્તવંત છો તો મારી માગણી છે કે જે આપે મહામારીનો રોગ બંધ

પાડવાની કબુલાત આપી અનેક જીવોને જીવિતદાન દીધું એજ મને વધારે હર્ષદાતા છે, હવે એથી વિશેષ હું શું માગું ? પણ આપ આપના આત્માના કલ્યાણ તરફ વિશેષ મન લગાડો. ” આ વચન પણ પોતાના સ્વાર્થનું નહીં હોવાથી યક્ષ અત્યંત પ્રસન્ન થઈ બોલ્યો—“ એ બધું મેં સ્વીકાર્યું, પણ તું તારૂં કંઇ પણ વાંછિત વર માગ. ” આ પ્રમાણે વારંવાર યક્ષનું કહેવું સાંભળી ચિતારે કહ્યું—“ જો આપ અતિ આગ્રહ સાથે મારી વાંચ્છના પૂર્ણ કરવા આતુરતા ધરાવો છો, તો મને એ ઇચ્છા છે કે કોઇ મનુષ્યના શરીરનો કોઇપણ ભાગ મારી નજરે પડી જાય તો તેના આખા શરીરનું આબેહુબ ચિત્ર ચિતરી શકું.” યક્ષે કહ્યું–“ તથાસ્તુ ! ” આમ વાંછિત સિદ્ધ પ્રાપ્ત થતાં ચિતારો અતિ હર્ષ પામી યક્ષને નમ્યા પછી પોતાના ઉતારે જઈ પહોંચ્યો. અને યક્ષે હવેથી કોઈ પણ જીવની હિંસા ન કરવાની ખાસ પ્રતિજ્ઞા લીધી છે એમ ચિતારાના કહેવાથી, તેમજ એ જીવતો આવ્યો એ ઉપરથી જાણી રાજા તથા પ્રજા બન્ને બહુજ રાજી થયાં, અને એ સંબંધી આનંદોત્સવ કરી સર્વને નિર્ભયતા જાહેર કરી; તે પછી એ ચિતારો પોતાના વતન–કૌંસબી નગરીએ ગયો અને પોતાની અનહદ ચિત્રકળાની પ્રવીણતાથી તે જગજાહેર થઈ ગયો.

એક વખતે તે નગરના શતાનિક રાજાએ પોતાની ચિત્રશાળા ચિત્રવાને માટે તે વિશ્વવિદિત ચિત્રકારને બોલાવ્યો અને તેની અપરિમિત પ્રશંસનીય કલમથી તે ચિત્રશાળામાં વિવિધ પ્રકારનાં જાનવરો તથા વિવિધ વિચિત્ર દેખાવો ચિતરવા માટે તેને સૂચના કરી. એથી તે ચિતારે ઘણાંજ ખુબીદાર જાનવરો ચિતર્યાં. એટલુંજ નહીં, પણ તે નિર્જીવ છતાં જાણે હમણાં બોલશે, ત્રાપ મારશે, કે ખાઇ જશે, એવી સજીવ ક્રૂર અને

અક્રૂર પ્રાણીઓની પૂર્ણ ભાવ ભરેલી તસવીરો ચિતરી. એક વખત ગોખમાં બેઠેલી મહારાણી મૃગાવતીનો અંગૂઠો તે ચિતારાની નજરે પડી ગયો. અને એથી યક્ષના વરદાનની સિદ્ધતાથી તેણીનું રૂપ તે ચિત્રશાળામાં આબેહુબ ચિતર્યું. અને વિશેષતામાં એ થયું કે તેણીના સાથળ ઉપર એક કાળા તલના જેવું ચિન્હ પીછીમાંથી ટપકું પડીને થઈ આવ્યું, એ જોઈ ચિતારે તે ચિન્હ કહાડી નાખ્યું; પણ ફરીને ત્યાંજ કાળો ડાઘ પડ્યો, એટલે ફરીને કાહાડ્યો તો પણ ત્યાં તેવોજ ડાઘ પડ્યો—એમ વારંવાર ડાઘ કહાડ્યા છતાં પણ તે ડાઘ ફરી ફરીને પડવા માંડ્યો, એથી ચિતારે જાણ્યું કે—'એ બાઈને આ જગોએ તેવો ડાઘ હશેજ એથી વરદાનના પ્રતાપે તાદૃશ રૂપ થવા એ કહાડ્યા જતાં પણ પડ્યા કરે છે, તો પછી એનો ઈલાજ શો ? જો કે આ ચિન્હ શંકાને પેદા કરનાર છે; પરંતુ મટાડ્યું મટે નહીં ત્યાં લાચારી સાથે કાયમજ રાખવું પડે છે. એ ચિત્રને વસ્ત્ર ધારણનો રંગ આપીશ એટલે એ એબ ઢંકાઈ જશે એટલે તે વાતનો અંત આવશે.' એમ વિચારી તે કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખ્યું.

બીજે દિવસે બનવા યોગે એ બનાવ બન્યો કે, ખુદ મહારાજા જ તે ચિત્રશાળામાં આવી ચડ્યા અને અનેક પ્રકારનાં ચિત્રોની અજબ ખુબી જોઈ બહુજ પ્રસન્ન થયા; પરંતુ જ્યારે મૃગાવતીનું વસ્ત્ર પ્હેરાવ્યા વિનાનું ચિત્ર ચિતરાતું જોતાં પ્રથમ તો તેના તાદૃશ ચિતાર માટે અજાયબી પામ્યા, પણ પછીથી સાથળ ઉપરનો કાળો ડાઘ જોવાથી મહાન્ શંકાને સ્વાધીન થઈ ગુસ્સો લાવી વિચારવા લાગ્યા કે—"કહો ન કહો, પણ આ ચિતારો મૃગાવતીની સાથે ખરાબ વર્ત્તણુંકથી વર્ત્તનારો હોવોજ જોઇયે. નહીં તો છુપા ભાગમાં રહેલા ડાઘની એને ક્યાંથી ખબર હોય ?

માટે એ મહા ગુન્હાને પાત્ર થયેલાને દેહાંત દંડની શિક્ષા જ આપવી જોઈએ." એમ નિશ્ચય કરી તેને માટે વધાધિકારીને હુકમ ફરમાવી દીધો કે-'એનો વધ કરી નાખવો.' ત્યારે ચિત્રકારે અરજ કરી કે-"પ્રભુ! મને યક્ષ તરફથી વરદાન મળ્યું છે એ વાત જગજાહેર છે અને ખુદ આપની જાણ બહાર પણ નહિં જ હશે. એથી હું કોઈ પણ મનુષ્યનો, કોઇપણ શરીરનો અવયવ જોઇ લઉં તો તેનું આબેહુબ ચિત્ર ચિતરી શકું છું. મેં મહારાણીનો માત્ર અંગુઠો જોઈ લીધો જેથી આખું રૂપ ચિતર્યું અને તે દાઘને વારંવાર કહાડી નાખ્યો છતાં ફરી ફરીને પડવો શરૂજ રહ્યો, એથી થાકીને બીજે દિવસે વસ્ત્રનો રંગ આપતાં તેને દબાવી દેવો ધારી પડતો મૂકયો. આ સત્ય હકીકત છે. હવે નામદાર ચાહે તો મારા મસ્તકને શિરપાવથી શોભિત કરે અગર ફરિયાદની દાદ ન મળતાં તરવારને તાબે કરે; તો પણ મારા માલિક છો."

આ પ્રમાણે તેનું બોલવું થતાં તેની પ્રતીતિની ખાતર એક કુબ્જક દાસીનું ફક્ત મ્હોં દેખાડી તેણીનું તાદશ રૂપ ચિતરવા તાકીદ આપી. જેથી ચિતારે વરદાન બળના જોરે તેણીનું કુબડું રૂપજ ચિતરી પોતાને મળેલા વરદાનની ખાત્રી કરાવી; છતાં પણ અદેખા રાજાએ 'ફરીથી આવી રીતે જનાનામાં રહેનારી સ્ત્રીનું રૂપ ન ચિતરે' એ માટે તેની એક આંગળી કાપી નંખાવી. વાંચનાર! રાજાઓનાં મન આવાં જ હોય છે, ત હુન્નરીના હુન્નરની પરીક્ષા મળ્યા છતાં પણ આવી જ કદર બૂઝે છે. એમનાં મન હમેશાં શંકાથી ભરેલ અને પરોન્નતિનાશક જ હોય છે. એવા કદર વિનાના મનુષ્યો ખચિત નાલાયકીનેજ પાત્ર ગણાય છે.

આવું રાજાનું એકદરપણું જોઈ ચિતારાને બહુ માઠું લાગ્યું અને તેણે એવું ધાર્યું કે–' ગમે તે પ્રકારે એજ રાણીથી રાજાને વિયોગ કરાવું.' એવો નિશ્ચય કરી તેણે એક કપડા ઉપર મૃગાવતીનું આબેહુબ ચિત્ર ચિતર્યું, અને તે ચિત્ર લઇ એ રાજા (શતાનિક) ના કટ્ટા શત્રુ અવંતીનગરીના પતિ ચંડપ્રદ્યોતને જઈ બતાવ્યું.

રાજા ચંડપ્રદ્યોતન મહાન્ સ્વરૂપવંતીનું ચિત્ર નિહાળી અત્યંત ચમત્કાર પામ્યો અને માથું ધૂણાવી તેને પૂછવા લાગ્યો કે–" આ છબી કઇ ભાગ્યશાલીની છે? અને એનો કયો મહા ભાગ્યશાળી પતિ છે?" ચિતારે કહ્યું–"આ છબી આપ નામદારના કટ્ટા દુશ્મન શતાનિકરાજાની રાણી મૃગાવતીની છે." આ શબ્દ સાંભળતાંજ અંતરનું વૈર કામવિકારને લીધે જાગૃત થઈ આવ્યું અને તેણે મન સાથે ધાર્યું કે—" એ કંગાલના રાજમહાલયમાં આવી સુંદરી તદ્દન રીતે અશોભાને પાત્ર થવા વિધિએ શા સારૂ સરજી હશે? બચિત એ મનહારિણી મારાજ રાજ્ય ભુવનના ભૂષણરૂપ હોવાથી એણીને ગમે તે ઉપાયે હાથ કરવી એજ યોગ્ય છે" એવો નિશ્ચય કરી પોતાના વજ્રજંઘ નામના દૂતને બોલાવી શતાનિક રાજાની પાસેથી મૃગાવતીની માંગણી કરવા તાકીદે રવાને કર્યો. અને મજલ દરમજલથી તે દૂત પંથ પસાર કરી કૌશંબી નગરીએ જઈ પહોંચ્યો.

દૂત શતાનિકરાજા અગાડી જઇ ચંડપ્રદ્યોતન મહારાજાનો સંદેશો કહેવા લાગ્યો કે—" નામદાર! મારા મહારાજાએ આપની રાણી મૃગાવતીનું માગું કર્યું છે, અને કહેવરાવ્યું છે કે–સીસાની સાથે રહેલ મણિ જેમ ઓપતો નથી, તેમ આપની સાથે રહેલી મૃગાવતી શોભતી નથી; માટે તરત એણીને મારા સ્વાધીન કરી દો. કારણ કે મુકુટ તો માથા ઉપર જ શોભે

છે, પણ પગ ઉપર શોભતો નથી. તેમજ જીવવાની અને રાજ્યની આબાદી રાખવા ચાહતા હો તો મૃગાવતીને વગર આનાકાનીએ સોંપી દેવી, સઘળાનો નાશ થતો અટકાવવાને વિચક્ષણ પુરૂષો એક વસ્તુનો નાશ થવા દે છે. ”

દૂતનું આવું બોલવું સાંભળી શતાનિક રાજા કોપયુક્ત થઈ બોલ્યો કે—“ પહેલાં તો તારો રાજા મહામૂર્ખ છે કે દુનિયાની રીતિથી વિરૂદ્ધ માગણી કરે છે. હમેશાં કન્યાનું માગું થાય છે, પણ વહુનું માગું ક્યાંય થતું સાંભળ્યું નથી. એથી વિરૂદ્ધ વર્ત્તનવાળા તારા ધણીને જઈ કહે જે કે–તારા કહેવા પ્રમાણે મુગટરૂપ મૃગાવતી તારા જેવા ચરણરૂપ રજપૂતને છાજે તેમ નથી, જેથી આ મારા મસ્તકરૂપ દિવ્ય અંતઃપુરમાં જ શોભવા યોગ્ય છે. તારા અંતઃપુરનો, જીવનનો અને રાજ્યનો બચાવ કરવાની આશા રાખતો હોય તો તેનાજ ( પોતાના ) વાકયાનુસારે અલ્પ વસ્તુના નાશ માટે બધીએ વસ્તુનો નાશ થતો અટકાવવો એજ ડહાપણ છે. ”

આ પ્રમાણે કહી દૂતને વગર અડચણે ત્યાંથી વિદાય કરી દીધો. દૂતનું અપમાન કરવું એ રાજનીતિ વિરૂદ્ધ છે, માટે દૂત ખુશીની સાથે જવા પામ્યો. અને અનુક્રમે અવંતીનગરીએ જઈ પહોંચી પોતાના રાજેંદ્રને શતાનિક રાજાનો પ્રતિઉત્તર કહી સંભળાવી રજા મળતાં પોતાને ઠેકાણે ગયો. તે પછી ચંડપ્રદ્યોતે પ્રચંડ રોષ લાવી ચૌદ મોટા રાજાઓના લશ્કર સહિત કૌશાંબી ઉપર હલ્લો કરવા નિશ્ચય કર્યો, અને તે તરફ પ્રયાણ કર્યું. અનુક્રમે કૌશાંબી નગરીએ પહોંચી તે શહેરને ઘેરો ઘાલ્યો.

રાજા શતાનિક પણ દુશ્મનને સ્વરાજ્ય ઉપર ચડી આવેલો જોતાં લશ્કરને તૈયાર કરી કિલ્લાના દરવાજાનો બંદોબસ્ત

રખાવી ચંડપ્રદ્યોતનની સ્હામે કેટલોક વખત વીરતાથી લડયો; પરંતુ સાગર સરખી મહાસેનાને જોઈ આખર હિમ્મત હારી ગયો અને એથી ભયાતિસાર પેદા થતાં અસાધ્યરૂપ પકડી અંતે એ રોગનો ભોગ થઈ પડયો.

અકસ્માતપણે પોતાના સ્વામીનું મરણ થયું જોઇ સતી મૃગાવતીએ સમયને માન આપી પોતાના શીળસંરક્ષણ માટે એવી યુક્તિભરી ચંડપ્રદ્યોતન સાથે વૃષ્ટિ ચલાવી કે—"મારા નાથ આપના ભયથી મરણને શરણ થઇ ગયા છે એથી હાલમાં હું લોક-રીતિ મુજબ શોકવંત બની છું. તેમ વળી મારો કુંવર ઉદયન ન્હાની વયનો છે જેથી આ રાજ્ય સંભાળી શકે તેવો નથી; માટે થોડા વખત પછી એ રાજ્ય સંભાળવા લાયક થતાં અને શોક મુકત થતાં હું આપની ઇચ્છાને તાબે થઇશ. આપ કોઇવાતે નારાજ થશો નહીં તેમ શંકાપણ લાવશો નહીં. કદાચ મારા આ બોલો તરફ બેદરકારી બતાવી હાલમાં હું શોકવશ થયેલીના ઉપર જોર જુલ્મ કરી તાબે લેવા યત્ન આદરશો, તો મારે પ્રાણ આપવા પડશે. જેથી આત્મહત્યા આપી તમારા મનોરથને ધુળમાં મેળવી દઇશ, માટે લડાઈ માંડી વાળી પોતાના રાજ્ય તરફ પાછું વળવું એજ હાલતો લાભદાયી છે." આ પ્રમાણેનું કહેણ દાસીના મુખથી સાંભળી તેણે મૃગાવતીના વિચારનેજ માન આપી તરત લશ્કર સહ કૂચ કરી; કેમકે 'પ્રીતિ પરાણે થતીજ નથી' એમ સમજી તથા વખત આવતાં એ કયાં જનાર છે?' એવી તેના મનમાં ખુમારી હોવાથી, તેમજ કામી પુરૂષો સ્ત્રીના બોલવા ઉપર ખાસ ભરોંસો રાખવા ઇચ્છે છે. એ નિયમ હાથ ધરવાથી જ ભૂલ થાપની રમતમાં ચંડપ્રદ્યોતન પણ મશગુલ થઇ ગયો. જેથી સ્વરાજ્યનો માર્ગ પકડીને ચાલતો થયો. પછી મૃગાવતીએ સ્વામીના શરીરનો અંતિમ સંસ્કાર કરી

વ્યવહારધર્મ સાચવ્યો. અને તે પછી મૃગાવતીએ કૌશંબી અને અવંતી વચ્ચે મજબુત કિલ્લો બંધાવી સ્વરાજ્યનું રક્ષણ કર્યું અને પોતાના કુંવરને અસ્ત્ર શસ્ત્ર ને શાસ્ત્ર વિદ્યામાં નિપુણ કરી રાજ્યની લગામ હાથમાં સંભાળી શકે તેવો બનાવ્યો.

ચંડપ્રદ્યોતન પણ પોતાનો મનોરથ પૂર્ણ થવાની જ વાટ જોતો હતો. અને જ્યારે મૃગાવતીએ કહેલો સમય આવી પહોંચ્યો ત્યારે પોતાના સેવકોને મોકલી મૃગાવતીને તેડી લાવવાની ગોઠવણ કરવામાં તત્પર થયો. સેવકોએ કૌશંબીએ જઇ મૃગાવતીને તેડી જવાની વિચારણા દર્શાવી. એટલે મૃગાવતી બોલી કે—“ હું મનથી પણ તમારા રાજાને ચાહતી નથી, તો શરીરવડે તો ચાહું જ શાની ? એ તો મેં મારા શીળ સંરક્ષણને માટે યુક્તિ રચી વખતને માન આપ્યું હતું; માટે સીધા જે રસ્તે થઇ આવ્યા છો એજ રસ્તે ઇજ્જતભર પાછા ચાલ્યા જાઓ. ”

આ પ્રમાણે મૃગાવતીનું બોલવું સાંભળી રાજસેવકો પણ ચકિત થઇ ગયા અને વિચારવા લાગ્યા કે—“ શાબાસ છે એની યુક્તિને કે જેણે જોરાવર રાજેંદ્રને પણ છેતરી પોતાનો ધર્મ જાળવ્યો !”

રાજસેવકો નિરાશા સાથે પાછા ફરી પોતાને વતન ગયા અને પોતાના અન્નદાતાને સઘળી બિના નિવેદન કરી ઉદાસી સાથે ઉભા રહ્યા. બિના સાંભળતાંજ ચંડપ્રદ્યોતને મૃગાવતીના મુલક ઉપર ચડાઇ કરી અને કૌશંબી નજીક ડેરા કરી દૂત મારફત ગુસ્સા સાથે કહેવરાવ્યું કે—“ મૃગાવતી ! જો તું તારૂં અને તારા પુત્રનું કુશળ ચાહતી હોય તો જલદી બોલેલું પાળી મને આનંદ આપ, નહીં તો તારૂં રાજ્ય વગેરે ધૂળમાંજ મેળવી દઇશ. ”

આવો મામલો જોતાં મૃગાંવતીએ પણ પોતાના કોટ–કિલ્લા વગેરેનો પૂરો બંદોબસ્ત કરાવી શીળના પ્રભાવિક દેવોનું સ્મરણ કરી નવકાર મંત્રનો જાપ જપવો શરૂ કર્યો, એથી અન્ય નહીં પણ ખુદ શાસનપતિ સુરવર નરવરોના રાજા શ્રી વીરાધિવીર મહાવીર સ્વામી જાણે આકર્ષાઇને પધાર્યા હોયની ? તેમ ત્યાં પધારી સમોસર્યા. દેવોએ સમવસરણ રચ્યું અને બારે પર્ષદાઓ એકઠી મળી.

પ્રભુના અતિશયના પ્રતાપથી રાજા ચંડપ્રદ્યોતનનું મન મૃગાવતી તરફ નિર્વૈર બની ગયું અને પ્રભુની પર્ષદામાં આવી નમન કરી ધર્મોપદેશ શ્રવણ કરવા બેસી ગયો. મૃગાવતીને એ સંબંધિ બાતમી મળતાં સહુર્ષથી દરવાજા ઉઘડાવી પોતાના પુત્ર સહિત પોતે પણ પ્રભુને વાંદવા ગઈ અને ભગવંતને વિધિસહ વાંદીને ઉપદેશ સાંભળવા બેઠી. જગદ્‌ગુરૂએ પણ જગજ્જનોના હિતાર્થે ધર્મોપદેશ દેવો શરૂ કર્યો.

એ વખતે એક ભીલ ત્યાં આવીને પોતાની ધારણા ગુપ્ત રાખી પૂછવા લાગ્યો કે—" પ્રભુ ! જે તે તે તે છે ? " પ્રભુએ ઉત્તરમાં કહ્યું—" હા જે તે તે તેજ છે ! " આવો ગુપ્ત પ્રશ્નાર્થ સાંભળી પરમ પાવન પ્રથમ ગણધર–ગૌતમ સ્વામીએ ચમત્કાર સહ પૂછ્યું–" જગજ્જન વત્સલ પ્રભો ! એ પ્રશ્ન અને ઉત્તરનો વિસ્તારયુક્ત ખુલાસો કરવામાં જો કશી અડચણ ન હોય તો ફરમાવો. "

ઉપકારી ભગવંતે અન્યજનોને ધડો લેવા લાયક પ્રબંધ જાણી કહ્યું–" ચંપા નગરીને વિષે એક ધનવંત સોની કન્યાઓની શોધમાં ફરતાં ફરતાં ધન ખર્ચી પાંચસો કન્યાઓને પરણ્યો હતો અને તે દરેકને પહેરવાને માટે દાગીના કરી આપ્યા હતા,

પણ એવી શરતથી કે જે દિવસે જેનો મારી મુલાકાત લેવાનો વારો હોય તે દિવસે જ તે દાગીના તેણીએ પ્હેરવા; પરંતુ તે વિના બીજે આડે દહાડે પ્હેરવા નહીં. એક વખત તે સોની કામના પ્રસંગે કયાંય બહાર ગયો, એટલે તે બધીઓએ શણગાર સજી લીધા અને એક બીજી સાથે હાસ્યવિનોદ કરતાં વખતનો લ્હાવ લેવા માંડયો. એટલામાં ઓચિંતો તે સોની ઘર આગળ આવી પહોંચ્યો ને તેણીઓને સણગાર સજી હસતી રમતી જોઈ તેઓને માર મારવા લાગ્યો અને બહુજ વઢ્યો. તે પછી તેણીઓને તેમ નહીં કરવા દેવા માટે બાપડો તે બારણા પાસે બેઠો બેઠો ચોકીજ કરવા લાગ્યો. ન્યાતમાં જમણવાર હોય તો તે ત્યાં જમવા પણ જાય નહીં, જવા દે નહીં અને બીજાને પોતાને ઘેર જમવા બોલાવે નહીં-એ પ્રમાણે વર્ત્તવા લાગ્યો; આમ થવાથી તે પાંચસો જણીઓ પોતે કેદી થઈ રહેલી માનવા લાગી પણ ઉપાય શો ?

એક વખત તે સોનીને એક ભાઇબંધે બહુજ તાણ કરી પોતાને ત્યાં જમવા માટે લઇ ગયો. જો કે જમવા ગયો હતો, પણ તેનો જીવ તો ઘેરજ હતો કે—' રખેને તે રાંડો શણગાર સજી મોજ માણે નહી !' અને એ બૈરીઓ પણ એજ ધારતી હતી કે—' લાવને રોયો બહાર ગયો છે તો આજ ન્હાઇ ધોઈ સુગંધિ વિલેપન કરી શૃંગાર સજી લઇયે. જે વખત હર્ષમાં વીત્યો તે ખરો.' આમ બન્ને ધારતાં હતાં અને થયું પણ તેવુંજ. તેણીઓ બધી એજ પ્રમાણે ઠાઠમાઠ કરી બેઠી હતી. એવામાં તો તે જલદીથી ત્યાં આવીજ પહોંચ્યો, અને તે બધીઓને મોજ મજાહ ઉડાવતી જોઈને તેણે ગુસ્સે થઇ એક જણીના માથામાં લાકડી મારી કે તરત તે રામશરણ થઈ ગઈ. એથી બીજીઓએ જાણ્યું કે—' આજ અમને પણ જરૂર મારશે.' એમ ધારી

પોતાના બચાવને માટે સહુ સહુના હાથમાં બિલોરી દર્પણ હતાં, તે છૂટે હાથે તેની તરફ જોરથી ફેંકયાં અને સોનીનું એજ બ્હાનેથી મ્હોત આવી પહોંચતાં તે દર્પણોના મારથી મરી ગયો. જ્યારે તે મરી ગયો ત્યારે તે બધીઓ પસ્તાવા લાગી અને 'નાહક બચાવ કરવા જતાં આનો પ્રાણ ગયો માટે આપણે પણ અગ્નિ વગેરેના સંસ્કારવડે આપણો પણ પ્રાણ ત્યાગ કરીએ. ધણી વિનાનું જીવન ધિક્કારનેજ પાત્ર છે !' ઇત્યાદિ વિમાસી પોતાના પ્રાણ પોત પોતાની વિચારણા પ્રમાણે ખોયા. આવી રીતે મરવાને લીધે અકામ નિર્જરાવડે એ ચારસો નવાણું જણીઓ સ્ત્રીવેદનો પરિત્યાગ કરી પુરૂષવેદ પામી ભીલની પાલમાં ચોરપણે પેદા થઈ. પહેલાં મરી ગયેલી બૈરીનો જીવ રોર બ્રાહ્મણને ઘેર પુત્ર પણે પેદા થયો. અને પેલા સોનીનો જીવ જે નગરમાં તે બ્રાહ્મણનો પુત્ર હતો તેજ નગરમાં નગરશેઠની પુત્રીપણે પેદા થયો. શેઠે પોતાની પુત્રીને રમાડવા માટે તે રોર વિપ્રના પુત્રને નોકર તરીકે રાખ્યો. તે બાળકી જ્યારે જ્યારે રોતી ત્યારે ત્યારે તે બ્રહ્મપુત્ર તેણીના છુપા ભાગ ઉપર હાથ મૂકતો કે તે છાની રહી જતી ને હસવા લાગતી હતી. કોઈ વખત આ ચેષ્ટા શેઠ શેઠાણીના દીઠામાં આવતાં તરતજ તે બ્રાહ્મણના છોકરાને વિદાયગિરી આપી તેને બદલે બીજાને તેમણે નોકર રાખ્યો. તે બ્રાહ્મણનો છોકરો ભટકતો ભટકતો તે ચારસો નવાણું ભીલોના રહેઠાણે જઈ પહોંચ્યો અને પૂર્વના સંસ્કારથી તેઓ સાથે હળી મળીને રહ્યો, તથા પાંચસો પૂરા થવાથી તે ચોરમંડળીએ જ્યાં ત્યાં લુંટ ચોરી કરવા વગેરેનો ધંધો હાથ ધર્યો. એક વાર જ્યાં તે બ્રાહ્મણનો છોકરો નોકરીએ રહ્યો હતો ત્યાં તે પાંચસો જણે જઈ પહોંચી ધનમાલ લૂંટવા માંડ્યા. એ જોઈ તે શેઠની છોકરી બોલી 'તમે બધા ધનનેજ કેમ હયો છો ? શું મને નહીં લઇ જાઓ ?'

આવું તેનું બોલવું સાંભળી તે ચોરોએ તે છોકરીને પણ ધન ભેગી ઉઠાવી ગયા. તે છોકરીને ઉમ્મર લાયક થતાં તે પાંચસો જણે પોતાની મઝીયારી સ્ત્રી કરીને રાખી અને તે બધા તેણીની સાથે નઠારી વર્ત્તણુકથી વર્ત્તવા લાગ્યા; તથાપિ તે વિષય સુખમાં અતૃપ્ત રહેતી હતી. જો કે ચોરો તો તેણીની દયા ખાઈ એવું વિચારવા લાગ્યા કે—' આ બિચારી એક છે ને આપણે પાંચસો છીએ જેથી કદાચ એનું કોઇ વખતે મરણ થઇ જશે; માટે એક બીજી સ્ત્રી લાવીએ કે આને મદદ રૂપ થઈ પડે. ' એમ વિચારી તે ચોરોએ એક બીજી સ્ત્રી ઉઠાવી લાવીને તેણીને સોંપી. પહેલાની સ્ત્રીએ પોતાની છાતી ઉપર સાડા ત્રણમણની જીવતી શોક્ય આવેલી જોઈ મહા કલ્પાંત કર્યો અને આવનારી નવીનું કાટલું કરવા-જે વખતે તે ચોરો ચોરી કરવા ગયા તે વખતે તેણીને ઉંચકીને કૂવામાં ફેંકી દઈ મારી નાખી.

ઓ વિષયવિકાર ! તને અનંતાનંત ધિક્કાર છે કે તેં તમામ જગતના જીવોને પાયમાલી સાથે-દુર્ગતિ સાથે ભેટાડ્યા છે અને ભેટાડ્યે જાય છે ! ! તેં મુનિ-સુર-દાનવ-માનવ વગેરેને કટ પુતળીના નાચની પેઠે નચાડી, ફજેતીને ફાળકે ચડાવી ખાના ખરાબીના દોસ્ત બનાવેલા છે. અને ટુંકામાં કહું તો તેંજ જગતના જીવોની દુર્દશા કરી છે કરે છે-ને કરીશ ! એવી આ વાત ઉપરથીજ નહીં; પણ બે સુમાર દાખલા દલીલો વડે પ્રતીતિ કરાવી છે.

એજ દુષ્ટ કામવાસનાની પ્રબળતાને લીધે તેજ રાંડે ચંડી સ્વરૂપ ધરી ચંડાલણી પણ ન કરે તેવું દુષ્ટ કામ કર્યું. તે કુવામાં પડનારીના તો પડતાંની સાથેજ રામ રમી ગયા અને તે બિચારીએ પોતાનાં કરેલાં પાપ પુન્યનું ભાતું બાંધી પરલોક ગમન કર્યું.

જ્યારે ચોરો પાછા પોતાના મુકામ પર આવ્યા ત્યારે તે બીજી સ્ત્રીને ન દીઠી એથી તે સ્ત્રીને એ સંબંધિ પૂછ્યું-એટલે તેણીએ પેટમાં છુપી રહેલા પાપની પ્રેરણાએ એવો જવાબ આપ્યો કે—" શું હું તેણીનીજ ચોકી કરવા અહીં રહેલી છું? એ ગમે ત્યાં ગઈ હશે, તમારે ગળે એણીના વગર પાણી ન ઉતરતું હોય તો જાઓ તેની પાછળ પાછળ એટલે હાથ લાગશે ને ભ્રાંતિ ભાંગશે." એ ઉત્તર સાંભળતાંજ ચોરોને પ્રતીતિજ થઇ આવી કે—' કહો ન કહો પણ તેણીનું કાળું ધોળું એણીનાજ હાથથી થયું દેખાય છે!' એવું ધારી તેણીની ખોળ કરી તો તે બિચારીનું મડદું કુવાની અંદર બુરી હાલતમાં પડેલું જણાયું. એ જોઈ તે બ્રાહ્મણ પુત્રને તે પ્રથમની સ્ત્રીના માટે શંકા પેદા થઈ કે—' જે શેઠની છોકરીના છુપા ભાગ ઉપર હસ્તસ્પર્શ કરતાં રોતી છાની રહેતી હતી તેજ વિષયોત્સાહી છોકરી તો આ નહીં હોય! માટે શ્રીવીર પ્રભુને પૂછી આવી એ મારી શંકાને દૂર કરૂં.' એમ વિચારી આ પ્રશ્ન કરનાર અહીં આવ્યો છે અને ખુલ્લી રીતે મનોગત વિચારણા ન જણાવતાં ફક્ત સંજ્ઞારૂપ શબ્દવડેજ પ્રશ્ન કર્યો. એથી મેં પણ તેવોજ જવાબ આપી એની શંકાને સત્ય કરી બતાવી સંતોષ આપ્યો.

આવી રીતની અથથી ઇતિ સુધી વાત સાંભળી તે બ્રાહ્મણપુત્ર ભવ નાટકનું સ્વરૂપ નિહાળી વૈરાગ્ય વશ થયો અને પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તત્પર થઇ તેણે પ્રભુ પાસેથી ચારિત્ર અંગીકાર કર્યું. અને તે પછી પોતાના ગૃહસ્થાવાસ વખતના સહયોગી ભાઇબંધો–ભીલોના રહેઠાણે જઈ તેઓને પ્રતિબોધ્યા અને અશરણશરણ ચારિત્ર અંગીકાર કરાવ્યું. ' સારા મનુષ્યોની એજ રીતિ વખાણવા લાયક છે કે પોતાનું ભલું થવાથી તુરત પોતાના સોબતીઓનું ભલું કરવા આતુર થાય છે.

પ્રભુના સમવસરણમાં બેઠેલી મૃગાવતી રાણીએ વિષયને ધિક્કારવા રૂપ પ્રબંધ ચર્ચાતો જોઇ તેનો લાભ જાહેરમાં જણાવા ઉઠી ઉભી થઇને પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરી કે–"હે પ્રભુ! જો આ ચંડપ્રદ્યોતન રાજા મને રજા આપે તો હું ચારિત્ર લેવા અતિ આતુરતા ધરાવું છું." મૃગાવતીના ઉત્તરમાં ખુદ ચંડપ્રદ્યોતન જ વિષયના વગોણા રૂપ દૃષ્ટાંત સાંભળવાથી દુષ્ટ વિચારણાથી દૂર થતાં બોલ્યો કે–"બાઇ! જે તમને રૂચે તે કરો. હું તમારા કુંવરને કશી પણ અડચણ કર્યા વગર પોતાની રાજ્યગાદી ભોગવવા દઈશ." એવું કહી પ્રભુને વાંદી પોતે તેમજ અન્ય પર્ષદામંડળે પણ નિજ સ્થાનકનો માર્ગ લીધો. અને તે પછી મૃગાવતીના પુત્ર ઉદયન કુમારને રાજ્યાભિષેક કરી કૌશંબીની રાજ્યગાદી પર બેસારી અભય કર્યો. તેમજ વીરવાણીથી વૈરરહિત બનેલા ચંડપ્રદ્યોતનની તરફથી નિર્ભય થતાં પોતાના પુત્રને હિતશિક્ષા આપી મૃગાવતીએ તેજ ચંડપ્રદ્યોતનની આઠ રાણીઓ સહિત દીક્ષા અંગીકાર કરી. અને તે નવે નવીનદીક્ષિત સાધ્વીઓને વડીલ ચંદનબાળા સાધ્વીને સોંપી.

મૃગાવતી સાધ્વીને કેવળજ્ઞાન કેવા કારણને લીધે કર્મ ક્ષય થતાં ઉત્પન્ન થયું અને મોક્ષસુખ અનુભવવા ભાગ્યશાલિની થઇ? એ બાબત મહાસતી ચંદનબાળાની કથામાં (અંતભાગની અંદર) આવી ગઈ છે, એથી વાચકોને તે સ્થળ જોઇ વાકેફ થવા વિનતિ કરૂં છું.

વ્હાલા વિવેકી વીરો! આ કથા વાંચી જે સાર લેવાનો છે તે એજ છે કે–'મૃગાવતીની પ્રેમભક્તિ શ્રીવીરપ્રભુ પ્રત્યે અત્યંત પ્રશંસવા લાયક હતી, અને એ ભક્તિ તેમજ શીળના મહિમાની મહત્તા વધારવા ખુદ શ્રીવીર પરમાત્મા પધાર્યા. એથી અનેક જીવોને ભક્તિ અને શીળનો મહિમા જાણવામાં આવતાં આત્મ

કલ્યાણનો માર્ગ હાથ લાગ્યો. કહેવાની મતલબ એટલીજ છે કે–સતીની અંતરંગની સાચી ભક્તિ, પ્રેમ અને શીળપણાની લગનીને લીધે ખુદ ચરમતીર્થંકર શ્રીનું પધારવું થયું અને તેણીના અંતરંગ ભાવને અતિશયવડે સાહ્યતા અપી શીળની ખંડના થવાના મામલામાંથી મુકત કરી–એજ અંતરંગ વૃત્તિને લીધે મહાસતીપદ પ્રાપ્ત થયું.

શિવાય પરોપકાર વૃત્તિ તથા તેથી મળતા મહાન્ લાભ, સાહસની સિદ્ધતા, વિનીત વચનવડે મળતી વાંછિત સિદ્ધિ, રાજાઓના મનની નિષ્ઠુરતા, બેકદરદાનની બેવફાઈથી થતા ગેરલાભ, કામી જનની ક્રૂરતા, સમય સૂચકતાના ઉપયોગથી મળતી કાર્ય સિદ્ધિ, કંજૂસની કર્મ કથા, જાનની સલામતી જાળવવામાં બીજા જીવનો અપાતો ભોગ, કામલોલુપી સ્ત્રીનાં કૃત્યો, કામદેવના સ્વભાવ પ્રભાવની ચાનકકારી નોંધ, ભવ નાટક પૈકીના પ્રવેશની રમ્મત ગમ્મત અને કોમળ પરિણામથી થતા મહાન્ લાભ વગેરે વગેરે સાર સમજી ધ્યાનમાં ધરી તે પ્રમાણે જ વર્ત્તવા અડગતા રાખવી–એજ વાર્ત્તા વાંચ્યાનો ખાસ સફળ પ્રયોગ છે. માટે હમેશાં ન્હાની કે મોટી જે કંઇ વાત વાંચવી, તો તેમાંનો સાર તુરત ગ્રહણ કરવો કે જેથી કોઈ સમયે તેના પ્રતાપવડે મનકામના સફળ થાય છે અને દુઃખ દૌર્ભાગ્ય દૂર જાય છે.

# મહાસતી સુભદ્રાની કથા.

( ૧૦ )

શ્રી વીર પ્રભુના સમયમાં **વસંતપુર** નગરના રાજા **જિતશત્રુ**ની રાજ્યલક્ષ્મીની ઉત્તમ રીતે વ્યવસ્થા કરનાર **જિનદાસ** નામનો શ્રાવક પ્રધાનપદ ઉપર હતો, અને તે જૈનધર્મી પ્રધાનને **તત્વમાલિની** નામની ધર્મપત્ની હતી, તથા તેણીની કુખથી એક મહાસ્વરૂપવંત **સુભદ્રા** નામની પુત્રી ઉત્પન્ન થઈ હતી. એ પુત્રી જેવી સ્વરૂપવંત હતી તેવીજ નહીં બલકે તેથી વધારે ગુણવાન હતી. અને એથીજ જ્યારે તે ઉમરલાયક થઈ ત્યારે તેણીના સરખો જ ગુણરૂપશાળી વર મેળવવા માટે જિનદાસ વિચાર કરવા લાગ્યો. પરંતુ જૈની વર હાથ ન લાગતાં તે પ્રધાન મહા ચિંતામાં સપડાઈ પડયો. કહ્યું છે કે—"પુત્રીનો પિતા પુત્રીનો વંશ રહે ત્યાં લગી પણ નિશ્ચિંતપણે રહેવા પામતો જ નથી. માટે પુત્રીના પિતા થવું બહુ દુઃખદાયક છે!"

એક વખત **ચંપા**નગરીથી એક બૌદ્ધધર્મી **બુદ્ધદાસ** નામનો વ્યાપારી વસંતપુરમાં પ્રધાનના ઘર આગળ આવી ચડયો. ને ત્યાં કર્મસંયોગે સુભદ્રા તેના દીઠામાં આવી. એથી એના સંબંધમાં આડોસી પાડોસીને પૂછતાં ખબર મળ્યા કે—"એ પ્રધાનની પુત્રી

છે અને કોઇ જૈનધર્મી વર મળે તો તેની સાથે પોતાની પુત્રીનાં લગ્ન કરવા ચાહે છે." આવા સમાચાર મળમાં તે દેવાંગના સરખી કન્યાને જોઇ બુદ્ધદાસે નિશ્ચય કર્યો કે-"હું બૌદ્ધ છું; છતાં એણીને મેળવવા માટે શ્રાવકધર્મ અંગીકાર કરી જૈનતત્ત્વનો જાણકાર થઇશ જ." એમ વિચારી કોઇની પાસેથી જૈન ધર્મની કરણી તથા રહસ્યની બાબતો થોડાજ વખતમાં જાણી લઇ, બુદ્ધદાસ એ વખત જિનમંદિરમાં દર્શન કરવા, તથા પ્રભુપૂજન કરવા, ગુરૂ-વાંદવા, ધર્મોપદેશ સાંભળવા અને પ્રતિક્રમણાદિ ધર્મકૃત્ય કરવા જવા લાગ્યો તથા વ્રત પચ્ચખ્ખાણ વગેરે પણ કરવા લાગ્યો-એટલુંજ નહીં, પણ તે ઉત્કૃષ્ટ ધર્મકરણીવંત શુદ્ધ શ્રાવક બની ગયો. કહ્યું છે કે-"બનાવટી ચીજ બહુજ મોહક હોય છે. કપટી જન બડી ખબરદારીથી બગધ્યાની બની સ્હામાના ચિત્તને ચોરી લે છે. એમાં કશો શક હોતો નથી."

જ્યારે એ કપટી શ્રાવક જિનદાસની નજરે પડયો અને નિરંતર ધર્મમાં લીન રહેતોજ જોયો ત્યારે તેને સાચો શ્રાવક જાણી જિનદાસ તેને પોતાને ત્યાં પ્રભુપૂજન માટે બોલાવી ગયો. બુદ્ધદાસે પણ ત્યાં જઇ વિધિસહિત પખાળ, અંગલુહણાં અને અષ્ટપ્રકારી પૂજા કરી. એ જોઇ જિનદાસ અતિ પ્રસન્ન થયો અને આગ્રહપૂર્વક જમવા બેસારી ભોજન પદાર્થો પિરસવા લાગ્યો એટલે તેણે કહ્યું કે-"મને દુધ દહીં વિગેરે બધી વિગય ખપતી નથી. ફક્ત પહેલી વિગય ઘી અને બીજી વિગય પકવાન્ન જ ખપે છે." આ પ્રમાણે કહી જે ખપે તે વિગય ગ્રહણ કરી ભોજન કર્યું. જમ્યા પછી છાશ પીવી એવો વૈદ્યકશાસ્ત્રનો મત હોવાથી બુદ્ધદાસે વાસણ ધોઈ તે પછી તેમાં છાશ લીધી અને તે પછી પીધી. આ આચરણ જોઇ જિનદાસ તો તેના આચાર વિચાર ઉપર પ્રસન્ન થઇ ગયો અને મન સાથે નિશ્ચય કર્યો કે-" મારી સુભ-

દ્રાનો આ વર થાય તો અતિ ઉત્તમ થાય; કેમકે શ્રી વીતરાગ દેવનો ધર્મ પાળનાર, દાતાર, વિનયી, સર્વ યતના પાળનાર, જીવ ઉપર દયા રાખનાર, સરલ સ્વભાવવાળો, સ્વરૂપવંત અને લક્ષ્મીવાન એવો જમાઈ મળવો બહુજ મુશ્કેલ છે; માટે જેવો જોઈયે તેવો મળ્યો છે; ને જો એ લગ્ન કરવાની હા પાડે તો પછી પૂછવાનુંજ શું છે ? " ઈત્યાદિ વિચારી બુદ્ધદાસ પ્રત્યે જિનદાસે કહ્યું–" આપ ગુણજ્ઞને મારી આ કન્યા વરાવવા માટે મારો વિચાર થયો છે; માટે જો આપ સ્નેહ સહિત મારી માગણી સ્વીકારો તો બહુ આનંદ થાય. ઉત્તમ કુળ–રૂપ–વય–ગુણ–ધર્મ અને સ્વભાવ એક સરખાં હોય તો તે દંપતીનું વા મિત્રાદિનું જોડું અતિ વખાણવા લાયક નિવડે છે. તો જોઈતી જોડી મળી જોઇ મારૂં મન એ તરફ લલચાય છે, કહો હવે શી ઇચ્છા છે ? " આના ઉત્તરમાં ધૂર્ત્ત બુદ્ધદાસે કહ્યું–" જો કે મારો હાલ એ વિચાર ન હતો; પરંતુ આપ સરખા સદ્‌ગૃહસ્થ સ્વામિભાઈનું વચન પાછું ઠેલી શકતો નથી; માટે જેમ આપની ઇચ્છા હોય તેમ વર્ત્તવાને માટે હું તૈયાર છું. " આ પ્રમાણે તેનું વચન સાંભળતાં પ્રધાન તેની લાયકી ઉપરથી બહુ ખુશી થયો અને શુભ મુહૂર્ત્ત જોવરાવી, મહોત્સવ સાથે બુદ્ધદાસને પોતાની કન્યા વરાવી તેથી તે અત્યાનંદ પામ્યો. જો કે જિનદાસ રાજ્યનું પ્રધાનપદું કરતો હતો; છતાં પક્કા ધૂર્ત્ત બુદ્ધદાસનું કપટ કળી શક્યો નહીં. હમેશાં કપટીઓજ કપટીની વાત કળી શકે છે. ભલા જનો તો ધોળું એટલું દુધજ જાણે છે; પણ નથી જાણતા કે છાશ પણ ધોળી હોય છે. બુદ્ધદાસના પાશા પોબાર પડ્યા અને જિનદાસ પણ હાલ તો જોઈતું જોડું મળ્યું માની બહુજ મકલાયા કરતો હતો. પણ આગળ તેનું પરિણામ શું આવ્યું તે આપણે જોઈએ. બુદ્ધદાસ પરણ્યા પછી પોતાના વ્યાપારમાં સુભદ્રાના સુપગલાંના પ્રતાપથી

ખુબ ધન રળ્યો અને સાસુ સસરાની રજા માંગી, નવવધુને સાથે લઈ પોતાને વતન જઇ પોતાના માતા પિતાને ભેટી ભાગ્યશાળી થયો. માતપિતા પણ પુષ્કળ ધન અને મહાન હોદ્દેદારની પુત્રી પરણી લાવ્યો જોઈ મહોત્સવ કરી તેમનો ઉદય ઇચ્છી આનંદ પામ્યાં. તેમજ સુકુળવધૂ સુભદ્રા પણ સાસુ સસરાનો વિનય સાચવી પોતાના ધર્મમાં તત્પર રહી અહોભાગ્ય માનવા લાગી.

બીજે દિવસે પ્રભાત સમયે સુભદ્રા ઉઠીને જિનમંદિરે ગઇ અને જિનેંદ્રને નમી સ્તવી, જૈન સાધુને પ્રણામ કરી ઘેર આવી. એટલે સાસુએ કહ્યું—" બેટા ! આપણા ઘરમાં બુદ્ધ એજ દેવ છે તેનીજ તમારે આરાધના કરવી. હવે પછીથી તમારે બીજે કોઇ મંદિરે દર્શન કરવા જવું નહીં." સાસુનું આવું બોલવું થતાં અફસોસ સાથે સુભદ્રા ચિંતવવા લાગી—" અરે ! હું તો ઠગાણી !! મને મારા સ્વામીનાથે કપટબાજીવડે પરણી ઉપાધિમાં નાખી છે. આ લોકો બૌદ્ધ છે ત્યાં હવે મારો વીતરાગ ભાષિત જૈનધર્મ શી રીતે સાચવી શકીશ ? જે થવાનું હશે તે થશે; પરંતુ મારે તો આત્મકલ્યાણકારક જ કૃત્ય આચરવું છે. વધારે લવનારો માણસ કંઇ પણ કરી શકતો નથી માટે મારે મૌનપણે જૈનધર્મના નિયમ જાળવી વર્ત્તવું એજ ઠીક છે. બધા માણસોને સંતોષ આપી શકીએ એવો આ દુનિયામાં કોઈ ઉપાય છેજ નહીં." ઈત્યાદિ વિચારી નિશ્ચય ઉપર કાયમ થઇ સુભદ્રા તો હમેશાં પોતાના નિત્ય નિયમ પ્રમાણે જિનદર્શન કરવા જતી. પરંતુ સાસુ તેથી બહુ બળ્યા કરતી હતી, તથા મરજીમાં આવે તેમ લવારો કરતી હતી અને એજ ખોળતી હતી કે–ક્યારે એણીનામાં દોષ આવ્યો દેખું કે તરત એણીનું માનભંગ કરાવી દઉં. છતાંપણ સુભદ્રા તો રાગ દ્વેષ રહિત રહી જિનેંદ્ર ભગવાનનું પૂજન કરવામાં તથા મુનિરાજને આહાર પાણી વહોરાવવામાં અને તપ જપ વગેરે ધર્મકરણીમાં અખંડપણે લીન રહેતી હતી.

એક વખત માસખમણના પારણા માટે કોઈ તપસ્વી સાધુ સુભદ્રાને ઘેર આવ્યા એટલે સુભદ્રા તે મુનિને આહાર વ્હોરાવવા લાગી. એ વખતે મુનિની આંખમાં તરખલું પડેલું તેણીના દીઠામાં આવ્યું અને એ તરખલાને લીધે મુનિની આંખમાં બહુજ વેદના થતી જાણી. એથી સુભદ્રાએ વિચાર્યું કે—"જો આંખમાં પડેલું તરખલું એમનું એમ રહેશે તો તેથી વધારે વેદના વધતાં આંખ તેજહીન થઈ જશે, અને તેમ થતાં ધર્મકરણી–જ્ઞાન ભણવા તથા વાંચવામાં અંતરાય થઈ જશે, માટે જો એ તરખલાને હું કહાડી નાખું તો તે અંતરાય અટકવાને લીધે મહા લાભ થતાં પુણ્યભાગી થઈશ." એમ ધારી તેણીએ યત્નપૂર્વક મુનિની આંખમાંથી પોતાની જીભ ફેરવી તરખલું કહાડી નાખ્યું, જેથી મુનિને શાતા થઇ. પરંતુ તે તરખલું કહાડતી વખતે સુભદ્રાના કપાળમાં તાજું તિલક કરેલું તે સાધુના કપાળ સાથે કપાળ અડતાં સાધુના કપાળમાં પણ તે તિલકનું ચિન્હ થઈ ગયું. એ એણીની સાસુના જોવામાં આવતાં તરત પોતાના પુત્ર બુદ્ધદાસને દેખાડી તે બોલી કે—"જો, આ પ્રમાણે તારી સ્ત્રીનાં ચરિત્રો છે! આ સાધુ સંગાથે નઠારી વર્ત્તણુકથી વર્તે છે એનો આ પ્રત્યક્ષ પુરાવો છે. હવે તારી મરજીમાં આવે તે ઉપાય આદર, નહીં તો આવી વાત જાહેરમાં આવતાં ન્યાત જાતમાં આપણું ઘર લાખનું છે તે રાખનું થઇ જશે. માટે 'પાણી પહેલાં પાળ બાંધવી એજ સારૂં છે.' અહીં હું તમારા બન્ને વચ્ચે આંખરોષ પડાવા કહેતી નથી, પણ તમારી જીંદગી આબરૂ જતાં ધૂળ મળી જાય એ માટે સત્ય વાત કહું છું. હું આટલા દિવસ દીઠું અણદીઠું કરી નિભાવતી હતી કે—હાય, ભૂલથી જગત્ ભરેલ છે, કાલે સુધરી પોતાની આબરૂ સંભાળી લેશે; પણ જ્યારે તે મારૂં ધારવું ખોટું પડવા

માંડયું ત્યારે છેવટ તને જણાવવું પડયું છે–હવે તું જાણે ને એ જાણે." ઇત્યાદિ મરી મસાલો ભભરાવી બુદ્ધદાસને ગરમ મિજાજવાળો બનાવી દીધો. એથી બુદ્ધદાસે બીજું તો કશું ન કર્યું પણ તેની સાથે બોલચાલજ બંધ કરી દીધી. એટલે સુભદ્રાએ તેમ કરવાનું કારણ પૂછયું તો સાસુએ કલંક મૂકયાનું જણ્યું; પરંતુ તેણીએ તો જે સાચી વાત હતી તે કહી દીધી; તોપણ શું માતાની એક પક્ષ વાત સાંભળનાર તે વાતને સાચી માને ખરો કે ? એ તો જ્યારે પાછો મા તરફથીજ મંત્રોપદેશ થાય ત્યારેજ પાછા રસ્તાપર આવે. વ્હાલા વાંચનાર ! તમારી માતુશ્રી કદાચ આવી વાતોથી તમારા કાન ભંભેરી તમને ભૂત બતાવી દેવા ધારે તો તેવા વખતે તમો પોતે ખબરદારીથી બંને બાજુના વાત સાંભળી પાકી તપાસ કરી ઉંડા ઉતરી સત્યને વળગી કામ કરજો. પોતાના અંતરની દાઝ ઓલવવા આજ કાલની માતાઓ આવોજ ધંધો હાથ ધરે છે. ધિઃકાર છે એવી કલહપ્રિય વિઘ્નસંતોષી માતાઓને ! ! !

તે પછી સુભદ્રાએ પોતાને શિર ખોટું આળ આવેલું દૂર કરવા કાઉસગ્ગ ધ્યાન ધર્યું અને "જ્યાં લગી શાસનદેવી મને આવા કલંકથી મુકત નહીં કરે ત્યાં લગી મારૂં આ ધ્યાન પૂર્ણ કરીશજ નહીં." એવો નિશ્ચય કરી કાઉસગ્ગ કર્યો. કાઉસગ્ગની અંદર તેણીનું અચળતા સહિત એકાગ્રતાપણું કાયમ રહેવાથી શાસનદેવી પ્રકટ થઇ બોલી કે–"તારો સાત્વિક સ્વભાવ અને સતીત્વપણું વગેરે નિહાળી હું પ્રસન્ન થઇ છું. હવે તારો કાઉસગ્ગ પૂરો કર." દેવી વચનથી કાઉસગ્ગ પૂરો કરી દેવી પ્રત્યે કહેવા લાગી–"વહાલાં દેવી ! પણ મારૂં કલંક તાકીદે દૂર કરો કે જેથી હું ભોજન કરી શકું." દેવીએ કહ્યું–"કાલ સવારે તું કલંકથી મુક્ત થઇશ. હું આકાશમાં રહીને જે કહું તે પ્રમાણે તું

કરજે એટલે સર્વ સંતાપ શમી જશે. ” એટલું કહી દેવી અંતર્ધાન થઇ ગયાં અને સુભદ્રા આનંદ પામી પરમાત્માના સ્મરણમાં લીન થઇ રહી.

જ્યારે દરવાનો પ્રભાતે ચંપાનગરીના ચારે દરવાજા ઉઘાડવા લાગ્યા ત્યારે તે દરવાજાનાં કમાડ કોઇ પણ રીતે તેમનાથી ઉઘડ્યાંજ નહિ, એથી તુરત દોડી જઇ તે બનાવ મહારાજાને જાહેર કર્યો, કે રાજા પણ અતિ આશ્ચર્ય પામી દરવાજાનાં કમાડ બંધ હતાં ત્યાં આવ્યો અને કમાડ ખોલવાના અનેક ઉપાય કર્યા છતાં કશો દહાડો વળ્યો નહીં, એથી નિરાશ થઈ ઉભો રહ્યો. શહેરના લોકો પણ વ્યવહાર રહિત બની જવાથી આકુળ વ્યાકુળ થઇ ગયા. રાજાએ ઇષ્ટદેવની શાંતિને માટે પણ કેઇ ઉપાય કર્યા તોપણ કશી સિદ્ધિ થઇ નહિ. આમ થવાથી રાજા પ્રજા બન્ને મહાશોક—સાગરમાં ગર્ક થઇ ગયાં. એ વખતે શાસનદેવીએ આકાશમાં રહીને કહ્યું કે—“ જે સતી સ્ત્રી હોય તે કાચા સુતરના તાંતણેથી ચાલણી બાંધી તેને કુવામાં ઉતારી તે વડે પાણી કહાડે અને તે પાણી જો કમાડને છાંટે તો દરવાજાના કમાડ ઉઘડે; માટે તે ઉપાય કરો. ” આ આકાશવાણીને સાંભળી રાજાએ શહેરમાં ઢંઢેરો પીટાવી જાહેરાત આપી કે—“ જે સ્ત્રી એ પ્રમાણે કરશે તેનું બહુ સન્માન કરવામાં આવશે. ” આવો ઢંઢેરો સાંભળી સન્માનની ઈચ્છાએ ઘણી ઘણી સ્ત્રીઓએ ચાલણી મારફત કુવામાંથી કાચે તાંતણે પાણી કહાડવા માથા કૂટ કરી; પણ કોઈથી કશું બન્યુંજ નહીં. એ જોઈ રાજા તો નિરાશાને ભેટવા લાગ્યો. સુભદ્રાએ ઢંઢેરો સાંભળી પોતાની સાસુને કહ્યું કે—“માતાજી! જો તમારી રજા હોય તો હું બંધ થયેલા દરવાજા ઉઘાડી આવું. ” વહુનું બોલવું સાંભળી સાસુ બોલ્યાં—“ એક વાર તો તેં કુળને કલંકિત કર્યું છે અને હવે વધારે કલંકિત કરવું બાકી રહ્યું હશે

તે કરવા ધારે છે કે શું ? તું સતી છો તે અમે ક્યાં નથી જાણ્યું ? ” વહૂએ નમ્રતાપૂર્વક ફરીને કહ્યું કે—“ પણ હું આકાશને પૂછું ને જો તે મને જવાની હા કહે તો પછી જવા દેશો ? ” આ સવાલથી સાસુ તો વધારે વિચારમાં પડયા, પણ સુભદ્રાએ તો આકાશ પ્રત્યે એ કામ માટે પ્રશ્ન કર્યો તો તેના ઉત્તરમાં ‘ હા ઉઘાડ. ’ એવો જવાબ મળતાંજ તેણીએ તે વાતનું બીડું ઝડપ્યું. અને હજારો માણસો–સ્ત્રીઓના ટોળાની વચ્ચે શીલગુણ ભૂષિત સુભદ્રા બંધ દરવાજા હતા ત્યાં ચાલતી ચાલતી જઇ પહોંચી. ત્યાં જઈ કાચે તાંતણેથી ચાલણીને બાંધી કુવામાંથી પાણી કહાડ્યું અને તે પાણી દરવાજાના કમાડે છાંટયું—એમ ત્રણ દરવાજા ઉઘાડ્યા. જેવો ચોથો દરવાજો ઉઘાડવા જાય છે તેવીજ શાસનદેવીએ આકાશવાણી કરી કે—“ હવે ચોથો દરવાજો જે કોઇ બીજી સતી હશે તે ઉઘાડશે માટે ઉઘાડવો નહીં. ” આ પ્રમાણે વાણી થતાં ચોથો દરવાજો ઉઘાડયો નહીં. એથી બીજી સ્ત્રીઓએ ઉઘાડવા યત્ન કર્યો; પણ ઉઘડ્યો નહીં અને તે હજું લગી પણ બંધ છે એમ જોનારાઓ કહે છે. તે પછી શાસનદેવીએ કહ્યું–“ જે કોઈ આ સતી સુભદ્રાનું વિરૂદ્ધ ચિંતવશે તેને હું જરૂર શિક્ષા કરીશ. ” આ પ્રમાણે દેવવાણી સાંભળી રાજા વગેરે તમામ લોકોએ ચમત્કાર પામી જૈનધર્મ અંગીકાર કર્યો. સાસુ પણ ચેષ્ટા જોવા પાછળ પાછળ આવ્યાં હતાં તે પણ આ પ્રમાણે દેવવાણી તથા સતીત્વથી વાકેફ થતાં ડરીને વહુ આગળ જઈ કરેલા અપરાધની માફી માંગવા અને બહુજ દિલગીરી દર્શાવવા લાગી. આખર સત્યનોજ સદા જય છે ! સુભદ્રાના સતીપણાની કસોટી થતાં તેણીનો પતિ સાસુ સસરો અને બધાં કુટુંબીઓ તેમજ પુરજનો જયવાદ બોલવા લાગ્યા. અને તેણીના કુટુંબીઓએ તો કલ્યાણકારી જૈનધર્મનેજ સ્વીકારી લીધો.

અનુક્રમે મહાસતી સુભદ્રાએ અસંભવ કામો કરી એટલે કે કાચે તાંતણે ચાલણીમાં પાણી ભરેલું રહે નહી; છતાં એ બે વાનાં સત્ય શીળના પ્રભાવે કરી બતાવી, મહાસતીપદને દિવસ પ્રતિદિવસે વિશેષ દીપાવી, અંતે સુગુરૂ પાસે દીક્ષા અંગીકાર કરી ઉગ્ર તપશ્ચર્યા કરી, સર્વ કર્મનો નાશ થતાં કેવળજ્ઞાન પામી મોક્ષનાં શાશ્વત સુખ પ્રાપ્ત કર્યાં.

વાંચનાર ! આ વાત વાંચીને એજ સાર ગ્રહણ કરવાનો છે કે—સતીપણાના પ્રતાપે સુભદ્રાનાં જેમ કાર્ય સિદ્ધ થયાં તેમજ આપણે પણ અંતરંગની સાચી લાગણી ધરાવીયે તો તેજ પ્રમાણે આપણને પણ કાર્યસિદ્ધિ હાથ લાગે એમાં કશો શક નથી. આપણામાં ને એમનામાં બીજો કશો ફેર નથી, પણ તેમનામાં પવિત્ર મન તથા અડગવૃત્તિ અને અંતરંગના અટલ ધર્મરંગની જે ખુબી હતી, તે આપણામાં નથી. એટલો મહાન્ તફાવત છે તે દૂર કરીયે તો તેજ પદને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થઈયે. માટે તે તફાવતને દૂર કરવા ધર્મધ્યાનમાં એકાગ્રતાથી તલ્લીન રહેવું.

એ શિવાય કપટીજનની કપટકુશળતા, ઈર્ષ્યાખોર સાસુની બેવકૂફાઇ, 'સત્યમેવ જયતિ'ની નોંધ અને અવિચારી કામથી આખર થતો પસ્તાવો વગેરે વગેરે સાર ગ્રહણ કરવાના છે, તે ગ્રહણ કરી જીંદગીને સફળ કરવી.

# મહાસતી શ્રીદેવીની કથા.

(૧૧)

શ્રીપુર નગરની રાજ્યગાદી ઉપર **શ્રીધર** નામનો રાજા નીતિપૂર્ણ અમલ ચલાવતો હતો. તે ન્યાયનિપુણ રાજાને શીળગુણસંપન્ન **શ્રીદેવી** રાણી હતી.

કોઈ દિવસે ઉન્હાળાની મોસમની ગરમીનો પરિતાપ દૂર કરવા શ્રીદેવી સહિત શ્રીધરરાજા ઉપવનમાં ગયો હતો અને ત્યાં અનેક પ્રકારનાં લતાગૃહ તથા રમણીય વૃક્ષઘટામાં વિહાર કરતો તાપના પરિતાપને શાંત કરતો હતો. તેમજ શ્રીદેવી પણ પોતાની સહચારિણીઓની સંગાથે હાસ્ય વિનોદ કરતી હવા ખાતી હતી. એ સમયમાં તેણીના અનહદ સુરૂપથી મોહી કામાંધ બનેલો કમળકેતુ વિદ્યાધર ત્યાં આવી વિદ્યાના બળવડે શ્રીદેવીનું હરણ કરી ચાલતો થયો. અને પોતાને ઠેકાણે લઇ જઈ તેણીની આગળ પોતાની દુષ્ટવાસના પૂરી પાડવા સંબંધી પ્રાર્થના કરવા લાગ્યો. જો કે તેની સ્ત્રી સુંદર અને કળાપ્રવીણ હતી; છતાં આ અપવિત્ર કાર્ય કરવા તૈયાર થયો હતો. એજ રીતે કમળકેતુ પણ વર્ત્તન ચલાવા આગળ વધ્યો અને તુચ્છ વિષયતૃપ્તિની આશાએ પાર વિનાની આજીજી કરવા લાગ્યો. એ સાંભળી મહાસતી શ્રીદેવી બોલી કે—"હું પરસ્ત્રી છું જેથી મારી સોબત કરવાથી ખચિત તમારી ધર્મપત્નીની અપ્રીતિ, દંપતી ધર્મના કોલકરારનો ભંગ, નઠારી વર્ત્તણુકવડે લોક તરફથી અપયશની

પ્રાપ્તિ, શરીરબળની હાની, વિશેષ રાગ સંયોગથી શક્તિ–વીર્યનો વિનાશ અને અંતે દુર્ગતિની પ્રાપ્તિ એટલાં વાનાં હાથ લાગશે; માટે જાણી જોઈ પોતાના હિતની હાની ન વધાવી લે, અને કલ્યાણને ધૂળ મેળવનારો આ યત્ન છોડી દે.”

આ પ્રમાણે તેણીએ કહ્યું, તો પણ કામદેવના કેદી કમળકેતૂએ પકડેલી જિદ્દને આગળ લંબાવી. એટલે શ્રીદેવીએ પોતાના શીળ સંરક્ષણાર્થ માટે મનોબળને તેજ કરી દઢ સંકલ્પવડે તેના ઉપર પોતાનો કાબુ બેસાડવા યત્ન ચાલુ કર્યો અને કહ્યું કે— “વિદ્યાધર નહીં પણ હે અવિદ્યાધર ! તું વિશેષ જબાન ન ચલાવ. અને કદાચ વધારે લવારો કરીશ તો હું મારા કાન બંધ કરી લઇશ કે જેથી તારી વાત સાંભળવીજ ન પડે; પરંતુ તે તારા અપમાનરૂપ કામ કરતાં પહેલાં જરા સાન ભાન ઠેકાણે રાખી અને નાદાનપણું તજીને હું જે કહું તે સાંભળ, સ્વદારા સંતોષવ્રત અગર શીળવ્રત એ મોક્ષસુખનાં દાતા છે અને એ વ્રત પાળનારા મનુષ્યને યક્ષ, રાક્ષસ, કિન્નર, ગાંધર્વ અને વિમાનવાસી વગેરે ચારે નિકાયના બાકી રહેલા દેવો એ બધા પ્રેમપૂર્વક પગે લાગે છે એવો જે શીળનો મહિમા છે, તે શીળ ખંડન કરવા ને કરાવવાની હિલચાલ છોડી દે. સ્ત્રી માત્રના સર્વ અવયવો સમાન જ છે, ફક્ત ગોરતાદિની લાવણ્યતા નિહાળી કામવશને લીધે મળેલા ઉત્તમ જન્મને કલંકિત કરી ફોકટ ન ગુમાવ. વ્યભિચારમાં કશો સાર નથી. વ્યભિચારી પ્રાણિયો શીળનો લોપ કરે છે એથી જગતમાં તે પોતાની અપકીર્તિનો ઢંઢેરો પીટાવે છે, ગોત્રની અંદર મેષનો કૂચડો ફેરવે છે, ચારિત્રને જલાંજલી દે છે, ગુણના જથ્થારૂપ બાગને અગ્નિ લગાડી બાલી દે છે, સઘળી આપદાઓની સાથે ભેટવા વાયદો કરે છે અને મોક્ષનાં બારણાં બંધ કરે છે. માટે જરા ચેત ! આંખ ઉઘાડી જો ! હિત અહિત-

નો શોચ કર ! અને સમજુ છતાં દીવો લઇ કુવામાં પડવા સરખો બેવકૂફી ભર્યો દાખલો ન બેસાડ. જરા સુખની ખાતર આખો ભવ ને કરેલાં તમામ સુકૃત્યોને ધૂળધાણી ન કર." વગેરે વગેરે બોધવચનો સંભળી, તથા શિયલના ઉગ્ર તેજને યોગે કમળકેતૂના મનમાંથી દુષ્ટ વાસના દૂર થઇ અને સુવાસના પ્રકટ થતાં પોતાથી થયેલા ગુન્હાની માફી માંગી તથા તેણીના શીળની પ્રશંસા કરી તેણે મહાસતીને પાછી પોતાના શ્રીપુર નગરની અંદરના રાજમહેલમાં પહોંચતી કરી સતીની આશિષ મેળવી.

થોડો વખત વ્યતીત થયો એટલામાં એજ મહાસતીને ફરી બીજી કસામણી એ આવી કે—કોઈ એક વિષય વાસનાવાળા દેવે આવી પ્રાર્થના કરી કે—" હું તારા સમાગમ સુખની ભેટ મેળવવા અતિ આતુર છું; માટે મને તે સુખથી તૃપ્ત કરવા મારી સાથે ચાલ. હું દેવ છું જેથી તું જે ઇચ્છે તે કામ કરી આપવા મદદગાર થઇશ." શ્રી દેવીએ કહ્યું—" જે પોતાની ઇચ્છા પાર પાડવા માટે બૈરી અગાડી કાલાવાલા કરે છે તે ધણી જે ઇચ્છે તે કરી આપવા મદદગાર થવાનું શી રીતે કહી શકે ! તેમ હું મનુષ્ય છું, તમે દેવ છો, જેથી આપણા બન્નેનો સંયોગ રીતિ–વિરૂદ્ધ છે, અને વળી હું મારા પતિની સ્ત્રી છું એટલે તેમના શિવાયના બીજા પુરૂષો મારે ભાઈ બાપ સમાનજ છે. અને તમો તો દેવ હોવાથી પૂજ્ય છો. જેથી મારા પૂજ્ય પિતારૂપ જ છો; માટે પૂજ્ય પિતાએ પોતાની સુશીલા પુત્રીઉપર બદનિષ્ઠા કરવી એ મહા નીચમાં નીચ કામ છે. દેવનો ઉત્તમ ભવ પ્રાપ્ત થયા છતાં આવી નીચ વિચારણાને અમલમાં મૂકો છો એ ખચિત નરક ગતિની ભેટ લેવાજ કરાર કરો છો. એવો કોણ મૂર્ખ શિરોમણિ હોય કે એક હલકા વિષયરૂપ સુખની ખાતર અમૂલ્ય દેવાવતારરૂપ રત્નનો નાશ કરી દે ? માટે નઠારી વિષયમય

વાસનાને તજી દો કે જેથી નિર્ભય સહિત જીવન પસાર થઇ આનંદને ભેટો." ઇત્યાદિ મનોવેગના સબળ પ્રવાહ સહ વચનો કહી તેના મનમાં પોતાના વિચારો દાખલ કરી તેને દુષ્ટ વાસના રહિત કર્યો. એટલે દેવ તુરત પગે પડી પોતાનો અપરાધ ખમાવી સ્તુતિ કરી ' તું ખરેજ મહાસતી છે ' એમ કહી પ્રસન્નતા પૂર્વક પોતાને સ્થાનકે ગયો.

શ્રી દેવી પણ ધર્મધ્યાન કરતી શીળ રત્નને અત્યંત કાળજી સહ સંભાળતી આયુષ ક્ષય થયે મરણ પામી દેવલોકે ગઇ, અને પછી ત્યાંથી ચવીને તેણીનો જીવ વિજયપુર નગરની અંદર ભદ્રશ્રેષ્ઠીના મદન નામના પુત્રપણે ઉત્પન્ન થઇ :અનુક્રમે ગુરૂ-મુખથી ધર્મદેશના સાંભળી દીક્ષા ગ્રહણ કરી-પૂર્ણ નિયમપણે ચારિત્ર પાળી આયુના અંતે મોક્ષસુખ પામ્યો.

આ કથા વાંચી એ સાર લેવાનો છે કે—જેવી રીતે શ્રી દેવીએ કામીઓના તરફથી અપાયલી મોટી લાલચો તથા બ્હીક વગેરેથી પણ પોતાના નિશ્ચયથી ન ડગતાં ઉલટા તેઓને પોતાના સુબોધ વચનોના રંગ વડે રંગિત બનાવી સદ્વર્ત્તનમાં દૃઢ કર્યા, ને એથી મહાસતીપદ વર્યું, તેવીજ રીતે જો દરેક શીળવંત સ્ત્રી પુરૂષો પોતાના નિશ્ચયમાં અડગ રહી આત્મ કલ્યાણ સાથેજ તાલાવેલી વધારે તો નિઃસંદેહ પણે ભવભ્રમણાથી મુક્તિ થાય; વાસ્તે જેમ બને તેમ મનને દૃઢ કરવું.

## મહાસતી પુષ્પચૂલાની કથા.

(૧૨)

ગંગાનદીના કિનારા પર આવેલા **પુષ્પભદ્ર** નામના શહેરની અંદર **પુષ્પકેતુ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને **પુષ્પવતી** નામની નીતિમાન્ રાણી હતી. એ રાણીને બે ફરજંદ હતાં. તે પૈકી પુત્રનું નામ **પુષ્પચૂળ** અને પુત્રીનું નામ **પુષ્પચૂળા** હતું. અને એ બન્ને મહા સ્વરૂપવાન, વિદ્યાકળાસંપન્ન હતાં. તથા તેઓ બન્ને વચ્ચે પૂર્વ સંબંધને લીધે એવી તો પ્રીતિ હતી કે પળવાર પણ એક બીજાથી જુદાં પડી શકતાં ન હતાં.

જ્યારે તે બન્ને યૌવનવય પામ્યાં ત્યારે તેમના પિતા પુષ્પકેતુને પૂર્વના અશુભ કર્મોદયના બળવડે એવી વિચારણા થઈ આવી કે–"આ બન્ને ભાઈ બ્હેન સારસના જોડાની પેઠે જરા પણ જુદાં રહી શકતાં નથી અને કદાચિત્ એક બીજાનો વિયોગ થાય છે તો તેટલા વખતમાં મહા કલ્પાંત કરી મૂકે છે, તો એમને પરની સાથે પરણાવવાં એ એમના નિશાસા વ્હોરવાનું કામ છે. કોઈ સ્નેહીજનનો વિયોગ પડાવવો એ મહાપાપ ગણાય છે. માટે પંચોની સમ્મતિ લઈ તેઓનાં પરસ્પર લગ્ન કરી દેવામાં આવે તો એઓના જીવને દુઃખ ન થાય. પોતાની પ્રજાને દુઃખમાં જાણી બુઝીને ઝોંકાવી દેવી એ હિતચિંતક માવિત્રનું કામ નથી

પણ સદાય તેમને સુખી જોઈ પ્રસન્ન રહેવું એજ કામ છે. કદિ ભાઇ બહેનનાં લગ્ન થવાથી લોકો નિંદશે; પણ તે ભલે નિંદા કરે. તેની નિંદાથી ડરી પોતાનાં પ્યારાં બાલકોની લાડકા સાથે માકડું વળગાડયા જેવી જોડી જોડી દઇ તેમને રડતાં–કકળતાં જીંદગી પૂરી થવાનો હાથે કરીને વખત આપવો એ ખરેખર મૂર્ખતા નહીં તો બીજું શું ગણાય ? અને આ ક્ષણભંગુર સંસાર નાટકમાં આ જીવ આ ભવમાં મા હોય તે બીજા ભવમાં વહુ થાય છે, અને જે વહુ હોય તે મા થાય છે, બહેન થાય છે ને વખતે પુત્રી પણ થાય છે, તો સગાઇની સત્યતા ક્યાં રહી ? સગાની સગાઈ ફક્ત કહેવા જેટલીજ છે. સાચી સગાઇ તો દયામયી ધર્મની અને પરમાત્માની છે ! માટે હું તો મારી પ્રજા સુખમય જીવન ગુજારે અને એ હંમેશાં ધર્મકર્મમાં એક જીવથી જોડાઈ રહે એજ જોવા મગ્ન રહીશ. ”

એ પ્રમાણે નિશ્ચય કરી પોતાના પ્રધાન અને પ્રજાના આગેવાન–પંચોને બોલાવી સભા ભરી પુષ્પકેતૂ રાજાએ તેઓ પ્રત્યે પૂછયું કે–“પ્રિય પ્રધાન અને પ્રજા જનો ! મારી મહેલાતમાંના રત્નોની લાયક વ્યવસ્થા કરવા કોણ મુખત્યારી ધરાવી શકે ? ” પ્રધાન અને પ્રજાના આગેવાનોએ ભોળા ભાવથી નીતિ અનુસારે કહ્યું કે–“આપના કબજાના રત્નોની વ્યવસ્થા કરવા આપ શિવાય કોણ તાકાત ધરાવી શકે ? તે વિષે પૂર્ણ સત્તા આપની જ છે. ” રાજાએ કહ્યું—“ તમો મારી દરખાસ્તને ભાર સાથે કબૂલાતી–ટેકો આપો છો તો હું મારો મત જાહેર કરીશ કે–મારાં કુંવર કુંવરી વચ્ચે અત્યંત પ્રેમ છે, વિયોગ સહન કરી શકતા નથી માટે તેઓની જીંદગી સુખ સાથે પસાર થાય એ હેતુ માટે એ બન્નેનાં એક બીજાં સાથે લગ્ન કરી દઉં છું કે જે તમારી કિંમતી સલાહનાં

આભારી બની તમને આશીષ દેશે.” આ વાત સાંભળી સભાજનો તો સ્તબ્ધ બની ગયા અને પૂર્ણપણે વાતની મતલબ સમજ્યા વિના કદી પણ ટેકો ન આપવો એ સંબંધી થયેલી મોટી ભૂલ વિષેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા; આમ હોવાથી ઠગાયા, એથી મુંગે મ્હોંડે પોતાના ઘર ભણીનો માર્ગ લીધો.

જો કે આ બાબતમાં પુષ્પવતી વિરૂદ્ધ પડી; તોપણ તેણીનું કહેવું જરા પણ માન્યું નહી. ઉલટો તેણીનો પુષ્કળ તિરસ્કાર કર્યો, જેથી તેણીને સંસારની ખોટી સગાઈનો ખ્યાલ થઇ આવતાં વૈરાગ્ય પેદા થયો, એથી આત્મ કલ્યાણ સાધવા દીક્ષા અંગીકાર કરી અને અતિ કઠિન તપ આદરી શુભ કર્મવડે આયુના અંતે દેવલોકમાં દેવપણું પ્રાપ્ત કર્યું—એટલુંજ નહીં પણ સ્ત્રીવેદ મટી પુરૂષવેદની પ્રાપ્તિ થઇ. એ માત્ર મનની ઉચ્ચભાવના અને તપનોજ પ્રતાપ હતો.

તે પુષ્પવતીનો જીવ દેવ થયો તેણે પોતાના પૂર્વભવનાં પુત્ર પુત્રીને નઠારી વર્તણુકથી દૂર કરવા પુત્રી પુષ્પચુળાને સ્વપ્નની અંદર નરકનાં છેદન, ભેદન, તાડનાદિ ત્રાસ ઉપજાવનારાં દુઃખો દેખાડવા માંડયો. એ જોઈ ડરીને તે બાકળી બની પતિ અગાડી જઈ સ્વપ્નમાં જોયેલાં નરકનાં દુઃખોની બિના કહી સંભળાવી. એ સાંભળીને પુષ્પચુળ પણ ડર્યો અને પોતે પિતાના મરણ પછી સ્વતંત્ર રાજ્યસત્તાવાળો થયેલો હતો, જેથી તેણે નઠારા સ્વપ્નની શાંતિ માટે શાંતિ પૌષ્ટિક કામો કરાવ્યાં; પરંતુ દેવતાએ તો રોજ રાત્રિના નારકીનાં દુઃખો બતાવવા માંડયાં, એટલે પછી ધર્મના આચાર્યોને નરકનાં સ્વરૂપ પુછવા લાગ્યો. પણ તેઓએ સહુ સહુના ધર્મશાસ્ત્રોને આધારે જેમ ફાવે તેમ નરકનું સ્વરૂપ બતાવ્યું; પણ તે પુષ્પચૂલાએ કબૂલ કર્યું નહીં. કેમકે તેણીએ જે સ્વરૂપ જોયેલ તે તેમના કહેવા પ્રમાણે ન હતું. એટલે તેણીના માનવામાં કેમ

આવે ? એમ કરતાં અગ્નિકાપુત્ર નામના જૈનાચાર્ય આવ્યા, તેમને પણ તે પૂછયું, એટલે પુષ્પચૂળાએ જેવું સ્વપ્નની અંદર નરકનું સ્વરૂપ દીઠું હતું તેવું તેમણે કહી બતાવ્યું, એથી રાજાએ જૈનાચાર્ય પ્રત્યે પૂછયું-"શું આપને પણ નરક સ્વરૂપનું સ્વપ્ન આવ્યું હતું કે બધી વાત જોવાની પેઠે કહી શકોછો ?" અગ્નિકાપુત્રાચાર્યે કહ્યું-"સ્વપ્ન તો આવ્યું નથી; પરંતુ જિનેશ્વર દેવ ભાષિત ગ્રંથોના આધારથી તે સર્વેનું યથાસ્થિત સ્વરૂપ જાણી શકીયે છીયે." ત્યારે પુષ્પચૂલાએ પૂછયું-"પ્રભો ! એ નરકનાં દુઃખો કયાં કામો કરવાથી પ્રાપ્ત થાય છે?" ગુરૂજી બોલ્યા-"પાપ કર્મો કરવાથી નરકગતિ પ્રાપ્ત થાય છે."

તે પછી પુષ્પવતીના જીવ દેવે પુષ્પચૂલાને સ્વર્ગનાં સુખો સ્વપ્નમાં બતાવી આપ્યાં. એટલે ફરી તે સુખ સંબંધિ માટે તમામ આચાર્યોને પૂછતાં શંકાનું સમાધાન ન થયું એટલે ફરીને તેજ ગુરૂ પાસે સ્વર્ગ સંપત્તિના વર્ણન વિષેની પ્રાર્થના કરી કે ગુરૂએ અથથી ઇતિ સુધી વર્ણન કરી બતાવ્યું-એ સાંભળી તેણીએ પૂછયું-"એ સ્વર્ગસુખ શું કૃત્યો કરવાથી મળે છે ?" ગુરૂ બોલ્યા-"પૂર્ણપણે બારવ્રત આરાધેલ હોય તેવો ગૃહસ્થ ધર્મ અને પંચ મહાવ્રત રૂપ યતિધર્મ-એ બન્નેના સેવનથી બાર દેવલોકનાં અને એથી આગળ ચાલી સિદ્ધશિલા પર્યંતના અક્ષયસુખો પ્રાપ્ત થાય છે-એમ સિદ્ધાંતો કહે છે."

એ સ્વર્ગસુખ મેળવવાની ઇચ્છાએ પ્રતિબોધ પામેલી રાણી વૈરાગ્યવંત બની પોતાના પતિને કહેવા લાગી-"પ્રાણપતિ મને દીક્ષા લેવાની અનુમતિ આપો કે જેથી સર્વ પાપથી નિવૃત્ત થઇ તે સ્વર્ગસુખને અનુભવું." રાજાએ કહ્યુ-"હું તને દીક્ષાની અનુમતિ આપું પણ મારી શરત કબુલ કરે તો." રાણીયે કહ્યું. "શું શરતની કબુલાત માંગો છો ?" રાજા બોલ્યો-"જો તું દીક્ષા

લઇશ તો હું પળવાર પણ તારા વિયોગથી જીવી શકીશ નહિં માટે દીક્ષા લઈ આ રાજમહેલમાંજ રહેવું અને બેંતાલીશ દોષ રહિત શુદ્ધ આહાર ગ્રહણ કરવો. ફકત હું તારૂં મ્હોં જોઇશ એટલે મારા જીવનને વાંધો નહિ આવે. માટે મને જીવાડવા માટે એ કબુલ કર." રાણીએ વિચાર્યું "પ્રેમની ખરી ખુબી તો એજ છે કે વિયોગ થતાં પ્રાણનો વિયોગ થાય. જેથી રાજાની તેવી દશા થાય એમાં નવાઇ જેવું નથી. અહિં રહેવાથી ચારિત્રાચારને બાધ લાગવાનો ભય છે, પણ અન્ય ઇલાજ નથી હાલ જેમ બને તેમ હા કહી ચારિત્ર લઇ લઉં પછી બોધ દઇ છુટું થવા માટે યત્ન હાથ ધરીશ." ઇત્યાદિક વિચારી તે શરત કબુલ કરી દીક્ષા લીધી અને શરત પ્રમાણે મહેલમાં રહી. જળમાં રહેતા કમળની પેઠે નિર્લેપપણે શુદ્ધ આહાર ગ્રહણ કરી ચારિત્રધર્મ પાળવા લાગી.

ગુરૂ અગ્નિકાપુત્રે દુષ્કાળ પડવાનાં લક્ષણો જાણી પોતાના શિષ્યમંડળને દેશાંતરમાં મોકલી દઇ પોતે અશકત હોવાને કારણે ત્યાંજ રહ્યા. તેમને સાધ્વી પુષ્પચૂલા આહાર પાણી લાવી આપતી હતી અને ઉત્તમ ભાવથી એ ગુરૂની સેવના કર્યા કરતી હતી. એ ભાવનાવડે ક્ષપકશ્રેણિએ ચડતાં મહાસતીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છતાં પણ આહાર પાણી લાવી આપી ગુરૂની વૈયાવચ્ચ કર્યાજ કરતી હતી; કેમકે જ્યાં લગી કેવળજ્ઞાન ઉત્પન થયેલું છદ્મસ્થ ન જાણે ત્યાં લગી કેવળી તેમ કરે તો બાધ નથી. એક વાર વરસાદ આવતો હતો, તે વખતે પણ પુષ્પચૂળા સાધ્વીએ આહાર આણી આપ્યો. એ જાણી ગુરૂએ પૂછયું— "શ્રુતજ્ઞાનિ વત્સે ! વરસાદ વરસતાં છતાં તું આહાર શી રીતે લાવી ?" સાધ્વીએ કહ્યું—"જે જે જગોએ અચિત અપ્પકાય હતું તે તે જગોએ હું યત્નપૂર્વક ચાલી અહીં આવી છું."

ગુરૂએ આશ્ચર્ય સાથે પૂછયું—"તેં અચિત્ત પ્રદેશ શી રીતે જાણી લીધા?" સાધ્વીએ કહ્યું—"ગુરૂ પ્રતાપથી." ગુરૂએ પૂછયું—"પ્રતિપાતિ કે અપ્રતિપાતિ જ્ઞાન થયું છે?" સાધ્વી બોલી—"અપ્રતિપાતિ જ્ઞાન થયું છે." એ સાંભળી ગુરૂએ મિચ્છામિદુક્કડં આપી કહ્યું—"હા! મેં કેવળીની આશાતના કરી." ઈત્યાદિ કહી તેમણે આત્મનિંદા કરી લાગેલો દોષ નિવૃત કર્યો. તે પછી પુષ્પચૂળા સાધ્વી ભવ્યજીવોને પ્રતિબોધી આયુના અંતે મોક્ષનગરે પધારી અખંડાનંદ સુખ અનુભવવા લાગી.

વાંચનાર! આ વાર્તા વાંચી એજ સાર લેવાનો છે કે—"પુષ્પચૂળાએ સ્થૂલીભદ્રજીનીજ પેઠે જ્યાં સાંસારિક સુખનો વિલાસ વિલસ્યો ત્યાંજ ત્યાગભાવવડે જળકમલવત નિર્લેપ રહી શીલ અને સંયમધર્મને સાચવ્યો એથીજ મહાસતી પદ મેળવવા પૈકીનું એક કારણ પ્રકાશમાં આણ્યું.

એ શિવાય કર્મની વિચિત્ર ગતિ અને ગુરૂનો વિનય એ સંબંધીનો ધડો લેવા યોગ્ય બોધ ગ્રહણ કરી ઉત્તમ ગુણવાનની પંક્તિમાં માન મેળવવું.

# મહાસતી પદ્મમાવતીની કથા.

( ૧૩ )

શ્રી મહાવીર સ્વામી વિદ્યમાન હતા તે સમયમાં ચંપાનગરીની અંદર દધિવાહન રાજા રાજ્ય કરતો હતો. તેને ( ચેટકરાજાની કન્યા ) પદ્માવતી નામની રાણી હતી. અને તેને વસુમતી નામની એક પુત્રી હતી.

કોશંબી નગરીનો રાજા શતાનિક કે જે દધિવાહન રાજાનો સાઢુ થતો હતો ( પદ્મમાવતી અને શતાનિક રાજાની રાણી મૃગાવતી એ બન્ને બહેનો થતી હતી. ) તે દધિવાહન રાજા સાથે કટ્ટી દુશ્મનાઇ રાખતો હોવાથી એકવાર છુપી રીતે મોટા લશ્કર સાથે ચંપાનગરીએ આવી પહોંચ્યો અને નગરીને ઘેરો ઘાલી રાજા પ્રજાને મુંઝવવા લાગ્યો. એથી આખર ભારે લડાઈ જામી અને એ લડાઇમાં બેસુમાર મનુષ્યો, હાથી, ઘોડા વગેરેની ખુવારી થઇ. શતાનિક રાજાના લશ્કરે દધિવાહનના લશ્કરની ભારે ખાખા વિખી કરી નાખી, જેથી અંતે દધિવાહન રાજાને પોતાનો જીવ બચાવવા નાસી જવું પડયું. અને એથી નધણીયાતી થઇ પડેલી ચંપાપુરીને શતાનિક રાજાએ લૂંટી લેવરાવીને પોતાની આણ-દુવાઇ મનાવી. જિતના નગરે ડંકા દેતાં કોસંબી ભણી લશ્કરસહિત કૂચ કરી. એ ચલાવેલી લૂંટમાં એક લશ્કરીના હાથમાં દધિવાહનની રાણી પદ્માવતી તથા પુત્રી વસુમતી એ

બન્ને પકડાઈ ગયાં અને તે બન્નેને લઇ તે લશ્કરી સીપાઈએ પોતાના ઘરનો રસ્તો માપ્યો. રસ્તામાં જતાં મહા સ્વરૂપવંત રાણીને જોઇ તે સીપાઇની દાનત બગડી, એથી રાણી પ્રત્યે તે કહેવા લાગ્યો કે—“ રાણી પદ્માવતી! હું તને મારી સ્ત્રી કરવા ચાહું છું; માટે મને તારા વિલાસ સુખથી આનંદ આપ. મહેલમાં કેદીખાનું ભોગવી કંટાળીને હવે પ્રભુએ છુટા ફરવા હરવા ને મનમોજ પ્રમાણે મ્હાલવાનો વખત આપ્યો છે; માટે હવે હાથ આવેલા વખતનો લ્હાવ લઈ ભાગ્યશાળી થા.”

આવું સીપાઈનું બોલવું સાંભળી રાણીએ કહ્યું—“ અરે અધમ અને પાપિષ્ટ! તું આ શું લવે છે? તારૂં નશીબ તો તપાસી જો, પછી સિંહણની સાથે સમાગમની વિચારણા કર. કાગડાને વળી મોતીની માળા પહેરવાની હોંશ થઇ છે! શું સિંહનીને પાંજરામાં સપડાયેલી જોઇ શિયાળીયું તેના સ્વામિત્વનો હક્કદાર થવા હામ રાખે છે? જરા વિચાર કર! હું પરસ્ત્રી છું. પરસ્ત્રીના સંગથી પુરૂષ નરકે જાય છે. પોતાની સ્ત્રી આધીન છતાં જે પુરૂષ પરસ્ત્રીનો સમાગમ ચાહે છે તે પાણીથી પૂર્ણ ભરેલા તળાવને છોડી ઘડામાંનું પાણી બોટનાર કાગડા સરખોજ સમજવો. જે સ્ત્રી ખરાબ ચાલની હોય છે તે સ્ત્રીનાં ફરજંદો ખરાબ ચાલનાં નીકળી માતાની ખરાબ ચાલને જાહેરમાં લાવે છે. માટે પારકી સ્ત્રીમાં કશો સાર મળનાર નથી. તે સઘળી તારી આશા ધુળમાંજ મળેલી સમજજે, કેમકે કેસરીસિંહની મૂછનો વાળ, સાપના માથાનો મણિ, શૂરવીરનું મસ્તક, કંજૂસનું ધન અને સતી સ્ત્રીનાં પયોધર જીવતાં છતાં નહીં પણ મુવા પછીજ હાથ આવવા પામે છે. માટે મારા દેહમાં જીવ છે, ત્યાં લગી તું મારી આશા રાખીશ નહિં. મૂર્ખ! મારા હાથમાં અત્યારે કશું

પણ અસ્ત્ર શસ્ત્ર નથી, નહિ તો તું કંગાળ, ક્ષત્રીયાણીના સ્હામું આ પ્રમાણે બોલવા શક્તિ શું ધરાવી શકે ! કયારનોએ યમની ભેટ કરવા ચાલ્યો ગયો ન હોય ? આ તો સમયનીજ બલિહારી છે કે તારા જેવા પામરને રાજબાનુને હાથ અડકાડવાનો, મ્હોં જોવાનો અને નઠારી જબાન ચલાવવાનો વખત હાથ લાગ્યો છે. નહીં તો તારી તાકાત શી છે કે આ વખત તારા હાથમાં આવી શકે ! રજપુતાણીઓ પોતાનો ધર્મ સાચવવામાં પોતાની જીંદગીની પણ દરકાર રાખતી નથી તેની તને કયાં ખબર છે. શું આમ હાથમાં સપડાઈ જવાથી રગોરગમાં ઉન્હા ધખતા લોહીવાળી ક્ષત્રીયાણીઓ તારાથી ફોસલાઈ લલચાઈ કે ડરીને તારે તાબે થશે ? કદીજ નહીં થશે. ભલે તારે જે દુઃખો દેવાં હોય કે સિતમ ગુજારવો હોય તો પણ તેની મને બીલકુલ દરકાર નથી. દરકાર ફકત કુલધર્મ જાળવવાની છે–દરકાર ફકત શીળસંરક્ષણની છે અને દરકાર ફકત આત્મ કલ્યાણની છે. ”

આ પ્રમાણે તેણીનું બોલવું સાંભળી પોતાની મુરાદ હાંસલ કરવા બહુ બહુ ભય પ્રીતિભર્યા ઉપાય હાથ ધર્યા પણ તે એકની બે ન થઇ, એથી છેવટે એણે બળાત્કાર ગુજારી પોતાની પાપી વાસના પાર પાડવા યત્ન આદર્યો. એટલે સતીએ જાણ્યું કે ‘હવે શસ્ત્ર ધારી કામાંધ અગાડી કશો ઉપાય કામ લાગે તેમ નથી’ તથા જરૂર એ શીળ ભંગ કરશે એવી ખાત્રી થતાં દાંત વચ્ચે જીભ દાબીને પોતાના પ્રાણને અખંડ શીળ સહિત પરલોકમાં પહોંચાડી દીધા. આમ થવાથી પેલો વિષયાંધ હાથ ઘસતોજ રહ્યો. વાહ ? શતકોટી ધન્યવાદ છે કે જે સતીએ પોતાના જીવને જવા દેવામાં જરી દરકાર ન રાખી પણ ફકત શીળને જરાપણ ખલેલ ન પહોંચે તેનીજ દરકાર રાખી !

પ્યારી બ્હેનો ! અને સન્નારીઓ ! દુઃખનું વાદળ જેના ઉપર

ત્રુટી પડયું હતું, છતાં તેવા વખતમાં પણ દુ:ખમાં દિલાસો દઈ શકે તેવા મનુષ્યના કથનને તાબે ન થતાં પોતાનો પ્રાણ શીળ રક્ષણ માટે અર્પણ કરી દીધો. એથીજ મહાસતીનું પદ પદ્માવતી વરી છે. કસોટી થતાં કસ કાયમ રહે તોજ સાચા સોનાની પદવી મળે છે. કદાચિત્ કર્મ સંયોગે કોઇ વિષયાંધના હાથમાં છળથી કે જબરાઇથી સપડાઈ જવાય તો તે વખતે પદ્માવતીની પેઠે પ્રાણ આપી પવિત્ર બ્હેનોએ પોતાના શીયળને જાળવવું.

વાંચનાર ! આ વાર્તા ઉપરથી ઉપર બતાવ્યો એ સાર ગ્રહણ કરી, તથા વીર રજપૂતાણીનાં વીરતાભર્યાં વચનો, દુષ્ટ કામી જનોની ક્રૂરતા અને જીવ કરતાં શીળને મ્હોંઘું ગણવું વગેરે વગેરેનો પણ ધડો લઈ આત્મકલ્યાણ તરફ લક્ષ આપવું. એજ સર્વોત્તમ હેતુ છે.



# મહાસતી શિવાની કથા.

## ( ૧૪ )

ઉજ્જયિની નગરીની અંદર **ચંડપ્રદ્યોતન** રાજા રાજ્ય કરતો હતો. તે રાજાની સભામાં એક વખત એક દૂત આવ્યો ને તે હાથ જોડી કહેવા લાગ્યો. કે–" મહારાજા ! હું **વિશાળા** નગરીના **ચેટક** રાજાનો દૂત છું અને મારા રાજાના હુકમથી આપ પાસે એક કામ સંબંધિ અરજ કરવા આવ્યો છું કે–મારા રાજાને એક દેવકન્યા સરખી **શિવા** નામની કન્યા છે, અને તે સ્ત્રીઓની ચોસઠે કળામાં પ્રવીણ છે. તે રાજકુમારીને આપની સાથે વરાવા મારા રાજાનો નિશ્ચય છે; માટે જો આપ તે રાજકન્યાનું પાણી ગ્રહણ કરવા ઇચ્છતા હો તો ઘણાજ આનંદની વાત છે; પરંતુ તેમ રૂચિ ન હોય તો પછી નિરૂપાયે અન્ય રાજાને વરાવા ઉદ્યમ આદરવો પડે, એ કારણ માટે આપને વિજ્ઞપ્તિ કરવા આવ્યો છું."

દૂતનાં વચન સાંભળી ચંડપ્રદ્યોતન રાજાએ કહ્યું કે–"જે વિચાર ચેટક રાજાએ મારા માટે રાખ્યો છે તે મારે કબુલ છે. આપવા ધારેલા રત્નનો સ્વીકાર ન કરવો એ બુદ્ધિમાનનું કામ નથી," એમ કહી દૂતને ખુશી કરી વિદાય કર્યો; અને દૂતે વિશાળાપુરપતિને ભેટી વાંછિત સફળ થયાના ખુશ ખબર આપ્યા.

તે પછી શુભ મુહૂર્ત્તે ચેટક મહારાજાએ મહોત્સવ સહિત શિવા કુંવરીનાં ચંડપ્રદ્યોત મહારાજા સાથે લગ્ન કર્યાં. અને

શિવાદેવીના રૂપ ગુણ શીળવડે તેણીનો પતિ અતિ પ્રેમાધીન બની તેણીની સાથે બહુજ મમતાથી વર્ત્તી સાંસારિક સુખ સંબંધિ મહાન્ વૈભવ અનુવવા લાગ્યો.

એ શિવા રાણી જૈનધર્મ વાસિત હોવાથી એક વખત વીરાધિરાજ **શ્રી વીર** પ્રભુ ત્યાં પધાર્યા તે વખતે તે અંતરંગના વિમળ રાગને લીધે પ્રભુને વાંદવા ગઈ અને તેણીએ પરમપાલન વીર પરમાત્માની ધર્મદેશના સાંભળી ધર્મમાં અતિશય દૃઢાનુરાગી થઈ સુકૃત કાર્ય હાથ ધર્યાં.

એ શિવારાણીના શીળ સંબંધીની પ્રશંસા સૌધર્મેંદ્રના મુખથી સાંભળી કોઈએક મિથ્યાત્વી દેવે તેણીને શીળથી ચલાવવા માટે શિવાના મહેલમાં આવી અનેક રૂપોવડે ભય દેખાડ્યો, તથા અનેક મહાસુખોની લાલચો આપી અને પ્રાણ લેવાની બ્હીક બતાવી; તથાપિ તે મહાસતી લેશ માત્ર પણ લાલચમાં લપટાઈ નહીં, કે જરાપણ ડરી નહીં. એથી તેણીને દૃઢ વ્રતધારિણી જાણી દેવે પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું અને પોતાનાથી થયેલા અપરાધની ક્ષમા માગી. પછી પ્રશંસા કરતા દેવે પોતાના સ્થાનનો માર્ગ લીધો.

એ નગરની અંદર હંમેશા કોઈ દૈવકોપથી અગ્નિનો ઉપદ્રવ થયા જ કરતો હતો. જો કે એ કોપની શાંતિ માટે અનેક ઉપાય મહારાજાતરફથી કરવામાં આવ્યા; તો પણ કોઈ ઉપાયથી તે ઉપદ્રવની શાંતિ થઈ નહીં. રાત દિવસ કયાંક ને કયાંક લાહ્ય શરૂજ રહેતી હોવાથી રાજાએ છેવટ બુદ્ધિના ભંડાર શ્રેણીકપુત્ર અભયકુમાર મંત્રીશ્વરને મહા મહેનતે ત્યાં બોલાવી અગ્નિકોપ શમવા સંબંધીનો ઉપાય પૂછયો. એટલે મહામતિવંત અભયકુમારે બુદ્ધિબળથી ઉત્તર આપ્યો કે–"જો કોઈ શીલવંતી સ્ત્રી પોતે અહીં આવીને તમામ મકાનો ઉપર પાણી છાંટે, તો અવશ્ય એ અગ્નિપ્રકોપ શમી જાય."

એ ઉપરથી રાજાએ ઘણી ઘણી સ્ત્રીઓના હાથથી ઘરો

ઉપર પાણી છંટાવ્યું, પણ સઘળી મહેનત બરબાદ ગઇ. જ્યારે ખુદ પોતાની રાણી શિવાદેવીને આજ્ઞા કરી જેથી સતી શિવાદેવીએ તમામ ઘરો ઉપર પાણી છાંટયું ત્યારે તરત શીળના પ્રભાવ રક્ષક દેવોએ તે અગ્નિને શમાવી દીધો. આમ થવાથી જ્યાં ત્યાં શિવારાણીના શીળ પ્રભાવનોજ જય બોલાવા લાગ્યો અને શિવારાણી મહાસતી છે એજ સર્વત્ર યશવાદ પ્રસરી રહ્યો. કેમકે દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ અને કિન્નર વગેરે પણ બ્રહ્મચારીને નમસ્કાર કરે છે. શીળ માનવકુળની ઉન્નતિ કરનાર છે, ઉત્કૃષ્ટ ભૂષણ છે, ક્યારે પણ નાશ ન થનાર–આશ્ચર્યકારી–પવિત્ર–સદ્દગતિદાયક, દુર્ગતિનાશક, મહાન્ પવિત્ર યશ આપનાર, ઉત્કૃષ્ટ મોક્ષનું કારણ અને કલ્પવૃક્ષ સમાન છે. તો એવા શીળરત્નને ધારણ કરનાર, સુર-નર વગેરે સર્વને પ્રશંસવા યોગ્ય હોય એમાં આશ્ચર્ય જેવું નથી.

અનુક્રમે તે મહાસતી શિવારાણીએ વીરપ્રભુની દેશના શ્રવણ કરી સંસારની અનિત્યતાનો ખ્યાલ કરી વૈરાગ્ય પામી દીક્ષા લીધી, અને અનેક પ્રકારની તપશ્ચર્યાઓવડે કર્મક્ષય થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તે શિવાસાધ્વી મોક્ષમંદિરમાં પધારી અખંડ અવ્યાબાધ સુખ અનુભવવા લાગી.

વાંચનારાઓને આ વાત ઉપરથી એટલોજ સાર લેવાનો છે કે—શીળના પ્રભાવવડે મનુષ્ય કેવાં કેવાં કામ કરી શકે છે ? જે દેવકૃત અગ્નિ કોપ હતો તે પણ ફક્ત અંજલિભર પાણીના છાંટવાથી તદ્દન શાંત થઈ ગયો ! ॥ ૐ शांतिः शांतिः ॥

સમાપ્ત

# શ્રી આત્માનંદ પ્રકાશ માસિકે

## આપેલી ભેટો.

૧-૨ શ્રી નવતત્વનો સુંદર બોધ. (ભાષાન્તર સાથે)
૩ શ્રી જીવવિચારવૃત્તિ. ( ,, )
૪ શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર. (જુદી જુદી હકીકતોનો સંગ્રહ)
૫ શ્રી દંડકવિચારવૃત્તિ. (ભાષાન્તર સાથે)
૬ શ્રી નયમાર્ગ દર્શક. (સાત નયનું સ્વરૂપ)
૭ શ્રી મોક્ષપદસોપાન. (ચૌદ ગુણસ્થાનનું સ્વરૂપ)
૮ શ્રી જૈન તત્વસાર. (તત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ)
૯ શ્રી શ્રાવક કલ્પતરૂ. (શ્રાવકના બારવ્રતનું સ્વરૂપ)
૧૦ શ્રી ધ્યાનવિચાર. (ચાર ધ્યાનનું સ્વરૂપ)
૧૧ શ્રી જંબુસ્વામી ચરિત્ર. (અપૂર્વ ચરિત્ર)
૧૨ શ્રી જૈન ગ્રંથ ગાઈડ. (શ્રી ગ્રંથ માર્ગદર્શક ભોમીયો)
૧૩ શ્રી ચંપકમાલા ચરિત્ર. (અપૂર્વ સતી ચરિત્ર)
૧૪ શ્રી અનુયોગદ્વાર સૂત્ર. (ભાષાન્તર સાથે)
૧૫ શ્રી [illegible] રણ. ( ,, )
૧૬ શ્રી [illegible] (અપૂર્વ અધ્યાત્મ ગ્રંથ)
૧૭ શ્રી દેવ[illegible] (દેવભક્તિનું સ્વરૂપ)
૧૮ શ્રી ઉપદે[illegible] [illegible]હાસિક બાબતોથી ભરપૂર)
૧૯ શ્રી સ[illegible] [illegible]તત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ)
મોક્ષપદસોપાન.
શ્રી જૈન તત્વસાર.
શ્રી શ્રાવક કલ્પતરૂ.
ધ્યાનવિચાર.
જંબુસ્વામી ચરિત્ર.
જૈન ગ્રંથ ગાઈડ.
૨૦ શ્રી સુસુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા. (અપૂર્વ કથાઓ)
૨૧-૨૨ શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો. (સતી ચરિત્રો)